અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

સને ૨૦૧૬-૨૦૧૭ અંદાજપત્ર

My Heart Amdavad... My Smart Amdavad...

ટીમ સ્ટેન્ડીંગ કમિટી

શ્રી પ્રવિણકુમાર ભગવાનદાસ પટેલ

ચેરમેન, સ્ટેન્ડિંગ કમિટી

શ્રી ભાવનાબેન પંડ્યા

શ્રી ગીરીશકુમાર પ્રજાપતિ

શ્રી ઈશ્વરભાઈ પટણી

શ્રી ગૌતમભાઈ કથીરીયા

શ્રી ચંદ્રાવતીબેન ચૌહાણ

ડૉ. સુજયભાઈ મહેતા

શ્રી ઈલાબેન પટેલ

શ્રી ગયાપ્રસાદ કનોજીયા

શ્રી જયમિનબેન દવે

શ્રી ગૌતમભાઈ પટેલ

શ્રી પુષ્પાબેન મિસ્ત્રી

૨૦૧૬-૨૦૧૭ ના વર્ષનું અંદાજપત્ર

અનુક્રમણિકા

		પાના નંબર
૧	મ્યુનિસિપલ કોર્પોરેશન બોર્ડનો ઠરાવ	I
૨	સ્ટેન્ડીંગ કમિટીના ઠરાવ	૧-૪૬
૩	મ્યુનિસિપલ કમિશનરશ્રીની નોંધ	૧-૧૬૦
૪	રેવન્યુ આવક-ખર્ચનું એબ્સ્ટ્રેક્ટ	A
૫	રેવન્યુ આવકનું એબ્સ્ટ્રેક્ટ	B
૬	રેવન્યુ આવક	૧–૧૫
૭	રેવન્યુ ખર્ચનું એબ્સ્ટ્રેક્ટ	C
૮	રેવન્યુ ખર્ચ	૧૬–૬૪
૯	કેપીટલ ખર્ચ	૬૫-૭૭
૧૦	કેપીટલ આવક	૭૮-૮૧
૧૧	અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત જનજાતિ અને આર્થિક તથા સામાજીક પછાતવર્ગો માટે ફાળવેલી રકમ પરિશિષ્ટ	D to J

સને ૨૦૧૬-૧૭ ના અંદાજપત્રને મ્યુનિસિપલ કોર્પોરેશનની મંજૂરી

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની તા.૧૭-૦૨-૨૦૧૬ ની મુલતવી રહેલી ખાસ સભા મ્યુ. કમ્પાઉન્ડમાં છઠ્ઠા માળે આવેલ "મહાત્મા ગાંધી હોલ" માં ગુરૂવાર તા.૧૮-૦૨-૨૦૧૬ ના રોજ સવારના ૧૦.૦૦ વાગે મળી હતી તેમાં થયેલા ઠરાવની નકલ.

કામ નં.૫ (ચાલુ) **ઠરાવ નં.૧૩૪૭** **સને ૨૦૧૫-૧૬**

ઠરાવ કર્યો કે સ્ટેન્ડીંગ કમિટી ઠરાવ નંબર ૧૨૪૯ તા.૦૨-૦૨-૨૦૧૬ ની ભલામણ અનુસાર સ્ટેન્ડીંગ કમિટીના મજકુર ઠરાવમાં જણાવ્યા મુજબની ભલામણ અને સુધારા-વધારા સાથે ધી બી.પી.એમ. સી. એક્ટ-૧૯૪૯ ની કલમ-૯૬ મુજબ વિગતવાર નોંધ સાથે તૈયાર કરેલ સને ૨૦૧૬-૧૭ ના વર્ષના અંદાજપત્ર "એ" ની તથા ધી બી.પી.એમ.સી. એક્ટ-૧૯૪૯ ની કલમ-૯૯ અનુસાર સને ૨૦૧૬-૧૭ ની ટેક્ષેસન પ્રપોઝલની તથા મ્યુ.કો.ઠરાવ નં.૨૦૦ તા.૧૬-૧૧-૧૯૫૦ મુજબ સ્ટે.કમિટી સમક્ષ ડ્રાફ્ટ અંદાજપત્ર રજૂ કરવામાં તેમજ સ્ટે.કમિટીને અંદાજપત્ર "એ" તૈયાર કરવામાં તેમજ બજેટની છાપેલી નકલો મ્યુ.કાઉન્સીલરશ્રીઓને નિયત સમયમાં વહેંચવામાં જે વિલંબ થયો છે તે કોન્ડોન કરવાની મંજૂરી આપવામાં આવે છે.

સને ૨૦૧૬-૨૦૧૭ નાં ડ્રાફ્ટ અંદાજપત્ર ઉપર સ્ટેન્ડીંગ કમિટીનો ઠરાવ નં. ૧૨૪૯ તા. ૦૨/૦૨/૨૦૧૬

" MY HEART AMDAVAD..... MY SMART AMDAVAD "

" ગતિશીલ અમદાવાદ ..... ગતિશીલ ગુજરાત"

" વિજય સહી .... વિશ્રામ નહીં "

ઠરાવ કર્યો કે મ્યુનિસિપલ કમિશનરશ્રીએ ધી બી.પી.એમ.સી. એકટની કલમ-૯૫ મુજબ તેઓનાં પત્ર ક્રમાંકઃ- CA/MIS/SC/3 તાઃ-૦૭-૦૧-૨૦૧૬ થી સને ૨૦૧૬-૨૦૧૭ ના વર્ષ માટે અમદાવાદ મ્યુ.કોર્પોરેશનના આવક તથા ખર્ચના અંદાજો અને દરખાસ્તો વિગતવાર રજુ કર્યા છે. સ્ટેન્ડીંગ કમિટીએ આ અંદાજપત્રની દરખાસ્ત ઉપર ચર્ચા -વિચારણા કરી છે.

૧૬મી લોકસભાની ચૂંટણીએ ભારતીય જનતા પાર્ટીને બહુમતી સાથેની સ્થિર સરકાર આપી છે. આ સરકારનું નેતૃત્વ વિકાસ પુરૂષ અને ગુજરાતના પનોતાપુત્ર માન. શ્રી નરેન્દ્રભાઇ મોદી દેશનાં વડાપ્રધાન તરીકે કરી રહયા છે. "સૌનો સાથ - સૌનો વિકાસ" અને વિકાસ એ જ જેમનો જીવન મંત્ર છે તેવાં પ્રધાનમંત્રીશ્રીના નેતૃત્વની સાથે આજે વિશ્વના વિકાસશીલ દેશની શ્રૃંખલામાં ભારત હરણફાળ ભરી રહયું છે. વિશ્વના દેશોનો ભારત તરફનો દ્રષ્ટીકોણ બદલાઇ રહયો છે. માન. પ્રધાનમંત્રીશ્રીએ પ્રારંભ કરેલ **"મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન", "મેક ઇન ઇન્ડીયા", "સ્ટાર્ટ અપ ઇન્ડીયા"** તથા મહાનગરોને વૈશ્વિક કક્ષાની આધુનિક સુવિધાઓથી સજ્જ કરવા માટેનો **"સ્માર્ટ સીટી પ્રોજેક્ટ"** એ દેશની કાયાપલટ કરનાર વિકાસલક્ષી પ્રોજેક્ટ સાબીત થઇ રહયા છે. આપણે સૌ મહાનગરના નગરજનો તરીકે ગૌરવ લઇ રહયા છીએ કે દેશના ૧૦૦ સ્માર્ટ સીટીની યાદીમાં સીલેક્ટ કરવામાં આવેલ પ્રથમ તબક્કાના ૨૦ શહેરો પૈકી અમદાવાદ શહેર છઠ્ઠા ક્રમે આવે છે. સ્માર્ટ સીટી પ્રોજેક્ટ અંતર્ગત શહેરમાં રૂા.૨૨૯૦ કરોડના વિકાસ કામો હાથ ધરવામાં માન. મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલના સીધા માર્ગદર્શન હેઠળ તૈયાર કરેલ "અમદાવાદ સ્માર્ટ સીટી" પ્રોજેક્ટમાં ઇન્ટીગ્રેટેડ ટ્રાન્ઝીટ સીસ્ટમ, એફોર્ડેબલ હાઉસીંગ, કોમન કાર્ડ પેમેન્ટ સીસ્ટમ, કમાન્ડ કન્ટ્રોલ સેન્ટર, ફાઇબર ઓપ્ટીક નેટવર્ક, સર્વેલન્સ ઇન્ટીગ્રેશન, યુટીલીટી નેટવર્ક, ટ્રીટમેન્ટ પ્લાન્ટની સુવિધાઓ હશે. સ્માર્ટ સીટી એરીયા બેઇઝ ડેવલપમેન્ટ માટે ગાંધી આશ્રમ-વાડજ વિસ્તારની પસંદગી કરવામાં આવી છે. જે અંતર્ગત ૩૦ હેક્ટર જમીનમાં અદ્યતન ગાર્ડન, સેવા વસ્તીના નાગરિકો માટે ૮૦૦૦ મકાનોનું નિર્માણ કરવામાં આવશે. એલ.ઇ.ડી. સ્ટ્રીટ લાઇટ, પાણી, ડ્રેનેજની સુવિધા, આધુનિક ટેક્નોલોજી દ્વારા મોનીટરીંગ કરવામાં આવશે. અગાઉ કેન્દ્ર સરકારે રૂા.૧૧,૭૪૨ કરોડના ખર્ચે આધુનિક મેટ્રો ટ્રેનનો પ્રોજેક્ટ અમદાવાદ મહાનગરને આપેલ છે.

અમદાવાદ શહેરનાં હેરીટેજ વારસાનાં જતન માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનો હેરીટેજ વિભાગ છેલ્લા બે દાયકાથી કાર્યરત છે. ૬૦૦ વર્ષ કરતાં વધુ પુરાણા અમદાવાદ શહેરને **''વર્લ્ડ હેરીટેજ સીટી''** તરીકેનો દરજ્જો પ્રાપ્ત થાય તે માટે આપણે ઘણા સમયથી પ્રયત્નશીલ હતા. તા.૩૦ જાન્યુઆરી-૨૦૧૬ નાં દિવસે દેશનાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અમદાવાદ શહેરની ઐતિહાસિક વિરાસત હેરીટેજને વર્લ્ડ હેરીટેજ માટેનાં ડોઝીયરને **UNESCO** ને સાદર કરવા પસંદગી કરી છે. જે આપણા સૌ નગરજનો માટે ગૌરવનો વિષય છે. સમગ્ર વિશ્વમાં ૨૮૭ વર્લ્ડ હેરીટેજ સીટીઓની શ્રુંખલા છે. **UNESCO** માં રજુ થયેલ પ્રસ્તાવને મંજુરી મળતા અમદાવાદ શહેર દેશનું સૌ પ્રથમ વર્લ્ડ હેરીટેજ સીટી તરીકે વિશ્વના નકશામાં સ્થાન પામશે અને વિશ્વનાં પ્રવાસીઓના આકર્ષણનું કેન્દ્ર અમદાવાદ બનશે.

અમદાવાદ શહેર વિશ્વનાં નકશામાં એક આગવી ઓળખ સ્થાપિત કરી રહ્યું છે. ઐતિહાસિક મહત્વ ધરાવતી આ નગરી સાથે અહમદશાહ બાદશાહ, રાજા કર્ણદેવ, આશાભીલના વિવિધ ઈતિહાસ જોડાયેલ છે. આ શહેરની ઓળખના ઈતિહાસમાં છેલ્લા દાયકાઓમાં વિકાસ પુરૂષ સ્વર્ણિમ ગુજરાતનાં સ્વપ્નદ્રષ્ટ્રા દેશનાં વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું નામ આધુનિક અમદાવાદના શિલ્પી તરીકે પણ જોડાયુ છે. અમદાવાદ શહેરને વૈશ્વિક કક્ષાની માળખાકીય સુવિધા સાથે વિશ્વના સૌથી ઝડપથી વિકસતા શહેરની પ્રથમ હરોળમાં સ્થાન આપવાની સાથે સમગ્ર દેશને માર્ગદર્શન કરતા વિવિધ પ્રોજેકટોનાં અભ્યાસ મોડેલનું કેન્દ્ર અમદાવાદ શહેર બન્યું છે.

સાબરમતી નદીનાં કિનારે વિકસેલ શહેરની સાબરમતી નદીના બંન્ને કિનારાઓના વિકાસની યોજના ''સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ'' દેશ અને દુનિયાના વિકાસ ઈચ્છતા લોકોના અભ્યાસનું કેન્દ્ર બનેલ છે. એ જ પ્રકારે શ્રેષ્ઠ પરિવહન સેવા આધુનિક, ઝડપી અને સલામતી સાથેનાં બી.આર.ટી.એસ. પ્રોજેકટ એ પરિવહન ક્ષેત્રમાં ક્રાંતિનું સફળ મોડેલ બન્યું છે. ૫૦૦ વર્ષ કરતાં પણ વધુ પૂરાણાં કાંકરીયા તળાવની કાયાકલ્પ કરી લેક ફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેકટ અંગેનાં નવા આયામ તૈયાર કરતાં દેશનું સૌ પ્રથમ શહેર અમદાવાદ બન્યું છે.

ભારતીય જનતા પાર્ટીનાં નેતૃત્વની વિકાસ દ્રષ્ટિ અને પારદર્શક વહીવટની કાર્યદક્ષતાને કારણે અમદાવાદ શહેર વિકાસની હરણફાળ તરફ આગેકુચ કરી રહ્યુ છે. છેલ્લા એક દાયકાથી સતત આ શહેરની વિકાસાયાત્રાની જવાબદારી આ શહેરનાં વિકાસને સમર્થન આપતા જાગૃત મતદારોએ ભારતીય જનતા પાર્ટીને સોંપી છે. **''વિકાસ અમારો મંત્ર છે''** અને **''સૌનો સાથ-સૌનો વિકાસ''** એ અમારી વિચારધારા છે. મહાનગરનાં જાગૃત મતદારોએ સને-૨૦૧૫ ના અંતમાં યોજાયેલ સામાન્ય ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીને ભારે બહુમતી સાથે પુનઃ સત્તાનાં સૂત્રો સોંપેલ છે, એ સ્પષ્ટ દર્શાવે છે કે નગરજનોનું ભારતીય જનતા પાર્ટીની વિકાસયાત્રાને અભૂતપૂર્વ સમર્થન છે.....

શહેરનાં નગરજનોએ અમોને વિજય આપ્યો છે. તે આવકારદાયક છે. પરંતુ ભાજપ કહે છે **''વિજય સહી-વિશ્રામ નહી''** શહેરના વિકાસયાત્રાને વેગવંતી બનાવવા સતત પ્રયાસ અને પરિશ્રમની પરાકાષ્ટાથી શહેરને વૈશ્વિક કક્ષાની માળખાકીય સુવિધાથી સજ્જ કરવાનો અમારો સંકલ્પ છે. ગુજરાત રાજયના સૌ પ્રથમ મહિલા મુખ્યમંત્રી,

ગતિશીલ ગુજરાતના પ્રણેતા શ્રીમતી આનંદીબેન પટેલના સીધા માર્ગદર્શન હેઠળ આ શહેરને વિકાસની ગતિ પ્રાપ્ત થઈ છે. ગત પાંચ વર્ષ દરમ્યાન ભારતીય જનતા પાર્ટી દ્વારા રૂા.૮૦૦૦ કરોડના વિકાસ કામો કરવામાં આવેલ છે. આ વિકાસયાત્રામાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે રાજય સરકારશ્રીની કરોડો રૂપિયાની ગ્રાન્ટનો મુખ્ય ફાળો છે. ગત વર્ષ દરમ્યાન પ્રજાલક્ષી કર માળખુ આપી **"વેરાનું વળતર વિકાસ દ્વારા"** નું સુત્ર સાકાર કર્યું. કરદાતાના સહયોગથી વિકાસયાત્રાને વેગ મળે છે તે ધ્યાને લઈ ગતવર્ષમાં રહેઠાણની મિલકતમાં ભાડુઆતનો વપરાશનાં પરિબળ ૨ ને બદલે ૧ કરીને ૪.૨૪ લાખ મિલકત ધારકોને પ્રોપર્ટી ટેક્ષમાં રાહત આપી છે. રહેઠાણના સ્થાને કરવામાં આવતા નાના ગૃહઉદ્યોગમાં રહેઠાણનાં ધોરણે ટેક્ષની આકારણી કરવાનો પણ નિર્ણય કર્યો છે.

શહેરને વૈશ્વિક કક્ષાની માળખાકીય સુવિધા સાથે સજ્જ કરવાના પ્રયાસની સાથે મહાનગરના નાગરિકોની પ્રાથમિક જરૂરીયાત એટલે કે "નગર" ની જરૂરીયાત નળ, ગટર, રસ્તાને પ્રાથમિકતા આપવામાં આવેલ છે.

શહેરના રાજમાર્ગોને આગવી ઓળખ આપવાની સાથે નવા રસ્તાઓના નિર્માણમાં વિશેષ ધ્યાન આપવામાં આવેલ છે. પાંચ વર્ષ દરમ્યાન રૂા.૮૯૨ કરોડનાં ખર્ચે ૩૬૮ કીલોમીટર રસ્તાઓનું નિર્માણ કરવામાં આવેલ છે. રસ્તા નિર્માણમાં નવીન ટેકનોલોજીનો ઉપયોગ પણ કરવામાં આવી રહ્યો છે. માઈક્રો રીસરફેસીંગ ટ્રીટમેન્ટ, મેસ્ટટીક આસ્ફાલ્ટ પ્લાસ્ટીક વેસ્ટનો ઉપયોગ તથા આર.સી.સી. રોડનાં કન્સેપ્ટને અમલમાં મુકવામાં આવેલ છે.

શહેરની ટ્રાફીક સમસ્યા હલ કરવા તેનાં અમલીકરણ માટે અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશને સાયન્ટીફીક સર્વે દિલ્હી સેન્ટ્રલ ગવર્મેન્ટની CRRI (સેન્ટ્રલ રોડ રીસર્ચ ઈન્સ્ટીટયુટ) દ્વારા તૈયાર કરેલ રીપોર્ટ અનુસાર બાકી રહેતા ૩૪ સ્થાનો ઉપર તબક્કાવાર અંડરપાસ તથા ફલાય ઓવર બ્રીજનું આયોજન કરેલ છે. ગત પાંચ વર્ષ દરમ્યાન રૂપિયા ૪૭૦ કરોડના ખર્ચે ફલાય ઓવર ૪ રેલ્વે ઓવર બ્રીજ, ૨ અંડરપાસ અને ૧ કેનાલ માઈનોર બ્રિજ તથા એલીવેટેડ કોરીડોરની કામગીરી પૂર્ણ કરી છે. આ ઉપરાંત હયાત બ્રીજોને રીસ્ટોરેટીવ રીપેર કરવામાં આવેલ છે.

આ ઉપરાંત વાહન પાર્કીંગની સુવિધા માટે કાંકરીયા મલ્ટી સ્ટોરીંગ પાર્કીંગ કાર્યરત છે. તેમજ નવરંગપુરા ખાતે રૂપિયા ૬૦ કરોડના ખર્ચે આકાર લઈ રહેલ પાર્કીંગ કોમ્પલેક્ષમાં ૫૯૩ કાર અને ૯૧૧ ટુ વ્હીલર પાર્કીંગની સુવિધા થશે. શહેરમાં મોટા રસ્તાઓ ઉપર રોડ સાઈડ 'પે એન્ડ પાર્ક'નો અભિગમ અમલમાં મુકેલ છે.

ટ્રાફીકની સરળતા માટે Integrated Transport System (ITS) સાથે અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશને અમદાવાદ શહેર ટ્રાફીક પોલીસ તથા જાપાન એકસપ્રેસ વે ઈન્ટરનેશનલ કંપની લી. ની સાથે એમ.ઓ.યુ. કરી પાયલોટ પ્રોજેકટ અમલમાં મુકેલ છે.

✦ **" જળ છે તો જીવન છે "**

શહેરનાં ૪૬૬ ચોરસ કિલોમીટરના વિસ્તારમાં અંદાજે ૬૪ લાખની વસ્તી છે. આ નગરજનોને દૈનિક ૧૦૪૦ થી ૧૦૬૦ એમ.એલ.ડી. પાણીનો જથ્થો ૧૩૬ ઓવર હેડ ટાંકી તથા ૧૭૧ વોટર ડિસ્ટ્રીબ્યુશન સેન્ટરો દ્વારા સરેરાશ માથાદીઠ ૧૪૦ થી ૧૫૦ લીટર પાણી આપવામાં આવે છે. ભારતીય જનતા પાર્ટીની વહીવટી દિર્ઘદ્રષ્ટીને

કારણે શહેરના વિસ્તાર તથા વસ્તીમાં વધારો થવા છતાં પાણીનું આયોજન પુરતું છે. હાલમાં શહેરમાં વોટર સોર્સની ક્ષમતા ૧૯૬૫ એમ.એલ.ડી. છે. જેમાંથી ૧૨૦૦ એમ.એલ.ડી. વપરાશમાં લેવાય છે. તાજેતરમાં જ માનનીય મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલના માર્ગદર્શનથી શેઢી કેનાલથી મેળવવામાં આવતા પાણી પુરવઠા માટે પાઈપ લાઈન પ્રોજેકટનું આયોજન કરેલ છે. હાલ શહેરમાં ૯૦ % વિસ્તારની ૯૫ % વસ્તીને સરફેઈસ વોટર પુરૂ પાડવામાં આવે છે. ૨૪ x ૭ નાં પાયલોટ પ્રોજેકટની કામગીરી પણ પ્રગતિમાં છે.

શહેરમાં ૨૫૦૦ કિલોમીટરનું વિશાળ ડ્રેનેજ નેટવર્ક છે. પ્રતિદિન ૮૪૦ એમ.એલ.ડી. સુએજ જનરેટ થાય છે. જેના નિકાલ માટે ૫૩ ડ્રેનેજ પંપીગ સ્ટેશનો તથા ૯ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટો કાર્યરત છે. સાથે વરસાદી પાણીના નિકાલ માટે પણ ૯૦૦ કિલોમીટરનું સ્ટોર્મ વોટર લાઈનનું નેટવર્ક છે. ગત વર્ષ દરમ્યાન શહેરનાં પૂર્વ વિસ્તારના વરસાદી પાણીના નિકાલ અંગે નોધપાત્ર કામગીરી કરવામાં આવેલ છે.

✦ સ્ટ્રીટલાઈટ

શહેરના ટી.પી. રસ્તાઓ તથા ખાનગી સોસાયટીઓ, ચાલીઓ, જાહેર સ્થળો ઉપર હાલમાં ૧.૩૦ લાખ સ્ટ્રીટલાઈટના પોલ છે. એનર્જી એફીસીયન્સીથી એફીસીયન્સ એનર્જી યુઝના અમલીકરણથી એલ.ઈ.ડી. લાઈટ ફિટીંગ્સ, સોલાર રૂફટોપ સીસ્ટમ, વિન્ડપાવર જનરેશન પ્રોજેકટ તથા એનર્જી એફીસીયન્સી સેલની રચના જેવા નિર્ણય કરવામાં આવેલ છે.

✦ સ્વર્ણિમ જન ભાગીદારી સ્કીમ

સ્વર્ણિમ જનભાગીદારી સ્કીમ હેઠળ શહેરની ૪૦૦૦ કરતાં વધારે સોસાયટીઓમાં રૂા.૩૫૦ કરોડ કરતાં વધુ રકમની જનભાગીદારી મોડેલથી આર.સી.સી. રોડ, સ્ટ્રીટ લાઈટ તથા પાણીની લાઈન તથા પેવર બ્લોક પેવીંગના કામો કરવામાં રાજયની મહાનગરપાલિકાઓમાં અમદાવાદ મહાનગરપાલિકા પ્રથમ ક્રમે છે. જનભાગીદારીના સફળ મોડેલના પ્રયોગને કારણે શહેરને 'ડસ્ટ ફ્રી સીટી' બનાવવાના પ્રયાસમાં હરણફાળ આવી છે. સોસાયટી વિસ્તારમાં સ્વચ્છતાનું ધોરણ ઉંચુ આવ્યુ છે.

શહેરનાં નવા પશ્ચિમ વિસ્તારમાંથી પસાર થતી સિંચાઇ વિભાગની ગોતા-ગોધાવી કેનાલને રૂા.૧૫૦ કરોડના ખર્ચે ડેવલપ કરવાનો પ્રોજેક્ટ તૈયાર કરવામાં આવેલ છે જેની કામગીરી પ્રગતિમાં છે.

✦ સ્વસ્થ નાગરિક - સ્વસ્થ શહેર

નગરજનોને પ્રાથમિક સુવિધાઓની સાથે આરોગ્યપ્રદ વાતાવરણ મળે તે અમદાવાદ મહાનગરપાલિકાની પ્રાથમિકતા રહી છે. શહેરીજનોને આરોગ્યલક્ષી ઉત્તમ સેવાઓ આપવાનો ભા.જ.પ.નો સંકલ્પ અને પ્રયાસ રહ્યો છે. તેના ફળ સ્વરૂપે વા.સા. હોસ્પિટલ ખાતે વિશ્વ કક્ષાનું **'સરદાર પટેલ ઈન્સ્ટીટયુટ ઓફ મેડીકલ સાયન્સ એન્ડ રીસર્ચ સેન્ટર'** રૂા.૪૫૦ કરોડના ખર્ચથી આકાર લઈ રહ્યું છે. જેમાં ૧.૪૭ લાખ ચોરસ મીટર બાંધકામ ધરાવતા

૧૯ માળના ૧૫૫૦ બેડની કેપેસીટીવાળા ત્રણ ટાવરો તૈયાર થઈ રહ્યા છે. જેમાં ૩૨ ઓપરેશન થિયેટરની સુવિધા ઉપરાંત ઈમર્જન્સી સેવા માટે ટેરેસ ઉપર હેલીપેડની સુવિધા રહેશે.

આ ઉપરાંત મણિનગર મેડીકલ કોલેજ બિલ્ડીંગ, અદ્યતન હોસ્પિટલ, ડેન્ટલ હોસ્પિટલ, નગરી આંખની હોસ્પિટલ તથા શ્રીમતી શા.ચી.લા. હોસ્પિટલની સેવા ઉપલબ્ધ છે. અર્બન હેલ્થ સેન્ટરોની સુવિધાઓ છે.એલ.જી. હોસ્પિટલ ખાતે કીડની ડાયાલીસીસ સેન્ટર ચાલુ કરવામાં આવેલ છે. તેમજ પી.પી.પી. ધોરણે એમ.આર.આઈ. સેન્ટર તથા પોસ્ટમોર્ટમ યુનિટની કામગીરી પ્રગતિમાં છે.

✦ **" સ્વચ્છ શહેર સુંદર શહેર "**

ભારત દેશનાં પ્રધાનમંત્રીશ્રીએ પ્રારંભ કરેલ સ્વચ્છ ભારત મિશનને પરીપૂર્ણ કરવા માટે અમદાવાદ મહાનગરપાલિકાએ ઝીરોવેસ્ટ સીટી તરફ પહેલ કરી છે. .....

પ્રતિદિન શહેરમાં ૧૨૦૦ વાહનો દ્વારા ૪૦૦૦ મેટ્રીક ટન કચરાનો નિકાલ કરવામાં આવે છે. તેમજ ૧૬ સાઈટ ઉપરથી પ્રતિદિન ૩૦૦ મેટ્રીક ટન માટી પુરણીનો નિકાલ થાય છે.

પીરાણા ડમ્પ સાઈટ ઉપર એકત્ર થયેલ કચરાના વૈજ્ઞાનિક પધ્ધતિએ નિકાલ માટે સાયન્ટીફીક કલોઝર પ્રોજેકટ હાથ ધરેલ છે. આ ઉપરાંત ગ્રીન વેસ્ટમાંથી ખાતર બનાવવાનું આયોજન છે. ગત પાંચ વર્ષ દરમ્યાન રૂા.૧૦૦ કરોડના ખર્ચે ૮૫૦ થી વધુ વિવિધ વાહનો ખરીદવામાં આવેલ છે.

✦ **" સ્લમ ફ્રી સીટી - સાચા અર્થમાં ઘરનું ઘર "**

શહેરના ઝડપી વિકાસ સાથે સ્લમ ફ્રી સીટીનાં અમલીકરણ તરફ ભારતીય જનતા પાર્ટીએ નોંધપાત્ર કામગીરી કરી છે.

શહેરમાં ચાલી, ઝુપડપટ્ટીમાં વસવાટ કરતા નાગરિકો તથા મધ્યમ વર્ગના નાગરિકોને પોતાના પાકા મકાન - ઘરના ઘરની અપેક્ષા હોય છે, તે પૂર્ણ કરવા વિવિધ યોજનાઓ હેઠળ રૂા.૧૫૧૮ કરોડનાં ખર્ચે ૪૬,૧૩૭ જેટલા મકાનો બાંધકામ કરવાનું આયોજન કરી પૂર્ણ કરેલ છે.

✦ **"આપણું અમદાવાદ હરીયાળુ અમદાવાદ "**

ભારતીય જનતા પાર્ટીએ શહેરને સ્વચ્છ, હરિયાળુ અને સુંદર બનાવવાના ઘનિષ્ઠ પ્રયાસ કર્યા છે. શહેરના ૪.૬૬% ગ્રીન કવરને ૧૫% સુધી લઈ જવા ૧૦ લાખ કરતા વધુ વૃક્ષો વાવવામાં આવેલ છે તથા ૨૧૪ જેટલા ગાર્ડન તૈયાર કરવામાં આવેલ છે. પર્યાવરણના જતન માટે શહેરને હરીયાળુ બનાવવા પ્રયાસ થઈ રહ્યા છે. સાબરમતી રીવરફ્રન્ટ ખાતે પણ ૧૮૦૦૦ કરતા વધુ વૃક્ષો રોપવાનું આયોજન છે. સાબરમતી રીવરફ્રન્ટમાં વિકાસ માટેની ૨૦૨ હેકટર જમીન પૈકી ૬૬ % જમીનનો ઉપયોગ ગ્રીન સ્પેસ બાગ બગીચા તરીકે કરાશે તેવું આયોજન કરેલ છે.

✦ **સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેકટ રૂા.૧૧૫૨ કરોડનાં ખર્ચે પ્રગતિમાં છે.**

સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેકટમાં પ્રતિ વર્ષ નવિન સુવિધાઓ અને પ્રવાસીઓ માટે આકર્ષણનો ઉમેરો કરવામાં આવે છે. હાલ વોટર બેઈઝડ અને વોટર સંલગ્ન રીક્રીએશનલ એક્ટીવીટીઝનો પ્રારંભ થયેલ છે. વોટર બોટ, પેડલ બોટ, સ્પીડ બોટ, ઝીપ લાઈનનો પ્રવાસીઓ આનંદ લઈ રહયા છે. ૬૧,૩૦૦ ચો.મી જગ્યામાં તૈયાર થયેલ ઈવેન્ટ ગ્રાઉન્ડ શહેરમાં યોજાતાં ઈવેન્ટનું કેન્દ્ર બની ગયુ છે. આ ઉપરાંત ફ્લાવર ગાર્ડન, બાયોડાયવર્સિટી પાર્ક - એસ.આર.એફ.ડી.સી.એલ. હાઉસ રૂા.૪૯ કરોડના ખર્ચે આકાર લઈ રહયુ છે. આ ઉપરાંત આતંરરાષ્ટ્રીય કક્ષાના સેમીનારોનું આયોજન થાય તે પ્રકારનાં આધુનિક એક્ઝીબીશન સેન્ટર ૫૦૦૦૦ ચો.મી. જગ્યામાં રૂા.૧૬૦ કરોડના ખર્ચે પ્રગતિમાં છે. આમ સાબરમતી રીવરફ્રન્ટ એ શહેરની મધ્યમાં વિકાસ વ્યવસ્થા અને સુંદરતાનો સંગમ બની રહયો છે.

✦ બી.આર.ટી.એસ., જનમાર્ગ પ્રોજેકટ રૂા. ૯૮૪ કરોડનાં ખર્ચે ૮૯ કીલોમીટરના રૂટ ઉપર ૨૩૦ આધુનિક બસો દ્વારા પ્રતિદિન સરેરાસ ૧.૪૦ લાખ મુસાફરોની ઝડપી અને સલામત મુસાફરીનું માધ્યમ બનેલ છે. બી.આર.ટી.એસ. પ્રોજેકટે શહેરને ૧૦ કરતાં વધુ આંતરરાષ્ટ્રીય, રાષ્ટ્રીય એવોર્ડ અપાવ્યા છે. બી.આર.ટી.એસ.નો પ્રોજેકટ એ **''પરિવહન થી પરિવર્તન''** ના માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના સૂત્રને સાકાર કર્યુ છે.

✦ **કાંકરીયા લેક ફ્રન્ટ મસ્ટ વિઝિટ ટુરીસ્ટ સેન્ટર બન્યું છે.**

કાંકરીયા તળાવની કાયાકલ્પ કરતો કાંકરીયા લેક ફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેકટ એ અમદાવાદની મુલાકાતે આવતા ટુરિસ્ટો માટેનું ખાસ આકર્ષણનું કેન્દ્ર બનેલ છે.

દેશમાં વિશિષ્ટ એવી 'અટલ એકસપ્રેસ ટ્રેન' તથા 'સ્વર્ણિમ જયંતિ ટ્રેન' દેશમાં સૌ પ્રથમ બલુન સફારી, કીડઝ સીટી, ઈતિહાસને અંકિત કરતુ સ્ટોન મ્યુરલ, એમ્યુઝમેન્ટ પાર્ક, મલ્ટી કલર લેસર શો વિથ મ્યુઝિક, ફીશ એકવેરીયમ સાથે દેશનું સૌ પ્રથમ વિશિષ્ટ નોકટરનલ એનીમલ પાર્ક પણ આકાર લઈ રહ્યુ છે.

✦ **અતિ આધુનિક ''સી.સી.આર.એસ.'' (CCRS)**

જેમાં ૨૪ ખાતાની ૨૦૪ પ્રકારની ફરિયાદો સીંગલ ફોન નં. ૧૫૫૦૩૦૩ ઉપર નાગરિકો ઘેર બેઠા નોંધાવી શકે છે. જુલાઈ-૨૦૧૩ થી અમલમાં આવેલ **''સી.સી.આર.એસ.''** પધ્ધતિમાં આવેલ ફરિયાદો પૈકી ૯૯% ફરિયાદોનો નિકાલ થયો છે. આ ઉપરાંત નગરજનોની સુવિધા માટે પ્રોપર્ટી ટેક્ષ કલેકશન વાન, ૫૮ સીટી સિવિક સેન્ટર, ઓનલાઈન ટેક્ષ કલેકશનની સુવિધાઓ કરવામાં આવી છે.

✦ આ ઉપરાંત શહેરને કુદરતી આપત્તિની ઘટનાઓના સમયમાં શહેરીજનોને સહાયતા કરવા તથા રક્ષણ પુરૂ પાડવા ફાયર એન્ડ ઈમર્જન્સી સર્વિસને અતિ આધુનિક સાધનોથી સજ્જ કરી આધુનિકરણ કરવામાં આવેલ છે.

✦ ભારતીય જનતા પાર્ટી સતત એક દાયકાથી આ શહેરની વિકાસ યાત્રાને વિશિષ્ટ સ્વરૂપ આપી રહી છે. ૯૨ ચો.કિ.મી.નો વિસ્તાર આજે ૪૬૬ ચો.કિ.મી.નો વિસ્તાર અને અંદાજે ૬૪ લાખની જનસંખ્યા ધરાવતું વિરાટ મહાનગર બન્યુ છે. આગામી ૫ વર્ષ પણ વિકાસને વરેલા નગરજનોએ વિકાસયાત્રાની જવાબદારી ભારતીય જનતા પાર્ટીની દીર્ઘદ્રિષ્ટ ધરાવતા નેતૃત્વને સોંપેલ છે. અમારો નમ્ર પ્રયાસ આ શહેરને નવિન ઉંચાઈ આપવાનો છે. ભારતીય જનતા પાર્ટી **''સૌનો સાથ-સૌનો વિકાસ''** ના સૂત્રને લક્ષમાં રાખી વહીવટી-વિકાસ વ્યવસ્થા અમલમાં મુકી રહી છે ત્યારે વિકાસના કામમાં સાથીપક્ષના પણ સહકારની અપેક્ષા રાખે છે. **''વિકાસના કામમાં વિવાદ નહીં''** અને **''વેરાનું વળતર-વિકાસ દ્વારા''** આ મંત્રને ભા.જ.પ સદાય માટે અમલમાં રાખશે. શહેરના નાગરિકોની પાયાની જરૂરીયાતને પૂર્ણ કરવાની સાથે શહેરને વૈશ્વિક કક્ષાની માળખાકીય સુવિધાઓથી સજ્જ કરવાનો નમ્ર પ્રયાસ અંદાજપત્રમાં રજુ કરેલ છે.

અંદાજપત્ર એ માત્ર આંકડાની માયાજાળ નહીં, પરંતુ નક્કર વિકાસના રોડમેપનું આયોજન છે. ભારતીય જનતા પાર્ટી આ મહાનગરને સ્માર્ટ સિટીના સ્વરૂપમાં નગરજનોને ભેટ આપવા નિષ્ઠાપૂર્વકના પ્રયાસ કરી રહેલ છે. તેનું આયોજન એટલે અંદાજપત્ર . . . .

✦ આપણું સિટી એટલે ..... સ્માર્ટ સિટી

✦ આપણું સિટી એટલે ..... પ્રદુષણમુકત સિટી

✦ આપણું સિટી એટલે ..... પરિવહનથી પરિવર્તનનું મોડેલ સિટી

✦ આપણું સિટી એટલે ..... ''૦'' વેસ્ટ સિટી તરફ પ્રયાણ કરતુ સિટી

✦ આપણું સિટી એટલે ..... વૈશ્વિક કક્ષાની માળખાકીય સુવિધા ધરાવતુ સિટી

✦ આપણું સિટી એટલે ..... ઈ-ગવર્નન્સના અમલીકરણ સાથેનું ''અગ્રેસર સિટી''

✦ આપણું સિટી એટલે ..... આરોગ્ય સેવાઓ માટેનું મેડીકલ હબ

✦ આપણું સિટી એટલે ..... હરીયાળુ સિટી

✦ આપણું સિટી એટલે ..... સાચા અર્થમાં ''૦'' સ્લમ તરફ પ્રયાણ કરતું સિટી

✦ આપણું સિટી એટલે ..... હેરીટેજ વારસાની જાળવણી કરતું વર્લ્ડ હેરીટેજ સિટીનો દરજ્જો પ્રાપ્ત કરવા જઈ રહેલું સિટી.

ભારત માતા કી જય

(૧) મ્યુ. પ્રોપર્ટી ટેક્ષ તથા વાહનવેરાનાં દરો યથાવત :-

ઠરાવ કર્યો કે અમદાવાદ મહાનગરપાલિકાના કરદાતાઓ દ્વારા ભરવામાં આવતો પ્રોપર્ટી ટેક્ષનો કરકસરપૂર્વક ઉપયોગ કરી પ્રજાને વેરાનું વળતર વિકાસ દ્વારા આપવાનો સતત પ્રયાસ રહ્યો છે. વહીવટી કાર્યકુશળતાને કારણે નોન ટેક્ષ રેવન્યુમાં વધારો થઈ રહ્યો છે તથા રાજય સરકારશ્રી દ્વારા મુખ્યમંત્રી સ્વર્ણિમ જયંતિ પ્રોજેકટ હેઠળ વિશેષ ગ્રાન્ટની ફાળવણી થઈ રહી છે, અટલ મિશન ફોર રીજુવીનેશન એન્ડ અર્બન ટ્રાન્સપોર્ટેશન સ્કીમ તેમજ કેન્દ્ર સરકાર દ્વારા પણ સ્માર્ટ સિટી પ્રોજેકટ માટે નાણાંકીય સહાય થઈ રહી છે. જે ધ્યાને લઈ સને ૨૦૧૬-૨૦૧૭ના વર્ષે નગરજનો ઉપર વધારાનો આર્થિક બોજ ન પડે તે હેતુથી પ્રોપર્ટી ટેક્ષ, વોટર ટેક્ષ તથા કોન્ઝરવન્સીના દરોમાં કોઈ જ વધારો કરવામાં આવેલ નથી તેમજ વાહન વેરાના દરો પણ યથાવત રાખવામાં આવેલ છે.

સને ૨૦૧૪ ના વર્ષ દરમ્યાન જંત્રી આધારીત દરોમાં ફેરફારથી થયેલ ટેક્ષના વધારા અંગે આપવામાં આવેલ રાહત નીતિ સને ૨૦૧૬-૨૦૧૭ ના વર્ષમાં પણ અમલી રાખવાનું ઠરાવવામાં આવે છે.

(૨) ફલાય ઓવર બ્રિજ રેલ્વે ઓવર બ્રિજ :-

- **વિરાટનગર ચાર રસ્તા ફલાય ઓવર બ્રિજ :-**
- **નરોડા રેલ્વે ક્રોસીંગ રેલ્વે ઓવર બ્રિજ**
- **સારંગપુર બ્રિજની વધારાની પાંખ ઉતારવી.**
- **સાબરમતી ઓવર બ્રિજની વધારાની પાંખ ઉતારવી.**
- **ઘોડાસર સ્મૃતિ મંદિર જંક્શન ખાતે ફલાય ઓવર બ્રિજ અંગે ફીઝીબીલીટી રીપોર્ટ તૈયાર કરાવવો.**
- **સાબરમતી રીવર ખાતે રીવર લેવલ બ્રિજ અંગે ફીઝીબીલીટી રીપોર્ટ તૈયાર કરાવવો.**

ઠરાવ કર્યો કે શહેરનો ૪૬૬ ચોરસ કિ.મી.નો વિસ્તાર તથા અંદાજીત ૬૪ લાખની જનસંખ્યા તથા લાખોની સંખ્યામાં વાહનો તથા દિન-પ્રતિદિન વાહનોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. શહેરના હયાત રસ્તાઓની પહોળાઈને ધ્યાને લેતાં શહેરમાં ટ્રાફિકની સમસ્યા દિન-પ્રતિદિન વિકટ બની રહી છે. છેલ્લા એક દાયકાથી અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા ટ્રાફિક વ્યવસ્થાને સરળ બનાવવા માટે રસ્તા પહોળા કરવા, ટી.પી. રસ્તા ખુલ્લા કરવા, મોડેલ રોડ તૈયાર કરવા નવા ટ્રાફિક સિગ્નલો મુકવાની સાથે શહેરમાં નવિન ફલાય ઓવર બ્રિજ, રીવર બ્રિજ, રેલ્વે ઓવર બ્રિજ, માઈનોર બ્રિજ, રેલ્વે અંડરપાસ તૈયાર કરવામાં આવેલ છે.

હાલ શહેરમાં ૧૯ રેલ્વે ઓવર બ્રિજ, ૭ રીવર બ્રિજ, ૩ માઈનોર બ્રિજ, ૧૦ ફલાય ઓવર બ્રિજ, ૧૦ રેલ્વે અંડર બ્રિજ સાથે આમ કુલ ૪૯ બ્રિજની સુવિધાઓ કરવામાં આવેલ છે.

હાલમાં રાણીપ, હાટકેશ્વર તથા દિનેશ ચેમ્બર-બાપુનગર ખાતે બ્રિજની કામગીરી ચાલુ છે તેમજ મ્યુનિ. કમિશનરશ્રીએ ડ્રાફટ અંદાજપત્રમાં ઈન્કમટેક્ષ ચાર રસ્તા તથા અંજલી ચાર રસ્તા ખાતે ફલાય ઓવર બ્રિજ સૂચિત કરેલ છે.

આ ઉપરાંત ઔડા દ્વારા શહેરમાં પસાર થતા ઔડાના મુખ્યમાર્ગ ઓઢવ રીંગ રોડ, બોપલ રીંગ રોડ ફલાય ઓવર બ્રિજની કામગીરી ચાલુ છે તેમજ રણાસણ તથા સનાથલ ખાતે ફલાય ઓવર બ્રિજનું આયોજન હાથ ધરેલ છે. આ ઉપરાંત શહેરમાં આકાર લઈ રહેલ મેટ્રો રેલ પ્રોજેકટ દ્વારા જલારામ રેલ્વે ક્રોસીંગ પાલડી ખાતે અંડરપાસનું આયોજન કરેલ છે. તેમજ નેશનલ હાઈવે ઓથોરીટી દ્વારા નારોલ જંકશન ખાતે ફલાય ઓવર બ્રિજનું આયોજન કરેલ છે.

શહેરમાં અ.મ્યુ.કો. તથા મેટ્રો રેલ પ્રોજેકટ તથા ઔડા અને નેશનલ હાઈવે ઓથોરીટી દ્વારા ચાલુ વર્ષથી ૯ જેટલા ફલાય ઓવર બ્રિજ બનાવવાનું આયોજન છે.

આ ઉપરાંત ટ્રાફિક સમસ્યાના સરળીકરણને ધ્યાને લઈ (૧) **વિરાટનગર ચાર રસ્તા તથા** (૨) **નરોડા રેલ્વે ક્રોસીંગ ઉપર ફલાય ઓવર બ્રિજ** બનાવવા તથા **સારંગપુર બ્રિજ ખાતે વધારાની પાંખ** ઉતારવા અને **સાબરમતી રેલ્વે ઓવર બ્રિજની વધારાની પાંખ** ઉતારવા અંદાજપત્રમાં પ્રારંભિક ધોરણે **રૂા.૩૦ કરોડ**ની જોગવાઈ કરવામાં આવે છે તેમજ ઘોડાસર સ્મૃતિ મંદિર જંકશન ખાતે ફલાય ઓવર તેમજ સાબરમતી રીવર ખાતે રીવર લેવલ બ્રિજ તૈયાર કરવા અંગે ફીઝીબીલીટી રીપોર્ટ તૈયાર કરી સ્ટેન્ડીંગ કમિટી સમક્ષ રજુ કરવાનું ઠરાવવામાં આવે છે.

(૩) શહેરના પૂર્વ વિસ્તારમાં વુમન હોસ્પિટલ :-

ઠરાવ કર્યો કે શહેરીજનોને વૈશ્વિક કક્ષાની તબીબી સુવિધાઓ પુરી પાડવા અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા જનરલ હોસ્પિટલો, અર્બન હેલ્થ સેન્ટરોનું સંચાલન કરવામાં આવે છે. શહેરમાં પ્રાઈવેટ ક્ષેત્રમાં જે પ્રકારે સ્પેશ્યાલીટી અભિગમથી વિવિધ પ્રકારની તબીબી સારવાર માટે ખાસ સુવિધા સાથે સ્પેશ્યાલીટી હોસ્પિટલો આવેલ છે તે જ પ્રકારે ખાસ કરીને શહેરના પૂર્વ વિસ્તારમાં મહિલાઓની તબીબી સારવાર માટે સૌ પ્રથમવાર અ.મ્યુ.કો. દ્વારા **'વુમન હોસ્પિટલ'** શરૂ કરવા તથા તેમાં પ્રસુતિ તથા નિયોનેટલકેરની વિશિષ્ટ સારવારની વ્યવસ્થા તેમજ નિષ્ણાંત તબીબી સેવા અને આધુનિક મેડીકલ સાધનોથી સજ્જ હોસ્પિટલ માટે અંદાજપત્રમાં **રૂા.૧૦ કરોડ**ની જોગવાઈ કરવાનું ઠરાવવામાં આવે છે.

(૪) મ્યુનિ. કાઉન્સીલર બજેટ રૂા.૨૧ લાખ :-

ઠરાવ કર્યો કે શહેરના ૪૮ વોર્ડમાં ચૂંટાયેલ ૧૯૨ પ્રતિનિધિઓ પોતાના મત વિસ્તાર ક્ષેત્રમાં પ્રજાલક્ષી પ્રાથમિક જરૂરીયાતના વિકાસ કામો કાઉન્સીલર બજેટ ફાળવણી દ્વારા અગ્રિમતાના ધોરણે કરી શકે તે હેતુથી પ્રતિવર્ષ મ્યુનિ. કાઉન્સીલરશ્રીઓને વાર્ષિક રૂા.૧૭ લાખ બજેટ ફાળવવાની દરખાસ્ત મ્યુ.કમિશનરશ્રીએ રજુ કરેલ છે. જે બજેટમાં રૂા. ૪ લાખનો વધારો કરી મ્યુનિ.કાઉન્સીલર બજેટ વાર્ષિક રૂા.૨૧ લાખ કરવા માટે અંદાજપત્રમાં વધુ **રૂા.૭.૬૮ કરોડ**ની જોગવાઈ કરવાનું ઠરાવવામાં આવે છે. આમ, મ્યુનિ. કાઉન્સીલરશ્રીને ફાળવેલ બજેટ રૂા. ૨૧ લાખ પૈકી રૂા.૩ લાખ માત્ર વોર્ડ તથા શહેરની સ્વચ્છતા અભિયાનના સંદર્ભમાં જ ઉપયોગમાં લઈ શકાશે, જેમાં

સફાઈના સાધનો, પબ્લીક યુરિનલ, નાના મોટા ડસ્ટબીન, સોસાયટીમાં કોમન સફાઈ કન્ટેઈનર, ન્યુસન્સ સ્પોટ સુધારણા તથા સોસાયટીના કોમન પ્લોટ ડસ્ટ ફ્રી કરવા માટે જ વાપરી શકાશે જેને કારણે શહેરની સફાઈ વ્યવસ્થા આદર્શ બને.

(૫) અમદાવાદ વર્લ્ડ હેરીટેજ સીટી તરફ પ્રયાણ :-

ઠરાવ કર્યો કે અમદાવાદ શહેર વિકાસ અને વ્યવસ્થાની સાથે હેરીટેજ સ્થાપત્યની દ્રષ્ટિએ વિશેષ મહત્વ ધરાવતું મહાનગર છે. અમદાવાદ શહેરમાં સીદ્દી સૈયદની જાળી, સરખેજના રોજા, દાદા હરીની વાવ, શેઠ હઠીસીંગના દેરાસર, કલાત્મક દરવાજાઓ તથા હેરીટેજ વેલ્યુ ધરાવતા મકાનો સાથે ૧૦૦ કરતાં વધુ પોળો છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા છેલ્લા ૨૦ વર્ષથી હેરીટેજ વેલ્યુ ધરાવતા સ્થાપત્યના જતન માટે હેરીટેજ સેલ કાર્યરત છે. તાજેતરમાં જ દેશના પ્રધાનમંત્રીશ્રી દ્વારા અમદાવાદ હેરીટેજ ડોઝીયરને **UNESCO** માં રજુ કરવા મંજુરી આપી છે. અમદાવાદ શહેરમાં ૩૫ જેટલા ASI પ્રોટેકટેડ હેરીટેજ સ્થળો છે જે શહેરનું ગૌરવ છે.અમદાવાદ શહેર વિશ્વના પ્રવાસીઓનું આકર્ષણનું કેન્દ્ર બની રહયુ છે. શહેરના હેરીટેજ વેલ્યુ ધરાવતા સ્ટ્રકચરની આસપાસ સુશોભન, લાઈટીંગ, લેન્ડ સ્કેપીંગ કરવા માટે અંદાજપત્રમાં **રૂા.૫ કરોડ**ની જોગવાઈ કરવાનું ઠરાવવામાં આવે છે.

(૬) સાબરમતી રીવર ફ્રન્ટ પાર્ટ - ૨ :-

ઠરાવ કર્યો કે સાબરમતી નદીના બન્ને તરફના કિનારાઓના ૧૧.૫૦ કિ.મી. લંબાઈના વિસ્તારના વિકાસની યોજના સાથે સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેકટ દેશ અને દુનિયાના વિકાસ ઈચ્છતા લોકોના અભ્યાસનું કેન્દ્ર બનેલ છે. અમદાવાદ શહેરની ઓળખ સમા સાબરમતી રીવર ફ્રન્ટ ખાતે રીકલેઈમ લેન્ડના વેચાણથી પ્રોજેકટમાં આવકનો સ્રોત ઉભો થવા જઈ રહયો છે. આ પ્રોજેકટને કારણે શહેરની સુંદરતામાં વધારો થવાની સાથે સુવિધાઓમાં પણ વધારો થઈ રહયો છે. હાલમાં આ યોજનામાં જનરલ બોટીંગ, યંગ વે, ગોલ્ફ કોર્ટ, ઝીપલાઈન, ઈવેન્ટ ગ્રાઉન્ડ, ફલાવર ગાર્ડન, બાયોડાયવર્સીટી પાર્ક, એકઝીબીશન સેન્ટર વગેરે પ્રોજેકટ લેવામાં આવેલ છે. આ પ્રોજેકટની સફળતા અને ભવ્યતાને ધ્યાને લઈ સાબરમતી નદીના હયાત બન્ને તરફના વિકાસની યોજના ઉપરાંત નદીના કિનારાઓને વિકસાવવા માટે સાબરમતી રીવર ફ્રન્ટ પાર્ટ-૨ નું આયોજન કરવાનું ઠરાવવામાં આવે છે.

(૭) રોડ - માઈક્રોસરફેસીંગ :-

ઠરાવ કર્યો કે અમદાવાદ મ્યુ. કોર્પોરેશન દ્વારા ચાલુ વર્ષે રૂા.૧૫ કરોડના ખર્ચે રોડ માઈક્રોસરફેસીંગ કરવામાં આવેલ છે. જે આસ્ફાલ્ટ રોડની ઉપરની સરફેસમાં બહુ ડેમેજ ન હોય પણ પ્રમાણમાં સારી હોય તે આસ્ફાલ્ટ રોડની ઉપર પ્રિવેન્ટીવ મેજર તરીકે જો માઈક્રોસરફેસ કરવામાં આવે તો રોડ બીજા ત્રણ વર્ષ સુધી ચાલી શકે છે. માઈક્રોસરફેસીંગની જાડાઈ ફકત ૬ થી ૭ એમ.એમ. હોવાના કારણે રોડનું લેવલ જળવાઈ રહે છે. માઈક્રોસરફેસીંગની કિંમત સામાન્ય રોડના બી.સી.-લેવલ કરતા અંદાજે ૪૦% જેટલી જ હોય છે. જેને કારણે બચતનું પ્રમાણ વધે છે. જે ધ્યાને લઈ વર્ષ ૨૦૧૬-૧૭ માં રોડ માઈક્રોસરફેસીંગ માટે વધુ **રૂા.૧૦ કરોડ**ની જોગવાઈ કરવાનું ઠરાવવામાં આવે છે.

(૮) સ્માર્ટ રોડ

રોડ ડેવલપમેન્ટ માટે નવિન ટેકનોલોજીનો ઉપયોગ :-

ઠરાવ કર્યો કે અમદાવાદ શહેરના રાજમાર્ગોને નવિન ઓળખ આપવા માટે અમલમાં મુકવામાં આવેલ મોડેલ રોડ પ્રોજેકટને કારણે રસ્તાઓની ઓળખ બદલાય છે. સાઈનેઝ તથા કેટઆઈ, ઝીબ્રા ક્રોસીંગ, સ્ટોપ લાઈન, ડેકોરેટીવ સેન્ટ્રલ વર્જને કારણે રસ્તાઓની આગવી ઓળખ ઉભી થઈ છે. ગત વર્ષ દરમ્યાન શહેરમાં શાહીબાગ વિસ્તાર અને સાબરમતી રીવર ફ્રન્ટ ખાતે સ્માર્ટ રોડનો અભિગમ અમલમાં મુકવામાં આવેલ છે. એ જ પ્રકારે શહેરના મુખ્ય બે રાજમાર્ગોને સ્માર્ટ રોડ તરીકે વિકસાવવા માટે અંદાજપત્રમાં **રૂા.૧૦ કરોડ**ની જોગવાઈ કરવામાં આવે છે તથા રોડ રીસરફેસની સતત પ્રક્રિયાને કારણે રોડના લેવલ ઉંચા આવે છે જેને કારણે વરસાદી પાણીના નિકાલની સમસ્યા થાય છે જે ધ્યાને લઈ હયાત રોડને ડેવલપમેન્ટ માટે અમલમાં આવેલ મીલીંગ ટેકનોલોજીના ઉપયોગ કરી મટીરીયલ-રીસાઈકલ થાય તે રીતે રોડ રીસરફેસ કરવાનું આયોજન કરવાનું ઠરાવવામાં આવે છે.

(૯) ૬૦ ફુટના રસ્તાઓ કે તેનાથી ઓછી પહોળાઇના રસ્તાઓ તૈયાર કરવા તથા હયાત રસ્તાઓ રીસરફેસ કરવા વધુ રૂા.૧૫ કરોડની ફાળવણી

ઠરાવ કર્યો કે શહેરના મુખ્ય રાજમાર્ગો કે જેની પહોળાઇ ૬૦ ફુટ કરતાં વધારે છે તે રસ્તાઓ તૈયાર કરવા તથા રીસરફેસ કરવા માટે રોડ પ્રોજેક્ટ વિભાગ દ્વારા કામગીરી કરવામાં આવે છે. પરંતુ મુખ્યત્વે વોર્ડના આંતરિક રસ્તાઓ કે જેની પહોળાઇ ૬૦ ફુટ કે ૬૦ ફુટ થી ઓછી હોય છે તે રસ્તાઓની કામગીરી ઝોન દ્વારા કરવામાં આવે છે તે માટે અંદાજપત્રમાં વધુ **રૂા.૧૫ કરોડ**ની જોગવાઇ કરવાનું ઠરાવવામાં આવે છે.

(૧૦) ખારીકટ કેનાલ ઉપરના નાળા પહોળા કરવા તથા ખારીકટ કેનાલને સમાંતર રસ્તાઓનો વિકાસ :-

શહેરના પૂર્વ વિસ્તારમાંથી પસાર થતી ખારીકટ કેનાલ આશરે ૧૦૦ વર્ષ કરતાં વધુ જૂની છે. ગત વર્ષ દરમ્યાન રાજ્ય સરકારશ્રી દ્વારા ખારીકટ કેનાલને રી-ડેવલપ કરવાનું આયોજન કરી કામગીરી હાથ ધરેલ છે. શહેરની હદનો વિસ્તાર તથા વિકાસ થતાં હાલ ખારીકટ કેનાલ શહેરના પૂર્વ ભાગની મધ્યમાંથી પસાર થાય છે જેને કારણે કેટલીક જગ્યાએ ટાઉન પ્લાનીંગ સ્કીમ અનુસાર તૈયાર થયેલ રસ્તાઓની પહોળાઇ ૧૦૦ ફુટની છે જ્યારે કેનાલ ઉપરના નાળાની પહોળાઇ ખૂબ જ ઓછી છે જેને કારણે ટ્રાફિકની સમસ્યા સર્જાય છે. જે ધ્યાને લઇ વસ્ત્રાલ, નિકોલ, વટવા તથા ઓઢવ વિસ્તારમાં હયાત નાળાને પહોળા કરવા રૂા. ૫ કરોડ તથા ખારીકટ કેનાલની બંને તરફના રસ્તાઓ ઉપર દબાણ ખુલ્લા કરી રસ્તાઓને રીસરફેસ કરવા રૂા. ૫ કરોડ તથા સ્ટ્રીટ લાઇટની સુવિધા માટે રૂા.૦.૫૦ કરોડ એમ મળી અંદાજપત્રમાં કુલ **રૂા.૧૦.૫૦ કરોડ**ની જોગવાઇ કરવાનું ઠરાવવામાં આવે છે.

(૧૧) શેટી કેનાલના વિકલ્પે-પાઈપલાઈન દ્વારા નર્મદામાંથી પાણી પુરવઠો મેળવવા :-

ઠરાવ કર્યો કે શહેરના ૪૬૬ ચો.કિ.મી. વિસ્તાર તથા આશરે ૬૪ લાખની જનસંખ્યાને પાણી પુરવઠો પુરો પાડવા માટે શહેરમાં હાલમાં ૧૯૬૫ એમએલડી ક્ષમતા સામે ૧૨૭૦ એમએલડી સોર્સનો વપરાશ છે. શહેરમાં હાલ

પાણી શુધ્ધિકરણના કોતરપુર, જાસપુર, રાસ્કા, દૂધેશ્વર વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટની ક્ષમતા ૧૩૨૦ એમએલડીની છે. નગરજનોને પ્રતિદિન વ્યકિતદીઠ ૧૪૦ થી ૧૫૦ લીટર પાણી આપવામાં આવે છે. હાલમાં નર્મદા મેઈન કેનાલથી કોતરપુર વોટર વર્કસ સુધી ૨૫૦૦ મી.મી.વ્યાસની ગ્રેવિટી મેઈન્સ દ્વારા ૩૭૦ એમએલડી પાણીનો જથ્થો મેળવાય છે. તે જ રીતે આગામી દિવસોમાં નર્મદા કેનાલમાંથી વધુ ૫૦૦ એમએલડી પાણીનો જથ્થો ગ્રેવીટીથી મળી રહે તે માટે હાલ રૂા. ૭૦ કરોડના ખર્ચે કામગીરી ચાલી રહી છે. એ જ પ્રકારે રાસ્કા ખાતેના ટ્રીટમેન્ટ પ્લાન્ટ ખાતે નર્મદાના પાણીનો જથ્થો શેઢી કેનાલ મારફતે મેળવવામાં આવે છે. શેઢી કેનાલમાં બ્રેકડાઉન થવાથી શહેરમાં પાણી પુરવઠાના સપ્લાય ઉપર અસર થાય છે. જે ધ્યાને લઈ રાજય સરકારશ્રીના સહકારથી સદર પ્રોજેકટ ઝડપી પૂર્ણ કરી શેઢી કેનાલના વિકલ્પે પાઈપલાઈન દ્વારા પુરવઠો મેળવવાના પ્રોજેકટ અંગે સરકારશ્રીના વિવિધ વિભાગો સાથે સંકલન કરી પ્રોજેકટ ઝડપી પૂર્ણ થાય તેવા પ્રયાસ કરવાનું ઠરાવવામાં આવે છે.

(૧૨) વધુ ક્ષેત્રફળ ધરાવતા વોર્ડને વધુ બજેટ :-

ઠરાવ કર્યો કે અમદાવાદ શહેરના ૪૬૬ ચો.કી.મી.ના વિસ્તારને ઈલેકશન વોર્ડ પ્રમાણે ૪૮ વોર્ડમાં વસ્તીના ધોરણે વિભાજન કરવામાં આવેલ છે. વસ્તીના પ્રમાણને ધ્યાનમાં લેતાં કેટલાંક વોર્ડમાં વસ્તીનું પ્રમાણ ઓછુ તથા વિસ્તારનું પ્રમાણ વધારે છે. જેથી આ પ્રકારના વધુ ક્ષેત્રફળ ધરાવતાં વોર્ડના નાગરિક સુવિધાઓના કામો જેવા કે રોડ, સ્ટ્રીટ લાઈટ, પાણીની લાઈન, ડ્રેનેજ લાઈન જેવી સુવિધાઓ માટે વધુ નાણાંકિય જોગવાઈ કરવાનું ઠરાવવામાં આવે છે, મ્યુનિસિપલ કમિશનરશ્રીએ સરખેજ વોર્ડ, લાંભા વોર્ડ, ગોતા વોર્ડ માટે વિશિષ્ટ આયોજન કરેલ છે.

	વોર્ડનુ નામ	**એરીયા(સ્કેવર કીલોમીટર)**	**વધુ નાણાકીય જોગવાઈ**
-	નરોડા વોર્ડ	૧૩.૮૪	રૂા.૧ કરોડ
-	વસ્ત્રાલ વોર્ડ	૧૩.૪૬	રૂા.૧ કરોડ
-	ચાંદલોડીયા વોર્ડ	૧૩.૬૯	રૂા.૨ કરોડ
-	થલતેજ વોર્ડ	૨૭.૯૮	રૂા.૨ કરોડ
-	બોડકદેવ વોર્ડ	૧૨.૯૩	રૂા.૧ કરોડ
-	મક્તમપુરા વોર્ડ	૨૫.૫૧	રૂા.૨ કરોડ
-	રામોલ-હાથીજણ વોર્ડ	૩૦.૭૪	રૂા.૨ કરોડ
			.....
			રૂા.૧૧ કરોડ

પ્રત્યેક વોર્ડના સમતોલ વિકાસને ધ્યાને લઈ વધુ ક્ષેત્રફળ ધરાવતા વોર્ડના વિકાસની પ્રક્રિયા ઝડપી હાથ ધરી શકાય તે હેતુથી કુલ **રૂા.૧૧ કરોડ**ની જોગવાઈ કરવાનું ઠરાવવામાં આવે છે.

(૧૩) ગામતળના વિકાસ માટે નાણાંકીય આયોજન :-

પાંચ ગામતળ સ્માર્ટ બનાવવાનું આયોજન :-

ઠરાવ કર્યો કે શહેરના વિસ્તાર - હદમાં વધારો થવાથી આસપાસની નગરપાલિકાઓ અને ગ્રામ પંચાયતોના વિસ્તારનો શહેરની હદમાં સમાવેશ થયેલ છે. આ નવા સમાવિષ્ટ થયેલ વિસ્તારના લોકો અમદાવાદ શહેરમાં થયેલ વિરાટ ભૌતિક વિકાસની સાથે તાલ મિલાવી શકે અને આ નાગરિકોને પાયાની સુવિધાઓ પ્રાપ્ત થાય તેમજ ગ્રામ પંચાયત સમયના આયોજનને નવું સ્વરૂપ આપી ગામડાંઓને શહેરી વિસ્તારની જેમ જ સુવિધા આપવા સારૂ ગામતળમાં આર.સી.સી. રોડ, સોડીયમ સ્ટ્રીટ લાઇટ, પીવાના પાણી માટે પીવીસી લાઇનને બદલે કાસ્ટ આયર્ન પાઇપ લાઇન, નીકવાળી ખુલ્લી ગટરને બદલે સીસ્ટેમેટીક ડ્રેનેજ લાઇન, પીવાનું શુદ્ધ પાણી તથા પંચાયત સમયના જૂના-પુરાણા મકાનોનું નવિનીકરણ કરવા, ચોરા-ચબુતરાના વિકાસ સહિત અમદાવાદ શહેરમાં નવા સમાવેશ થયેલ આ ગામતળ વિસ્તારમાં ઉપરોક્ત સુવિધાઓ આપવા અંદાજપત્રમાં **રૂા.૧૦ કરોડ** ફાળવવાનું ઠરાવવામાં આવે છે તેમજ આધુનિક સુવિધાથી સજ્જ પાંચ સ્માર્ટ ગામતળ તૈયાર કરવા અંદાજપત્રમાં પ્રારંભિક ધોરણે રૂા. ૫ કરોડની જોગવાઈ કરવાનું ઠરાવવામાં આવે છે.

(૧૪) 'નો યોર વોર્ડ, નો યોર કાઉન્સીલર' એપ :-

(Know your Ward, Know you Councillor App) :-

ઠરાવ કર્યો કે અમદાવાદ શહેરમાં ૪૮ ઈલે.વોર્ડમાં ચૂંટાયેલ ૧૯૨ પ્રતિનિધિઓ છે. પ્રત્યેક વોર્ડના મ્યુનિસિપલ કાઉન્સીલરશ્રી દ્વારા વોર્ડમાં કરવામાં આવતા વિકાસ કામો, બજેટ અંગેની માહિતી, મ્યુનિ.કાઉન્સીલરશ્રીના સંપર્ક નંબર, ઈ-મેઈલ આઈ.ડી., ટવીટર એકાઉન્ટ તેમજ વોર્ડમાં આવેલ મ્યુનિ.ઓફીસો, સરકારી ઓફીસો, હોસ્પિટલ, અર્બન હેલ્થ સેન્ટર, લાયબ્રેરી, જન્મ-મરણ નોંધણી કેન્દ્ર, વેકસીનેશન સેન્ટર, બસ ટર્મીનસ, બી.આર.ટી.એસ. બસ સ્ટેન્ડ વિગેરેને લગતી તમામ વોર્ડની માહિતી નાગરિકોને ઘેર બેઠા ઉપલબ્ધ થાય તે માટે **'નો યોર વોર્ડ, નો યોર કાઉન્સીલર'** એપ (Know your Ward, Know you Councillor App) તૈયાર કરવા માટે અંદાજપત્રમાં **રૂા. ૦.૧૦ કરોડ**ની જોગવાઈ કરવાનું ઠરાવવામાં આવે છે.

(૧૫) ચાઈલ્ડ કેર કીટ :-

ઠરાવ કર્યો કે અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન સંચાલિત મ્યુનિ. હોસ્પિટલ તથા મેટરનીટી હોમમાં જન્મ થતાં બાળકોની જન્મ પછી ઉત્તમ પ્રકારે સારવાર મળે અને તેઓની સંભાળ રાખી શકાય તે હેતુથી તમામ બાળકના જન્મ સમયે માતાને અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા બાળકની જરૂરીયાત પ્રમાણેનાં કપડા, બ્લેન્કેટ, ડાયપર સેટ, રમકડા, ગાદી, હેન્ડ સેનીટાઈઝર વિગેરે સાથેની "ચાઈલ્ડ કેર કીટ" વિનામુલ્યે ફાળવવા માટે અંદાજપત્રમાં **રૂા. ૨.૫૦ કરોડ**ની જોગવાઈ કરવાનું ઠરાવવામાં આવે છે.

(૧૬) લેક ફ્રન્ટ ડેવલપમેન્ટ-તળાવોનો વિકાસ

વસ્ત્રાપુર લેક નવિનીકરણ

ઠરાવ કર્યો કે અ.મ્યુ.કોર્પો. દ્વારા શહેરના વિવિધ તળાવોના વિકાસ અંગે તબક્કાવાર આયોજન હાથ ધરવામાં આવે છે. તળાવોના વિકાસ સાથે લેક ફ્રન્ટ ડેવલપમેન્ટની યોજના દ્વારા તળાવોમાં વરસાદી પાણીના સંગ્રહથી ભૂગર્ભ જળ રીચાર્જ થાય છે. જેથી ભૂગર્ભ જળના સ્તર ઉંચા આવે છે. પ્રતિ વર્ષ અંદાજીત રૂા.૧૩ કરોડ વધુ ખર્ચ તળાવોના વિકાસ પાછળ કરવામાં આવે છે. મ્યુ. કમિશનરશ્રીએ રજુ કરેલ અંદાજપત્રમાં પણ **રૂા.૨૧ કરોડ**ની જોગવાઇ કરવામાં આવેલ છે. આ ઉપરાંત શહેરના પૂર્વ વિસ્તારમાં નિકોલ ગામના અષ્ટકોણ ધરાવતાં ઐતિહાસિક તળાવ, થલતેજ ગામ ખાતેના મલાવ તળાવ તથા હયાત વસ્ત્રાપુર લેક ફ્રન્ટના તથા ઇસનપુર તળાવના વિકાસ તથા પૂર્વ વિસ્તારમાં આવેલ રતનપુરા તળાવને ડેવલપ કરવા માટે અંદાજપત્રમાં **રૂા. ૧૦ કરોડ**ની જોગવાઈ કરવામાં આવે છે. આ ઉપરાંત તાજેતરમાં રાજ્ય સરકારશ્રીએ ચંડોળા તળાવના વિકાસ અંગે અ.મ્યુ.કો.ને મંજુરી આપેલ છે. જે ધ્યાને લઇ ચંડોળા તળાવના વિકાસ માટે આર્કીટેકટ કન્સલટન્ટની નિમણુંક કરી સ્પેશ્યલ પ્રોજેકટ તૈયાર કરી સ્ટેન્ડીગ કમિટીમાં રજુ કરવાનું ઠરાવવામાં આવે છે. આ ઉપરાંત શહેરના તળાવોને પીપીપી મોડલના આધારે વિકસાવવા માટેની ચોક્કસ નીતિ તૈયાર કરી આયોજન કરવાનું ઠરાવવામાં આવે છે.

(૧૭) કોમ્યુનિટી હોલ નવિનીકરણ તથા નવા કોમ્યુનિટી હોલ :-

ઠરાવ કર્યો કે ધાર્મિક, સામાજીક, સાંસ્કૃતિક, શૈક્ષણિક કાર્યક્રમોના આયોજન માટે નગરજનોને સુવિધા પ્રાપ્ત થાય તે હેતુથી શહેરના વિવિધ વિસ્તારમાં આવેલ કોમ્યુનિટી હોલનું નવિનીકરણ કરવા અંદાજપત્રમાં જોગવાઈ કરવામાં આવેલ છે તેમજ શહેરના નારણપુરા વિસ્તારમાં આવેલ ડી.કે.પટેલ હોલ ખૂબ જ પૂરાણો હોવાથી હોલને ડીમોલેશન કરી સ્પેશ્યલ ડીઝાઈન કરી કોમ્યુનિટી હોલ કમ મલ્ટીપર્પઝ યુટીલીટી સેન્ટર તૈયાર કરવા પ્રારંભિક ધોરણે **રૂા. ૫ કરોડ**ની ફાળવણી કરવામાં આવે છે તેમજ શહેરમાં નવા પશ્ચિમ વિસ્તારમાં આવેલ જુહાપુરા વિસ્તારમાં પાર્ટી પ્લોટ તૈયાર કરવા અંદાજપત્રમાં **રૂા.૧ કરોડ**ની જોગવાઈ કરવાનું ઠરાવવામાં આવે છે.

(૧૮) ઐતિહાસિક એલિસબ્રિજ (વિવેકાનંદ પુલ)ની હેરીટેજ વેલ્યુ જાળવી યોગ્ય ઉપયોગ કરવા આયોજન :-

ઠરાવ કર્યો કે સાબરમતી નદી ઉપર વર્ષો જૂનો ઐતિહાસિક એલિસબ્રિજ આવેલ છે. આ બ્રિજમાં ક્ષતિ સર્જાતા હાલમાં એલિસબ્રિજ ઉપર ટ્રાફિકની અવરજવર માટે કે અન્ય કાર્યમાં ઉપયોગ કરવામાં આવતો નથી. હેરીટેજ વેલ્યુ ધરાવતા એલિસબ્રિજને નિષ્ણાંત કન્સલ્ટન્ટ, આર્કીટેકટ, એન્જીનીયરનું માર્ગદર્શન લઈ પુનઃ યોગ્ય ઉપયોગ થાય તેમજ હેરીટેજ વારસાની જાળવણી સચવાય તે હેતુથી અંદાજપત્રમાં પ્રારંભિક ધોરણે **રૂા. ૫ કરોડ**નું આયોજન કરવાનું ઠરાવવામાં આવે છે.

(૧૯) રેલ્વે સ્ટેશનને જોડતા ફૂટ ઓવરબ્રિજ :-

ઠરાવ કર્યો કે શહેર મધ્યમાં આવેલ કાલુપુર રેલ્વે સ્ટેશન તરફ જતા મુસાફરોને ટ્રાફિક સમસ્યાના કારણે રેલ્વે સ્ટેશન પહોંચવામાં સમય લાગે છે તેમજ ફરજીયાતપણે વાહન રેલ્વે સ્ટેશનની અંદર લઈ જવું પડે છે. જેને કારણે સમય ખૂબ વ્યય થાય છે. જે ધ્યાને લઈ કાલુપુર સ્ટેશનને જોડતા રીલીફ રોડ અને ગાંધી રોડ, સારંગપુરના રસ્તાથી સીધા જ રેલ્વે સ્ટેશન ખાતે પહોંચી શકાય તેવા ફૂટ ઓવરબ્રિજ તૈયાર કરવા પ્રારંભિક ધોરણે અંદાજપત્રમાં **રૂા. ૫ કરોડ**ની જોગવાઈ કરવાનું ઠરાવવામાં આવે છે.

(૨૦) ગુજરાત હાઉસીંગ બોર્ડ તથા સ્લમ કલીયરન્સ બોર્ડ તથા ઔડાની વસાહતોમાં સુવિધા :-

ઠરાવ કર્યો કે અમદાવાદ શહેરમાં આવેલ સ્લમ કલીયરન્સ બોર્ડ તેમજ હાઉસીંગ બોર્ડ તથા ઔડાની વસાહતોમાં પ્રાથમિક સુવિધાઓ જેવી કે ડ્રેનેજ, પાણી, લાઈટ, રસ્તા, ફુટપાથ, ગાર્ડન વગેરેની સુવિધા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કરવામાં આવે છે. જે માટે મ્યુનિ.કમિશનરશ્રીએ અંદાજપત્રમાં રૂા. ૩૨ કરોડની જોગવાઈ કરેલ છે. આ ઉપરાંત ગુજરાત હાઉસીંગ બોર્ડ, સ્લમ કલીયરન્સ બોર્ડ તથા ઔડાની વસાહતોના કોમન પ્લોટમાં મીની પાર્ટી પ્લોટ, આંગણવાડી, હેલ્થ કલબ, ચિલ્ડ્રન પ્લે એરીયા તેમજ સ્પોર્ટસ એકટીવીટીઝ સેન્ટર, લાયબ્રેરી વિગેરેની સુવિધા માટે અંદાજપત્રમાં **રૂા.૧૦ કરોડ**ની ફાળવણી કરવાનું ઠરાવવામાં આવે છે.

(૨૧) નવા મ્યુનિસિપલ શાળાના મકાનો :-

ઠરાવ કર્યો કે અમદાવાદ મ્યુ. કોર્પોરેશન સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓમાં ગરીબ અને મધ્યમવર્ગના પરિવારના બાળકો અભ્યાસ કરે છે. વિશેષરૂપે શ્રમજીવી વિસ્તારની શાળાઓમાં બાળકોની સંખ્યાનું પ્રમાણ વધારે હોય છે. આ વિસ્તારના બાળકોની શૈક્ષણિક સુવિધા વધારવા માટે શહેરમાં છ વિસ્તારોમાં મ્યુનિસિપલ શાળાના નવા મકાનો તૈયાર કરવા આયોજન કરવામાં આવેલ છે. આ ઉપરાંત શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલ રાજીવનગર, શ્રેયસ ટેકરા પાસેની મ્યુનિસિપલ શાળા નં. ૨૯-૩૦ ના હયાત મકાન ઉપર એક વધારાના માળનું બાંધકામ કરવા **રૂા. ૦.૫૦ કરોડ**ની જોગવાઈ કરવાનું ઠરાવવામાં આવે છે.

(૨૨) રેલ્વે ક્રોસીંગને પહોળા કરવા આયોજન :-

ઠરાવ કર્યો કે અમદાવાદ શહેરની મધ્યમાંથી પસાર થતી રેલ્વે લાઈન ઉપર આવેલ સાંકડા રેલ્વે ક્રોસીંગને કારણે અનેક સ્થાનોએ ટ્રાફિક જામ થવાના પ્રશ્નો ઉભા થાય છે, કેટલાંક ક્રોસીંગ તરફના ટી.પી. રોડ ખુબ જ પહોળા છે પરંતુ રેલ્વે ક્રોસીંગ સાંકડા હોવાથી ટ્રાફિકની સમસ્યા ઉભી થાય છે, તે ધ્યાને લઇ (૧) સરદારનગર (૨) થલતેજ (૩) નારણપુરા ખાતેના હયાત રેલ્વે ક્રોસીંગો પહોળા કરવા માટે અંદાજપત્રમાં **રૂા. ૩ કરોડ**ની જોગવાઇ કરવાનું ઠરાવવામાં આવે છે.

(૨૩) શહેરના ટ્રાફિક સર્કલોનો વિકાસ :-

ઠરાવ કર્યો કે, શહેરની ટ્રાફિક સમસ્યાના નિરાકરણ માટે જંકશન ઉપર ટ્રાફિક સર્કલ તૈયાર કરવામાં આવે છે. આ ટ્રાફિક જંકશન પરના સર્કલ વિવિધ થીમબેઈઝ બને તે હેતુથી ગત વર્ષના પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપ ધોરણે ૨૭ કરતા વધુ સર્કલો ઔદ્યોગિકગૃહો તથા મ્યુ.કોર્પોરેશન દ્વારા ડેવલપ કરવામાં આવ્યા હતા. શહેરના વિકાસ સાથે બ્યુટીફીકેશન ઓફ સિટીના અમલીકરણ માટે શહેરના મુખ્ય સર્કલોના વિકાસ માટેનું આયોજન કરેલ છે. જે અનુસાર (૧) શાહીબાગ ડફનાળા સર્કલ માટે **રૂા.૫૦ લાખ** (૨) દરીયાપુર દરવાજા બહારના સર્કલ માટે **રૂા. ૨૫ લાખ** (૩) આવકાર હોલ-મણીનગર સર્કલના વિકાસ માટે **રૂા.૨૫ લાખ** એમ કુલ **રૂા. ૧ કરોડ**ની ફાળવણી કરવાનું ઠરાવવામાં આવે છે.

(૨૪) પીરાણા ખાતે ગ્રીન ફોરેસ્ટ-સઘન વનીકરણ તથા થીમબેઈઝ ગાર્ડન :-

ઠરાવ કર્યો કે અમદાવાદ શહેરને 'હરીયાળું શહેર' બનાવવાના અભિયાનના ભાગરૂપે પ્રતિ વર્ષ વૃક્ષારોપણ ઝુંબેશ તથા નવિન બગીચાઓનું નિર્માણ કરવામાં આવે છે. વર્ષ દરમ્યાન ૧૮ નવા બગીચા તથા હયાત બગીચાના નવિનીકરણનું આયોજન કરવામાં આવેલ છે. અંદાજ પ્રમાણે શહેરમાં ૭.૭૫ લાખ જેટલા વૃક્ષો છે. જેને કારણે ૪.૬૬% વિસ્તાર ટ્રી-કવર આચ્છાદિત છે. જેનું પ્રમાણ વધારવા માટે પિરાણા ખાતે મોટા પ્રમાણમાં વૃક્ષો ઉછેરવા સાથે **''અમદાવાદ ઉપવન''** તૈયાર કરવાનું ઠરાવવામાં આવે છે તેમજ શહેરમાં વિશાળ જગ્યામાં **''થીમબેઈઝ ગાર્ડન''** માટે કન્સલટન્ટની નિમણુંક કરી આયોજન કરવા માટે અંદાજપત્રમાં **રૂા.૨ કરોડ**ની જોગવાઈ કરવાનું ઠરાવવામાં આવે છે.

(૨૫) શાહીબાગ ખાતે ચિલ્ડ્રનપાર્ક અને પ્લે-ગ્રાઉન્ડ :-

ઠરાવ કર્યો કે, શહેરના શાહીબાગ વિસ્તારમાં આવેલ નવીનચંદ્ર પાર્કના પ્લોટમાં બાળકો માટે અદ્યતન રમત-ગમતના સાધનો મુકી ચિલ્ડ્રનપાર્ક તૈયાર કરવા તથા ખુલ્લી જગ્યામાં પ્લે-ગ્રાઉન્ડ તૈયાર કરવા અંદાજપત્રમાં **રૂા.૧ કરોડ**ની જોગવાઈ કરવાનું ઠરાવવામાં આવે છે.

(૨૬) વ્યકિત વિશેષ તથા સીનીયર સીટીઝનને માટે સીટી ટુર યોજના :-

ઠરાવ કર્યો કે અમદાવાદ મહાનગર છેલ્લા દાયકા દરમ્યાન વૈશ્વિક કક્ષાની માળખાકીય તેમજ અન્ય સુવિધાઓ સહિત વિકસીત થયેલ છે. શહેરમાં આંતરરાષ્ટ્રીય કક્ષાના પ્રોજેક્ટ તરીકે સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપ મેન્ટ પ્રોજેક્ટ, કાંકરીયા લેક ફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ, જનમાર્ગ પ્રોજેક્ટ (બી.આર.ટી.એસ.) અને શહેરના ઐતિહાસિક મૂલ્ય ધરાવતાં હેરીટેજ સ્થળો અને વિવિધ ધાર્મિક સ્થાનોની મુલાકાતે દેશ વિદેશના પર્યટકો મોટી સંખ્યામાં આવે છે. શહેરમાં વસવાટ કરતાં વ્યકિત વિશેષ તથા વરિષ્ઠ નાગરિકો શહેર અને સમાજનું ગૌરવ છે. આ વરિષ્ઠ નાગરિકો તથા વ્યકિત વિશેષે શહેરના વિકાસ અને સમૃધ્ધિમાં આપેલ યોગદાન બદલ તેમજ તેઓ પ્રત્યેના

સામાજીક ઋણ સ્વીકારરૂપે તથા તેઓ પ્રત્યેના સન્માનના ભાગરૂપે વરિષ્ઠ નાગરિકો તથા વ્યકિત વિશેષને શહેરના ગૌરવવંતા પ્રોજેક્ટસ જેવા કે (૧) સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ (૨)કાંકરીયા લેક ફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ (૩) જનમાર્ગ પ્રોજેક્ટ (બી.આર.ટી.એસ.) તેમજ શહેરના હેરીટેજ વેલ્યુ ધરાવતાં ઐતિહાસિક સ્થળો તેમજ ગાંધીઆશ્રમની મુલાકાતનું આયોજન **''વ્યકિત વિશેષ તથા સીનીયર સીટીઝન ટુર યોજના''** અન્વયે કરવાનું તેમજ આ માટે અંદાજપત્રમાં વધુ **રૂા.૧ કરોડ** ની ફાળવણી કરવાનું ઠરાવવામાં આવે છે.

(૨૭) ઘાટલોડીયા વિસ્તારમાં રમત-ગમતના હેતુના પ્લોટમાં વિકાસ :-

ઠરાવ કર્યો કે ઘાટલોડીયા વિસ્તારમાં આવેલ સાયન્સ સિટી રોડ તરફના મ્યુનિ.કોર્પોરેશનના રમત-ગમતના હેતુ માટેના અનામત પ્લોટમાં સ્પોર્ટસ એકટીવીટીઝ માટે સુવિધા કરવા તથા ચિલ્ડ્રન પ્લે એરીયા ડેવલપ કરવા માટે અંદાજપત્રમાં **રૂા. ૧ કરોડ**ની જોગવાઈ કરવાનું ઠરાવવામાં આવે છે.

(૨૮) શહેરના પૂર્વ વિસ્તારમાં પીપીપી ધોરણે એમ્યુઝમેન્ટ પાર્ક :-

ઠરાવ કર્યો કે શહેરમાં કાંકરીયા લેક ફ્રન્ટ, વસ્ત્રાપુર તળાવ, નરોડા તળાવ વિગેરે જગ્યાએ પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપ ધોરણે મીની એમ્યુઝમેન્ટ પાર્ક તૈયાર કરવામાં આવેલ છે. જેનો શહેરના નાગરિકો, બાળકો આનંદપ્રમોદ માટે ઉપયોગ કરી રહયા છે. શહેરના પૂર્વ વિસ્તારમાં પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપ ધોરણે અદ્યતન એમ્યુઝમેન્ટ પાર્ક તૈયાર કરવાનું ઠરાવવામાં આવે છે.

(૨૯) મ્યુનિસિપલ લાયબ્રેરી તથા વાંચનાલયમાં સુવિધાઓ :-

ઠરાવ કર્યો કે શહેરમાં આવેલ મ્યુનિસિપલ સંચાલિત લાયબ્રેરી તથા વાંચનાલયોમાં બેઠકની સગવડ માટે ફર્નિચરની સુવિધામાં વધારો કરવા સાથે લાયબ્રેરીઓમાં ઈ-લાયબ્રેરીની સગવડ ઉપલબ્ધ કરાવવા અંદાજપત્રમાં **રૂા. ૦.૨૫ કરોડ** ની જોગવાઈ કરવાની તેમજ શહેરના પશ્ચિમ વિસ્તારમાં ધરણીધર દેરાસર પાસે તૈયાર કરવામાં આવેલ શ્રી કે.કા.શાસ્ત્રી લાયબ્રેરી ભવનમાં જરૂરી ફર્નિચર તેમજ અન્ય સુવિધા માટે **રૂા. ૦.૨૫ કરોડ**ની એમ કુલ **રૂા. ૦.૫૦ કરોડ**ની જોગવાઈ કરવાનું ઠરાવવામાં આવે છે.

(૩૦) મેયર નગર રત્ન એવોર્ડ :-

ઠરાવ કર્યો કે શહેરમાં વ્યકિત વિશેષ પ્રતિભા ધરાવતા નાગરિકો અનેક સેવા પ્રકલ્પ અને સમાજ ઉપયોગી સેવાકીય કાર્યો કરતા હોય છે તેમજ કલાક્ષેત્ર, સેવા ક્ષેત્ર, શિક્ષણ ક્ષેત્ર અને ઉદ્યોગ સાહસિકતા, મહિલા વિકાસ, બાળ કલ્યાણ, યુવા જાગૃતિ, વ્યસન મુકિતના ક્ષેત્રમાં વિશેષ યોગદાન આપતી પ્રતિભાઓને **'મેયર નગરરત્ન એવોર્ડ'** થી સન્માનિત કરવાનું ઠરાવવામાં આવે છે. તે માટે અંદાજપત્રમાં વધુ **રૂા. ૦.૨૫ કરોડ**નું આયોજન કરવાનું ઠરાવવામાં આવે છે.

(૩૧) મ્યુનિસિપલ શાળાના તેજસ્વી બાળકો માટે અભ્યાસ ટુરનું આયોજન :-

ઠરાવ કર્યો કે અમદાવાદ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓમાં ધોરણ-૫ થી ૭ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પૈકી પરીક્ષામાં પ્રથમ, દ્વિત્તીય અને તૃતીય ક્રમે ઉતિર્ણ થનાર તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પુરૂ પાડવાના ભાગરૂપે વિનામુલ્યે અભ્યાસ ટુરનું આયોજન કરવાનું ઠરાવવામાં આવે છે. જેમાં શાળાના બાળકોને સાયન્સ સિટીની મુલાકાત, સચિવાલય મુલાકાત, કાંકરીયા લેક ફ્રન્ટ, સાબરમતી રીવર ફ્રન્ટ, મહાત્મા મંદિર તથા ગાંધી આશ્રમ, અટિરા, આઈ.આઈ.એમ. વિગેરે સ્થળોને આવરી લેતી અભ્યાસ ટુર કરાવવા અંદાજપત્રમાં **રૂા. ૦.૨૫ કરોડ**નું આયોજન કરવામાં આવે છે.

(૩૨) સરદાર પટેલ રીંગ રોડને જોડતા મુખ્ય રસ્તાઓના વિકાસ માટે નાણાંકીય આયોજન :-
સરદાર પટેલ રીંગ રોડની બન્ને તરફ વૃક્ષારોપણ તેમજ ટ્રાફીક જંકશન ખાતે સ્ટ્રીટલાઈટઃ-

ઠરાવ કર્યો કે અમદાવાદ શહેરની હદમાં સમયાંતરે વધારો થવાથી હાલ શહેર ૪૬૬ ચો.કિ.મી.નો વિશાળ વિસ્તાર ધરાવતું વિરાટ મહાનગર બન્યું છે. ઔડા વિસ્તારમાં તૈયાર કરવામાં આવેલ ૨૦૦ ફૂટ પહોળાઈ ધરાવતો અને ૭૬ કિલોમીટરની લંબાઈનો સરદાર પટેલ રીંગ રોડ અમદાવાદ શહેરની હદમાં આવેલ હોવાથી આ રીંગ રોડને જોડતા ટી.પી.રસ્તાઓ પહોળા કરી રીસરફેસ કરવાથી શહેરની ટ્રાફિક સમસ્યા હળવી થશે તેમજ રીંગરોડની ઉપ યોગીતામાં વધારો થશે તે ધ્યાનમાં લઈ સરદાર પટેલ રીંગ રોડને જોડતા ટી.પી.રસ્તાઓને વિકસાવવા તથા સરદાર પટેલ રીંગ રોડની બન્ને તરફ ઔડાના સહયોગથી મોટા પ્રમાણમાં વૃક્ષારોપણ કરી જાળવણી કરવા જરૂરી આયોજન કરવાનું ઠરાવવામાં આવે છે તેમજ રીંગ રોડના ટ્રાફીક જંકશનો ખાતે સ્ટ્રીટલાઈટની સુવિધા કરવા માટે અંદાજપત્રમાં **રૂા.૧૦ કરોડ**ની જોગવાઈ કરવાનું ઠરાવવામાં આવે છે.

(૩૩) ડ્રેનેજ ડીસીલ્ટીંગ માટે વધુ નાણાંની ફાળવણી :-

ઠરાવ કર્યો કે અમદાવાદ શહેરમાં વિશાળ ડ્રેનેજ નેટવર્ક છે. કેટલીક ડ્રેનેજ લાઈનો ૫૦ વર્ષ કરતાં પણ વધુ જુની છે, જેના કારણે પાણીની વહન ક્ષમતામાં ઘટાડો થાય છે. જેથી ડ્રેનેજ બેકીંગનાં પ્રશ્નો ઉભાં થાય છે. તે ધ્યાને લઈ ડ્રેનેજ લાઈન ડીસીલ્ટીંગ માટે અંદાજપત્રમાં વધુ **રૂા. ૧૦ કરોડ**ની જોગવાઈ કરવાનું ઠરાવવામાં આવે છે.

(૩૪) પાણીના નવા બોર માટે વધુ રકમની ફાળવણી :-

ઠરાવ કર્યો કે શહેરનાં નવા સમાવેશ થયેલ વિસ્તારમાં પાણીના નેટવર્કની કામગીરી માટે વોટર ડિસ્ટ્રીબ્યુશન સ્ટેશન તથા પાઈપ લાઈન નેટવર્કની કામગીરી ખુબ ઝડપથી ચાલી રહી છે. ઘણાં વિસ્તારોમાં વોટર ડિસ્ટ્રીબ્યુશન સ્ટેશનની સાથે ભુગર્ભ જળનો જથ્થો મેળવવા બોરની આવશ્યકતા રહે છે. જે ધ્યાને લઈ પાણીનાં નવા બોર તૈયાર કરવા સારૂ અંદાજપત્રમા વધુ **રૂા. ૩ કરોડ**ની જોગવાઈ કરવાનું ઠરાવવામાં આવે છે.

(૩૫) ચાર રસ્તાના જંકશન વિકસાવવા આયોજન :-

ઠરાવ કર્યો કે, શહેરના મુખ્ય રાજમાર્ગો ઉપર આવેલ ચાર રસ્તાના જંકશન પર ચારે તરફ મોટી ફૂટપાથ તથા કેટલીક જગ્યાએ કાચો ભાગ હોય છે. તેમજ ચાર રસ્તાઓ ઉપર વખતોવખત ખોદકામ થતા હોવાથી રોડના લેવલમાં વધારો થાય છે. શહેરના મુખ્ય ચાર રસ્તા જંકશનની અલગ ઓળખ ઉભી થાય તથા બ્યુટીફીકેશનમાં વધારો થાય તે હેતુથી ચાર રસ્તાના જંકશનની ચારે તરફ સ્પેશ્યલ ડીઝાઈનના પેવર બ્લોક સહિત ડેકોરેટીવ ગ્રીલ લગાવવાનું આયોજન કરવાનું ઠરાવવામાં આવે છે. જે માટે અંદાજપત્રમાં **રૂા.૧૦ કરોડ**ની જોગવાઈ કરવાનું ઠરાવવામાં આવે છે.

(૩૬) શા.ચિ.લા. હોસ્પિટલ ખાતે કીડની ડાયાલીસીસ સેન્ટર તથા અદ્યતન લેબોરેટરી :-

ઠરાવ કર્યો કે પૂર્વ અમદાવાદ વિસ્તારમાં રહેતા નાગરિકોને વધુ સારી આરોગ્યલક્ષી સેવાઓ પૂરી પાડવાના ઉમદા હેતુથી કીડનીના દર્દીઓની સારવાર માટે શા.ચિ.લા. હોસ્પિટલ ખાતે કીડની ડાયાલીસીસ સેન્ટર બનાવવાનું આયોજન આગામી નાણાંકીય વર્ષમાં કરવામાં આવેલ છે. જે માટે શા.ચિ.લા. હોસ્પિટલ ખાતે નવા ચાર હિમોડાયાલીસીસ મશીન વસાવવા તેમજ આર.ઓ. પ્લાન્ટ તથા અન્ય ઈન્ફ્રાસ્ટ્રકચર સુવિધાઓ ઉભી કરવા માટે આગામી નાણાંકીય વર્ષના અંદાજપત્રમાં **રૂા.૫૦ લાખ**ની જોગવાઈ કરવાનું ઠરાવવામાં આવે છે. ઉપરાંત શા.ચિ.લા. હોસ્પિટલ ખાતે લેબોરેટરીને અદ્યતન સુવિધાપૂર્ણ બનાવવા માટે અંદાજપત્રમાં **રૂા.૫૦ લાખ**નું આયોજન કરવામાં આવે છે. આમ, કુલ **રૂા.૧ કરોડ** ફાળવવાનું ઠરાવવામાં આવે છે.

(૩૭) શા.ચિ.લા. હોસ્પિટલ ખાતે એમ.આર.આઈ. સેન્ટર (પી.પી.પી. ધોરણે) :-

ઠરાવ કર્યો કે પૂર્વ અમદાવાદ વિસ્તારમાં રહેતા નાગરિકોને વધુ સારી આરોગ્યલક્ષી સેવાઓ પૂરી પાડવાના ઉમદા હેતુથી મગજ, હાડકા તથા અકસ્માતના કિસ્સાઓમાં દર્દીઓને એમ.આર.આઈ.ની સુવિધા મળી રહે તે હેતુથી શા.ચિ.લા. હોસ્પિટલ ખાતે પી.પી.પી. ધોરણે એમ.આર.આઈ. સેન્ટર શરૂ કરવાનું ઠરાવવામાં આવે છે.

(૩૮) અર્બન હેલ્થ સેન્ટર ખાતે પી.પી.પી. ધોરણે ફિઝિયોથેરાપી સેન્ટર :-

ઠરાવ કર્યો કે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત હોસ્પિટલોમાં ગરીબ અને મધ્યમવર્ગના નાગરિકો તબીબી સારવાર લે છે. કેટલાક કિસ્સાઓમાં મેડીકલ સારવારમાં ફિઝિયોથેરાપીની આવશ્યકતા રહે છે. આ ફિઝિયોથેરાપી માટે દર્દીએ ફરજીયાત મુખ્ય હોસ્પિટલ ખાતે સારવાર માટે પ્રતિદિન આવવું પડતું હોય છે. આથી નાગરીકોને ફિઝિયોથેરાપીની સારવાર પોતાના વિસ્તારમાં ઉપલબ્ધ થાય તે હેતુથી શહેરમાં આવેલ અર્બન હેલ્થ સેન્ટર ખાતે સામાજીક સંસ્થાઓ, એન.જી.ઓ.ના સહયોગથી પી.પી.પી. મોડેલ ધોરણે ફિઝિયોથેરાપી સેન્ટર તૈયાર કરવાનું ઠરાવવામાં આવે છે.

(૩૯) રક્તદાન મહાદાન બ્લડ ડોનેશન કલેકશન વાન :-

ઠરાવ કર્યો કે નેશનલ એઈડ્સ કંટ્રોલ સોસાયટી **(NACO)**ના સર્વે અનુસાર અમદાવાદ શહેર દેશમાં રક્તદાન ક્ષેત્રે સૌ પ્રથમ નંબરનું સ્થાન ધરાવે છે. જયાં વસ્તીનાં ૩.૩૪ % લોકો રક્તદાન કરે છે. જે રાષ્ટ્રીય દર ૦.૬૩ % ની સરખામણીએ પાંચ ગણી છે. રક્તદાતાઓને પ્રોત્સાહિત કરવા તથા સુવિધાપૂર્ણ આધુનિક બ્લડ ડોનેશન કલેકશન વાન તૈયાર કરવા અંદાજપત્રમાં **રૂા.૦.૫૦ કરોડ**ની જોગવાઈ કરવાની તથા રક્તદાન કરતા દાતાઓને પ્રોત્સાહન રૂપે અ.મ્યુ.કો. દ્વારા પ્રોત્સાહક સ્મૃતિચિન્હ આપવાનું તેમજ ૫૦ થી વધુ વખત રક્તદાન કરનાર રક્તદાતાઓનું સન્માન કરવાનું આયોજન કરવાનું ઠરાવવામાં આવે છે.

(૪૦) નગરજનોના મેડીકલ ચેકઅપ માટે ૪ અદ્યતન મેડીકલ વાન :-

ઠરાવ કર્યો કે અમદાવાદ શહેરને સ્વચ્છ - હરીયાળુ બનાવવાનાં અભિયાન સાથે " સ્વસ્થ નાગરિક-સ્વસ્થ શહેર" નાં સૂત્રને અમલમાં મુકવામાં આવેલ છે. રાજય સરકારશ્રીના વિવિધ કાર્યક્રમ અંતર્ગત શાળાના બાળકો તથા આંગણવાડીના બાળકો તથા વિદ્યાર્થીઓ માટે સ્વાસ્થ્ય ચેકઅપ અભિયાન કરવામાં આવે છે. શહેરના નગરજનો માટે પણ મેડીકલ ચેકઅપ માટે આયોજન કરવાનું ઠરાવવામાં આવે છે તેમજ મેડીકલ હેલ્થ ચેકઅપ પ્રોગ્રામ માટે ૪ નંગ હેલ્થ ચેકઅપ મેડીકલ વાન ખરીદવા અંદાજપત્રમાં **રૂા.૨.૫ કરોડ**ની જોગવાઈ કરવામાં આવે છે. મેડીકલ ચેકઅપ વાનમાં અદ્યતન મેડીકલ સાધનો, સોનોગ્રાફી મશીન, મેમોગ્રાફી મશીન જેવી સુવિધાઓ કરવામાં આવશે.

(૪૧) સ્વચ્છ ભારત સફાઇ અંતર્ગત નવા સફાઇના સાધનો ખરીદવા આયોજન :-

ઠરાવ કર્યો કે સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત શહેરના વિવિધ વિસ્તારોમાં સફાઈનું ધોરણ ઉંચુ લાવવા આધુનિક સાધનો ખરીદવા અંગે અંદાજપત્રમાં વધુ **રૂા.૪.૪૦ કરોડ**ની જોગવાઇ કરવાનું ઠરાવવામાં આવે છે.

(૪૨) સુવિધાપૂર્ણ મુકિતધામ :-

ઠરાવ કર્યો કે શહેરનાં મુકિતધામોને સી.એન.જી. આધારીત સ્મશાન ભઠ્ઠી તથા ઇલેકટ્રીક સ્મશાન ભઠ્ઠીથી સજ્જ કરવા તબક્કાવાર આયોજન કરેલ છે. સ્મશાનગૃહો વધુ સુવિધાપૂર્ણ બનાવવા માટે સ્મશાનગૃહોમાં પ્રાર્થના હોલ, વોટર કુલર, આર.ઓ. પ્લાન્ટ સાથેના પીવાના પાણીની સગવડ, સોલાર સીસ્ટમ સાથે ગરમ પાણીથી સ્નાન માટેની બાથરૂમની સુવિધા, સ્વચ્છ શૌચાલય અને બેઠક વ્યવસ્થા સાથે શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલ હાટકેશ્વર મુકિતધામ તથા ચામુંડા મુકિતધામ અને પશ્ચિમ વિસ્તારમાં આવેલ વાડજ મુકિતધામને નવિનીકરણ કરી વધુ સુવિધાપૂર્ણ બનાવવા માટે અંદાજપત્રમાં વધુ **રૂા. ૧૦ કરોડ**ની ફાળવણી કરવાનું ઠરાવવામાં આવે છે.

(૪૩) સુવિધાપૂર્ણ સેવા વસ્તી - ૬ મોડેલ સેવા વસ્તી :-

અમદાવાદ શહેરમાં ચાલી, સ્લમ, ઝુપડપટ્ટીમાં વસવાટ કરતાં નાગરીકોને પ્રાથમીક સુવિધાઓ પાણી, ડ્રેનેજ, સ્ટ્રીટ લાઇટ, સફાઇ, શૌચાલય, આરોગ્ય કેન્દ્રની સુવિધાઓ આપવા માટે અ.મ્યુ.કોર્પો. દ્વારા સ્પે. બજેટની

જોગવાઇ કરવામાં આવે છે. સેવા વસ્તીમાં બાળકો માટે આંગણવાડીનું સંચાલન પણ કરવામાં આવે છે. આ સેવા વસ્તીમાં વધુ સારી સુવિધાઓ આપવા માટે અંદાજપત્રમાં વધુ રૂા.૫ કરોડની જોગવાઇ કરવામાં આવે છે તથા પ્રત્યેક ઝોનમાં ૧ મોડલ સેવા વસ્તી તૈયાર કરવા માટે અંદાજપત્રમાં **રૂા.૩ કરોડ**ની જોગવાઇ કરવાનું તથા મોડલ સેવા વસ્તીના સંચાલન, જાળવણી માટે સેવા વસ્તી સંકલન સમિતિની રચના કરી વ્યવસ્થા જળવાઇ રહે તેવા પ્રયાસો કરવાનું ઠરાવવામાં આવે છે.

(૪૪) સફાઈ કામદાર તથા ઈજનેર ખાતાના કામદારો માટે સ્કીલ ડેવલપમેન્ટ પ્રોજેકટ તથા ફ્રી મેડીકલ ચેકઅપ :-

ઠરાવ કર્યો કે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સફાઈ કામદાર તથા ઈજનેર તથા અન્ય ખાતાના કામદારો શહેરમાં અમલમાં મુકવામાં આવેલ નવિન સાધનો તથા ટેકનોલોજીથી માહિતગાર થાય તથા તેમની સ્કીલ ડેવલપ થાય તે હેતુથી સફાઈ કામદારો તથા ઈજનેર ખાતાના કામદારો માટે સ્કીલ ડેવલપમેન્ટ પ્રોજેકટ અમલમાં મુકવા ઠરાવવામાં આવે છે તેમજ આ કામદારોનું હેલ્થ ચેકઅપ મ્યુનિસિપલ હોસ્પિટલ દ્વારા વિનામુલ્યે હાથ ધરવાના આયોજન માટે અંદાજપત્રમાં **રૂા. ૦.૫૦ કરોડ**ની જોગવાઈ કરવાનું ઠરાવવામાં આવે છે.

(૪૫) અર્બન ટ્રાન્સપોર્ટ ફંડ :-

ઠરાવ કર્યો કે, શહેરમાં આધુનિક પરિવહન સેવા માસ ટ્રાન્સપોર્ટેશન માટે અમદાવાદ મ્યુ. ટ્રાન્સપોર્ટ સર્વિસ તેમજ બી.આર.ટી.એસ.અમલમાં છે અને મેટ્રો રેલ પ્રોજેકટ આકાર લઈ રહયો છે. અમદાવાદ મ્યુ.કોર્પોરેશન દ્વારા અર્બન ટ્રાન્સપોર્ટ માટે હાલમાં રૂા.૫ કરોડના ફંડની જોગવાઈ કરેલ છે. આગામી દિવસોની પરિવહન ક્ષેત્રની જરૂરીયાત તથા નાણાંકીય આયોજન માટે ટ્રાફીક ઓરીએન્ટેડ ઝોનમાંથી એફ.એસ.આઈ.ની જે આવક થાય તેના ૨૦% નાણાં એ.એમ.ટી.એસ., બી.આર.ટી.એસ.ને સંચાલન તથા વિકાસ માટે ફાળવવા માટેની વ્યવસ્થા ઉભી કરવાનું ઠરાવવામાં આવે છે.

(૪૬) પૂર્વ વિસ્તારમાં રોજગાર કેન્દ્ર :-
યુવારોજગાર માટે રોજગાર મેળાનું આયોજન :-

ઠરાવ કર્યો કે શહેરમાં સાબરમતી નદીના પટમાં દર રવિવારના રોજ ભરાતા ગુજરી બજારની જેમ પૂર્વ વિસ્તારના વિશાળ પ્લોટમાં નાના તથા છૂટક વેપારકર્તાઓને રોજગારી પ્રાપ્ત થાય તે હેતુસર જરૂરી પ્રાથમિક સુવિધા સાથેના રોજગાર કેન્દ્રનું આયોજન કરવાનું ઠરાવવામાં આવે છે. તથા શહેરનાં યુવાનોને રોજગારી પ્રાપ્ત થાય તે હેતુથી રોજગાર મેળાનું આયોજન કરવા માટે અંદાજપત્રમાં **રૂા.૦.૫૦ કરોડ** નું આયોજન કરવાનું ઠરાવવામાં આવે છે.

(૪૭) એમ.આઈ.જી. ગૃપ માટે ૧૦૦ ચોરસ વાર મ્યુ.પ્લોટ :-

ઠરાવ કર્યો કે અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશન દ્વારા શહેરના નગરજનોને વિવિધ આવાસ યોજના હેઠળ મકાનો તૈયાર કરી ફાળવવામાં આવે છે. તે જ પ્રકારે શહેરના મધ્યમ વર્ગના લોકોની જરૂરીયાતને ધ્યાનમાં લઈ પોતાની અપેક્ષા પ્રમાણેનું પોતાનું નાનું મકાન બાંધકામ કરી 'શકે તે હેતુથી શહેરમાં આવેલ મ્યુનિ.પ્લોટો પૈકી એમ.આઈ. જી. ગૃપના લોકોને ૧૦૦ ચો.વારના પ્લોટો વેચાણ આપવા જરૂરી નીતિ બનાવી સ્ટે.કમિટી સમક્ષ રજુ કરવાનું ઠરાવવામાં આવે છે.

(૪૮) ઢોરવાડાને અદ્યતન સુવિધાપૂર્ણ બનાવવા આયોજન :-

ઠરાવ કર્યો કે શહેરના રસ્તા ઉપર રખડતા ઢોરોના નિયંત્રણ માટે સી.એન.સી.ડી. વિભાગ દ્વારા કાર્યવાહી કરવામાં આવે છે. રસ્તા ઉપર રખડતા ઢોરોને પકડીને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ઢોરવાડામાં રાખવામાં આવે છે. આ ઢોરવાડામાં શેડ, પાણીના હવાડા, પશુ સારવાર કેન્દ્ર, પશુ આહાર માટેનું ગોડાઉન જેવી સગવડો કરવા માટે અંદાજપત્રમાં **રૂા. ૦.૫૦ કરોડ**ની જોગવાઈ કરવાનું ઠરાવવામાં આવે છે.

(૪૯) મ્યુ.પ્લોટોમાં કમ્પાઉન્ડ વોલ તથા વાયર ફેન્સીંગ માટે આયોજન :-

ઠરાવ કર્યો કે અમદાવાદ શહેરમાં ટાઉન પ્લાનીંગ સ્કીમોનો અમલ થતા ભવિષ્યના આયોજન માટે મ્યુનિ.કોર્પોરેશનને વિવિધ હેતુ માટેના અનામત પ્લોટો પ્રાપ્ત થાય છે. આ પ્લોટો તથા હયાત પ્લોટોની જાળવણી માટે કમ્પાઉન્ડ વોલ તથા વાયર ફેન્સીંગ માટે અંદાજપત્રમાં વધુ **રૂા. ૧૦ કરોડ**ની જોગવાઈ કરવાનું ઠરાવવામાં આવે છે.

(૫૦) પર્યાવરણ તથા ટ્રાફીક સમસ્યા અંગે લોકજાગૃતિ અભિયાન :-

ઠરાવ કર્યો કે સમગ્ર વિશ્વ આજે પર્યાવરણ સુરક્ષા અંગે ચિંતિત છે. સમગ્ર વિશ્વ જળ, વાયુ અને જમીન પ્રદુષણ રહિત થાય તેવા પ્રયાસો કરી રહ્યું છે. અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા ઘણાં વર્ષોથી પર્યાવરણ સુરક્ષા અંગે વિવિધ કાર્યક્રમો હાથ ધરવામાં આવેલ છે. શહેરમાં વાહનો દ્વારા થતા વાયુ પ્રદુષણની માત્રામાં ઘટાડો કરવા સી.એન.જી.નાં ઉપયોગમાં વધારો કરવામાં આવી રહ્યો છે. પાણીનો રીસાઈકલ ઉપયોગ કરવામાં અમદાવાદ શહેરે નવિન પહેલ કરી છે. શહેરમાં પ્લાસ્ટીકના વપરાશ અંગેના કડક નિયમો અમલમાં મુકવામાં આવેલ છે. શહેરના નાગરિકોનો જળ, વાયુ, જમીન પ્રદુષણ અંગે તથા ટ્રાફિક સમસ્યા અંગે લોકજાગૃતિ તથા સહકાર પ્રાપ્ત થાય તે હેતુથી લોકજાગૃતિ અભિયાન સંદર્ભમાં વિવિધ કાર્યક્રમો, સેમીનારો, પોસ્ટર, હોર્ડીંગ તથા એન.જી.ઓ.ના સહકારથી લોગજાગૃતિ અભિયાન હાથ ધરવા માટે અંદાજપત્રમાં **રૂા.૫૨.૮૫ લાખ**ની જોગવાઈ કરવાનું ઠરાવવામાં આવે છે.

(૫૧) નાગરિક અધિકારપત્ર - અમલીકરણ :-

ઠરાવ કર્યો કે અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા શહેરનાં નગરજનોને ફરજીયાત તથા મરજીયાત સેવાઓ પુરી પાડવામાં આવે છે. નાગરિકોની સેવા અંગેની ફરિયાદોનો ઝડપી નિકાલ કરવામાં આવી રહયો છે. નાગરિકોને સમય મર્યાદામાં સેવાઓ ઉપલબ્ધ થાય તે હેતુથી મ્યુનિસિપલ સેવા અંગેનું નાગરિક અધિકાર પત્ર તૈયાર કરવા સાથે જેમાં નાગરિક સેવાઓના કામોની સમય મર્યાદા નકકી થાય અને નાગરિક અધિકાર પત્રનો યોગ્ય અમલ થાય તે પ્રકારે વહીવટી વ્યવસ્થાનું આયોજન કરવાનું ઠરાવવામાં આવે છે.

(૫૨) શેઠ મા.જે.પુસ્તકાલયને ગ્રાન્ટ :-

ઠરાવ કર્યો કે શેઠ માણેકલાલ જેઠાલાલ પુસ્તકાલયના વ્યવસ્થાપક મંડળે **રૂા.૯૦૯.૫૫ લાખ** ગ્રાન્ટ તરીકે આપવા ઠરાવેલ છે. તેની સામે મ્યુ. કમિશનરશ્રીએ કોર્પો.ના અંદાજપત્રમાં રૂા.૫૨૦.૦૦ લાખની જોગવાઇ કરી છે પરંતુ શહેરના સુજ્ઞ નાગરિકોની વાંચન ભૂખને સંતોષવા વધુ સારી સુવિધાઓ ઉભી કરી શકાય અને નવી પેઢીને સંસ્કાર ઘડતર, સાહિત્ય પ્રત્યે રસ જાગે તેવી પ્રવૃત્તિઓ હાથ ધરવા તેમજ નવિન આધુનિક આયોજનો માટે ગ્રાન્ટ અપૂરતી હોઇ, આ માટે બજેટમાં વધુ રૂા.૩ કરોડ ૮૯ લાખ ૫૫ હજાર ફાળવવાનું ઠરાવવામાં આવે છે.

(૫૩) નગર પ્રાથમિક શિક્ષણ સમિતિને ગ્રાન્ટ :-

ઠરાવ કર્યો કે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિએ પ્રાયમરી એજયુકેશન ફંડનું રૂા.૫૮૧ કરોડ, ૪૫ લાખનું અંદાજપત્ર મંજુર કરેલ છે. જેમાં રાજય સરકારશ્રીની ગ્રાન્ટ કુલ રૂા.૪૪૧ કરોડ ૯૩ લાખ ૩૬ હજાર અંદાજેલ છે તથા પૂર્વ પ્રાથમિક વર્ગની ફી તથા અન્ય પરચુરણ આવક રૂા.૧ કરોડ, ૨૦ હજાર મળી એકંદરે કુલ રૂા.૪૪૨ કરોડ ૯૩ લાખ ૫૬ હજારની આવક અંદાજેલ છે. તેની સામે મ્યુ.કમિશનરશ્રીએ કોર્પોરેશનના અંદાજપત્રમાં અમદાવાદ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ માટે સરકારી અનુદાન સાથે કુલ રૂા.૪૨૫ કરોડની જોગવાઈ કરેલ છે. પરંતુ પ્રવર્તમાન આધુનિક સમયને અનુલક્ષીને પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે બાળકોનો વધુ સર્વાંગી વિકાસ થઈ શકે તે હેતુસર સ્કુલબોર્ડના ઠરાવ મુજબ રાજ્ય સરકારશ્રીની પ્રાથમિક કેળવણી માટેની ગ્રાન્ટમાં વધુ રૂા.૫૬ કરોડ, ૯૩ લાખ, ૩૬ હજારનો વધારો તથા અંદાજી પ્રાથમિક કેળવણી માટેની ગ્રાન્ટમાં વધુ **રૂા.૧૫૬ કરોડ, ૪૫ લાખ** ફાળવવાનું ઠરાવવામાં આવે છે.

(૫૪) શેઠ વા.સા.જન.હોસ્પિટલને ગ્રાન્ટ :-

ઠરાવ કર્યો કે શેઠ શ્રી વા.સા.જનરલ હોસ્પિટલ વ્યવસ્થાપક મંડળે સામાન્ય ખર્ચ માટે રૂા.૧૨૮૫૮.૧૦ અને અસામાન્ય ખર્ચ માટે રૂા.૩૭૭.૦૦ લાખ મળી કુલ ખર્ચ રૂા.૧૩૨૩૫.૧૦ લાખમાંથી આવક **રૂા.૪૯૦.૫૦ લાખ** બાદ થતાં રૂા.૧૨૭૪૪.૬૦ લાખ પૈકી રૂા.૨૦૦.૦૦ લાખ રાજ્ય સરકારશ્રી પાસેથી ગ્રાન્ટ તરીકે મેળવવાની

રકમ બાદ થતાં **રૂા.૧૨૫૪૪.૬૦ લાખ** ગ્રાન્ટ પેટે આપવા ઠરાવેલ છે. તેની સામે મ્યુ. કમિશનરશ્રીએ સામાન્ય ખર્ચ અને અસામાન્ય ખર્ચ પેટે કુલ **રૂા.૧૦૫૫૦.૦૦ લાખ** ગ્રાન્ટ તરીકે આપવા અંદાજપત્રમાં જોગવાઇ કરેલ છે. પરંતુ વ્યવસ્થાપક મંડળના ઠરાવ મુજબ હોસ્પિટલના જુદા જુદા કાર્યો હાથ ધરવા, નવા અદ્યતન સાધનોની ખરીદી, તબીબી સેવા અદ્યતન અને અસરકારક બનાવવા તેમજ હોસ્પિટલના વિકાસ કાર્યને આગળ ધપાવવા ગ્રાન્ટની રકમ અપૂરતી હોઇ આ માટે ખૂટતી રકમ સામાન્ય ખર્ચ પેટે તેમજ અસામાન્ય ખર્ચમાં મળી વધુ રકમ **રૂા.૧૯ કરોડ ૯૪ લાખ ૬૦ હજાર** ફાળવવાનું ઠરાવવામાં આવે છે.

(૫૫) પ્રોપર્ટી ટેકસની જૂની તથા નવી ફોર્મ્યુલાના બાકી ટેકસની સઘન વસુલાત :-

ઠરાવ કર્યો કે મ્યુનિ.કોર્પોરેશનની પ્રોપર્ટી ટેકસની જુની તથા નવી ફોર્મ્યુલાના બાકી ટેકસના નાણાંની વસુલાત સઘનપણે હાથ ધરીને વધુ **રૂા.૫૦ કરોડ**ની આવક મેળવવાનું ઠરાવવામાં આવે છે.

(૫૬) મ્યુ.પ્લોટોના વેચાણ, પ્રિમિયમની તથા એફ.એસ.આઈ. વાપરવા અંગેની વધારાની આવક તથા વ્યવસાય વેરાની વસુલાતની ઝુંબેશ આદરી વધુ આવક મેળવવી :-

ઠરાવ કર્યો કે અમદાવાદ શહેરમાં તૈયાર કરવામાં આવતી ટાઉન પ્લાનીંગ સ્કીમમાં ઈન્ફ્રાસ્ટ્રકચર તથા વિકાસના કામો માટે જમીન કપાતમાં લેવામાં આવે છે. આ પ્રકારના પ્લોટો જે તે હેતુ માટે વેચાણ કરી કોમર્શીયલ ડેવલપમેન્ટ કરી વિકાસના હેતુ માટે નાણાં ઉભા કરવાનું ઠરાવવામાં આવે છે. કોમર્શીયલ ડેવલપમેન્ટથી વધુ **રૂા.૨૦૦ કરોડ**ની આવક અંદાજવામાં આવે છે તેમજ પ્રિમિયમની આવકમાં **રૂા.૬૦ કરોડ** તથા વધારાની એફ. એસ.આઈ. વાપરવા અંગેની ફી માં **રૂા.૫૦ કરોડ**નો વધારો અંદાજવામાં આવે છે તેમજ વ્યવસાય વેરાની વસુલાતની ઝુંબેશ આદરી વધુ **રૂા.૮.૦૬૬૪ કરોડ**ની આવક મેળવવાનું ઠરાવવામાં આવે છે.

પરિશિષ્ટ - ૧

મ્યુનિસિપલ કમિશનરશ્રીની ઉપરોક્ત નોંધમાં જણાવ્યા મુજબ ધી બોમ્બે પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ એક્ટ ૧૯૪૯ની કલમ ૯૫(ડ) તથા તેને લગતી અન્ય કાનૂની જોગવાઈઓ અનુસાર અંદાજપત્રના વર્ષ માટે નીચે પ્રમાણેના કર-દરના ધોરણો રાખવા પેશ કરવામાં આવે છે.

૧. ધી બોમ્બે પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ ૧૯૪૯ની કલમ ૧૪૧(એએ) થી ૧૪૧(એફ) અન્વયે નક્કી કરેલ નિયમો ધ્યાને લેતાં નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭માં નીચે મુજબ મિલકત વેરો ગણવાનો રહેશે.

મિલકતવેરો - સામાન્ય વેરો + વોટર ટેક્ષ + કોન્ઝરવન્સી ટેક્ષ

સામાન્ય વેરો = વાર્ષિક દર x મિલકતનું ક્ષેત્રફળ x (ફેકટર-૧ x ફેકટર-૨ x ફેકટર-૩ x ફેકટર ૪)

નવી ફોર્મ્યુલાની સમજૂતિ

વાર્ષિક દર :

ઉપરોક્ત ફોર્મ્યુલામાં મિલકતનો વાર્ષિક દર ચો.મીટર દીઠ મ્યુનિસિપલ કોર્પોરેશન દર વર્ષે બજેટ મંજૂર કરતી વખતે જાહેર કરશે અને તે દર નક્કી કરતી વખતે કોર્પોરેશન આગામી વર્ષ દરમ્યાન કોર્પોરેશનની નાણાંકીય જરૂરિયાતો લક્ષમાં લેશે.

મિલકતનું ક્ષેત્રફળ : મિલકતનું ક્ષેત્રફળ આકારણી હેઠળની મિલકતના કારપેટ એરીયા ઉપરથી નક્કી કરવામાં આવશે. કારપેટ એરિયા ગણતી વખતે મિલકતની બાહ્ય અને આંતરિક દિવાલો હેઠળના ક્ષેત્રફળ સિવાયનું તમામ ક્ષેત્રફળ ધ્યાને લેવાનું રહેશે.

ખુલ્લી જમીન માટે જમીનોનું ક્ષેત્રફળ તેનું ખરેખર જે ક્ષેત્રફળ હશે તે ધ્યાને લેવામાં આવશે.

આગામી વર્ષ ૨૦૧૬-૨૦૧૭ માટે સૂચિત વાર્ષિક દર

રહેઠાણની મિલકતો માટે	:	પ્રતિ ચોરસ મીટર પ્રતિ વર્ષ	૧૬
બિન રહેઠાણની મિલકતો માટે	:	પ્રતિ ચોરસ મીટર પ્રતિ વર્ષ	૨૮

ફેકટરના પ્રકાર અને ફેકટર લાગુ પાડવાની પદ્ધતિ

ફેકટર - ૧ : સ્થળ પરિસ્થિતિ (લોકેશન) અંગેનો ફેકટર

અમદાવાદ શહેરનો કેટલોક વિસ્તાર સમૃદ્ધ છે, કેટલોક મધ્યમ કક્ષાનો છે અને કેટલાક વિસ્તારમાં ગરીબ પ્રજા રહે છે. તેથી અલગઅલગ વિસ્તારની સમૃદ્ધિને લક્ષમાં લઈને સ્થળ સ્થિતિ અંગે ફેકટર લાગુ પાડવાના રહે છે. તેથી પ્રવર્તમાન જમીનની કિંમત પરથી (અ) સમૃદ્ધ વિસ્તાર (બ) સારો વિસ્તાર (ક) મધ્યમ વિસ્તાર (ડ) નબળો વિસ્તાર એમ ચાર વિભાગ પાડેલ છે.

	રહેઠાણની મિલકતો માટે	અવયવ
(અ)	સમૃદ્ધ વિસ્તાર	૧.૬૦
(બ)	સારો વિસ્તાર	૧.૧૦
(ક)	મધ્યમ વિસ્તાર	૦.૯૦
(ડ)	નબળો વિસ્તાર	૦.૬૦

બિન રહેઠાણની મિલકતો માટે વિસ્તારનું વિભાજન વધુ વાણિજ્ય શક્યતાઓ ધ્યાનમાં રાખીને કરેલ છે. સારી વાણિજ્ય શક્યતાવાળા વિસ્તારના અવયવનો દર ઊંચો રાખવામાં આવેલ છે. જ્યારે નબળા વાણિજ્ય શક્યતાવાળા વિસ્તારના અવયવનો દર નીચો રાખવામાં આવેલ છે. આ અવયવોની કિંમત નીચે મુજબ રાખેલ છે.

	બિન રહેઠાણની મિલકતો માટે	અવયવ
(અ)	ખૂબ જ સારી	૧.૬૦
(બ)	સારી	૧.૧૦
(ક)	મધ્યમ	૦.૯૦
(ડ)	નબળી	૦.૬૦

રાજ્ય સરકારની સ્ટેમ્પ્સ ડ્યુટી વિભાગ દ્વારા શહેરના જુદા જુદા વિસ્તારો માટે જમીનની કિંમતો નક્કી થાય છે તેનો આધાર લઈને શહેરના આ પ્રમાણે વિભાજન કરવામાં આવશે.

ફેકટર - ૨ : મિલકતના બાંધકામના વર્ષ આધારિત ફેકટર

આ ફેકટર મિલકતના બાંધકામ વર્ષ ઉપર આધાર રાખે છે અને તેને અનુરૂપ ટેકસમાં રાહત આપવામાં આવશે. મિલકતના બાંધકામના વર્ષને ધ્યાનમાં લઈને પાંચ વિભાગ પાડવામાં આવેલ છે. તેને અનુરૂપ ફેકટરના અવયવો નીચે મુજબ રાખવામાં આવેલ છે.

અ. નં.	મિલકતની ઉંમર	અવયવનો દર
૧	દશ વર્ષ કે તેથી ઓછા સમયની	૧.૦૦
૨	દશ વર્ષથી વધુ પરંતુ વીસ વર્ષ સુધી	૦.૮૫
૩	વીસ વર્ષથી વધુ પરંતુ ત્રીસ વર્ષ સુધી	૦.૭૦
૪	ત્રીસ વર્ષથી વધુ પરંતુ ચાલીસ વર્ષ સુધી	૦.૬૦
૫	ચાલીસ વર્ષ કરતાં વધુ સમયની	૦.૫૦

ફેક્ટર - ૩ : રહેઠાણવાળી મિલકતોના પ્રકાર અંગેનો ફેક્ટર

અમદાવાદ શહેરમાં રહેઠાણવાળી મિલકતોના જુદા જુદા પ્રકારો છે :

(૧) ઝૂંપડાં (૨) ચાલી (૩) પોળ અને ગામતળના રહેઠાણવાળા મકાનો

(૪) ફલેટ (૫) રો-હાઉસ - ટેનામેન્ટ (૬) સ્વતંત્ર બંગલા

શહેરમાં આવેલી તમામ રહેણાંકની મિલકતોને ઉપર મુજબ વહેંચી તેના માટે નીચે મુજબના અવયવના દર રાખેલ છે.

અ. નં.	મિલકતોનો પ્રકાર	અવયવનો દર
(૧)	ચાલી (૨૫ ચો.મી. કરતાં ઓછા)	૦.૫૦
(૨)	પોળ અને ગામતળના રહેઠાણવાળા મકાનો	૦.૭૦
(૩)	ફલેટ	૦.૭૦
(૪)	રો-હાઉસ - ટેનામેન્ટ	૧.૦૦
(૫)	સ્વતંત્ર બંગલા	૧.૫૦

(બ) બિનરહેઠાણવાળી મિલકતોના વપરાશ અંગેનો ફેક્ટર :

અમદાવાદ શહેરમાં વસવાટ સિવાયની મિલકતો જેનો જુદા-જુદા પ્રકારે વપરાશ થાય છે. વપરાશને લક્ષમાં લઈ નીચે મુજબનું વિભાજન કરવામાં આવેલ છે અને તેના અવયવો નીચે મુજબ રાખવામાં આવેલ છે.

(ક) ૧ નીચે પ્રમાણે ઉપયોગ કરેલ ઈમારતોના સંબંધમાં ૭.૦૦

વાણિજ્યિક હેતુઓ :

બેન્ક, દવાખાનું, હોસ્પિટલ, કિલનીક, પ્રસુતિગૃહ, લેબોરેટરી, કેન્દ્ર સરકારની કચેરી, રાજય સરકારની કચેરી,સ્થાનિક મંડળોની કચેરી, પોસ્ટ ઓફિસ, વાણિજિયક અને/ અથવા ઔદ્યોગિક એકમોની કચેરી, ઓઈલ કું. ની ઓફિસ, વિવિધ કોર્પોરેશનની ઓફિસો, ટયુશન વર્ગો, ટાઈપીંગ સંસ્થા, ઉપરોકત ઈમારતોના ગોડાઉન તથા વેરહાઉસીસ અને આ ખંડના બીજા કોઇ પણ પેટા ખંડમાં આવતી ન હોય તે ઈમારતો

-ગુજરાત સરકાર, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના ક્રમાંકઃ અમન-૮૦૨૦૧૦-૩૫૭૧-પી, સચિવાલય,ગાંધીનગર તા.૨૬ ઓગસ્ટ,૨૦૧૧થી મંજૂરી મળેલ જેને એકસ્ટ્રા ઓર્ડિનરી ગેઝેટમાં તા. ૫-૧૦-૧૧ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

હયાત નિયમ શીડયુલ-એ, પ્રકરણ-૮ માં નિયમ - ૮(બી) (૪) યુઝ ફેકટર (એ) (૧) માં ઉમેરો પરંતુ-૧ પૈકી

મ્યુ. કોર્પોરેશન બિલ્ડીંગોમાં આવેલ ટ્રસ્ટ હોસ્પિટલોના મિલકતવેરામા રીબેટ

જે સંસ્થાઓ પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ તરીકે રજીસ્ટર્ડ થયેલ હોય અને જેઓ ગરીબ તેમજ સામાન્ય વર્ગના શહેરના નાગરિકોને નજીવા દરે તબીબી સેવાઓ આપતા હોય અને કોર્પોરેશનની બિલ્ડીંગનો આ સેવાઓ માટે ઉપયોગ કરતી હોય અને તે માટે કોર્પોરેશનની માંગણી મુજબ કરાર કરી આપેલ હોય, તેમના હિસાબો નિયમિત રીતે ઓડિટ કરાવતી હોય અને તમામ ટેક્ષ વર્ષ ૨૦૧૦-૧૧ સુધીનો ભરપાઈ કરેલ હોય તેવી સંસ્થાને ૨૦૧૧-૧૨ના વર્ષથી પ્રોપર્ટી ટેકસમાં ૪૦% રીબેટ આપવામાં આવશે.

ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ચલાવવામાં આવતા ફીઝીયોથેરાપી સેન્ટરના મિલકતવેરામાં રીબેટ

જે પબ્લિક રજીસ્ટર્ડ ચેરીટેબલ ટ્રસ્ટ એન.જી.ઓ. દ્વારા પબ્લિક ચેરીટેબલ હેતુ માટે ચલાવવામાં આવતા હોય અને જેઓ ગરીબો અને સામાન્ય નાગરિકોને "ફીઝીયોથેરાપી સારવાર / નિદાન નજીવા દરે અત્યંત આધુનિક સાધનોથી અ.મ્યુ.કોર્પોરેશન દ્વારા નકકી કરાયેલ દરે આપતી હોય અને જેણે પાછલો તમામ ટેક્ષ વર્ષ ૨૦૧૦-૧૧ સુધીનો ચૂકવેલ હોય તેવી સંસ્થાઓને ૨૦૧૧-૧૨ના વર્ષથી પ્રોપર્ટી ટેક્ષમાં ૪૦% રીબેટ આપવામાં આવશે.

૨. નીચે પ્રમાણે ઉપયોગ કરેલ ઈમારતોના સંબંધમાં ૬.૦
દુકાનો, હોટલ, રેસ્ટોરન્ટ,મનોરંજનના સ્થળો વગેરેઃ-

દુકાનો, હોટલ, રેસ્ટોરન્ટ, મનોરંજનના સ્થળો, ઓપન એર થીયેટર, પેટ્રોલ પંપ, સર્વીસ સ્ટેશન, સીનેમા, કલબ હાઉસ, જીમખાના, કલબની મેસ, લોજીંગ, લોજીંગ એન્ડ બોર્ડીંગ, પાર્ટી પ્લોટ (કોમ્યુનીટી હોલ સિવાય) ડીશ એન્ટેના,પેજર એન્ટેના ટાવર, સાઈન બોર્ડ, જાહેરખબરના પાટીયા, મોબાઈલ ફોન ટાવર, ઉપરોકત ઈમારતોના ગોડાઉન તથા વેરહાઉસીસ.

૩ નીચે પ્રમાણે ઉપયોગ કરેલ ઈમારતોના સંબંધમાં ૨.૦
ઔદ્યોગિક એકમો અને કારખાના (ફકત ઉત્પાદન તથા પ્રોસેસીંગ કરતી ઈમારતો માટે):-

વીજળી કંપનીનું પાવર હાઉસ, વીજળી સબ-સ્ટેશન, એરેટેડ વોટર ફેકટરી, ભઠ્ઠા, બ્રાસ વર્કસ, બ્રીક અને સીરામિક વર્કસ, સીમેન્ટની વસ્તુઓ, કલે બનાવવાના એકમો, કેમિકલ ફેકટરી, કન્ફેકશનરી, ડેરી, ડીસ્ટીલીયરી, ફાઉન્ડ્રી, ફલોર ફેકટરી, આયર્ન ફેકટરી, ઝીન્ક ફેકટરી, સીલ્વર ઓર્નામેન્ટ ફેકટરી, જગરી બનાવવાનું એકમ,લેધર મેન્યુફેકચરીંગ યુનીટ, ચુના ચકકી, ચુના ભઠ્ઠી, ઓઈલ એકસટ્રેશન, પેપર મેન્યુ., પ્લાસ્ટીક ફેકટરી, પોટરી, સાગોળ મેન્યુ., સોપ મેન્યુ., સુગર મેન્યુ.,ટીન ફેકટરી, તમાકુ ફેકટરી, વર્કશોપ, ફેકટરી સ્ટીમ ઝીલ, ઓટો ગેરેજ , ફેકટરી - એ, બી, સી, ડી, ઈ, એફ, મીલ, પાવરલુમ, હેન્ડલુમ, બોર્ન વોશીંગ,

બ્લીચીંગ, કોટન સ્પીનીંગ અને ડાઈંગ, ડાઈંગ બ્લીચીંગ, ધાણાદાળ ફેકટરી, લેધર પ્રોસેસીંગ, સ્ક્રીન પ્રીન્ટીગ, સલ્ફર પ્રોસેસીંગ, સ્ટાર્ચ પ્રોસેસીંગ, વરીયાળી પ્રોસેસીંગ, વુલ પ્રોસેસીંગ, કોલ્ડ સ્ટોરેજ, લાકડા પીઠા, ભઠીયાર-ખાના, રીપેરીંગ વર્કસ, નર્સરી (ફુલ છોડ), એનીમલ માર્કેટ, ઢોરના તબેલા, પોલ્ટ્રી ફાર્મ, દુધાળા ઢોરનો તબેલો, વે બ્રીજ, બાઈન્ડીંગ પ્રેસ, પ્રિન્ટીંગ પ્રેસ, પ્રોસેસ સ્ટુડીયો, ફોટો સ્ટુડીયો, કોમન એફલ્યુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, ઉપરોકત ઈમારતોના ગોડાઉન તથા વેરહાઉસીસ

-ગુજરાત સરકાર, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના ક્રમાંકઃ અમન-૮૦૨૦૦૭-એમ-૬૮૦-પી, સચિવાલય,ગાંધીનગર તા.૧ઓગસ્ટ, ૨૦૦૯થી મંજૂરી મળેલ જેને એકસ્ટ્રા ઓર્ડિનરી ગેઝેટમાં તા. ૨૧-૦૮-૦૯ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જેનો અમલ તા.૧-૪-૨૦૦૯ થી કરવામાં આવેલ છે.

જે મુજબ હયાત નિયમ ૮ખ (૪) (ક) (૩) માં ઉમેરોઃ

-૮ખ (૪) (ક) ૧ અને ૨ માં દર્શાવ્યા મુજબની ઈમારતોના ગોડાઉન તથા વેરહાઉસીસ કે જેમાં વેચાણની કામગીરી થતી ના હોય, અને વેચાણની કામગીરી થતી હોય તે મિલકતથી સદર ગોડાઉન, વેરહાઉસીસ અલગ આવેલા હોય અને તે ઈમારતનો ઉપયોગ ફકત માલસામાનનો સંગ્રહ કરવા, અને ટ્રાન્સપોર્ટ કંપનીઓના માલસામાનનો સંગ્રહ કરવા થતો હોય તેવી જ ઈમારતોના ગોડાઉન અને વેરહાઉસીસ

૪ નીચે પ્રમાણે ઉપયોગ કરેલ ઈમારતોના સંબંધમાં શૈક્ષણિક અને સામાજીક સંસ્થાઓઃ- **૨.૦**

ખાનગી નર્સરી (બાલમંદિર), ખાનગી અને સરકારી શાળાઓ, ખાનગી અને સરકારી કોલેજો, યુનિવર્સિટી કેમ્પસ, મ્યુઝીયમ, કોમ્યુનિટી હોલ, પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત સામાજિક સંસ્થાઓ (નારી સંરક્ષણ તથા ઉત્થાન, ઘરડાઘર, બહેરામૂંગા, અંધજન, મંદબુધ્ધિ, શારીરિક ખોડખાંપણ સાથે સંકળાયેલી સંસ્થાઓ) તથા નોન ગ્રાન્ટેબલ શાળાઓ.

(ખ) નીચે પ્રમાણે ઉપયોગ કરેલ ઈમારતોના સંબંધમાં, મુકરર કરેલ દર વધારી શકાશે નહિ અથવા ઘટાડી શકાશે નહિઃ-

પાણીની ટાંકી, વોટર પંપ રૂમ, ડ્રેનેજ પંપીંગ સ્ટેશન, ધોબીઘાટ, પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ચલાવાતી ગ્રાન્ટેબલ શાળાઓ, પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ તથા ધાર્મિક સંસ્થાઓ દ્વારા ચલાવાતી હોય તેવી બોર્ડીંગ-લોજીંગ-હોસ્ટેલ, ધર્મશાળા, આશ્રમ, ગ્રંથાલય.

(ગ) નીચે પ્રમાણે ઉપયોગ કરેલ ઈમારતોના સંબંધમાં, મુકરર કરેલ દર, ૦.૦ વડે ગુણતાં જે આવે તેટલો ઘટાડવો જોઈશે.

મંદિર, મસ્જીદ, દેરાસર (જૈન મંદિર), ચર્ચ, રોઝા, કબર, ગુરૂદ્વારા (શીખ મંદિર), અપાસરા, દરગાહ, અગિયારી, સમાધિ, ગ્રેબયાર્ડ, કબ્રસ્તાન, સ્મશાનગૃહ, કુવો, હવાડો, હમામખાના (જાહેર બાથ), માટીના અખાડા, મદ્રેશા, પાઠશાળા, મફત પાણીની પરબ .

ફેકટર - ૪ : મિલકતનો ઉપયોગ કોણ કરે છે તે આધારિત ફેકટર

	મિલકતોનો ભોગવટા પરિબળ	અવયવનો દર
(૧)	રહેઠાણની માલિકી ભોગવટાવાળી મિલકતો	૧.૦૦
(૨)	રહેઠાણની ભાડુઆત ભોગવટાવાળી મિલકતનો	૧.૦૦
(૩)	બિન રહેઠાણની માલિકી ભોગવટાવાળી મિલકતો	૧.૦૦
(૪)	બિન રહેઠાણની ભાડુઆત ભોગવટાવાળી મિલકતનો	૨.૦૦

કલમ - ૧૪૧ ઈ (૨) મુજબ બિન-રહેણાંકવાળી ગ્રાઉન્ડ ફલોર સિવાયની મિલકતોનાં સામાન્યવેરામાં ૨૦% રિબેટ આપવામાં આવશે.

આમ છતાં, ઓછામાં ઓછો સામાન્ય વેરો નીચે મુજબ રહેશે.

(અ) રહેણાંકવાળી મિલકતો માટે :

	મિલકતનો પ્રકાર	મિલકતનું માપ (ચો.મીટર)	લઘુત્તમ સામાન્ય વેરો
૧	ઝૂંપડા	-----	૮૪.૦૦
૨	ચાલી	૨૫ ચો.મી. થી નાના	૨૬૪.૦૦
૩	અન્ય	૩૦ ચો.મી. થી નાના	૨૬૪.૦૦
૪	અન્ય	૩૦ ચો.મી. થી ૫૦ ચો.મી. સુધીના	૩૦૦.૦૦
૫	અન્ય	૫૦ ચો.મી. થી વધુ	૩૩૦.૦૦

ઝૂંપડા માટે મહત્તમ સામાન્ય વેરો રૂા. ૮૪/- તથા ૨૫ ચો.મી. થી નાના મકાનોવાળી ચાલીઓ માટે મહત્તમ સામાન્ય વેરો રૂા. ૨૬૪/- રહેશે.

(બ) બિનરહેણાંકવાળી મિલકતો માટે :

	મિલકતનો પ્રકાર	મિલકતનું માપ (ચો.મીટર)	લઘુત્તમ સામાન્ય વેરો
૧	બિનરહેણાંક	૧૫ ચો.મી. થી નાના	૫૪૦.૦૦
૨	બિનરહેણાંક	૧૫ થી ૩૦ ચો.મી. સુધીના	૬૬૦.૦૦
૩	બિનરહેણાંક	૩૦ ચો.મી. થી વધુ	૭૮૦.૦૦
૪	નીચે ઉપયોગ માટે દર્શાવેલ બિનરહેણાંક		૯૦૦.૦૦

ઓપન એર થિયેટર, બ્રાસ વર્કસ, બ્રીક સીરામિક, કલે મેન્યુફેકચરીંગ, કેમિકલ્સ, કન્ફેકશનરી, ડીસ્ટીલરી, ફાઉન્ડ્રી, ઈન્ક ફેકટરી, જોગરી મેન્યુફેકચરીંગ, લેધર મેન્યુફેકચરીંગ, લાઈમ ભઠ્ઠી, ઓઈલ એકસ્ટ્રેકશન, પેપર મેન્યુફેકચરીંગ, પોટરી, સાગોળ મેન્યુફેકચરીંગ, સોપ મેન્યુફેકચરીંગ, સુગર મેન્યુફેકચરીંગ, સ્વીટ્સ મેન્યુફેકચરીંગ, ટોબેકો, વર્કશોપ, ફેટ સ્ટેમ ઓઈલ, ફેકટરી ડી, લેબોરેટરી, ભઠીયારા ખાના, બોર્ડીંગ, હોસ્ટેલ, હોટલ, લોજીંગ,

લોજીંગ એન્ડ બોર્ડીંગ, રેસ્ટોરન્ટ્સ, ટી શોપ, હોટલ બોર્ડીંગ, પાવરલુમ, હેન્ડલુમ, ગાર્ડન-પીકનીક, હેન્ડ પ્રિન્ટીંગ, પ્રિન્ટીંગ પ્રેસ, બોન્સ વોશીંગ, બ્લીચીંગ, ડાઇંગ, ડાઇંગ બ્લીચીંગ, ધાણા ફેકટરી, હેર વોશીંગ, લેધર પ્રોસેસ, સ્ક્રીન પ્રિન્ટીંગ, સલ્ફર પ્રોસેસ, સ્ટાર્ચ પ્રોસેસ, વરીયાળી પ્રોસેસ, વુલ પ્રોસેસ, એરેટેડ વોટર, કોલ્ડ્રીંક શોપ, ફરસાણ શોપ, આઇસ્ક્રીમ શોપ, મટન શોપ, પોલ્ટ્રી ફાર્મ, હવાડા, ધોબીઘાટ, એરેટેડ વોટર ફેકટરી, સીમેન્ટ આર્ટીકલ્સ, ડેરી, આઈસ ફેકટરી, લાઈમ ચક્કી, ફેકટરી બી, ફેકટરી સી, હમામખાના, મીલ્ક-કર્ડ-શોપ, ઢોર માર્કેટ, મીલ્ક-કેટલ સ્ટેબલ

વોટર ટેક્ષ તથા કોન્ઝરવન્સી ટેક્ષ

- ધી બોમ્બે પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ, ૧૯૪૯ ની કલમ ૧૪૧AA(a) હેઠળ મળેલ સત્તાની રૂએ કલમ ૧૪૧B હેઠળ સને ૨૦૧૬-૨૦૧૭ના વર્ષ માટે પત્રકમાં દર્શાવ્યા મુજબ પાણીનો કર વસુલ કરવાનો રહેશે.

- ધી બોમ્બે પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ, ૧૯૪૯ ની કલમ ૧૪૧AA(b) હેઠળ મળેલ સત્તાની રૂએ કલમ ૧૪૧B હેઠળ સને ૨૦૧૬-૨૦૧૭ના વર્ષ માટે પત્રકમાં દર્શાવ્યા મુજબ હલાલખોર કર વસુલ કરવાનો રહેશે.

ટેક્ષના દર	પ્રવર્તમાન વોટર ટેક્ષનાં દર	પ્રવર્તમાન કોન્ઝરવન્સી
રહેઠાણની મિલકતોના ફેકટરના દર	સામાન્ય કરના ૩૦%	સામાન્ય કરના ૩૦%
બીનરહેઠાણની મિલકતોના વપરાશ અંગેનો ફેકટર		
ફેકટર-૭	સામાન્ય કરના ૩૫%	સામાન્ય કરના ૩૫%
ફેકટર-૬	સામાન્ય કરના ૪૦%	સામાન્ય કરના ૪૦%
ફેકટર-૨	સામાન્ય કરના ૩૫%	સામાન્ય કરના ૩૫%
ફેકટર-૧	સામાન્ય કરના ૩૦%	સામાન્ય કરના ૩૦%

વોટર ટેક્ષ તથા કોન્ઝરવન્સી ટેક્ષના દરમાં વર્ષ ૨૦૧૬-૧૭માં કોઇ વધારો સુચવવામાં આવેલ નથી .

-વાહન વેરો

- ગુજરાત રાજ્ય સરકારશ્રી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના ઠરાવ ક્રમાંક અમન/૮૦૨૦૦૮/૧૦૮૯/પી તા.૧૬-૫-૦૮થી મળેલ મંજુરી અનુસાર નવા રજીસ્ટર્ડ થયેલા વાહનો ઉપર આજીવન કર લેવામાં આવે છે.

- સ્ટે.ક.ઠ.નં.૧૬૭૭ તા.૦૨-૦૨-૨૦૧૩ તથા મ્યુ.કોર્પો.જનરલ બોર્ડ ઠ.નં.૨૨૩૮ તા.૧૯-૦૨-૨૦૧૩ થી મળેલ મંજુરી અનુસાર આજીવન વાહનવેરાના દર વાહનના પ્રકાર પ્રમાણે વસુલ કરવાને બદલે વાહનની મૂળ કિંમત ઉપર નીચે દર્શાવેલ દર મુજબ વસુલ કરવામાં આવશે.

વર્ષ ૨૦૧૬-૧૭ માટે યથાવત વાહન વેરાના દર

અ. નં.	વાહનનો પ્રકાર	આજીવન કરનો દર રૂા.
૧	સ્કુટર, મોટર સાયકલ અને ટ્રીચક્રી વાહનો	બેઝીક પ્રાઈસના ૨.૫૦% લેખે
૨	ઓટોરીક્ષા	બેઝીક પ્રાઈસના ૧.૦૦% લેખે
૩	લોડીંગ રીક્ષા	બેઝીક પ્રાઈસના ૧.૦૦% લેખે
૪	**મોટર કાર તથા જીપ માટે (બેઝીક પ્રાઈસ)**	
(એ)	રૂા.૨,૯૯,૯૯૯ સુધી	બેઝીક પ્રાઈસના ૧.૦૦% લેખે
(બી)	રૂા.૩,૦૦,૦૦૦ થી રૂા.૪,૯૯,૯૯૯ સુધી	બેઝીક પ્રાઈસના ૧.૭૫% લેખે
(સી)	રૂા.૫,૦૦,૦૦૦ થી રૂા.૯,૯૯,૯૯૯ સુધી	બેઝીક પ્રાઈસના ૨.૦૦% લેખે
(ડી)	રૂા.૧૦,૦૦,૦૦૦ થી રૂા.૨૪,૯૯,૯૯૯ સુધી	બેઝીક પ્રાઈસના ૨.૨૫% લેખે
(ઇ)	રૂા.૨૫,૦૦,૦૦૦ થી ઉપર	બેઝીક પ્રાઈસના ૨.૫૦% લેખ
૫	મેટાડોર - મીનીબસ	બેઝીક પ્રાઈસના ૧.૨૫% લેખે
૬	ટ્રક તથા મોટી બસ તથા અન્ય	બેઝીક પ્રાઈઝના ૧.૨૫% લેખ

ટોકન ફી ના દર વાહન દીઠ રૂા.૨૫/-

૫. એકટની કલમ ૧૨૭ પેટા કલમ (૨) મુજબ બીજા કરો :

(અ) થિયેટર ટેક્ષ : ગુજરાત સરકાર, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના ઠરાવ નં. જી.એફ.સી./૧૧/૨૦૦૦/૨૫૦૫/૨ તા.૦૯-૦૨-૨૦૦૧ ના અનુસંધાને તથા સ્ટે. ક.ઠ.નં.૧૬૨૭ તા.૩૧-૦૧-૨૦૧૩ ની મંજુરી અનુસાર તા.૦૧-૦૪-૨૦૧૩ થી શો દીઠ રૂા.૭૫ વસુલ લેવાનું ઠરાવવામાં આવેલ છે તથા વિડીયો શો માટેના શો દીઠ રૂા.૨૫/- થિયેટર ટેક્ષ તા.૧-૪-૨૦૧૩થી વસુલ લેવામાં આવશે

ખુલ્લી જમીન ઉપર સામાન્ય વેરો (વેકેન્ટ લેન્ડ ટેક્ષ) :

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના ઠરાવ ક્રમાંક : અમન-૮૦૨૦૦૮-૨૨૪૫-પી તા.૧૩-૦૭-૨૦૧૧ મુજબ.

એનેક્ષર-એ

ધી ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિલ કોર્પોરેશન અધિનિયમ-૧૯૪૯ ની કલમ ૪૫૫ હેઠળ મળેલ સત્તાની રૂએ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં મિલકતવેરાની વસુલાત અંગે કારપેટ એરિયા બેઈઝ, ફોર્મ્યુલા હેઠળ મિલકતવેરાની વસુલાત કરવા સંબંધિત ૨૦૦૧-૦૨ થી અમલમાં મૂકેલ ધી ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એકટ ૧૯૪૯ ની કલમ-૧૪૧બી મુજબની સામાન્ય વેરાની ક્ષેત્રફળ આધારિત ફોર્મ્યુલાના શીડ્યુલ-એ, પ્રકરણ-૮ માં નિયમ-૮(જ) નો ઉમેરો.

૮(જ) શહેરની હદમાં એન.એ. થયેલા હોય અને જ્યાં રસ્તા, પાણી, ડ્રેનેજ અને સ્ટ્રીટ લાઈટની સુવિધા ઉપલબ્ધ હોય તેવા પ્લોટો ઉપર સામાન્યવેરો લેવા માટે બનાવવામાં આવેલ ખાસ નિયમો

અમદાવાદ શહેરમાં ખુલ્લા પ્લોટો આવેલા છે. જેનો વર્ષોથી ઉપયોગ થતો નથી. પ્લોટની સફાઈ રાખવામાં આવતી નથી પરિણામે આવા પ્લોટોમાં ગંદકી થાય છે. આથી જે પ્લોટો એન. એ. થયેલા હોય અને જ્યાં રસ્તા, પાણી, ડ્રેનેજ અને સ્ટ્રીટ લાઈટની સુવિધા ઉપલબ્ધ હોય તેવા પ્લોટ ઉપર સામાન્ય વેરો વસુલાત કરવો જોઈએ. જેને અનુલક્ષીને તા.૧-૪-૨૦૦૮ એન.એ. થયેલા હોય અને જ્યાં રસ્તા, પાણી, ડ્રેનેજ અને સ્ટ્રીટ લાઈટની સુવિધા ઉપલબ્ધ હોય તેવા પ્લોટો પર નીચે મુજબના નિયમોથી સામાન્ય વેરો લેવાનો રહેશે.

૧. પ્લોટો / જમીનોનું કુલ ક્ષેત્રફળને ગણતરીમાં લેવાનું રહેશે.

૨. પ્લોટો / જમીનોનું વર્ગીકરણ ડેવલપમેન્ટ પ્લાન મુજબ નક્કી થયેલ લેન્ડ યુઝ પ્રમાણે રહેણાંકના હેતુ માટે અને તે સિવાયની પ્લોટ / જમીનો રહેણાંક સિવાયના હેતુ માટેની ગણવાની રહેશે અને તેના કર-દર તેના હેતુ મુજબ સામાન્ય કર માટે રહેણાંકના હેતુ માટેના પ્લોટ / જમીનો માટે રહેણાંકનો વાર્ષિક દર ચો.મી. પ્રમાણે તથા બિનરહેણાંકના હેતુ માટેના પ્લોટ / જમીનો માટે બિનરહેણાંકનો વાર્ષિક દર ચો.મી. પ્રમાણે જે નક્કી કરવામાં આવે તે ગણવાનો રહેશે.

૩. પ્લોટો / જમીનોના સ્થળ પરિબળ અંગે રાજ્ય સરકારશ્રીના સ્ટેમ્પ ડ્યુટી વિભાગ દ્વારા શહેરના જુદા-જુદા વિસ્તારો માટે જમીનની કિંમતો નક્કી કરવામાં આવે છે તેનો આધાર લઈ ખુલ્લા પ્લોટ / જમીનની કિંમતના આધારે મંજૂર થયેલ સ્થળ પરિબળના અવયવના દર લાગુ પાડવાના રહેશે.

૪. પ્લોટો / જમીનો માટે દરેક ખુલ્લા પ્લોટ / જમીનની ઉંમરનો અવયવ દર એક (૧.૦૦) ગણવાનો રહેશે.

૫. પ્લોટો / જમીનોના વપરાશના પરિબળ માટે રહેણાંકના હેતુ માટેના પ્લોટ / જમીનો માટે અવયવનો દર ૦.૧ તથા બિનરહેણાંકના હેતુ માટેના પ્લોટ / જમીનો માટે અવયવનો દર ૦.૨ ગણવાનો રહેશે પરંતુ તમામ ધાર્મિક સ્થળો, ધાર્મિક ટ્રસ્ટો, રજીસ્ટર્ડ શૈક્ષણિક સંસ્થાઓના ટ્રસ્ટો અને ચેરીટી કમિશનર સમક્ષ રજીસ્ટર્ડ થયેલ પબ્લિક ટ્રસ્ટો વિગેરેના પ્લોટો/જમીનોના વેકન્ડ લેન્ડ ટેક્ષ માટે અવયવનો દર ૦.૦૦ ગણવાનો રહેશે.

૬. પ્લોટો / જમીનોને માલિક તાબે ગણી અવયવનો દર એક (૧.૦૦) રાખવાનો રહેશે.

૭. જે-તે વર્ષમાં નાંખવામાં આવેલ વોટર ટેક્ષ અને કોન્ઝર્વન્સી ટેક્ષ ટકાવારી મુજબ લાગુ પડશે.

૮. જે ખુલ્લા પ્લોટ/જમીન ઉપર વેકન્ટ લેન્ડ ટેક્ષ લેવામાં આવે ત્યાં બાંધકામ થયેથી મિલકતવેરો લેવાની શરૂઆત થાય એટલે આપોઆપ જ ખુલ્લા પ્લોટ ઉપર વેકન્ટ લેન્ડ ટેક્ષની વસુલાત બંધ થશે.

૯. જે ખુલ્લા પ્લોટ ઉપર વેરો લેવાય તેમાં સ્વચ્છતા જળવાય અને આ પ્લોટની આજુ-બાજુના વપરાશકર્તાઓને કોઇ તકલીફ ન પડે તે અંગે યોગ્ય વ્યવસ્થા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને કરવાની રહેશે.

પરંતુ શહેરની હદમાં એન.એ. થયેલા હોય અને જ્યાં રસ્તા, પાણી, ડ્રેનેજ અને સ્ટ્રીટલાઈટની સુવિધા ઉપલબ્ધ હોય તેવા પ્લોટો / જમીનોને ધી બોમ્બે પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ, ૧૯૪૯ ના પ્રકરણ-૮ મુજબના ટેક્સેશન રૂલ્સ નં.૫૬ મુજબ મિલકત ખાલી રહેવા અંગેનું રીફંડ મળવાપાત્ર રહેશે નહિં.

☞ નામ ટ્રાન્સફર ફી :

મ્યુનિસિપલ પ્રોપર્ટી ટેક્ષના બીલમાં પ્રથમ કર ભરવાને પાત્ર વ્યક્તિના નામમાં ફેરફાર, મિલકત વેચાણ રાખનાર કરદાતાઓ દ્વારા Transfer of owner Name (TSF) ની નામ ટ્રાન્સફર ફી નું ધોરણ કમિટીમાં ચર્ચા થયા મુજબ રહેઠાણની મિલકતો માટે અરજી દીઠ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજની કિંમતના ૦.૦૨૫% લેખે તથા બીનરહેઠાણ મિલકતો માટે રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજની કિંમતના ૦.૦૫% લેખે (વીલ, વારસાઈની મિલકતોમાં આ ફી નું ધોરણ લાગુ પડશે નહી) રાખવાની અને આનો અમલ સને ૨૦૧૩-૧૪ થી કરવાની સ્ટેન્ડિંગ કમિટીના ઠરાવ નં-૧૮૨/૨૦૧૩-૧૪ તા.૨૫-૦૪-૨૦૧૩ તેમજ અ.મ્યુ.કોર્પોરેશનની સામાન્ય માસિક સભાના ઠરાવ નં.૭૬/૨૦૧૩-૧૪ તા.૧૦-૦૫-૨૦૧૩ થી મંજુરી આપવામાં આવેલ છે.

☞ કેબલ ટી.વી. કનેકશન (મનોરંજન કર) :

રાજય સરકારશ્રી દ્વારા ધી ગુજરાત એન્ટરટેઈનમેન્ટ ટેક્ષ (એમેન્ડમેન્ટ) એકટ, ૨૦૧૪ (ગુજ.૧૮ ૨૦૧૪) નોટીફીકેશન નં. GHT/2014/23/mnr/102014/968/A તા.૨૦-૦૯-૨૦૧૪ અન્વયે તા.૧-૧૦-૨૦૧૪ થી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હદ વિસ્તારમાં કેબલ ઓપરેટરો દ્વારા કેબલ ટી.વી. કનેકશન આપેલ હોય તેવા એક કનેકશન દીઠ માસિક રૂા.૬/- લેખે મનોરંજન કર ઉઘરાવવાની અ.મ્યુ.કોર્પોરેશનને સોંપવામાં આવેલ સત્તા અનુસાર તેમજ સદર વસુલાત ત્રિમાસિક ધોરણે કરવાની રહેશે.

☞ વ્યવસાય વેરા વિભાગ (Profession Tax) :

રાજ્ય સરકારશ્રીના જાહેરનામાં ક્રમાંક : ૨૦૦૮ પીએફટી (૯-જીએચએન) એસ) ૨ - એએ- (૧) (ઠ તા.૦૧-૦૪-૨૦૦૮ થી મ્યુનિસિપલ અમદાવાદને મુકરર કોર્પોરેશન ૧ ની નોંધ ક્રમાંક ૧ - સત્તા મંડળ તરીકે મળેલ સત્તા મુજબ કાયદાની અનુસૂચિ (B) અને ૨ થી ૧૦ માં સમાવેશ થતી અને મ્યુનિસિપલ હદ વિસ્તારમાં વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગારમાં રોકાયેલ વ્યક્તિ સંસ્થાઓની પાસેથી વ્યવસાયવેરાની વસુલાત મ્યુનિસિપલ કોર્પોરેશનના વ્યવસાયવેરા વિભાગ દ્વારા કરવામાં આવે છે. વ્યવસાયવેરા કરદાતાની નોંધણી અને વેરાની ચૂકવણી સિટી સિવીક સેન્ટર પર થઈ શકે છે. વ્યવસાયવેરા અધિનિયમના અમલીકરણમાં ઉપસ્થિત થતાં પ્રશ્નો અને તેના નિરાકરણ અંગેના જવાબો (FAQ) તથા અગત્યના ફોર્મ નંબર ૧,૩ અને ૫ મ્યુનિસિપલ કોર્પોરેશનની વેબસાઈટ www.ahmedabadcity.gov.in પરથી ડાઉનલોડ કરીને મેળવી શકાય છે.

PRC એટલે કર્મચારીઓના પગાર/વેતન પર લાગુ પડતો વેતન વેરો છે. ગુજરાત રાજ્ય, વ્યવસાય, વ્યાપાર ધંધા અને રોજગાર વેરા અધિનિયમ ૧૯૭૬ની જોગવાઈઓ મુજબ નિયત દરે લાગુ પડતો માસિક વેરો દર માસે કર્મચારીઓના પગારમાંથી કાપવાની અને માસિક/ત્રિમાસિક વેરાની રકમ ત્યાર પછીના મહિનાની ૧૫મી તારીખ સુધીમાં ભરવાની જવાબદારી એમ્પ્લોયરની હોય છે.

PEC એટલે સંસ્થા/પેઢીને લાગુ પડતો વેરો છે. ગુજરાત રાજ્ય, વ્યવસાય, વ્યાપાર ધંધા અને રોજગાર વેરા અધિનિયમ-૧૯૭૬ ની જોગવાઈઓ મુજબ નિયત દરે લાગુ પડતો વાર્ષિક વેરો દર વર્ષે ૩૦-મી સપ્ટેમ્બર સુધીમાં ભરી દેવાનો હોય છે.

વ્યવસાયવેરાના પ્રવર્તમાન દરોની વિગતો નીચે મુજબ છે.

(અ) વ્યક્તિ/સંસ્થાઓને લાગુ પડતો (ઈ.સી.) વેરાનો દર :

ક્રમ	વ્યક્તિઓનો વર્ગ	વાર્ષિક દર રૂ.
૧.	તમામ એડવોકેટ, સોલિસિટર્સ, નોટરી, ડોક્ટર, ઓર્કિટેક્ટ, એન્જીનીયર, તમામ કન્સલ્ટન્ટ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, વીમા શાસ્ત્રી, વીમા એજન્ટો અને સર્વેયર, કોન્ટ્રાક્ટર, દલાલ, કમિશન એજન્ટ, ઓટોમોબાઈલ બ્રોકર્સ, ટુર ઓપરેટર, ટ્રાવેલ એજન્ટ, કેબલ ટી.વી. ઓપરેટર, ફિલ્મ વિતરક, એડ.એજન્સી, ટયુશન અને ટયુટોરીયલ ઈન્સ્ટિટ્યુટ, કોમ્પ્યુટર શિક્ષણ-તાલીમ અને ઈન્ફોર્મેશન આપતી સંસ્થા, ડ્રાઈવીંગ સ્કૂલ, મેરજ હોલ, પાર્ટી પ્લોટ, આંગડીયા, કુરીયર, હેલ્થ-મનોરંજન કલબ, શેર દલાલ, પેટ્રોલ પંપ અને સર્વિસ સ્ટેશન, વિદેશી દારૂ વેચનાર પરમીટધારક, નિવાસી હોટલ અને થિયેટર, તમામ પબ્લીક અને પ્રાઈવેટ લીમીટેડ કંપની, તમામ બેન્કીંગ કંપની, રજીસ્ટર્ડ થયેલ સહકારી મંડળી, એસ્ટેટ એજન્ટ/બ્રોકર્સ, વિડીયો પાર્લર, વિડીયો લાયબ્રેરી, રજીસ્ટર્ડ થયેલ પેઢી, કારખાનાના ભોગવટેદાર, નાણાં ધીરધાર, ટ્રાન્સપોર્ટર્સ અને અધિકૃત સ્ટેમ્પ વેન્ડર વિગેરે તેમજ રાજય સરકારશ્રીના નાણાં વિભાગના તા.૦૧/૦૪/૨૦૦૮ના જાહેર ક્રમાંકઃ (જીએચએન-૧૦)-પીએફટી-૨૦૦૮-એસ-૩(૨)(૩)-ઠ મુજબ બહાર પડાયેલ અનુસૂચિના કોલમ-૨ માં નિર્દિષ્ટ કરેલા (વેટ કેટેગરીમાં સમાવેશ થતો હોય તે સિવાયના) બાકી રહેતા તમામ વ્યક્તિઓનો વર્ગ.	૨૦૦૦/-

૨.	ગુજરાત વેટ એક્ટ-૨૦૦૩ હેઠળ નોંધણીને પાત્ર થતા વેપારીઓ કે જેઓનું વાર્ષિક ટર્નઓવરઃ-	
	(૧) રૂા.૨,૫૦,૦૦૦/- થી વધુ ન હોય તો	શૂન્ય
	(૨) રૂા.૨,૫૦,૦૦૦/- થી વધુ હોય પણ રૂા.૫,૦૦,૦૦૦/- થી વધુ ન હોય તો	૫૦૦/-
	(૩) રૂા.૫,૦૦,૦૦૦/- થી વધુ હોય પણ રૂા.૧૦,૦૦,૦૦૦/- થી વધુ ન હોય તો	૧૨૫૦/-
	(૪) રૂા.૧૦,૦૦,૦૦૦/- થી વધુ હોય તો	૨૪૦૦/-

(બ) પગારદાર/વેતનદારને લાગુ પડતો (આર.સી.) વેરાનો દર :-

ક્રમ	માસિક પગાર / વેતન	માસિક દર રૂા.
૧.	રૂા. ૬૦૦૦/- થી ઓછો	શૂન્ય
૨.	રૂા. ૬૦૦૦/- અથવા તેથી વધુ પણ રૂા.૯૦૦૦/- થી ઓછો	૮૦/-
૩.	રૂા. ૯૦૦૦/- અથવા તેથી વધુ પણ રૂા.૧૨૦૦૦/- થી ઓછો	૧૫૦/-
૪.	રૂા. ૧૨૦૦૦/- અથવા તેથી વધુ	૨૦૦/-

મ્યુનિ. કમિશનરશ્રીએ રજૂ કરેલ સને ૨૦૧૬-૨૦૧૭ ના અંદાજપત્રમાં સ્ટેન્ડીંગ કમિટીએ ઉપર જણાવ્યા મુજબ સુધારા - વધારા કરી એકટની કલમ -૯૬ મુજબ તૈયાર કરેલ અંદાજપત્ર- ''એ'' તથા એકટની કલમ - ૯૯ માં જણાવ્યા અનુસાર ટેક્ષેસન પ્રપોઝલ મંજુર કરવા તથા અંદાજપત્ર તા.૧૦ મી ડિસેમ્બર-૨૦૧૫ સુધીમાં રજુ કરવામાં જે વિલંબ થયો છે તે તથા સ્ટેન્ડીંગ કમિટીને પણ અંદાજપત્ર તૈયાર કરવામાં જે વિલંબ થયો છે તે કોન્ડોન કરવા મ્યુનિસિપલ કોર્પોરેશનને ભલામણ કરવામાં આવે છે.

રેવન્યુ આવકમાં વધારો

અ. નં.	વિગત	આવકમાં વધારો (રૂા. કરોડમાં)
૧.	સામાન્ય વેરાની આવક (જુની બાકી પેટે)	૫૦.૦૦
૨.	કોમર્શીયલ ડેવલપમેન્ટની આવક	૨૦૦.૦૦
૩.	પ્રિમીયમની આવકમાં વધારો	૬૦.૦૦
૪.	વધારાની એફએસઆઈ વાપરવા અંગેની ફી	૫૦.૦૦
૫.	પ્રાથમિક કેળવણી માટે મળતી રાજય સરકારશ્રીની ગ્રાન્ટમાં વધારો	૫૬.૯૩૩૬
૬.	વ્યવસાય વેરો	૮.૦૬૬૪
	કુલઃ-	**૪૨૫.૦૦૦૦**

રેવન્યુ ખર્ચમાં વધારો

અ.નં.	વિગત	ખર્ચમાં વધારો (રૂા. કરોડમાં)
૧.	પ્રા.શિક્ષણ સમિતિની ગ્રાન્ટમાં વધારો	૧૫૬.૪૫૦૦
૨.	શેઠ મા.જે.પુસ્તકાલયની ગ્રાન્ટમાં વધારો	૩.૮૯૫૫
૩.	શેઠ વા.સા.હોસ્પિ.ની ગ્રાન્ટમાં વધારો	૧૯.૯૪૬૦
૪.	મ્યુ. કાઉન્સીલરશ્રીના બજેટમાં વધારો	૭.૬૮
૫.	ચાઈલ્ડ કેર કીટ	૨.૫૦
૬.	મેયરશ્રી નગર રત્ન એવોર્ડ	૦.૨૫
૭.	સ્કીલ ડેવલપમેન્ટ તથા ફ્રી મેડીકલ ચેક અપ	૦.૫૦
૮.	સ્કુલબોર્ડના બાળકો માટે સ્ટડી ટુર	૦.૨૫
૯.	સીનીયર સીટીઝન નગર દર્શન યાત્રા	૧.૦૦
૧૦.	પર્યાવરણ તથા ટ્રાફિક માટે લોકજાગૃતિના કાર્યક્રમ	૦.૫૨૮૫
	કુલ :	**૧૯૩.૦૦૦૦**

ઉપર જણાવ્યા પ્રમાણે રેવન્યુ ખર્ચમાં રૂા.૧૯૩.૦૦ કરોડનો વધારો થવા પામેલ છે. જેની સામે કુલ રેવન્યુ આવકમાં રૂા.૪૨૫.૦૦ કરોડનો વધારો થવા પામેલ છે તથા રૂા.૧૫૯૭.૦૦ કરોડ વિકાસ કામો માટે ટ્રાન્સફર કરતાં આખરી સિલક રૂા. ૦.૧૩ કરોડ રહેવા પામે છે.

રેવન્યુ એકાઉન્ટ જમા બાજુ (રૂા. કરોડમાં)

અ.નં.	બજેટ હેડના નામ	સને ૨૦૧૬-૧૭ મ્યુ. કમિ.શ્રીએ સૂચવેલ અંદાજ	સ્ટે. કમિટી તરફથી સૂચિત વધારો-ઘટાડો	સને ૨૦૧૬-૧૭ કમિટીએ તૈયાર કરેલ અંદાજ
	ઉઘડતી સિલક...	**૦.૧૩**	**૦.૦૦**	**૦.૧૩**
૧	ઓક્ટ્રોયની અવેજીમાં રાજ્ય સરકારશ્રીની ગ્રાન્ટ	૧૦૪૫.૫૭	૦.૦૦	૧૦૪૫.૫૭
૨	પ્રોપર્ટી ટેક્ષ તથા અન્ય સીધા કર			
	(અ) જનરલ ટેક્ષ	૫૦૭.૬૬	૩૫.૦૦	૫૪૨.૬૬
	(બ) વોટર ટેક્ષ અને કોન્ઝર્વન્સી ટેક્ષ	૩૧૧.૪૭	૧૫.૦૦	૩૨૬.૪૭
૩	વાહન વેરો	૭૦.૦૦	૦.૦૦	૭૦.૦૦
૪	વ્યવસાય વેરો	૧૫૬.૦૦	૮.૦૬૬૪	૧૬૪.૦૬૬૪
૫	નોન ટેક્ષ રેવન્યુ આવક	૯૦૦.૦૦	૨૫૦.૦૦	૧૧૫૦.૦૦
૬	રેવન્યુ ગ્રાન્ટ સબસીડી અને કોન્ટ્રીબ્યુશન	૬૭૦.૪૪	૫૬.૯૩૩૬	૭૨૭.૩૭૩૬
૭	બીજી આવક	૩૭૮.૮૬	૬૦.૦૦	૪૩૮.૮૬
	રેવન્યુ આવકનું કુલ...	**૪૦૪૦.૦૦**	**૪૨૫.૦૦**	**૪૪૬૫.૦૦**
	એકંદરે કુલ...	**૪૦૪૦.૧૩**		**૪૪૬૫.૧૩**

રેવન્યુ એકાઉન્ટ ખર્ચ બાજુ (રૂ.કરોડમાં)

અ.નં.	બજેટહેડના નામ	સને ૨૦૧૬-૧૭ મ્યુ.કમિ.શ્રી તરફથી સૂચવેલ અંદાજ	સ્ટે.કમિટીનો વધારો-ઘટાડો	સને ૨૦૧૬-૧૭નો સ્ટે.કમિટીએ તૈયાર કરેલ અંદાજ
૧	એસ્ટાબ્લીશમેન્ટ	૧૦૯૩.૮૮	૦.૦૦	૧૦૯૩.૮૮
૨	એડમીનીસ્ટ્રેટીવ અને જનરલ ખર્ચ	૮૦.૦૦	૧.૨૫	૮૧.૨૫
૩	મરામત અને નિભાવ	૨૯૧.૪૮	૦.૦૦	૨૯૧.૪૮
૪	પાવર અને બળતણ	૨૪૮.૦૦	૦.૦૦	૨૪૮.૦૦
૫	સર્વિસ આપવાના તથા પ્રોગ્રામના ખર્ચા	૩૨૮.૦૦	૧૧.૪૫૮૫	૩૩૯.૪૫૮૫
૬	કોન્ટ્રીબ્યુશન, ગ્રાન્ટ અને સબસીડી	૫૪૭.૫૭	૧૮૦.૨૯૧૫	૭૨૭.૮૬૧૫
૭	લોન ચાર્જીસ	૮૨.૦૦	૦.૦૦	૮૨.૦૦
૮	અન્ય ખર્ચ	૪.૦૭	૦.૦૦	૪.૦૭
	(અ) રેવન્યુ ખર્ચનું કુલ	**૨૬૭૫.૦૦**	**૧૯૩.૦૦**	**૨૮૬૮.૦૦**
	વિકાસના કામો માટે ટ્રાન્સફર	૧૩૬૫.૦૦		૧૫૯૭.૦૦
	આખરી સિલક	**૦.૧૩**		**૦.૧૩**
	એકંદરે કુલ.....	**૪૦૪૦.૧૩**		**૪૪૬૫.૧૩**

: સ્ટેન્ડીંગ કમિટીએ સૂચવેલ વિકાસ કાર્યો :-

નં.	વિગત	રકમ રૂા. કરોડમાં
૧.	ફ્લાય ઓવર બ્રિજ, રેલ્વે ઓવર બ્રિજ તથા બ્રિજની પાંખ ઉતારવા	૩૦.૦૦
૨.	વુમન્સ હોસ્પિટલ	૧૦.૦૦
૩.	હેરીટેજ, જાળવણી, સુશોભન	૦૫.૦૦
૪.	રસ્તા માઇક્રો રીસરફેસીગ	૧૦.૦૦
૫.	સ્માર્ટ રોડ	૧૦.૦૦
૬.	૬૦ ફુટ રસ્તા રીસરફેસીગ નવા બનાવવા	૧૫.૦૦
૭.	ખારીકટ કેનાલ - કેનાલ બ્રિજ	૦૫.૦૦
૮.	ખારીકટ કેનાલ સમાંતર રસ્તા	૦૫.૦૦
૯.	ખારીકટ કેનાલ સમાંતર રસ્તાઓએ સ્ટ્રીટ લાઇટ	૦૦.૫૦
૧૦.	ગામતળ જુદી જુદી પ્રાથમિક સુવિધાઓ માટે	૧૫.૦૦
૧૧.	નો યોર વોર્ડ, નો યોર કાઉન્સીલર એપ	૦.૧૦
૧૨.	તળાવોનો વિકાસ	૧૦.૦૦
૧૩.	નવા કોમ્યુનીટી હોલ તથા નવીનીકરણ	૦૬.૦૦
૧૪.	એલીસબ્રિજ નવીનીકરણ	૦૫.૦૦
૧૫.	ફુટ ઓવર બ્રિજ	૦૫.૦૦
૧૬.	હાઉસીગ બોર્ડ વસાહતોમાં સુવિધા	૧૦.૦૦
૧૭.	મ્યુ. શાળા બિલ્ડીગ	૦૦.૫૦
૧૮.	રેલ્વે ક્રોસીગ પહોળા કરવા.	૦૩.૦૦
૧૯.	ટ્રાફીક સર્કલ ડેવલપમેન્ટ	૦૧.૦૦
૨૦.	ગાર્ડન તથા વૃક્ષા રોપણ	૦૨.૦૦
૨૧.	શાહીબાગ ચિલ્ડ્રન પ્લે ગ્રાઉન્ડ ડેવલપમેન્ટ	૦૧.૦૦

નં.	વિગત	રકમ રૂા. કરોડમાં
૨૨.	ઘાટલોડીયા પ્લે ગ્રાઉન્ડ ડેવલપમેન્ટ	૦૧.૦૦
૨૩.	લાયબ્રેરી ફર્નીચર	૦૦.૫૦
૨૪.	સરદાર પટેલ રીંગ રોડને જોડતા રસ્તાઓનો વિકાસ	૧૦.૦૦
૨૫.	ડ્રેનેજ ડીસીલ્ટીંગ	૧૦.૦૦
૨૬.	નવા પાણીના બોર	૦૩.૦૦
૨૭.	ચાર રસ્તા જંકશન ડેવલપમેન્ટ	૧૦.૦૦
૨૮.	શા.ચી.લા.ખાતે કીડની ડાયાલીસીસ સેન્ટર	૦૧.૦૦
૨૯.	બ્લડ ડોનેશન કલેકશન વાન	૦૦.૫૦
૩૦.	હેલ્થ ચેક અપ મેડીકલ વાન	૦૨.૫૦
૩૧.	સફાઇ માટેના આધુનિક સાધનો	૦૪.૪૦
૩૨.	મુકિતધામ સુવિધા	૧૦.૦૦
૩૩.	સેવા વસ્તીમાં સુવિધાઓ	૦૮.૦૦
૩૪.	યુવા રોજગાર કેન્દ્ર	૦૦.૫૦
૩૫.	ઢોરવાડામાં સુવિધા	૦૦.૫૦
૩૬.	મ્યુ. પ્લોટોમાં કમ્પાઉન્ડ વોલ	૧૦.૦૦
૩૭.	વધુ ક્ષેત્રફળ ધરાવતાં વોર્ડમાં વધુ બજેટ	૧૧.૦૦
	કુલ	**૨૩૨.૦૦**

સને ૨૦૧૬-૨૦૧૭ ના વિકાસ કાર્યો માટે નાણાંકીય આયોજન

સને ૨૦૧૬-૨૦૧૭ ના વર્ષમાં રૂા.૩૨૧૨.૦૦ કરોડના વિકાસ કાર્યો કરવા માટે નીચે મુજબ આવક અંદાજવામાં આવેલ છે.

અ.નં.	વિગત	૨૦૧૬-૧૭ના વર્ષમાં વિકાસ ખર્ચ માટે સ્ટે. કમિટીએ સૂચવેલ અંદાજી આવક (રૂા.કરોડમાં)
૧.	રેવન્યુ પુરાંતમાંથી વિકાસ કાર્યો માટે તબદીલ	૧૫૯૭.૦૦
૨.	સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના	૬૦૦.૦૦
૩.	AMRUT અન્વયે સરકારશ્રીની ગ્રાન્ટ	૨૫.૦૦
૪.	ટેક્ષ ફ્રી બોન્ડ (ઓપન માર્કેટ લોન)	૨૦૦.૦૦
૫.	કેપીટલ એકાઉન્ટનું બેલેન્સ	૮૩.૦૫
૬.	સંસદસભ્યશ્રી / ધારાસભ્યશ્રીના મતવિસ્તારનાં વિકાસ કામોની ગ્રાન્ટ	૨૧.૦૦
૭.	જી.એમ.એફ.બી.ની ગ્રાન્ટ	૧૫.૦૦
૮.	ફાયર ટેક્ષની આવક	૨૦.૦૦
૯.	અન્ય	૧૧૫.૯૫
૧૦.	EWS - યોજના અન્વયે લાભાર્થીનો લોન	૬૦.૦૦
૧૧.	મેટ્રો પ્રોજેકટ	૪૦.૦૦
૧૨.	નાણાપંચની ગ્રાન્ટ	૧૫.૦૦
૧૩.	રાજીવ આવાસ યોજના અંતર્ગત ગ્રાન્ટ	૧૦.૦૦
૧૪.	મુખ્યમંત્રી ગૃહ યોજના - EWS અન્વયે ગ્રાન્ટ	૨૦.૦૦
૧૫.	મુખ્યમંત્રી ગૃહ યોજના - L.I.G. અન્વયે ગ્રાન્ટ	૧૦.૦૦
૧૬.	મુખ્યમંત્રી ગૃહ યોજના EWS-L.I.G. લાભાર્થીનો ફાળો	૨૫૫.૦૦
૧૭.	SRFDCL લોન રિ - પેમેન્ટ	૧૨૫.૦૦
	કુલ ...	**૩૨૧૨.૦૦**

સને ૨૦૧૬-૨૦૧૭ ના વિકાસ કાર્યો :

સને ૨૦૧૬-૨૦૧૭ના વર્ષમાં મ્યુ.કમિશનરશ્રીએ સુચવેલ વિકાસના કામોમાં રૂા.૨૩૨.૦૦ કરોડનો વધારો કરીને રૂા.૩૨૧૨.૦૦ કરોડનાં વિકાસ કાર્યો કરવા માટેનું આયોજન છે.

(રૂા. કરોડમાં)

અ.નં.	વિગત	૨૦૧૬-૨૦૧૭ના વર્ષમાં વિકાસ ખર્ચનો મ્યુ.કમિશનરશ્રીએ સૂચવેલ અંદાજ	૨૦૧૬-૧૭નાં વર્ષમાં વિકાસ ખર્ચનો સ્ટે.કમિટીએ સૂચવેલ અંદાજ
(ક)	**મ્યુનિસિપલ કોર્પોરેશન ફંડના કામો**		
૧.	ઝોનલ કેપીટલ વર્કસ	૩૬૦.૦૦	૩૭૧.૦૦
૨.	રોડ પ્રોજેક્ટ	૭૩.૫૦	૧૨૯.૫૦
૩.	બ્રીજ પ્રોજેક્ટ	૫૫.૦૦	૧૦૦.૦૦
૪.	વોટર પ્રોજેક્ટ	૧૨૬.૦૦	૧૩૩.૦૦
૫.	ડ્રેનેજ પ્રોજેક્ટ	૧૩૭.૭૫	૧૫૦.૭૫
૬.	મકાન	૪૧.૨૩	૭૧.૭૩
૭.	જાહેર સ્થળો	૪૭.૬૦	૮૮.૧૦
૮.	સ્ટ્રીટ લાઈટ	૨૫.૦૦	૨૮.૫૦
૯.	મેડીકલ સાધનો, ફાયર અને સોલીડ વેસ્ટ સાધનો તથા વાહનો	૧૧૨.૧૫	૧૧૯.૫૫
૧૦.	ઈ-ગવર્નન્સ	૧૩.૭૫	૧૩.૮૫
૧૧.	સ્લમ નેટવર્કીંગ પ્રોજેક્ટ	૦.૨૦	૦.૨૦
૧૧.	જમીન સંપાદન	૧૦.૦૦	૧૦.૦૦
૧૩.	આર્થિક રીતે નબળા વર્ગના લોકોના કામો	૧૭.૨૫	૩૫.૨૫
૧૪.	અન્ય	૩.૫૭	૩.૫૭
	(ક) નું કુલ	**૧૦૨૩.૦૦**	**૧૨૫૫.૦૦**
(ખ)	એ.એમ.ટી.એસ. ને લોન	૩૩૫.૦૦	૩૩૫.૦૦
(ગ)	સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ	૨૪૩.૦૦	૨૪૩.૦૦
(ઘ)	અમદાવાદ જનમાર્ગ લિમીટેડ (AJL)	૬૦.૦૦	૬૦.૦૦

અ.નં.	વિગત	૨૦૧૬-૨૦૧૭ના વર્ષમાં વિકાસ ખર્ચનો મ્યુ.કમિશનરશ્રીએ સૂચવેલ અંદાજ	૨૦૧૬-૧૭નાં વર્ષમાં વિકાસ ખર્ચનો સ્ટે.કમિટીએ સૂચવેલ અંદાજ
(ચ)	અર્બન ટ્રાન્સપોર્ટ ફંડ (UTF)	૫.૦૦	૫.૦૦
(છ)	**JnNURM ના કામો**		
૧.	બી.આર.ટી.એસ. - જનમાર્ગ (ઈન્ફ્રાસ્ટ્રક્ચર)	૫.૦૦	૫.૦૦
૨.	EWS હાઉસીંગ	૨.૦૦	૨.૦૦
૩.	પાણી પૂરવઠાના કામો	૩૯.૦૦	૩૯.૦૦
૪.	ડ્રેનેજ પ્રોજક્ટ	૧૦.૦૦	૧૦.૦૦
૫.	એસ.ટી.પી.	૩૫.૦૦	૩૫.૦૦
	(છ) નું કુલ	**૯૧.૦૦**	**૯૧.૦૦**
(જ)	**ગ્રાન્ટના કામો**		
૧.	સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રીશ્રીની શહેરી વિકાસ યોજના	૬૦૦.૦૦	૬૦૦.૦૦
૨.	સફાઈ કામદાર આવાસ યોજના	૩.૦૦	૩.૦૦
૩.	જી.એમ.એફ.બી. ની ગ્રાન્ટ	૧૧.૦૦	૧૧.૦૦
૪.	સંસદ સભ્યશ્રી/ધારા સભ્યશ્રીની ગ્રાન્ટના કામો	૧૬.૦૦	૧૬.૦૦
૫.	નાણા પંચની ગ્રાન્ટના કામો	૫૯.૦૦	૫૯.૦૦
૬.	અન્ય ગ્રાન્ટ	૭૫.૦૦	૭૫.૦૦
૭.	૭૦:૨૦:૧૦ સ્કીમ હેઠળના કામો	૫૪.૦૦	૫૪.૦૦
૮.	રાજીવ આવાસ યોજના અંતર્ગતના કામો	૫૦.૦૦	૫૦.૦૦
૯.	મુખ્યમંત્રી ગૃહ યોજના - EWS	૧૮૦.૦૦	૧૮૦.૦૦
૧૦.	મુખ્યમંત્રી ગૃહ યોજના - L.I.G.	૧૦૦.૦૦	૧૦૦.૦૦
૧૧.	AMRUT અન્વયે સરકારશ્રીની ગ્રાન્ટના કામો	૫૦.૦૦	૫૦.૦૦
૧૨.	મેટ્રો પ્રોજેકટ	૨૫.૦૦	૨૫.૦૦
	(જ) નું કુલ	**૧૨૨૩.૦૦**	**૧૨૨૩.૦૦**
	કુલ ખર્ચ (ક+ખ+ગ+ઘ+ચ+છ+જ)	**૨૯૮૦.૦૦**	**૩૨૧૨.૦૦**

અંદાજપત્ર - સને ૨૦૧૬-૨૦૧૭

(રૂા. કરોડમાં)

વિગત	મ્યુ.કમિશનરશ્રીની દરખાસ્ત	વધારો	સ્ટે. કમિટીએ તૈયાર કરેલ અંદાજપત્ર
રેવન્યુ ખર્ચ	૨૬૭૫.૦૦	૧૯૩.૦૦	૨૮૬૮.૦૦
વિકાસના કામો	૨૯૮૦.૦૦	૨૩૨.૦૦	૩૨૧૨.૦૦
કુલ બજેટ	**૫૬૫૫.૦૦**	**૪૨૫.૦૦**	**૬૦૮૦.૦૦**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
અંદાજપત્ર : સને ૨૦૧૬-૨૦૧૭

રૂપિયો કયાંથી આવશે ?

૧	ઓકટ્રોયની અવેજીમાં રાજ્ય સરકારશ્રીની ગ્રાન્ટ	૨૩ પૈસા
૨	પ્રોપર્ટી ટેક્ષ તથા અન્ય સીધા કર	
	(અ) જનરલ ટેક્ષ	૧૨ પૈસા
	(બ) વોટર અને કોન્ઝર્વન્સી ટેક્ષ	૦૭ પૈસા
૩	વાહન વેરો	૦૨ પૈસા
૪	પ્રોફેશન ટેક્ષ	૦૪ પૈસા
૫	નોન ટેક્ષ રેવન્યુ આવક તથા ખાસ કાયદા મુજબની આવક	૨૬ પૈસા
૬	ગ્રાન્ટ, સબસીડી કોન્ટ્રીબ્યુશન	૧૬ પૈસા
૭	અન્ય આવક	૧૦ પૈસા
	કુલ :	**૧૦૦ પૈસા**

રૂપિયો કયાં જશે ?

૧	એસ્ટાબ્લીશમેન્ટ	૨૪ પૈસા
૨	એડમિનિસ્ટ્રેટીવ તથા જનરલ ખર્ચ	૦૨ પૈસા
૩	મરામત અને નિભાવ	૦૬ પૈસા
૪	વિજળી અને બળતણ	૦૬ પૈસા
૫	સર્વિસ તથા પ્રોગ્રામ ખર્ચ	૦૮ પૈસા
૬	ગ્રાન્ટ અને કોન્ટ્રીબ્યુશન	૧૬ પૈસા
૭	લોન ચાર્જીસ	૦૨ પૈસા
૮	રેવન્યુ પુરાંતની વિકાસ કાર્યોમાં ટ્રાન્સફર	૩૬ પૈસા
	કુલ :	**૧૦૦ પૈસા**

મ્યુનિસિપલ કમિશનરશ્રીનું નિવેદન

પ્રસ્તાવના :

હાલમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પુરી પાડવામાં આવતી કેટલીક સેવાઓને કારણે અમદાવાદ શહેરની દેશમાં નહીં પરંતુ વૈશ્વિક કક્ષાએ ઓળખ પ્રસ્થાપિત થઈ છે. જે ઓળખ જળવાઈ રહે અને હજુ વધુ સારી રીતે પ્રસ્થાપિત થાય તે હેતુથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પુરી પાડવામાં આવતી વિવિધ માળખાકીય સેવાઓ વધુ સુદૃઢ કરવા આ બજેટમાં ભાર મૂકવાનો પ્રયાસ કરેલ છે.

આ વર્ષનું બજેટ સઘળા પ્રકારની માળખાગત સુવિધાઓ પૈકી પીવાનું શુદ્ધ પાણી તથા સમયસર પાણી પુરૂ પાડવા પર તથા સ્વચ્છ અને હરિયાળું અમદાવાદ તેમજ વાયુ પ્રદૂષણ ઘટે અને ઓક્સિજનનું પ્રમાણ વધે તેવા પ્રયાસો પર આધારિત હોવાથી "**Clean, Green and Blue Ahmedabad**" માટેનું બજેટ કહી શકાય.

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા.૦૪-૧૨-૨૦૧૪ ના જાહેરનામા અન્વયે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ૪૬૬ ચો.કિ.મી. ના વિસ્તાર માટે ૪૮ વોર્ડનું સિમાંકન કરવામાં આવેલ છે. શહેરના નાગરિકોને પાણી, ગટર, આરોગ્ય વિગેરે બેઝીક સેવાઓ અસરકારક અને ઝડપી રીતે મળી રહે તે હેતુથી વહિવટી માળખાની પુન:રચના કરવાની થાય છે. વધુમાં વોર્ડની રચના બદલાવવાથી વહિવટી, આરોગ્યની ઓફિસોની પુન:રચના કરવાની થશે સદર તમામ બાબતો માટે જરૂરી નાણાંકીય રકમનું વર્ષ ૨૦૧૬-૧૭ ના બજેટમાં સંપૂર્ણ આયોજન કરવામાં આવેલ છે.

ભારતના માન.વડાપ્રધાન દ્વારા દેશમાં બનેલ ટેક્નોલોજીને ઉત્તેજન મળે તે હેતુથી **"મેકઈન ઈન્ડિયા"** નો કાર્યક્રમ શરૂ કરેલ છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને ભાભા એટોમીક રીસર્ચ સેન્ટર વચ્ચે રેડિયેશન ટેક્નોલોજી દ્વારા સુએજ સ્લજના હાઈજીનેશન માટેનો પ્લાન્ટ સ્થાપવાનું આયોજન છે.

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના તા.૦૨-૧૦-૨૦૧૯ ના રોજ જન્મને ૧૫૦ વર્ષ પુરા થાય ત્યારે ગાંધીજીની સાચી શ્રદ્ધાંજલિના ભાગરૂપે ભારત સરકાર દ્વારા સમગ્ર દેશને સ્વચ્છ બનાવવા માટે **"સ્વચ્છ ભારત મિશન"** કાર્યક્રમની શરૂઆત કરેલ છે. જે અંતર્ગત જાહેરમાં શૌચને બદલે દરેક પરિવાર માટે ટોઈલેટની સુવિધા, પે એન્ડ યુઝની સગવડ, કોમ્યુનિટી ટોઈલેટ સુવિધા ઉપલબ્ધ કરાવવા તથા યોગ્ય વેસ્ટ મેનેજમેન્ટ સિસ્ટમ ઉભી કરી વૈજ્ઞાનિક પદ્ધતિ દ્વારા હાઈજેનિક નિકાલ, રિયુઝ અને મ્યુનિસિપલ સોલીડ વેસ્ટને રિ-સાઈક્લીંગ કરવા જેવી બાબતોનો સમાવેશ કરેલ છે. સ્વચ્છતામાં જ પ્રભુનો વાસ રહેલ છે એ મહાત્મા ગાંધી દ્વારા કહેવાયેલ

ઉક્તિને સાચા અર્થમાં યથાર્થ કરવા માટે આપણા શહેરને હજી વધુ સ્વચ્છ તથા સુઘડ બનાવવાની જરૂરિયાત છે. શહેરમાં ઘણાં સમયથી કોર્પોરેશન દ્વારા શહેરને સ્વચ્છ રાખવા માટે પ્રયાસો કરવામાં આવેલ છે. શહેરને સ્વચ્છ રાખવાની જવાબદારી માત્ર સફાઈ સાથે સંકળાયેલ કર્મચારીઓની ન રહેતાં શહેરીજનો પણ આ બાબતમાં જવાબદાર બને અને આ બાબતમાં માનસિકતા બદલી ગમે ત્યાં કચરો ન નાંખે, શહેરને સ્વચ્છ રાખે અને સ્વચ્છતાના ધોરણો જાળવે એ ખૂબ જ જરૂરી છે. જો આપણે આપણાં શહેરને સ્વચ્છ બનાવીશું તો શહેરીજનોના આરોગ્યમાં તથા શહેરની સુંદરતામાં વધારો થશે અને શહેરીજનો ગૌરવનો અનુભવ કરશે. શહેરીજનોના આરોગ્ય ખર્ચમાં ઘટાડો થશે અને શહેરમાં આવનાર પ્રવાસીઓની સંખ્યામાં વધારો થશે અને આર્થિક વિકાસને ઉત્તેજન મળશે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરને સ્વચ્છ બનાવવાના મિશનને ચેલેન્જના રૂપમાં સ્વીકારેલ છે. શહેરને સ્વચ્છ બનાવવાના કામ માટે કોર્પોરેશને **"સ્વચ્છતા જન મોડલ"** નામનો પાઈલોટ પ્રોજેક્ટ હાથ ધરેલ છે. જે અંતર્ગત ઝીરો વેસ્ટ રોડ મેપ, સોલીડ વેસ્ટ માસ્ટર પ્લાન અન્વયે ઘન કચરાના સેગ્રીગેશન, રિ-સાઈકલીંગ તથા કચરો વીણનારા કામદારોને સર્વગ્રાહી ઉત્થાન સારૂ વિવિધ કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. આ પદ્ધતિમાં પૂરેપુરો સાથ અને સહકાર આપશે. આમ આ યોજના હેઠળ શહેરીજનોને શહેર સ્વચ્છ રાખવાના અભિયાનમાં સીધા ભાગીદાર બનાવવામાં આવશે.

એક ધારણા પ્રમાણે સને ૨૦૫૦ સુધીમાં લગભગ ૭૦ કરોડ લોકો ગામડાંમાંથી શહેરમાં સ્થળાંતર કરે તેવી શક્યતા છે. નિષ્ણાંતોના અનુમાન મુજબ છેલ્લા ૫૦ વર્ષોમાં શહેરીકરણનો ફેલાવો થયો તેના કરતાં વધુ ઝડપી વ્યાપ આવનારા ૫૦ વર્ષોમાં થવાનો છે. આ સંજોગોમાં ભવિષ્યમાં શહેરની માળખાગત સુવિધાઓ પુરી પાડવી તથા તેના વ્યાપમાં અને ગુણવત્તામાં વધારો થાય તે પ્રકારે સેવાઓ પુરી પાડવી પડકારજનક કામ છે.

શહેરમાં શહેરીજનોને પીવાના શુદ્ધ પાણી બધાને પૂરતાં પ્રમાણમાં મળી રહે તે માટે કોર્પોરેશન કટિબદ્ધ છે. રોજ ૧૧૦૦ એમ.એલ.ડી. પીવાનું પાણી અપાતું હોવા છતાં ઘણાં વિસ્તારોમાં પૂરતા પ્રેશરથી પાણી ન મળતું હોવાની ફરિયાદ ક્યારેક જોવા મળે છે. આ ઉપરાંત શહેરની ભવિષ્યની જરૂરિયાત જોતાં પાણીનું આગવું આયોજન કરવું જરૂરી છે. દેશના કેટલાંક શહેરોમાં ૨૪x૭ વોટર સપ્લાયની સફળતાને ધ્યાનમાં રાખી જોધપુર તથા સ્ટેડીયમ, નવરંગપુરા અને જૂના વાડજમાં ૨૪x૭ માં વોટર સપ્લાયનો પ્રોજેક્ટ અમલમાં મૂકેલ છે. આગામી વર્ષોમાં તબક્કાવાર અન્ય વિસ્તારોમાં પણ આ યોજના અમલી કરવામાં આવશે. તદ્ઉપરાંત હયાત વોટર સપ્લાય સિસ્ટમમાં અમુક વિસ્તારોમાં પાણીનો જથ્થો, પ્રેશર અને પ્રદૂષણના પ્રશ્નોની ફરિયાદ નિવારવા માટે દરેક વોર્ડમાં ડિસ્ટ્રીબ્યુશન સેન્ટરમાં કમાન્ડ એરિયા નક્કી કરી વોટર ડિસ્ટ્રીબ્યુશન સેન્ટરથી ઉપભોગતા સુધી

પાણીની જરૂરિયાત, પ્રેશર, જથ્થો મળી રહે તેની ઉપર ભાર મૂકવામાં આવનાર છે તથા ફ્લો મીટર તથા વોટર પોલિસી બનાવવામાં આવી રહી છે. આને કારણે શહેરમાં આવનાર સમયમાં પાણીની સમસ્યાનો મહદ્‌અંશે નિકાલ થશે તેવી આશા છે.

એનર્જી એફિશીયેન્સી અંતર્ગત કોર્પોરેશન દ્વારા વિવિધ એજન્સીઓની પેનલ બનાવવામાં આવશે. કોર્પોરેશન દ્વારા એજન્સી પાસે વીજ ઓડીટ કરાવી શહેરીજનોને વીજ વપરાશના ઓડીટ અંગેની માહિતી આપી તેમને કાર્યક્ષમ વીજ વપરાશ અંગે જાગૃત કરવામાં આવશે. જેનાથી શહેરીજનોના વીજ વપરાશમાં તથા શહેરના પ્રદૂષણમાં ઘટાડો થશે.

ઝડપથી બની રહેલી શહેરીકરણની પ્રક્રિયાને કારણે શહેરમાં ગંદકી અને આરોગ્યના પ્રશ્નો ઉપસ્થિત થાય છે. શહેરના ગીચ/જૂના વિસ્તારોમાં વર્ષો જૂની લાઈન તાંત્રિક રીતે બદલી શકાય તેમ ન હોવાથી તેવી પરિસ્થિતિમાં ડ્રેનેજ બેકીંગ, ડીશીલ્ટીંગના પ્રશ્નોના નિરાકરણ માટે પોલ્યુશન કન્ટ્રોલ એક્શન પ્લાન અંતર્ગત કામગીરીનું આયોજન કરેલ છે. દુનિયાના મોટા શહેરોમાં હાથ ધરવામાં આવતી ટ્રેન્ચલેસ ટેક્નોલોજી દ્વારા જૂની પાઈપલાઈનનું નવિનીકરણનું કામ કોર્પોરેશન દ્વારા હાથ ધરવાનું આયોજન કરેલ છે. આ અંતર્ગત હાલમાં પ્રાયોગિક ધોરણે દક્ષિણ ઝોન વિસ્તારમાં ભૈરવનાથ હોલ થી બળવંતરાય મહેતા હોલ સુધી જૂની ડ્રેનેજ ટ્રંક લાઈનનું ટ્રેન્ચલેસ ટેક્નોલોજી દ્વારા ડીશીલ્ટીંગ કરાવી સ્ટ્રેન્ધનીંગ કરવામાં આવનાર છે ત્યારબાદ દાણીલીમડા, બહેરામપુરા, સરખેજ સહિતના અન્ય વિસ્તારમાં પણ આ કામગીરી હાથ ધરવામાં આવનાર છે. આગામી વર્ષમાં આ સઘન ઝુંબેશ ચાલુ રાખવામાં આવશે.

શહેરની માળખાગત સુવિધાઓ પુરી પાડવામાં કાર્યક્ષમ અને અસરકારક આયોજન થાય, જેથી કોર્પોરેશનનો માળખાગત સુવિધાઓ પૂરા પાડવાના ખર્ચા ઘટે તેવું કોર્પોરેશનની નાણાંકીય વ્યવસ્થાપન માટે જરૂરી છે. હાલમાં સુઅરેજને ડ્રેનેજ લાઈન મારફતે સેન્ટ્રલાઈઝ સ્ટોપ સુધી લઈ જવાને કારણે કેપીટલ કોસ્ટ ઘણી ઉંચી આવે છે. હાલમાં ઓટોમેશન, ટેક્નોલોજી, ટ્રાન્સપાર્ટેશનની નવી સુવિધાઓને વિવિધ સ્થળોએ જયાં સુઅરેજ જનરેટ થાય ત્યાં જ તેને ટ્રીટ કરવામાં આવે તો પ્લાન્ટ સુધી લઈ જવાથી હાઈકોસ્ટ ઘટી જાય, પ્રદૂષણમાં ઘટાડો થશે અને Air Quality માં વધારો થશે તથા શુદ્ધ થયેલ પાણીને તે જ સ્થળે ગાર્ડનીંગ કે અન્ય કામ માટે વાપરી શકાય. પરિણામે ગાર્ડન કે અન્ય કામમાં વાપરવામાં આવતાં વિશાળ જથ્થાના શુદ્ધ પાણીની બચત થાય અને તે વપરાતાં શુદ્ધ પાણીનો શહેરીજનો ઉપયોગ કરી શકે. હાલમાં પશ્ચિમ ઝોનમાં આવેલ નવદીપ હોલની બાજુમાં નવરંગ ગાર્ડનમાં આવો રિસાઈક્લીંગ પ્લાન્ટ શરૂ કરવામાં આવેલ છે. ભવિષ્યમાં અન્ય સ્થળોએ આ કામીગીરી શરૂ કરવામાં આવશે.

આશરે ૨૫૦૦ કિ.મી. ની લંબાઈના રોડ નેટવર્ક ધરાવતાં શહેરમાં પ્રતિ વર્ષે ડ્રેનેજ, પાણી, સ્ટૉર્મ વોટર ડ્રેઈનના કે અન્ય કામ માટે જરૂરિયાત મુજબ રોડ રીસરફેસ કરવાની જરૂરિયાત ઉપસ્થિત થતી હોય છે. ઘણીવાર વિવિધ વિભાગોની કામગીરી વચ્ચે સંકલનના અભાવે કામના ખર્ચમાં તથા સમયમર્યાદામાં વધારો થતો હોય છે. આ સમસ્યા નિવારવા માટે વિવિધ ખાતાના તથા વિભાગના અધિકારીઓની નિમણૂંક કરી **"રોડ પ્લાનીંગ એન્ડ મેનેજમેન્ટ સેલ"**નું આયોજન કરવામાં આવેલ છે. સદર સેલ દ્વારા નવા વર્ષમાં રોડ રીસરફેસ તથા તેમાં મૂકવના હોર્ડિંગ, વેન્ડરની વ્યવસ્થા, પ્લાન્ટેશન, ફૂટપાથ, પાર્કિંગ તથા ટ્રાફિક વિગેરે બાબતોનું સર્વગ્રાહી મૂલ્યાંકન કરીને રોડ બનાવવામાં આવશે. પરિણામે કોર્પોરેશનના સાધનોનો કાર્યક્ષમ ઉપયોગ થશે અને ખોટા ખર્ચ ઉપર અંકુશ આવશે.

અમદાવાદ શહેરમાં કૂદકે ને ભૂસકે વધી રહેલ વાહનોની સંખ્યાને કારણે ટ્રાફિકની સમસ્યા ચિંતાજનક રીતે આગળ વધી રહેલ છે. જેને કારણે શહેરીજનોનો શ્રમ, સમય, ખર્ચ, પ્રદૂષણ, ઘોંઘાટમાં વધારો થાય છે. આપણા શહેર માટે સારી છાપ ઉભી થાય, શહેરીજનો ટ્રાફિકના નિયમોનું ચુસ્તપણે પાલન કરે, કાર ફ્રી ડે જેવા દિવસની ઉજવણી કરી પબ્લિક ટ્રાન્સપોર્ટનો ઉપયોગ કરે તે જરૂરી છે.

શહેરમાં ઔદ્યોગિકરણ તથા શહેરીકરણને કારણે વાહનોની સંખ્યામાં ચિંતાજનક રીતે થઈ રહેલાં વધારાને કારણે તથા શહેરીકરણને કારણે શહેરની હવામાં ઝેરી પ્રદૂષણો ચિંતાજનક રીતે વધી રહ્યા છે. જે શહેરના નાગરિકોના સ્વાસ્થ્ય અને આરોગ્ય ન જોખમાય તેનું ધ્યાન રાખવું ખૂબ જ જરૂરી છે. આ સંજોગોમાં **City Emission Reduction Plan** નું આયોજન આ બજેટમાં કરવામાં આવેલ છે. આ હેતુથી પ્રો-એક્ટિવ પગલાં તરીકે કોર્પોરેશન દ્વારા ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ સાથે મળી હવામાં ઝેરી તત્ત્વો (પ્રદૂષકો) નું પ્રમાણ માપતી Continuous Ambient Air Quality Monitoring System સ્થાપવાનું આયોજન કરેલ છે. જેનાથી કઈ જગ્યાએ ૨૪ કલાકમાં દિવસ કે રાત્રે ઝેરી તત્ત્વોનું પ્રમાણ જાણી શકાશે. જેથી આ ઝેરી તત્ત્વોને નિયંત્રણમાં રાખવાનું આયોજન થઈ શકશે. હાલમાં મણીનગરમાં આવી સિસ્ટમ શરૂઆત કરેલ છે. આગામી વર્ષે અન્ય ૪-જગ્યાએ શરૂ કરવામાં આવશે. વધુમાં રૂ.૨૫૦.૦૦ કરોડના ખર્ચે કેપીંગ પ્રોજેક્ટ તથા વેસ્ટ ટુ એનર્જી પ્રોજેક્ટ કોર્પોરેશન દ્વારા હાથ ધરવામાં આવનાર છે.

સેલ્ફ હેલ્પ ગ્રુપની રજીસ્ટર્ડ થયેલ બહેનોને કોર્પોરેશન દ્વારા વાહનો પાર્ક કરાવવાની ટ્રેનીંગ આપીને **"પાર્કિંગ માર્શલ"** બનાવવામાં આવશે. જેઓ દ્વારા આવા પાર્કિંગની દેખરેખ રાખવાની કામગીરી સોંપવામાં આવશે અને તેમાંથી જે આવક થશે તે બહેનોને આપવામાં આવશે. પરિણામે મહિલાઓને સ્વતંત્ર રીતે આત્મનિર્ભર થવામાં મદદ મળશે અને સ્ત્રી સશક્તિકરણને ઉત્તેજન મળશે. જેનાથી શહેરની ટ્રાફિક વ્યવસ્થાને સુચારૂ બનાવવાના આયોજનમાં મદદરૂપ થશે.

ભારત સરકાર દ્વારા Digital India ના ભાગરૂપે ૧૦૦ સ્માર્ટ સિટી બનાવવાનું નક્કી કરવામાં આવેલ છે. જેમાં ગુજરાત રાજયના ૬ શહેરોમાં આપણા અમદાવાદ શહેરનો સ્માર્ટ સિટીમાં સમાવેશ થયેલ છે. શહેર સાચા અર્થમાં સ્માર્ટ સિટી બને તે માટે શહેરમાં માળખાગત સુવિધાઓ વૈશ્વિક કક્ષાની બને તથા આધુનિક ઈન્ફર્મેશન અને કોમ્યુનિકેશન ટેક્નોલોજીનો મહત્તમ ઉપયોગ દ્વારા શહેરનો આર્થિક વિકાસ થાય તથા શહેરીજનોને મ્યુનિસિપલ સેવા ઉચ્ચ ગુણવત્તાવાળી પુરી પાડવાનો આશય છે. ઝડપથી શહેરીકરણની બનતી પ્રક્રિયાને પ્રતિસાદ આપવા સ્માર્ટ સિટી મહત્ત્વનું કામ કરશે તેવો વિશ્વાસ છે. સ્માર્ટ સિટી શહેરમાં જોબ ક્રિએશન તથા શહેરના આર્થિક વિકાસ માટેનું ગ્રોથ એન્જીન બનશે તેવી મને ખાતરી છે. સ્માર્ટ સિટી પ્રોજેક્ટ અંતર્ગત PAN City પ્રપોઝલમાં કોર્પોરેશન દ્વારા અમદાવાદ શહેર માટે સ્માર્ટ ટ્રાન્ઝીસ્ટ તથા પોતાનું ફાઈબર ઓપ્ટીકલ નેટવર્ક સહિતનું કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર ઉભું કરવામાં આવનાર છે. જેનાથી શહેરીજનો કોમન કાર્ડ પેમેન્ટ સિસ્ટમની વેબ બેઈઝ તથા મોબાઈલ એપ્લીકેશન દ્વારા શહેરના નાગરિકો બી.આર.ટી.એસ., એ.એમ.ટી.એસ., જી.એસ.આર.ટી.સી. તથા ભવિષ્યમાં મેટ્રો પ્રોજેક્ટ અંતર્ગત પોતાના ટ્રીપ પ્લાનનું રીયલ ટાઈમ મોનીટરીંગ કરી શકશે. જેનાથી શહેરીજનોના સમય અને શ્રમની બચત થશે. કોર્પોરેશનના તમામ વોર્ડ ઓફિસો, ઝોનલ ઓફિસો, સીવિક સેન્ટર, અર્બન હેલ્થ સેન્ટર, પ્રાઈમરી સ્કુલો, હોસ્પીટલો, બગીચાને લગતી કામગીરી માટે કોર્પોરેશન પોતાનું અલાયદું **Fibre Optical Network** ઉભું કરનાર છે. જેનાથી મ્યુનિસિપલ સેવાઓની ડિલીવરીમાં પારદર્શકતા આવશે અને સદર સેવા ઝડપથી કાર્યક્ષમ રીતે ઓછા ખર્ચે પુરી પાડી શકાશે.

શહેરીજનોને પુરી પાડવામાં આવતી સેવાઓમાં ચોક્સાઈથી અને પારદર્શકતા જળવાય તે હેતુથી મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા અમદાવાદનું પોતાનું "**અમદાવાદી એપ**" બનાવવાનું આયોજન છે. જેમાં શહેરીજનોને તેમના વિસ્તારમાં થઈ રહેલ કામની વિગતો જાણવા મળશે.

ઉપરોક્ત અંદાજપત્રના આયોજનોના કામને કારણે આવનાર સમયમાં અમદાવાદ શહેર સાચા અર્થમાં Clean, Green and Blue અમદાવાદ બનશે તેવો મને સંપૂર્ણ વિશ્વાસ છે.

આમ, અમદાવાદ શહેરના સમતોલ તથા સર્વાંગી વિકાસ માટે સ્વર્ણિમ સિદ્ધિ વર્ષથી શરૂ કરવામાં આવેલા આંતરમાળખાકિય સુવિધાના કામો, સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાના કામો, જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રીન્યુઅલ મિશન (JnNURM) ના વિકાસના ચાલતાં કામો, અમૃત યોજના તેમજ સ્માર્ટ સિટી હેઠળ શરૂ થનાર કામો તેમજ સામાજીક તેમજ આરોગ્યલક્ષી સુવિધાઓના કામો સહિત તમામ ઝોનલ પ્રાયોરિટી વર્ક્સના વિકાસ કાર્યોના સંકલિત આયોજન અને કાર્યક્ષમ તથા પારદર્શી વહિવટ સાથેના આગામી વર્ષના રૂ.૧૩૬૫.૦૦ ક્રોડ રેવન્યુ પુરાંત કેપીટલ એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી અંદાજીત રૂ.૨૯૮૦.૦૦ ક્રોડના વિકાસ કાર્યો સાથેનું નાણાંકીય **વર્ષ ૨૦૧૬-૧૭ નું રૂ.૫૬૫૫.૦૦ ક્રોડ**નું અંદાજપત્ર રજૂ કરતાં અત્યંત આનંદ અનુભવું છું.

૧. સને ૨૦૧૪-૧૫ ના વર્ષની ખરેખર પરિસ્થિતિ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સને ૨૦૧૪-૧૫ ના વર્ષના સુધારેલા અંદાજપત્ર સામે સને ૨૦૧૪-૧૫ ના વર્ષની ખરેખર આવક તથા ખર્ચમાં રહેલ છેવટની પરિસ્થિતિ તથા તેની વિગતો નીચે મુજબ રજૂ કરવામાં આવે છે.

૧. રેવન્યુ એકાઉન્ટ

(₹.કરોડમાં)

અ.નં.	વિગત	૨૦૧૩-૧૪ના વર્ષનું ખરેખર આવક/ખર્ચ	સને ૨૦૧૪-૧૫ના વર્ષનો રીવાઈઝડ અંદાજ	વધ-ઘટ	સને ૨૦૧૪-૧૫ ના વર્ષનું ખરેખર આવક/ખર્ચ
આવક					
૧	ઉઘડતી સિલક	૦.૧૭	૦.૧૧	---	૦.૧૧
૨	રેવન્યુ આવક	૨૫૩૮.૧૬	૩૧૧૮.૨૨	-૨૨૭.૫૫	૨૮૯૦.૬૭
	કુલ	૨૫૩૮.૩૩	૩૧૧૮.૩૩	-૨૨૭.૫૫	૨૮૯૦.૭૮
ખર્ચ					
૧	રેવન્યુ ખર્ચ	૧૯૨૩.૭૨	૨૧૬૧.૦૦	-૫૭.૭૦	૨૧૦૩.૩૦
૨	કેપીટલ એકાઉન્ટમાં ટ્રાન્સફર	૬૧૪.૫૦	૯૫૭.૦૦	-૧૬૯.૬૫	૭૮૭.૩૫
૩	આખરી સિલક	૦.૧૧	૦.૩૩	-૦.૨૦	૦.૧૩
	કુલ	૨૫૩૮.૩૩	૩૧૧૮.૩૩		૨૮૯૦.૭૮

૧.૧ રેવન્યુ આવક :

સને ૨૦૧૪-૧૫ ના સુધારેલા અંદાજપત્ર અનુસાર રેવન્યુ આવક ₹.૩૧૧૮.૨૨ કરોડ અંદાજવામાં આવેલી હતી જે સામે ખરેખર આવક ₹.૨૮૯૦.૬૭ કરોડ થયેલ છે. આમ સુધારેલ અંદાજ કરતાં ₹.૨૨૭.૫૫ કરોડની આવક ઓછી થવા પામેલ છે.

રેવન્યુ આવકનું પત્રક

(₹.કરોડમાં)

અ. નં.	બજેટ હેડના નામ	સને ૨૦૧૩-૧૪ ના વર્ષમાં થયેલ ખરેખર આવક	સને ૨૦૧૪-૧૫ ના વર્ષનો સુધારેલ અંદાજ	વધ/ઘટ	સને ૨૦૧૪-૧૫ ના વર્ષમાં થયેલ ખરેખર આવક
	ઉઘડતી સિલક	૦.૧૭	૦.૧૧	---	૦.૧૧
૧.	ઓક્ટ્રોયને બદલે સરકારશ્રીની ગ્રાન્ટ	૮૨૬.૬૩	૯૫૦.૫૨	-૧૨૪.૨૫	૮૨૬.૨૭
૨.	જનરલ ટેક્ષ તથા અન્ય સીધા કર	૩૪૩.૯૬	૩૯૭.૬૭	-૭.૭૭	૩૮૯.૯૦
૩.	વોટર અને કોન્ઝર્વન્સી ટેક્ષ	૨૦૧.૯૪	૨૪૬.૦૦	-૩.૩૧	૨૪૨.૬૯
૪.	વાહન વેરો	૫૫.૦૯	૬૦.૦૦	૨.૧૧	૬૨.૧૧
૫.	વ્યવસાય વેરો	૧૦૧.૧૨	૧૧૦.૦૦	૨.૯૪	૧૧૨.૯૪
૬.	નોન ટેક્ષ રેવન્યુ આવક	૪૫૨.૭૨	૭૫૧.૧૮	-૬૧.૫૮	૬૮૯.૬૦
૭.	રેવન્યુ ગ્રાન્ટ, સબસીડી અને કોન્ટ્રીબ્યુશન	૪૪૩.૫૩	૪૪૬.૭૦	-૯૫.૯૫	૩૫૦.૭૫
૮.	બીજી આવક	૧૧૩.૧૭	૧૫૬.૧૫	૬૦.૨૬	૨૧૬.૪૧
	રેવન્યુ આવકનું કુલ	૨૫૩૮.૧૬	૩૧૧૮.૨૨	-૨૨૭.૫૫	૨૮૯૦.૬૭
	એકંદરે કુલ...	૨૫૩૮.૩૩	૩૧૧૮.૩૩	-૨૨૭.૫૫	૨૮૯૦.૭૮

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની આવકનો સૌથી મહત્ત્વનો સ્રોત મિલકત વેરામાં સને ૨૦૧૪-૧૫ માં જનરલ ટેક્ષ તથા વોટર અને કોન્ઝર્વન્સી ટેક્ષ/ચાર્જની આવક ₹.૬૩૨.૫૯ કરોડ સામે સને ૨૦૧૩-૧૪ માં ₹.૫૪૫.૯૦ કરોડની આવક થયેલ. જે સને ૨૦૧૩-૧૪ માં થયેલ આવક કરતા ₹.૮૬.૬૯ કરોડ વધુ છે.

નોન ટેક્ષ રેવન્યુની આવકના ગ્રુપમાં ભાડુ, સેવાઓનો ચાર્જ તથા ટી.ડી.ઓ.ની આવકમાં વધારો થતાં સને ૨૦૧૩-૧૪ ના વર્ષની ₹.૪૫૨.૭૨ કરોડની સરખામણીમાં સને ૨૦૧૪-૧૫ ના વર્ષમાં ₹.૨૩૬.૮૮ કરોડના વધારા સાથે ₹.૬૮૯.૬૦ કરોડ થયેલ છે. જે ૫૨.૩૨% નો વધારો છે.

આમ સને ૨૦૧૪-૧૫ ના વર્ષના સુધારેલ અંદાજ ₹.૩૧૧૮.૨૨ કરોડની સામે ખરેખર રેવન્યુ આવક ₹.૨૮૯૦.૬૭ કરોડ થયેલ છે. જે ₹.૨૨૭.૫૫ કરોડનો ઘટાડો સૂચવે છે તથા સને ૨૦૧૩-૧૪ ના વર્ષમાં ખરેખર રેવન્યુ આવક ₹.૨૫૩૮.૧૬ કરોડની સામે ₹.૩૫૨.૫૧ કરોડનો વધારો થયેલ છે. જે ૧૩.૮૯% નો વધારો છે.

૧.૨ રેવન્યુ ખર્ચ :

સને ૨૦૧૪-૧૫ ના સુધારેલા અંદાજોમાં રેવન્યુ ખર્ચ ₹.૨૧૬૧.૦૦ કરોડ અંદાજવામાં આવેલ. જે સામે વર્ષાન્તે ખરેખર ખર્ચ ₹.૨૧૦૩.૩૦ કરોડ થયેલ છે. આમ અંદાજેલ ખર્ચ સામે ખરેખર થયેલ ખર્ચમાં ₹.૫૭.૭૦ કરોડનો ઘટાડો થયેલ છે. રેવન્યુ ખર્ચના મુખ્ય સદર પ્રમાણે થયેલ ખર્ચની વિગત નીચે પત્રકમાં દર્શાવ્યા મુજબની છે.

રેવન્યુ ખર્ચનું પત્રક

(₹.કરોડમાં)

અ. નં.	બજેટ હેડના નામ	સને ૨૦૧૩-૧૪ ના વર્ષમાં થયેલ ખરેખર ખર્ચ	સને ૨૦૧૪-૨૦૧૫ ના વર્ષનો સુધારેલો અંદાજ	વધ/ઘટ	સને ૨૦૧૪-૧૫ ના વર્ષમાં થયેલ ખરેખર ખર્ચ	સને ૨૦૧૩-૧૪ ની સામે ૨૦૧૪-૧૫ માં ખરેખર ખર્ચમાં થયેલ વધ/ઘટ (%)
૧	એસ્ટાબ્લીશમેન્ટ	૮૩૭.૨૦	૯૦૦.૯૮	-૦.૭૭	૯૦૦.૨૧	૭.૫૩%
૨	એડમીનીસ્ટ્રેટીવ અને જનરલ ખર્ચ	૫૪.૯૨	૬૭.૫૪	-૧૫.૦૯	૫૨.૪૫	-૪.૫૦%
૩	મરામત અને નિભાવ	૧૬૫.૧૧	૨૦૨.૮૬	-૧૭.૮૦	૧૮૫.૦૬	૧૨.૦૮%
૪	પાવર અને બળતણ	૧૮૩.૫૫	૨૧૮.૫૮	૭.૪૨	૨૨૬.૦૦	૨૩.૧૩%
૫	સર્વિસીસ તથા પ્રોગ્રામના ખર્ચા	૨૧૩.૫૩	૨૪૨.૪૨	-૯.૧૯	૨૩૩.૨૩	૯.૨૩%
૬	કોન્ટ્રીબ્યુશન, ગ્રાન્ટ અને સબસીડી	૪૩૦.૬૯	૪૬૫.૯૧	-૧૯.૩૯	૪૪૬.૫૨	૩.૬૮%
૭	લોન ચાર્જીસ તથા અન્ય નાણાંકીય ખર્ચ	૩૮.૧૮	૬૧.૦૯	-૨.૩૫	૫૮.૭૪	૫૩.૮૫%
૮	અન્ય ખર્ચ	૦.૫૪	૧.૬૨	-૦.૫૩	૧.૦૯	૧૦૧.૮૫%
	રેવન્યુ ખર્ચનું કુલ...	૧૯૨૩.૭૨	૨૧૬૧.૦૦	-૫૭.૭૦	૨૧૦૩.૩૦	૯.૩૪%
	કેપીટલ એકાઉન્ટમાં ટ્રાન્સફર	૬૧૪.૫૦	૯૫૭.૦૦	-૧૬૯.૬૫	૭૮૭.૩૫	૨૮.૧૩%
	આખરી સિલક ...	૦.૧૧	૦.૩૩	-૦.૨૦	૦.૧૩	
	એકંદરે કુલ ...	૨૫૩૮.૩૩	૩૧૧૮.૩૩	-૨૨૭.૫૫	૨૮૯૦.૭૮	૧૩.૮૯%

- એસ્ટાબ્લીશમેન્ટ ખર્ચમાં સને ૨૦૧૪-૧૫ ના વર્ષમાં સુધારેલ અંદાજ ₹.૯૦૦.૯૮ કરોડની સામે ખરેખર ₹.૯૦૦.૨૧ કરોડનો ખર્ચ થયેલ છે. જે સુધારેલ અંદાજની સામે ₹.૦.૭૭ કરોડનો ઘટાડો દર્શાવે છે.

- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના મિલકતોના મરામત-નિભાવની કામગીરી પાછળ સને ૨૦૧૩-૧૪ ની સરખામણીમાં સને ૨૦૧૪-૧૫ ના વર્ષમાં ₹.૧૯.૯૫ કરોડનો વધારે ખર્ચ કરવામાં આવેલ છે.

- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સ્કુલ બોર્ડ, વી. એસ. હોસ્પિટલ, એમ. જે. લાયબ્રેરી તેમજ અન્યને આપવામાં આવતી ગ્રાન્ટના ખર્ચમાં સને ૨૦૧૩-૧૪ ના વર્ષની સરખામણીમાં સને ૨૦૧૪-૧૫ ના વર્ષમાં ₹.૧૫.૮૩ કરોડનો વધારો થયેલ છે તથા સર્વિસ અને પ્રોગ્રામના ખર્ચમાં સને ૨૦૧૩-૧૪ ના વર્ષની સરખામણીમાં સને ૨૦૧૪-૧૫ ના વર્ષમાં ₹.૧૯.૭૦ કરોડનો વધારો થયેલ છે.

આમ, સને ૨૦૧૪-૨૦૧૫ ના વર્ષમાં શરૂઆતની સીલક ₹.૦.૧૧ કરોડ તથા વર્ષ દરમ્યાન થયેલ રેવન્યુ આવક ₹.૨૮૯૦.૬૭ કરોડ એમ મળી કુલ ₹.૨૮૯૦.૭૮ કરોડની આવક સામે કુલ રેવન્યુ ખર્ચ ₹.૨૧૦૩.૩૦ કરોડ થયેલ. જ્યારે ₹.૭૮૭.૩૫ કરોડની રકમ વિકાસના કામો માટે કેપીટલ ફંડમાં ટ્રાન્સફર કરવામાં આવેલ છે અને આખરી સીલક ₹.૦.૧૩ કરોડ રહેલ છે.

૧.૩ કેપીટલ ખર્ચ :

સને ૨૦૧૪-૧૫ ના વર્ષમાં કેપીટલ એકાઉન્ટમાં વિકાસ કામો માટે કુલ ₹.૨૦૮૧.૬૩ કરોડ ખર્ચ થયેલ છે. જેની વિગત નીચે મુજબ છે. જેમાં મુખ્યત્વે મ્યુનિસિપલ ફંડમાંથી ₹.૫૫૧.૫૧ કરોડ અને JnNURM હેઠળ ₹.૧૮૦.૬૮ કરોડના અલગ-અલગ કામો કરવામાં આવેલ છે. આ ઉપરાંત એ.એમ.ટી.એસ., સાબરમતી રીવર ફ્રન્ટ કંપની, અમદાવાદ જનમાર્ગ લિ.ને કુલ ₹.૪૭૯.૧૩ કરોડ આપવામાં આવેલ છે. જ્યારે ગ્રાન્ટ હેઠળ કુલ રૂા.૮૭૦.૩૧ કરોડના કામો કરવામાં આવેલ છે.

(₹.કરોડમાં)

અ. નં.	વિગત	૨૦૧૩-૨૦૧૪ નું ખરેખર	૨૦૧૪-૨૦૧૫ નો સુધારેલ અંદાજ	૨૦૧૪-૨૦૧૫ નું ખરેખર
(ક)	**મ્યુનિસિપલ કોર્પોરેશન ફંડના કામો**			
૧.	ઝોનલ કેપીટલ વર્કસ	૨૦૫.૭૫	૧૬૬.૩૧	૧૪૫.૬૬
૨.	રસ્તા	૨૪.૧૬	૫૦.૦૯	૪૬.૨૭
૩.	પુલો	૩.૪૦	૧૧.૬૨	૧૧.૫૫
૪.	પાણી પુરવઠો	૭૧.૪૨	૯૪.૨૮	૮૫.૯૬
૫.	ડ્રેનેજ	૫૭.૫૪	૮૬.૮૨	૮૭.૫૬
૬.	મકાન	૧૯.૩૭	૩૮.૧૮	૩૪.૩૩
૭.	જાહેર સ્થળો	૧૩.૭૦	૧૮.૫૨	૧૭.૩૬
૮.	સ્ટ્રીટ લાઈટ	૧૬.૧૦	૧૭.૫૦	૧૧.૫૧
૯.	મેડીકલ સાધનો, ફાયર અને સોલીડ વેસ્ટ સાધનો તથા વાહનો	૨૧.૩૮	૧૪.૯૬	૧૩.૧૪
૧૦.	ઈ-ગવર્નન્સ	૯.૪૧	૬.૬૮	૨.૧૨
૧૧.	સ્લમ નેટવર્કીંગ પ્રોજેક્ટ	૦.૧૬	૦.૫૩	૦.૩૦
૧૨.	જમીન સંપાદન	૪.૪૦	૧.૧૦	૧.૦૯
૧૩.	આર્થિક રીતે નબળા વર્ગના લોકોના કામો	૦.૭૬	૨.૨૦	૦.૯૦
૧૪.	હુડકો લોન રી-પેમેન્ટ	૦.૦૦	૯૨.૩૨	૯૨.૩૨
૧૫.	અન્ય	૧.૧૧	૧.૬૫	૧.૪૪
	(ક) નું કુલ	૪૪૮.૬૬	૬૦૨.૭૬	૫૫૧.૫૧

અ. નં.	વિગત	૨૦૧૩-૨૦૧૪ નું ખરેખર	૨૦૧૪-૨૦૧૫ નો સુધારેલ અંદાજ	૨૦૧૪-૨૦૧૫ નું ખરેખર
(ખ)	સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં ટ્રાન્સફર	૦.૦૦	૦.૦૦	૦.૦૦
	કોર્પોરેશન ફંડનું કુલ (નેટ) (ક-ખ)	૪૪૮.૬૬	૬૦૨.૭૬	૫૫૧.૫૧
(ગ)	એ.એમ.ટી.એસ. ને લોન	૨૦૨.૬૬	૨૪૫.૦૦	૨૪૫.૮૦
(ઘ)	સાબરમતી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ	૨૦૪.૯૮	૨૨૧.૫૦	૨૧૮.૩૩
(ચ)	અમદાવાદ જનમાર્ગ લિમીટેડ (AJL)	૧૩.૯૨	૨૦.૦૪	૧૩.૦૦
(છ)	અર્બન ટ્રાન્સપોર્ટ ફંડ	૦.૦૦	૨.૦૦	૨.૦૦
(જ)	JnNURM ના કામો			
૧.	બી.આર.ટી.એસ. - જનમાર્ગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર	૯૯.૮૬	૩૨.૦૦	૩૪.૩૮
૨.	બી.આર.ટી.એસ. - જનમાર્ગ બસ	૨૪.૦૮	૬૬.૫૧	૬૬.૨૮
૩.	સ્ટૉર્મ વોટર ડ્રેઈન	૦.૨૧	૦.૧૦	૦.૦૦
૪.	EWS હાઉસીંગ	૫૭.૭૪	૨૩.૦૦	૨૨.૮૩
૫.	બ્રીજ તથા ફ્લાય ઓવર	૦.૦૫	૦.૦૦	૦.૦૦
૬.	પાણી પુરવઠાના કામો	૦.૧૧	૮.૦૦	૭.૪૭
૭.	ડ્રેનેજ પ્રોજેક્ટ	૪૮.૮૯	૨૦.૦૦	૧૬.૯૬
૮.	એસ.ટી.પી.	૧.૩૮	૨.૪૪	૦.૩૩
૯.	સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ	૨૫.૦૩	૧૩.૯૫	૧૩.૮૪
૧૦.	હેરીટેજ (ભદ્ર વિસ્તારનો વિકાસ)	૯.૦૮	૧૨.૦૦	૧૧.૦૧
૧૧.	ઈ-ગવર્નન્સ	૦.૦૭	૧૧.૫૦	૭.૫૮
	(જ) નું કુલ	૨૬૬.૫૦	૧૮૯.૫૦	૧૮૦.૬૮

અ. નં.	વિગત	૨૦૧૩-૨૦૧૪ નું ખરેખર	૨૦૧૪-૨૦૧૫ નો સુધારેલ અંદાજ	૨૦૧૪-૨૦૧૫ નું ખરેખર
(ઝ)	ગ્રાન્ટના કામો			
૧.	સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના	૫૧૩.૫૭	૫૨૧.૪૯	૫૧૫.૦૮
૨.	સફાઈ કામદાર આવાસ યોજના	૧૧.૨૭	૧૨.૦૦	૧૧.૯૭
૩.	જી.એમ.એફ.બી.ની ગ્રાન્ટના કામો	૬.૬૮	૧૨.૨૦	૧૦.૨૨
૪.	સંસદસભ્યશ્રી - ધારાસભ્યશ્રીની ગ્રાન્ટના કામો	૧૫.૬૯	૧૩.૧૦	૧૧.૨૭
૫.	નાણા પંચની ગ્રાન્ટના કામો	૧૩.૫૦	૧૨.૭૦	૧૧.૧૭
૬.	અન્ય ગ્રાન્ટ	૧.૯૪	૦.૬૦	૦.૫૭
૭.	૭૦:૨૦:૧૦ જનભાગીદારી યોજના	૧૨૮.૪૭	૯૦.૦૦	૧૦૦.૨૪
૮.	રાજીવ આવાસ યોજના	૦.૧૮	૬.૦૦	૩.૪૩
૯.	મુખ્યમંત્રી ગૃહ યોજના - EWS	૦.૫૨	૩૫.૦૦	૫૯.૧૧
૧૦.	મુખ્યમંત્રી ગૃહ યોજના - LIG	૦.૭૨	૧૧૭.૧૧	૧૪૭.૨૫
	(ઝ) નું કુલ	૬૯૨.૫૪	૮૨૦.૨૦	૮૭૦.૩૧
	કુલ ખર્ચ (ક+ખ+ગ+ઘ+ચ+છ+જ+ઝ)	**૧૮૨૯.૨૬**	**૨૧૦૧.૦૦**	**૨૦૮૧.૬૩**

૧.૪ મ્યુનિસિપલ કોર્પોરેશનના દેવાની વિગત :

વર્ષ આખરે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની બાકી દેવાની જુદી-જુદી લોન પ્રમાણે વિગતો નીચે મુજબ છે.

સને ૨૦૧૪-૨૦૧૫ ના અંતે મ્યુનિસિપલ કોર્પોરેશનનું કુલ દેવું

(₹.કરોડમાં)

અ. નં.	લોનનો પ્રકાર	તા.૦૧-૪-૧૪ ના રોજ ઉઘડતી બાકી	નવી લોન	કુલ લોન	ભરપાઇ કરેલ લોન	તા.૩૧-૩-૧૫ ના રોજની આખરી બાકી
૧.	સરકારી લોન	૮૦.૧૧	0.00	૮૦.૧૧	0.00	૮૦.૧૧
૨.	GSFS લોન	0.00	૧૪૦.૬૫	૧૪૦.૬૫	૨.૩૪	૧૩૮.૩૧
૩.	ટેક્ષ ફ્રી બોન્ડ-૨૦૦૫	૯.૧૪	0.00	૯.૧૪	૯.૧૪	0.00
૪.	હુડકો લોન (ગેપ ફંડ)	૨૦૪.૯૩	0.00	૨૦૪.૯૩	૧૦૮.૭૫	૯૬.૧૮
કુલ		૨૯૪.૧૮	૧૪૦.૬૫	૪૩૪.૮૩	૧૨૦.૨૩	૩૧૪.૬૦

૨. સને ૨૦૧૫-૧૬ ના વર્ષ માટેના સુધારેલ અંદાજો

સને ૨૦૧૫-૧૬ ના વર્ષ માટેના સુધારેલ અંદાજો આ સાથેના રેવન્યુ આવક તથા રેવન્યુ ખર્ચના પત્રક મુજબ રાખવા યોગ્ય જણાયેલ છે.

૨.૧ રેવન્યુ આવક :

(₹.કરોડમાં)

અ. નં.	બજેટ હેડના નામ	સને ૨૦૧૫-૧૬ ના વર્ષનો અંદાજ	વધ / ઘટ	સને ૨૦૧૫-૧૬ ના વર્ષનો સુધારેલ અંદાજ
	ઉઘડતી સિલક...	૦.૩૨	-૦.૧૯	૦.૧૩
૧.	ઓક્ટ્રોયની અવેજીમાં રાજ્ય સરકારશ્રીની ગ્રાન્ટ	૧૦૪૫.૫૭	-૯૫.૦૫	૯૫૦.૫૨
૨.	જનરલ ટેક્ષ તથા અન્ય સીધા કર	૪૮૨.૧૬	-૨૦.૮૫	૪૬૧.૩૧
૩.	વોટર અને કોન્ઝર્વન્સી ટેક્ષ	૨૯૩.૧૬	-૧૦.૦૦	૨૮૩.૧૬
૪.	વાહન વેરો	૬૫.૦૦	૦.૦૦	૬૫.૦૦
૫.	વ્યવસાય વેરો	૧૩૩.૩૮	-૩.૩૮	૧૩૦.૦૦
૬.	નોન ટેક્ષ રેવન્યુ આવક	૧૧૦૦.૦૦	-૩૧૯.૬૪	૭૮૦.૩૬
૭.	રેવન્યુ ગ્રાન્ટ સબસીડી અને કોન્ટ્રીબ્યુશન	૬૭૬.૩૫	-૨૩૨.૭૫	૪૪૩.૬૦
૮.	બીજી આવક	૨૧૯.૩૮	૩૬.૬૭	૨૫૬.૦૫
	રેવન્યુ આવકનું કુલ...	૪૦૧૫.૦૦	-૬૪૫.૦૦	૩૩૭૦.૦૦
	એકંદરે કુલ	૪૦૧૫.૩૨	-૬૪૫.૧૯	૩૩૭૦.૧૩

સને ૨૦૧૫-૧૬ ના સુધારેલ અંદાજમાં ટેક્ષ તથા નોનટેક્ષ વિભાગની વર્ષના શરૂઆતના છ માસની આવકોને ધ્યાને લઈ અંદાજીત કુલ રેવન્યુ આવક ₹.૪૦૧૫.૦૦ કરોડ હતી જેમાં ₹.૬૪૫.૦૦ કરોડનો ઘટાડો કરી સુધારેલ આવક ₹.૩૩૭૦.૦૦ કરોડ અંદાજેલ છે. જે સને ૨૦૧૪-૧૫ ની ખરેખર રેવન્યુ આવક ₹.૨૮૯૦.૬૭ કરોડ કરતાં ૧૬.૫૮% વધુ અંદાજેલ છે.

૨.૨ રેવન્યુ ખર્ચ :

રેવન્યુ ખર્ચનું પત્રક

(₹.કરોડમાં)

અ. નં.	બજેટ હેડના નામ	સને ૨૦૧૫-૧૬ ના વર્ષનો અંદાજ	વધ / ઘટ	સને ૨૦૧૫-૧૬ ના વર્ષનો સુધારેલ અંદાજ
૧.	એસ્ટાબ્લીશમેન્ટ	૧૦૧૬.૯૫	-૩૩.૯૮	૯૮૨.૯૭
૨.	એડમીનીસ્ટ્રેટીવ અને જનરલ ખર્ચ	૭૯.૦૦	-૧૪.૦૦	૬૫.૦૦
૩.	મરામત અને નિભાવ	૨૪૯.૫૧	-૧૩.૯૪	૨૩૫.૫૭
૪.	પાવર અને બળતણ	૨૧૫.૦૦	૨૨.૪૮	૨૩૭.૪૮
૫.	સર્વિસ આપવાના તથા પ્રોગ્રામના ખર્ચા	૨૯૨.૦૧	-૯.૬૭	૨૮૨.૩૪
૬.	કોન્ટ્રીબ્યુશન, ગ્રાન્ટ, અને સબસીડી	૭૬૨.૩૪	-૨૮૩.૩૬	૪૭૮.૯૮
૭.	લોન ચાર્જીસ તથા અન્ય નાણાંકીય ખર્ચ	૬૯.૩૫	૧૧.૩૫	૮૦.૭૦
૮.	અન્ય ખર્ચ	૧૩.૩૪	-૧.૩૮	૧૧.૯૬
	રેવન્યુ ખર્ચનું કુલ...	૨૬૯૭.૫૦	-૩૨૨.૫૦	૨૩૭૫.૦૦
	વિકાસના કાર્યોમાં ટ્રાન્સફર	૧૩૧૭.૫૦	-૩૨૨.૫૦	૯૯૫.૦૦
	આખરી સિલક...	૦.૩૨	-૦.૧૯	૦.૧૩
	એકંદરે કુલ....	૪૦૧૫.૩૨	-૬૪૫.૧૯	૩૩૭૦.૧૩

એસ્ટાબ્લીશમેન્ટ ખર્ચ જે સને ૨૦૧૫-૨૦૧૬ ના વર્ષનાં અંદાજમાં ₹.૧૦૧૬.૯૫ કરોડ અંદાજવામાં આવેલ જે સુધારેલ અંદાજમાં ₹.૯૮૨.૯૭ કરોડ થવાનો અંદાજ છે તેમ છતાં કુલ રેવન્યુ આવકના ૨૯.૧૭% થી વધવા દેવામાં આવેલ નથી. પાવર અને બળતણનો ખર્ચ સને ૨૦૧૫-૨૦૧૬ ના વર્ષનો અંદાજ ₹.૨૧૫.૦૦ કરોડ અંદાજેલ. જે સુધારેલ અંદાજમાં ₹.૨૩૭.૪૮ કરોડ થવાનો અંદાજ છે.

સને ૨૦૧૫-૨૦૧૬ ના વર્ષમાં રેવન્યુ ખર્ચના ₹.૨૬૯૭.૫૦ કરોડના અંદાજ સામે સુધારેલ અંદાજમાં ₹.૨૩૭૫.૦૦ કરોડ અંદાજીને ₹.૯૯૫.૦૦ કરોડ વિકાસના કામો માટે ટ્રાન્સફર કરવાનું અંદાજેલ છે. સને ૨૦૧૫-૨૦૧૬ ના વર્ષની આખરે રેવન્યુ એકાઉન્ટમાં ₹.૦.૧૩ કરોડની આખરી સિલક રહેવા અંદાજ છે.

૨.૩ વિકાસ કાર્યો :

સને ૨૦૧૫-૧૬ માં અંદાજેલ ₹.૨૯૬૭.૫૦ કરોડના વિકાસ કાર્યોની સામે રીવાઈઝ અંદાજમાં ₹.૨૪૬૦.૦૦ કરોડના કામો થવાનો અંદાજ છે.

(₹.કરોડમાં)

અ. નં.	વિગત	૨૦૧૫-૧૬ નો અંદાજ	૨૦૧૫-૧૬ નો સુધારેલ અંદાજ
(ક)	**મ્યુનિસિપલ કોર્પોરેશન ફંડના કામો**		
૧.	ઝોનલ કેપીટલ વર્કસ	૩૫૨.૦૦	૧૪૯.૩૫
૨.	રસ્તા	૧૦૧.૫૦	૫૬.૮૯
૩.	પુલો	૮૮.૦૦	૧૨.૪૧
૪.	પાણી પુરવઠો	૧૨૫.૫૦	૧૧૧.૫૦
૫.	ડ્રેનેજ	૧૬૪.૬૦	૧૩૧.૨૫
૬.	મકાન	૧૦૦.૦૦	૩૧.૬૮
૭.	જાહેર સ્થળો	૫૦.૯૦	૧૭.૪૦
૮.	સ્ટ્રીટ લાઈટ	૨૯.૨૫	૨૭.૨૫
૯.	મેડીકલ સાધનો, ફાયર અને સોલીડ વેસ્ટ સાધનો તથા વાહનો	૭૬.૨૦	૫૭.૬૬
૧૦.	ઈ-ગવર્નન્સ	૧૪.૦૦	૧૦.૫૦
૧૧.	સ્લમ નેટવર્કીંગ પ્રોજેક્ટ	૦.૨૫	૦.૯૦
૧૨.	જમીન સંપાદન	૧૦.૦૦	૧૦.૦૦
૧૩.	આર્થિક રીતે નબળા વર્ગના લોકોના કામો	૨૩.૫૦	૧૨.૧૦
૧૪.	અન્ય	૨.૮૦	૨.૮૫
	(ક) નું કુલ	૧૧૩૮.૫૦	૬૩૧.૭૪

અ. નં.	વિગત	૨૦૧૫-૧૬ નો અંદાજ	૨૦૧૫-૧૬ નો સુધારેલ અંદાજ
(ખ)	એ.એમ.ટી.એસ. ને લોન	૨૮૦.૦૦	૩૦૦.૦૦
(ગ)	સાબરમતી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ	૨૪૦.૦૦	૨૨૫.૦૦
(ઘ)	અમદાવાદ જનમાર્ગ લિમીટેડ (AJL)	૩૦.૦૦	૫૧.૦૦
(ચ)	અર્બન ટ્રાન્સપોર્ટ ફંડ	૫.૦૦	૧.૦૦
(છ)	એ.એમ.સી. મેડીકલ એજ્યુકેશન ટ્રસ્ટ	૨.૦૦	૦.૦૦
(જ)	JnNURM ના કામો		
૧.	બી.આર.ટી.એસ. - જનમાર્ગ ઈન્ફ્રાસ્ટ્રકચર	૮.૪૩	૨૫.૩૭
૨.	બી.આર.ટી.એસ. - જનમાર્ગ બસ	૪૫.૦૦	૦.૦૦
૩.	સ્ટૉર્મ વોટર ડ્રેઈન	૦.૦૦	૧.૨૦
૪.	EWS હાઉસીંગ	૬.૦૯	૧૧.૪૪
૫.	પાણી પુરવઠાના કામો	૬૯.૦૦	૩૮.૧૪
૬.	ડ્રેનેજ પ્રોજેક્ટ	૨૦.૪૮	૨૫.૦૦
૭.	એસ.ટી.પી.	૦.૦૦	૨.૫૦
૮.	સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ	૦.૦૦	૬.૩૭
૯.	હેરીટેજ (ભદ્ર વિસ્તારનો વિકાસ)	૨.૦૦	૧.૯૮
૧૦.	ઇ-ગવર્નન્સ	૬.૦૦	૮.૦૦
	(જ) નું કુલ	૧૫૭.૦૦	૧૨૦.૦૦

અ. નં.	વિગત	૨૦૧૫-૧૬ નો અંદાજ	૨૦૧૫-૧૬ નો સુધારેલ અંદાજ
(ઝ)	ગ્રાન્ટના કામો		
૧.	સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના	૬૦૦.૦૦	૬૦૦.૦૦
૨.	સફાઈ કામદાર આવાસ યોજના	૨.૭૮	૩.૩૬
૩.	જી.એમ.એફ.બી.ની ગ્રાન્ટના કામો	૧૦.૦૦	૧૩.૬૦
૪.	સંસદસભ્યશ્રી - ધારાસભ્યશ્રીની ગ્રાન્ટના કામો	૧૫.૦૦	૧૪.૦૦
૫.	નાણા પંચની ગ્રાન્ટના કામો	૧૩.૨૨	૧૮.૦૦
૬.	અન્ય ગ્રાન્ટ	૫૦.૦૦	૧૦.૦૦
૭.	૭૦:૨૦:૧૦ જનભાગીદારી યોજના	૫૪.૦૦	૮૫.૦૦
૮.	રાજીવ આવાસ યોજના	૭૦.૦૦	૨૨.૩૦
૯.	મુખ્યમંત્રી ગૃહ યોજના - EWS	૧૨૦.૦૦	૧૫૦.૦૦
૧૦.	મુખ્યમંત્રી ગૃહ યોજના - LIG	૧૮૦.૦૦	૨૦૦.૦૦
૧૧.	AMRUT અન્વયે સરકારશ્રીની ગ્રાન્ટ	૦.૦૦	૫.૦૦
૧૨.	મેટ્રો પ્રોજેક્ટ	૦.૦૦	૧૦.૦૦
	(ઝ) નું કુલ	૧૧૧૫.૦૦	૧૧૩૧.૨૬
	કુલ ખર્ચ (ક+ખ+ગ+ઘ+ચ+છ+જ+ઝ)	૨૯૬૭.૫૦	૨૪૬૦.૦૦

૨.૪ કેપીટલ આવક :

સને ૨૦૧૫-૧૬ ના વર્ષમાં કેપીટલ આવકનો સુધારેલ અંદાજ નીચે મુજબ છે.

(₹.કરોડમાં)

અ.નં.	વિગત	૨૦૧૫-૧૬ નો મૂળ અંદાજ	૨૦૧૫-૧૬ નો સુધારેલ અંદાજ
૧.	રેવન્યુ પુરાંતમાંથી વિકાસ કાર્યો માટે તબદીલ	૧૩૧૭.૫૦	૯૯૫.૦૦
૨.	JnNURM અન્વયે સરકારશ્રીની ગ્રાન્ટ	૧૩.૩૦	૪૦.૫૦
૩.	સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના	૬૦૦.૦૦	૮૦૯.૦૦
૪.	ટેક્ષ ફ્રી બોન્ડ	૨૦૦.૦૦	૦.૦૦
૫.	કેપીટલ એકાઉન્ટનું બેલેન્સ	૯૩.૭૦	૧૯.૭૨
૬.	સંસદસભ્ય/ધારાસભ્યશ્રીના મત વિસ્તારમાં વિકાસ કામો માટેની ગ્રાન્ટ	૧૬.૦૦	૨૦.૫૦
૭.	જી.એમ.એફ.બી. ની ગ્રાન્ટ	૧૫.૫૦	૨૧.૦૦
૮.	નાણાં પંચની ગ્રાન્ટ	૧૫.૦૦	૪૮.૦૦
૯.	ફાયર ટેક્ષની આવક	૨૦.૦૦	૧૬.૦૦
૧૦.	સફાઈ કામદાર માટે આવાસ યોજનાની ગ્રાન્ટ	૮.૦૦	૦.૦૦
૧૧.	અન્ય આવક	૧૬૩.૭૭	૭૦.૨૮
૧૨.	૭૦:૨૦:૧૦ સ્કીમ હેઠળના કામો અન્વયેની રાજ્ય સરકારશ્રીની ગ્રાન્ટ	૦.૦૦	૬૦.૦૦
૧૩.	મુખ્યમંત્રી ગૃહ યોજના - EWS - LIG ગ્રાન્ટ	૫૩.૦૦	૨૦.૦૦
૧૪.	મુખ્યમંત્રી ગૃહ યોજના - EWS - LIG લાભાર્થી ફાળો	૩૯૬.૭૩	૨૨૦.૦૦
૧૫.	રાજીવ આવાસ યોજના	૫૫.૦૦	૫.૦૦
૧૬.	SRFDCL - લોન રિ-પેમેન્ટ	૦.૦૦	૫.૦૦
૧૭.	મેટ્રો પ્રોજેક્ટ	૦.૦૦	૧૧૦.૦૦
	કુલ.....	૨૯૬૭.૫૦	૨૪૬૦.૦૦

૨.૫ મ્યુનિસિપલ કોર્પોરેશનના દેવાની વિગત :

સને ૨૦૧૫-૧૬ ના વર્ષને અંતે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની જુદી-જુદી લોન પ્રમાણે નીચે મુજબ બાકી દેવું રહેવાનો અંદાજ છે.

(₹.કરોડમાં)

અ. નં.	લોનનો પ્રકાર	તા.૦૧-૪-૧૫ ના રોજ ઉઘડતી બાકી	નવી લોન	કુલ લોન	ભરપાઇ કરવામાં આવનાર લોન	તા.૩૧-૩-૧૬ ના રોજની આખરી બાકી
૧.	સરકારી લોન	૮૦.૧૧	0.00	૮૦.૧૧	0.00	૮૦.૧૧
૨.	હુડકો લોન (ગેપ ફંડ)	૯૬.૧૮	0.00	૯૬.૧૮	૮.૭૫	૮૭.૪૩
૩.	G.S.F.S. લોન	૧૩૮.૩૧	0.00	૧૩૮.૩૧	૨૮.૧૩	૧૧૦.૧૮
	કુલ	૩૧૪.૬૦	0.00	૩૧૪.૬૦	૩૬.૮૮	૨૭૭.૭૨

૩. સને ૨૦૧૬-૧૭ ના વર્ષનું અંદાજપત્ર

☞ સામાન્ય વેરાના દર

ધી બોમ્બે પ્રોવિન્સીયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એકટ ૧૯૪૯ ની કલમ ૯૫(૬) તથા તેને લગતી કાનુની જોગવાઈઓ અનુસાર અંદાજપત્રના વર્ષ માટે નીચે પ્રમાણેના કર દરના ધોરણો રાખવા પેશ કરવામાં આવે છે.

ધી બોમ્બે પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એકટ ૧૯૪૯ ની કલમ ૧૪૧ (એએ) તથા ૧૪૧(બી) થી ૧૪૧(એફ) અન્વયે નકકી કરેલ નિયમો ધ્યાને લેતાં મિલકતવેરો નીચે મુજબ નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં ઉઘરાવવામાં આવશે.

મિલકત વેરા = સામાન્યવેરો + વોટર ટેકસ + કોન્ઝરવન્સી ટેકસ

સામાન્ય વેરો = વાર્ષિક દર × મિલકતનું ક્ષેત્રફળ × (ફેકટર-૧ × ફેકટર-૨ × ફેકટર-૩ × ફેકટર-૪)

ફોર્મ્યુલાની સમજૂતિ

વાર્ષિક દર :

ઉપરોક્ત ફોર્મ્યુલામાં મિલકતનો વાર્ષિક દર ચો.મીટર દીઠ મ્યુનિસિપલ કોર્પોરેશન દર વર્ષે બજેટ મંજૂર કરતી વખતે જાહેર કરશે અને તે દર નક્કી કરતી વખતે કોર્પોરેશને આગામી વર્ષ દરમ્યાન કોર્પોરેશનની નાણાંકીય જરૂરિયાતો લક્ષમાં લેશે.

મિલકતનું ક્ષેત્રફળ : મિલકતનું ક્ષેત્રફળ આકારણી હેઠળની મિલકતના કારપેટ એરીયા ઉપરથી નક્કી કરવામાં આવશે. કારપેટ એરિયા ગણતી વખતે મિલકતની બાહ્ય અને આંતરિક દિવાલો હેઠળના ક્ષેત્રફળ સિવાયનું મિલકતનું તમામ ક્ષેત્રફળ ધ્યાને લેવાનું રહેશે.

ખુલ્લી જમીન માટે જમીનોનું ક્ષેત્રફળ તેનું ખરેખર જે ક્ષેત્રફળ હશે તે ધ્યાને લેવામાં આવશે.

આગામી વર્ષ ૨૦૧૬-૧૭ માટે વાર્ષિક દર

રહેઠાણની મિલકતો માટે	:	પ્રતિ ચોરસ મીટર પ્રતિ વર્ષ રૂા.૧૬/-
બીન રહેઠાણની મિલકતો માટે	:	પ્રતિ ચોરસ મીટર પ્રતિ વર્ષ રૂા.૨૮/-

☞ વોટર ટેક્ષ

	૨૦૧૫-૧૬	૨૦૧૬-૧૭
રહેઠાણની મિલકતો માટે	સામાન્ય કરના ૩૦%	સામાન્ય કરના ૩૦%
બીનરહેઠાણની મિલકતો માટે		
ફેકટર-૧ માટે	સામાન્ય કરના ૩૦%	સામાન્ય કરના ૩૦%
ફેકટર-૭ અને ફેકટર-૨ માટે	સામાન્ય કરના ૩૫%	સામાન્ય કરના ૩૫%
ફેકટર-૬ માટે	સામાન્ય કરના ૪૦%	સામાન્ય કરના ૪૦%

વોટર ટેક્ષના દરમાં વર્ષ ૨૦૧૬-૧૭ માં કોઈ વધારો સૂચવવામાં આવેલ નથી.

ધી બોમ્બે પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ ૧૯૪૯ ની કલમ ૧૪૧ એએ (બી) હેઠળ મળેલ સત્તાની રૂએ કલમ ૧૪૧ બી હેઠળ સને ૨૦૧૬-૨૦૧૭ ના વર્ષમાં સામાન્ય વેરાના નીચે ટેબલમાં દર્શાવેલ દર પ્રમાણે કોન્ઝરવન્સી ટેક્ષ (હલાલખોર કર) વસુલ કરવામાં આવશે.

☞ કોન્ઝર્વન્સી ટેક્ષ (હલાલખોર કર)

	૨૦૧૫-૧૬	૨૦૧૬-૧૭
રહેઠાણની મિલકતો માટે	સામાન્ય કરના ૩૦%	સામાન્ય કરના ૩૦%
બીનરહેઠાણની મિલકતો માટે		
ફેકટર-૧ માટે	સામાન્ય કરના ૩૦%	સામાન્ય કરના ૩૦%
ફેકટર-૭ અને ફેકટર-૨ માટે	સામાન્ય કરના ૩૫%	સામાન્ય કરના ૩૫%
ફેકટર-૬ માટે	સામાન્ય કરના ૪૦%	સામાન્ય કરના ૪૦%

કોન્ઝરવન્સી ટેક્ષ (હલાલખોર કર)ના દરમાં વર્ષ ૨૦૧૬-૧૭ માં કોઈ વધારો સૂચવવામાં આવેલ નથી.

☞ વાહન વેરો

બીપીએમસી એક્ટની કલમ ૧૪૨(૧) મુજબ તથા ગુજરાત સરકાર,શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના ઠરાવ ક્રમાંક અમન/૮૦૨૦૦૮/૧૦૮૯/પી તા.૧૬/૫/૦૮ થી મળેલ મંજુરી અનુસાર અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નવા રજીસ્ટર્ડ થયેલા વાહનો ઉપર આજીવન વાહનવેરો વસુલવામાં આવે છે. સ્ટે.ક.ઠ.નં.૧૬૭૭ તા.૦૨-૦૨-૨૦૧૩ તથા મ્યુ.કોર્પોરેશન ઠ.નં.૨૨૩૮ તા.૧૯-૦૨-૨૦૧૩ અનુસાર તા. ૦૧/૪/૨૦૧૩ થી નીચે મુજબ આજીવન વાહનવેરાના દર રાજ્ય સરકાશ્રીની મંજુરીની અપેક્ષાએ વસુલ કરવામાં આવે છે.

વર્ષ ૨૦૧૬-૧૭ માટે વ્હીકલ ટેક્ષ (આજીવન વાહનવેરાના દર)

અ. નં.	વાહનનો પ્રકાર	આજીવન કરનો દર રૂા.
૧	સ્કુટર, મોટર સાયકલ અને દ્વીચક્રી વાહનો	બેઝીક પ્રાઈસના ૨.૫૦% લેખે
૨	ઓટોરીક્ષા	બેઝીક પ્રાઈસના ૧.૦૦% લેખે
૩	લોડીંગ રીક્ષા	બેઝીક પ્રાઈસના ૧.૦૦% લેખે
૪	**મોટર કાર તથા જીપ (બેઝીક પ્રાઈસ)**	
(એ)	₹.૨,૯૯,૯૯૯ સુધી	બેઝીક પ્રાઈસના ૧.૦૦% લેખે
(બી)	₹.૩,૦૦,૦૦૦ થી ₹.૪,૯૯,૯૯૯ સુધી	બેઝીક પ્રાઈસના ૧.૭૫% લેખે
(સી)	₹.૫,૦૦,૦૦૦ થી ₹.૯,૯૯,૯૯૯ સુધી	બેઝીક પ્રાઈસના ૨.૦૦% લેખે
(ડી)	₹.૧૦,૦૦,૦૦૦ થી ₹.૨૪,૯૯,૯૯૯ સુધી	બેઝીક પ્રાઈસના ૨.૨૫% લેખે
(ઇ)	₹.૨૫,૦૦,૦૦૦ થી ઉપર	બેઝીક પ્રાઈસના ૨.૫૦% લેખ
૫	મેટાડોર - મીનીબસ	બેઝીક પ્રાઈસના ૧.૨૫% લેખે
૬	ટ્રક તથા મોટી બસ તથા અન્ય	બેઝીક પ્રાઇઝના ૧.૨૫% લેખ

ટોકન ફી ના દર વાહન દીઠ રૂા.૨૫/-

૫. એકટની કલમ ૧૨૭ પેટા કલમ (૨) મુજબ બીજા કરો :

(અ) થિયેટર ટેક્ષ : ગુજરાત સરકાર, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના ઠરાવ નં. જી.એફ. સી./૧૧/૨૦૦૦/૨૫૦૫/૨ તા.૦૯-૦૨-૦૧ ના અનુસંધાને તથા સ્ટે.ક.ઠ.નં.૧૬૨૭ તા.૩૧-૦૧-૧૩ ની મંજૂરી અનુસાર તા.૦૧-૦૪-૨૦૧૩ થી થિયેટર શૉ ટેક્ષ, શૉ દીઠ ₹.૭૫/- તથા વિડીયો શૉ માટે શૉ દીઠ ₹.૨૫/- તા.૦૧-૦૪-૧૩ થી વસુલ લેવામાં આવે છે.

☞ ખુલ્લી જમીન ઉપર સામાન્ય વેરો (વેકેન્ટ લેન્ડ ટેક્ષ)

ધી ગુજરાત પ્રોવીન્શીયલ મ્યુનિસિપલ કોર્પોરેશન્સ એકટ, ૧૯૪૯ની કલમ ૪૫૫ હેઠળ મળેલ સત્તાની રૂએ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં મિલકતવેરાની વસુલાત અંગે ક્ષેત્રફળ આધારિત ફોર્મ્યુલા હેઠળ મિલકતવેરાની વસુલાત કરવા સંબંધિત ૨૦૦૧-૨૦૦૨ થી અમલમાં મૂકેલ ધી ગુજરાત પ્રોવિન્શીયલ મ્યુનિસિપલ કોર્પોરેશન્સ એકટ, ૧૯૪૯ ની કલમ ૧૪૧-બી મુજબની સામાન્ય વેરાની ક્ષેત્રફળ આધારિત ફોર્મ્યુલાના શીડયુલ-એ પ્રકરણ ૮ માં નિયમ ૮ (જ) નો ઉમેરો :

૮(જ): શહેરની હદમાં એન.એ. થયેલા હોય અને જયાં રસ્તા, પાણી, ડ્રેનેજ અને સ્ટ્રીટ લાઈટની સુવિધા ઉપલબ્ધ હોય તેવા પ્લોટો ઉપર સામાન્ય વેરો લેવા માટે બનાવવામાં આવેલ ખાસ નિયમોઃ અમદાવાદ શહેરમાં ખુલ્લા પ્લોટો આવેલા છે. જેનો વર્ષોથી ઉપયોગ થતો નથી. પ્લોટની સફાઈ રાખવામાં આવતી નથી પરિણામે આવા પ્લોટોમાં ગંદકી થાય છે. આથી જે પ્લોટો એન. એ. થયેલા હોય અને જયાં રસ્તા, પાણી, ડ્રેનેજ અને સ્ટ્રીટ લાઈટની સુવિધા ઉપલબ્ધ હોય તેવા પ્લોટ ઉપર સામાન્ય વેરો વસુલાત કરવો જોઈએ. જેને અનુલક્ષીને તા.૧-૪-૨૦૦૮ એન.એ. થયેલા હોય અને જયાં રસ્તા, પાણી, ડ્રેનેજ અને સ્ટ્રીટ લાઈટની સુવિધા ઉપલબ્ધ હોય તેવા પ્લોટો પર નીચે મુજબના નિયમોથી સામાન્ય વેરો લેવાનો રહેશે.

૧. પ્લોટો / જમીનોનું કુલ ક્ષેત્રફળને ગણતરીમાં લેવાનું રહેશે.

૨. પ્લોટો / જમીનોનું વર્ગીકરણ ડેવલપમેન્ટ પ્લાન મુજબ નક્કી થયેલ લેન્ડ યુઝ પ્રમાણે રહેણાંકના હેતુ માટે અને તે સિવાયની પ્લોટ / જમીનો રહેણાંક સિવાયના હેતુ માટેની ગણવાની રહેશે અને તેના કર-દર તેના હેતુ મુજબ સામાન્ય કર માટે રહેણાંકના હેતુ માટેના પ્લોટ / જમીનો માટે રહેણાંકનો વાર્ષિક દર ચો.મી. પ્રમાણે તથા બિનરહેણાંકના હેતુ માટેના પ્લોટ / જમીનો માટે બિનરહેણાંકનો વાર્ષિક દર ચો.મી. પ્રમાણે જે નક્કી કરવામાં આવે તે ગણવાનો રહેશે.

૩. પ્લોટો / જમીનોના સ્થળ પરિબળ અંગે રાજ્ય સરકારશ્રીના સ્ટેમ્પ ડ્યુટી વિભાગ દ્વારા શહેરના જુદા-જુદા વિસ્તારો માટે જમીનની કિંમતો નક્કી કરવામાં આવે છે તેનો આધાર લઈ ખુલ્લા પ્લોટ / જમીનની કિંમતના આધારે મંજૂર થયેલ સ્થળ પરિબળના અવયવના દર લાગુ પાડવાના રહેશે.

૪. પ્લોટો / જમીનો માટે દરેક ખુલ્લા પ્લોટ / જમીનની ઉંમરનો અવયવ દર એક (૧.૦૦) ગણવાનો રહેશે.

૫. પ્લોટો / જમીનોના વપરાશના પરિબળ માટે રહેણાંકના હેતુ માટેના પ્લોટ / જમીનો માટે અવયવનો દર ૦.૧ તથા બિનરહેણાંકના હેતુ માટેના પ્લોટ / જમીનો માટે અવયવનો દર ૦.૨ ગણવાનો રહેશે. પરંતુ તમામ ધાર્મિક સ્થળો, ધાર્મિક ટ્રસ્ટો, રજીસ્ટર્ડ શૈક્ષણિક સંસ્થાઓના ટ્રસ્ટો અને ચેરીટી કમિશનર સમક્ષ રજીસ્ટર્ડ થયેલ પબ્લિક ટ્રસ્ટો વિગેરેના પ્લોટો / જમીનોના વેકેન્ટ લેન્ડ ટેક્ષ માટે અવયવનો દર ૦.૦૦ ગણવાનો રહેશે.

૬. પ્લોટો / જમીનોને માલિક તાબે ગણી અવયવનો દર એક (૧.૦૦) રાખવાનો રહેશે.

૭. જે-તે વર્ષમાં નાંખવામાં આવેલ કોન્ઝર્વન્સી ટેક્ષ ટકાવારી મુજબ લાગુ પડશે.

૮. જે ખુલ્લા પ્લોટ / જમીન ઉપર વેકેન્ટ લેન્ડ ટેકસ લેવામાં આવે ત્યાં બાંધકામ થયેથી મિલકતવેરો લેવાની શરૂઆત થાય એટલે આપોઆપ જ ખુલ્લા પ્લોટ ઉપરના વેકેન્ટ લેન્ડ ટેક્ષની વસુલાત બંધ થશે.

૯. જે ખુલ્લા પ્લોટ ઉપર વેરો લેવાય તેમાં સ્વચ્છતા જળવાય અને આ પ્લોટની આજુબાજુના વપરાશકર્તાઓને કોઈ તકલીફ ન પડે તે અંગે યોગ્ય વ્યવસ્થા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને કરવાની રહેશે.

પરંતુ શહેરની હદમાં એન.એ. થયેલા હોય અને જયાં રસ્તા, પાણી, ડ્રેનેજ અને સ્ટ્રીટ લાઈટની સુવિધા ઉપલબ્ધ હોય તેવા પ્લોટો / જમીનોને ધી બોમ્બે પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ, ૧૯૪૯ ના પ્રકરણ-૮ મુજબના ટેક્સેશન રૂલ્સ નં.૫૬ મુજબ મિલકત ખાલી રહેવા અંગેનું રીફંડ મળવાપાત્ર રહેશે નહિં.

☞ નામ ટ્રાન્સફર ફી :

મ્યુનિસિપલ પ્રોપર્ટી ટેક્ષના બીલમાં પ્રથમ કર ભરવાને પાત્ર વ્યક્તિના નામમાં ફેરફાર, મિલકત વેચાણ રાખનાર કરદાતાઓ દ્વારા Transfer of owner Name (TSF) ની નામ ટ્રાન્સફર ફી નું ધોરણ કમિટીમાં ચર્ચા થયા મુજબ રહેઠાણની મિલકતો માટે અરજી દીઠ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજની કિંમતના ૦.૦૨૫% લેખે તથા બીનરહેઠાણ મિલકતો માટે રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજની કિંમતના ૦.૦૫% લેખે (વીલ, વારસાઇની મિલકતોમાં આ ફી નું ધોરણ લાગુ પડશે નહી) રાખવાની અને આનો અમલ સને ૨૦૧૩-૧૪ થી કરવાની સ્ટેન્ડિંગ કમિટીના ઠરાવ નં-૧૮૨/૨૦૧૩-૧૪ તા.૨૫-૦૪-૨૦૧૩ તેમજ અ.મ્યુ.કોર્પોરેશનની સામાન્ય માસિક સભાના ઠરાવ નં.૭૬/૨૦૧૩-૧૪ તા.૧૦-૦૫-૨૦૧૩ થી મંજુરી આપવામાં આવેલ છે.

☞ કેબલ ટી.વી. કનેકશન (મનોરંજન કર) :

રાજય સરકારશ્રી દ્વારા ધી ગુજરાત એન્ટરટેઈનમેન્ટ ટેક્ષ (એમેન્ડમેન્ટ) એકટ, ૨૦૧૪ (ગુજ.૧૮ ૨૦૧૪) નોટીફીકેશન નં. GHT/2014/23/mnr/102014/968/A તા.૨૦-૦૯-૨૦૧૪ અન્વયે તા.૧-૧૦-૨૦૧૪ થી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હદ વિસ્તારમાં કેબલ ઓપરેટરો દ્વારા કેબલ ટી.વી. કનેકશન આપેલ હોય તેવા એક કનેશન દીઠ માસિક રૂા.૬/- લેખે મનોરંજન કર ઉઘરાવવાની અ.મ્યુ.કોર્પોરેશનને સત્તા સોંપવામાં આવેલ છે અને સદર વસુલાત ત્રિમાસિક ધોરણે કરવામાં આવે છે.

☞ વ્યવસાય વેરા વિભાગ (Profession Tax) :

રાજ્ય સરકારશ્રીના જાહેરનામાં ક્રમાંક : ૨૦૦૮ પીએફટી (૯-જીએચએન) એસ) ૨ - એએ- (૧) (ઠ તા.૦૧-૦૪-૨૦૦૮ થી મ્યુનિસિપલ અમદાવાદને મુકરર કોર્પોરેશન ૧ ની નોંધ ક્રમાંક ૧ - સત્તા મંડળ તરીકે મળેલ સત્તા મુજબ કાયદાની અનુસૂચિ (B) અને ૨ થી ૧૦ માં સમાવેશ થતી અને મ્યુનિસિપલ હદ વિસ્તારમાં વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગારમાં રોકાયેલ વ્યક્તિ સંસ્થાઓની પાસેથી વ્યવસાયવેરાની વસુલાત મ્યુનિસિપલ કોર્પોરેશનના વ્યવસાયવેરા વિભાગ દ્વારા કરવામાં આવે છે. વ્યવસાયવેરા કરદાતાની નોંધણી અને વેરાની ચૂકવણી સિટી સિવીક સેન્ટર પર થઈ શકે છે. વ્યવસાયવેરા અધિનિયમના અમલીકરણમાં ઉપસ્થિત થતાં પ્રશ્નો અને તેના નિરાકરણ અંગેના જવાબો (FAQ) તથા અગત્યના ફોર્મ નંબર ૧,૩ અને ૫ મ્યુનિસિપલ કોર્પોરેશનની વેબસાઈટ www.ahmedabadcity.gov.in પરથી ડાઉનલોડ કરીને મેળવી શકાય છે.

PRC એટલે કર્મચારીઓના પગાર/વેતન પર લાગુ પડતો વેતન વેરો છે. ગુજરાત રાજ્ય, વ્યવસાય, વ્યાપાર ધંધા અને રોજગાર વેરા અધિનિયમની ૧૯૭૬ જોગવાઈઓ મુજબ નિયત દરે લાગુ પડતો માસિક વેરો દર માસે કર્મચારીઓના પગારમાંથી કાપવાની અને માસિક/ત્રિમાસિક વેરાની રકમ ત્યાર પછીના મહિનાની ૧૫મી તારીખ સુધીમાં ભરવાની જવાબદારી એમ્પ્લોયરની હોય છે.

PEC એટલે સંસ્થા/પેઢીને લાગુ પડતો વેરો છે. ગુજરાત રાજ્ય, વ્યવસાય, વ્યાપાર ધંધા અને રોજગાર વેરા અધિનિયમ-૧૯૭૬ ની જોગવાઈઓ મુજબ નિયત દરે લાગુ પડતો વાર્ષિક વેરો દર વર્ષે ૩૦-મી સપ્ટેમ્બર સુધીમાં ભરી દેવાનો હોય છે.

વ્યવસાયવેરાના પ્રવર્તમાન દરોની વિગતો નીચે મુજબ છે.

(અ) વ્યક્તિ/સંસ્થાઓને લાગુ પડતો (ઈ.સી.) વેરાનો દર :

ક્રમ	વ્યક્તિઓનો વર્ગ	વાર્ષિક દર રૂ.
૧.	તમામ એડવોકેટ, સોલિસિટર્સ, નોટરી, ડોક્ટર, ઓર્કિટેક્ટ, એન્જીનીયર, તમામ કન્સલ્ટન્ટ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, વીમા શાસ્ત્રી, વીમા એજન્ટો અને સર્વેયર, કોન્ટ્રાક્ટર, દલાલ, કમિશન એજન્ટ, ઓટોમોબાઈલ બ્રોકર્સ, ટુર ઓપરેટર, ટ્રાવેલ એજન્ટ, કેબલ ટી.વી. ઓપરેટર, ફિલ્મ વિતરક, એડ.એજન્સી, ટયુશન અને ટયુટોરીયલ ઈન્સ્ટિટ્યુટ, કોમ્પ્યુટર શિક્ષણ-તાલીમ અને ઈન્ફોર્મેશન આપતી સંસ્થા, ડ્રાઈવિંગ સ્કૂલ, મેરજ હોલ, પાર્ટી પ્લોટ, આંગડીયા, કુરીયર, હેલ્થ-મનોરંજન કલબ, શેર દલાલ, પેટ્રોલ પંપ અને સર્વિસ સ્ટેશન, વિદેશી દારૂ વેચનાર પરમીટધારક, નિવાસી હોટલ અને થિયેટર, તમામ પબ્લીક અને પ્રાઈવેટ લીમીટેડ કંપની, તમામ બેન્કીગ કંપની, રજીસ્ટર થયેલ સહકારી મંડળી, એસ્ટેટ એજન્ટ/બ્રોકર્સ, વિડીયો પાર્લર, વિડીયો લાયબ્રેરી, રજીસ્ટર થયેલ પેઢી, કારખાનાના ભોગવટેદાર, નાણા ધીરધાર, ટ્રાન્સપોર્ટર્સ અને અધિકૃત સ્ટેમ્પ વેન્ડર વિગેરે તેમજ રાજય સરકારશ્રીના નાણા વિભાગના તા.૦૧/૦૪/૨૦૦૮ના જાહેરનામા ક્રમાંકઃ (જીએચએન-૧૦)-પીએફટી-૨૦૦૮-એસ-૩(૨)(૩)-ઠ મુજબ બહાર પડાયેલ અનુસૂચિના કોલમ-૨ માં નિર્દીષ્ટ કરેલા (વેટ કેટેગરીમાં સમાવેશ થતો હોય તે સિવાયના) બાકી રહેતા તમામ વ્યક્તિઓનો વર્ગ.	૨૦૦૦/-
૨.	ગુજરાત વેટ એક્ટ-૨૦૦૩ હેઠળ નોંધણીને પાત્ર થતા વેપારીઓ કે જેઓનું વાર્ષિક ટર્નઓવરઃ-	
	(૧) રૂા.૨,૫૦,૦૦૦/- થી વધુ ન હોય તો	શૂન્ય
	(૨) રૂા.૨,૫૦,૦૦૦/- થી વધુ હોય પણ રૂા.૫,૦૦,૦૦૦/- થી વધુ ન હોય તો	૫૦૦/-
	(૩) રૂા.૫,૦૦,૦૦૦/- થી વધુ હોય પણ રૂા.૧૦,૦૦,૦૦૦/- થી વધુ ન હોય તો	૧૨૫૦/-
	(૪) રૂા.૧૦,૦૦,૦૦૦/- થી વધુ હોય તો	૨૪૦૦/-

(બ) પગારદાર/વેતનદારને લાગુ પડતો (આર.સી.) વેરાનો દર :-

ક્રમ	માસિક પગાર / વેતન	માસિક દર રૂા.
૧.	રૂા. ૬૦૦૦/- થી ઓછો	શૂન્ય
૨.	રૂા. ૬૦૦૦/- અથવા તેથી વધુ પણ રૂા.૯૦૦૦/- થી ઓછો	૮૦/-
૩.	રૂા. ૯૦૦૦/- અથવા તેથી વધુ પણ રૂા.૧૨૦૦૦/- થી ઓછો	૧૫૦/-
૪.	રૂા. ૧૨૦૦૦/- અથવા તેથી વધુ	૨૦૦/-

આગામી વર્ષ સને ૨૦૧૬-૧૭ નું અંદાજપત્ર નીચે મુજબ સૂચવવામાં આવે છે.

૩.૧ રેવન્યુ આવક :

રેવન્યુ આવકનું પત્રક

(₹.કરોડમાં)

અ. નં.	બજેટ હેડના નામ	સને ૨૦૧૫-૧૬ ના વર્ષનો સુધારેલ અંદાજ	સને ૨૦૧૬-૧૭ ના વર્ષનો મ્યુનિ. કમિશ્નરશ્રી એ સૂચવેલ અંદાજ	વધ / ઘટ ટકાવારી
	ઉઘડતી સિલક...	૦.૧૩	૦.૧૩	
૧.	ઓક્ટ્રોયની અવેજીમાં રાજ્ય સરકારશ્રીની ગ્રાન્ટ	૯૫૦.૫૨	૧૦૪૫.૫૭	૧૦.૦૦%
૨.	જનરલ ટેક્ષ તથા અન્ય સીધા કર	૪૬૧.૩૧	૫૦૭.૬૬	૧૦.૦૫%
૩.	વોટર ટેક્ષ અને કોન્ઝર્વન્સી ટેક્ષ	૨૮૩.૧૬	૩૧૧.૪૭	૧૦.૦૦%
૪.	વાહન વેરો	૬૫.૦૦	૭૦.૦૦	૭.૬૯%
૫.	વ્યવસાય વેરો	૧૩૦.૦૦	૧૫૬.૦૦	૨૦.૦૦%
૬.	નોન ટેક્ષ રેવન્યુ આવક	૭૮૦.૩૬	૯૦૦.૦૦	૧૫.૩૩%
૭.	રેવન્યુ ગ્રાન્ટ સબસીડી અને કોન્ટ્રીબ્યુશન	૪૪૩.૬૦	૬૭૦.૪૪	૫૧.૧૪%
૮.	બીજી આવક	૨૫૬.૦૫	૩૭૮.૮૬	૪૭.૯૬%
	રેવન્યુ આવકનું કુલ...	૩૩૭૦.૦૦	૪૦૪૦.૦૦	૧૯.૮૮%
	એકંદરે કુલ...	૩૩૭૦.૧૩	૪૦૪૦.૧૩	

આવકના મુખ્ય સ્રોત ઓકટ્રોય નાબૂદ થતાં તેના બદલે સરકારશ્રી તરફથી આપવામાં આવતી ગ્રાન્ટ, મિલકતવેરા તથા વોટર ટેક્ષ અને કોન્ઝર્વન્સી ટેક્ષની વસુલાતને ધ્યાનમાં રાખીને સને ૨૦૧૫-૧૬ ના સુધારેલ અંદાજમાં ૧૯.૮૮% વધારો કરીને ₹.૬૭૦.૦૦ કરોડની વધારાની આવક અંદાજેલ છે. આ સાથે સને ૨૦૧૬-૧૭ ના વર્ષમાં ઉઘડતી સિલક રૂા.૦.૧૩ કરોડ સાથે કુલ રેવન્યુ આવક ₹.૪૦૪૦.૧૩ કરોડ અંદાજેલ છે.

આમ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સને ૨૦૧૬-૧૭ માં રૂપિયાની આવક નીચે પ્રમાણે રહેશે.

ક્રમ	આવક	૨૦૧૬-૧૭
૧	ઓકટ્રોયની અવેજીમાં રાજ્ય સરકારશ્રીની ગ્રાન્ટ	૨૬ પૈસા
૨	જનરલ ટેક્ષ તથા અન્ય સીધા કર	૧૨ પૈસા
૩	વોટર અને કોન્ઝર્વન્સી ટેક્ષ	૦૮ પૈસા
૪	વાહન વેરો	૦૨ પૈસા
૫	પ્રોફેશન ટેક્ષ	૦૪ પૈસા
૬	નોન ટેક્ષ રેવન્યુ આવક તથા ખાસ કાયદા મુજબની આવક	૨૨ પૈસા
૭	ગ્રાન્ટ, સબસીડી કોન્ટ્રીબ્યુશન	૧૭ પૈસા
૮	અન્ય આવક	૦૯ પૈસા
	કુલ	૧૦૦ પૈસા

REVENUE INCOME
RS. IN CRORE
4500
4000
3500
3000
2500
2000
1500
1000
500
0
807.08
902.38
1196.04
1400.90
1554.17
1616.94
1899.58
2142.12
2117.16
2538.16
2890.67
3370.00
4040.00
2004-05
2005-06
2006-07
2007-08
2008-09
2009-10
2010-11
2011-12
2012-13
2013-14
2014-15
2015-16(RB)
2016-17(B)
YEAR

૩.૨ રેવન્યુ ખર્ચ :

સને ૨૦૧૬-૧૭ ના વર્ષમાં ખર્ચમાં રેવન્યુ ખર્ચનો અંદાજ ₹.૨૬૭૫.૦૦ કરોડ અંદાજવામાં આવેલ છે. અંદાજીત રેવન્યુ ખર્ચનું પત્રક નીચે મુજબ છે.

રેવન્યુ ખર્ચનું પત્રક

(₹.કરોડમાં)

અ. નં.	બજેટ હેડના નામ	સને ૨૦૧૫-૧૬ ના વર્ષનો સુધારેલો અંદાજ	સને ૨૦૧૬-૧૭ ના વર્ષનો મ્યુનિસિપલ કમિશનરશ્રીએ સૂચવેલ અંદાજ	વધ / ઘટ ટકાવારી
૧.	એસ્ટાબ્લીશમેન્ટ	૯૮૨.૯૭	૧૦૯૩.૮૮	૧૧.૨૮%
૨.	એડમીનીસ્ટ્રેટીવ અને જનરલ ખર્ચ	૬૫.૦૦	૮૦.૦૦	૨૩.૦૮%
૩.	મરામત અને નિભાવ	૨૩૫.૫૭	૨૯૧.૪૮	૨૩.૭૩%
૪.	પાવર અને બળતણ	૨૩૭.૪૮	૨૪૮.૦૦	૪.૪૩%
૫.	સર્વિસ આપવાના તથા પ્રોગ્રામના ખર્ચા	૨૮૨.૩૪	૩૨૮.૦૦	૧૬.૧૭%
૬.	કોન્ટ્રીબ્યુશન, ગ્રાન્ટ અને સબસીડી	૪૭૮.૯૮	૫૪૭.૫૭	૧૪.૩૨%
૭.	લોન ચાર્જીસ તથા અન્ય નાણાંકીય ખર્ચ	૮૦.૭૦	૮૨.૦૦	૧.૬૧%
૮.	અન્ય ખર્ચ	૧૧.૯૬	૪.૦૭	-૬૫.૯૭%
	રેવન્યુ ખર્ચનું કુલ	૨૩૭૫.૦૦	૨૬૭૫.૦૦	૧૨.૬૩%
	વિકાસના કામો માટે ટ્રાન્સફર	૯૯૫.૦૦	૧૩૬૫.૦૦	૩૭.૧૯%
	આખરી સિલક	૦.૧૩	૦.૧૩	
	એકંદરે કુલ.....	૩૩૭૦.૧૩	૪૦૪૦.૧૩	૧૯.૮૮%

સને ૨૦૧૬-૧૭ ના વર્ષમાં રેવન્યુ ખર્ચમાં સને ૨૦૧૫-૧૬ ના સુધારેલ અંદાજની સરખામણીમાં ૧૨.૬૩% જેટલો વધારો અંદાજેલ છે. આમ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પુરી પાડવામાં આવતી સેવાઓને વધુ અસરકારક બનાવવા માટેના જરૂરી આવશ્યક ખર્ચાઓ કરવાના અભિગમ સાથે આગામી ૨૦૧૬-૧૭ ના વર્ષમાં ₹.૨૬૭૫.૦૦ કરોડનો રેવન્યુ ખર્ચ અંદાજેલ છે.

આમ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સને ૨૦૧૬-૨૦૧૭ માં રૂપિયાની જાવક નીચે પ્રમાણે રહેશે.

ક્રમ	ખર્ચ	૨૦૧૬-૧૭
૧	એસ્ટાબ્લીશમેન્ટ	૨૭ પૈસા
૨	એડમિનિસ્ટ્રેટીવ તથા જનરલ ખર્ચ	૦૨ પૈસા
૩	મરામત અને નિભાવ	૦૭ પૈસા
૪	વિજળી અને બળતણ	૦૬ પૈસા
૫	સર્વિસ તથા પ્રોગ્રામ ખર્ચ	૦૮ પૈસા
૬	ગ્રાન્ટ અને કોન્ટ્રીબ્યુશન	૧૪ પૈસા
૭	લોન ચાર્જીસ તથા અન્ય	૦૨ પૈસા
૮	રેવન્યુ પુરાંતની વિકાસ કાર્યોમાં ટ્રાન્સફર	૩૪ પૈસા
	કુલ	૧૦૦ પૈસા

REVENUE EXPENDITURE
RS. IN CRORE
3000
2500
2000
1500
1000
500
0
605.58
628.60
779.17
915.81
910.44
1155.99
1322.79
1563.83
1760.56
1923.72
2103.30
2375.00
2675.00
2004-05
2005-06
2006-07
2007-08
2008-09
2009-10
2010-11
2011-12
2012-13
2013-14
2014-15
2015-16 (RB)
2016-17 (B)
YEAR

ESTABLISHMENT EXP.
RS. IN CRORE
1200
1000
800
600
400
200
0
246.74
269.40
310.81
378.39
358.74
512.96
629.99
723.99
762.80
837.20
900.21
982.97
1093.88
2004-05
2005-06
2006-07
2007-08
2008-09
2009-10
2010-11
2011-12
2012-13
2013-14
2014-15
2015-16 (RB)
2016-17 (B)
YEAR

LOAN CHARGES & OTHER FINANCIAL EXP.
RS. IN CRORE
120
100
80
60
40
20
0
96.35
78.06
94.70
109.34
68.82
63.90
12.00
36.96
21.89
38.17
58.74
80.70
82.00
2004-05
2005-06
2006-07
2007-08
2008-09
2009-10
2010-11
2011-12
2012-13
2013-14
2014-15
2015-16 (RB)
2016-17 (B)
YEAR

TRANSFER TO CAP. A/C
RS. IN CRORE
1600
1400
1200
1000
800
600
400
200
0
201
275.00
416.00
485.50
644.00
461.00
576.80
578.30
356.60
614.50
787.35
995.00
1365.00
2004-05
2005-06
2006-07
2007-08
2008-09
2009-10
2010-11
2011-12
2012-13
2013-14
2014-15
2015-16 (RB)
2016-17 (B)
YEAR

૩.૩ સને ૨૦૧૬-૧૭ ના વિકાસ કાર્યો માટે નાણાંકીય આયોજન :

સને ૨૦૧૫-૧૬ ના વર્ષના ચાલુ કામો તથા સને ૨૦૧૬-૧૭ ના નવા કામો સાથે સને ૨૦૧૬-૧૭ ના વર્ષમાં ₹.૨૯૮૦.૦૦ કરોડના વિકાસ કાર્યો કરવા માટે નીચે મુજબ આવક અંદાજવામાં આવેલ છે.

(₹.કરોડમાં)

અ. નં.	વિગત	૨૦૧૬-૧૭ ના વર્ષના વિકાસ કાર્યો માટે મ્યુ.કમિશનરશ્રીએ સૂચવેલ અંદાજીત આવક
૧.	રેવન્યુ પુરાંતમાંથી વિકાસ કાર્યો માટે તબદીલ	૧૩૬૫.૦૦
૨.	સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના	૬૦૦.૦૦
૩.	ટેક્ષ ફ્રી બોન્ડ	૨૦૦.૦૦
૪.	કેપીટલ એકાઉન્ટનું બેલેન્સ	૮૩.૦૫
૫.	સંસદસભ્યશ્રી-ધારાસભ્યશ્રીના વિકાસ કામોની ગ્રાન્ટ	૨૧.૦૦
૬.	જી.એમ.એફ.બી.ની ગ્રાન્ટ	૧૫.૦૦
૭.	ફાયર ટેક્ષની આવક	૨૦.૦૦
૮.	અન્ય	૧૧૫.૯૫
૯.	નાણાં પંચની ગ્રાન્ટ	૧૫.૦૦
૧૦.	રાજીવ આવાસ યોજના અન્વયે ગ્રાન્ટ	૧૦.૦૦
૧૧.	મુખ્યમંત્રી ગૃહ યોજના - EWS અન્વયે ગ્રાન્ટ	૨૦.૦૦
૧૨.	મુખ્યમંત્રી ગૃહ યોજના - LIG અન્વયે ગ્રાન્ટ	૧૦.૦૦
૧૩.	મુખ્યમંત્રી ગૃહ યોજના - EWS - LIG લાભાર્થીનો ફાળો	૨૫૫.૦૦
૧૪.	AMRUT અન્વયે સરકારશ્રીની ગ્રાન્ટ	૨૫.૦૦
૧૫.	મેટ્રો પ્રોજેક્ટ	૪૦.૦૦
૧૬.	EWS - યોજના લાભાર્થી લોન	૬૦.૦૦
૧૭.	SRFDCL લોન રિ-પેમેન્ટ	૧૨૫.૦૦
	કુલ ...	૨૯૮૦.૦૦

૩.૪ સને ૨૦૧૬-૧૭ ના વિકાસ કાર્યો :

સને ૨૦૧૫-૧૬ ના વર્ષના બજેટના ચાલુ કામો તથા સને ૨૦૧૬-૧૭ ના વર્ષમાં હાથ ધરવાના નવા કામો સાથે સને ૨૦૧૬-૧૭ ના વર્ષમાં ₹.૨૯૮૦.૦૦ કરોડના વિકાસ કાર્યો કરવા માટેનું આયોજન છે.

(₹.કરોડમાં)

અ. નં.	વિગત	સને ૨૦૧૫-૧૬ ના વર્ષનો સુધારેલો અંદાજ	સને ૨૦૧૬-૧૭ ના વર્ષમાં વિકાસ ખર્ચનો મ્યુ. કમિશનરશ્રીએ સૂચવેલ અંદાજ
(ક)	મ્યુનિસિપલ કોર્પોરેશન ફંડના કામો		
૧.	ઝોનલ કેપીટલ વર્કસ	૧૪૯.૩૫	૩૬૦.૦૦
૨.	રોડ પ્રોજેક્ટ	૫૬.૮૯	૭૩.૫૦
૩.	બ્રીજ પ્રોજેક્ટ	૧૨.૪૧	૫૫.૦૦
૪.	વોટર પ્રોજેક્ટ	૧૧૧.૫૦	૧૨૬.૦૦
૫.	ડ્રેનેજ પ્રોજેક્ટ	૧૩૧.૨૫	૧૩૭.૭૫
૬.	મકાન	૩૧.૬૮	૪૧.૨૩
૭.	જાહેર સ્થળો	૧૭.૪૦	૪૭.૬૦
૮.	સ્ટ્રીટ લાઈટ	૨૭.૨૫	૨૫.૦૦
૯.	મેડીકલ સાધનો, ફાયર અને સોલીડ વેસ્ટ સાધનો તથા વાહનો	૫૭.૬૬	૧૧૨.૧૫
૧૦.	ઈ-ગવર્નન્સ	૧૦.૫૦	૧૩.૭૫
૧૧.	સ્લમ નેટવર્કીંગ પ્રોજેક્ટ	૦.૯૦	૦.૨૦
૧૨.	જમીન સંપાદન	૧૦.૦૦	૧૦.૦૦
૧૩.	આર્થિક રીતે નબળા વર્ગના લોકોના કામો	૧૨.૧૦	૧૭.૨૫
૧૪.	અન્ય	૨.૮૫	૩.૫૭
	(ક) નું કુલ	૬૩૧.૭૪	૧૦૨૩.૦૦
(ખ)	એ.એમ.ટી.એસ. ને લોન	૩૦૦.૦૦	૩૩૫.૦૦
(ગ)	સાબરમતી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ	૨૨૫.૦૦	૨૪૩.૦૦
(ઘ)	અમદાવાદ જનમાર્ગ લિમીટેડ (AJL)	૫૧.૦૦	૬૦.૦૦
(ચ)	અર્બન ટ્રાન્સપોર્ટ ફંડ	૧.૦૦	૫.૦૦

અ. નં.	વિગત	સને ૨૦૧૫-૧૬ ના વર્ષનો સુધારેલો અંદાજ	સને ૨૦૧૬-૧૭ ના વર્ષમાં વિકાસ ખર્ચનો મ્યુ. કમિશનરશ્રીએ સૂચવેલ અંદાજ
(છ)	JnNURM ના કામો		
૧.	બી.આર.ટી.એસ. - જનમાર્ગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર	૨૫.૩૭	૫.૦૦
૨.	સ્ટૉર્મ વોટર ડ્રેઈન	૧.૨૦	૦.૦૦
૩.	EWS હાઉસીંગ	૧૧.૪૪	૨.૦૦
૪.	પાણી પુરવઠાના કામો	૩૮.૧૪	૩૯.૦૦
૫.	ડ્રેનેજ પ્રોજક્ટ	૨૫.૦૦	૧૦.૦૦
૬.	એસ.ટી.પી.	૨.૫૦	૩૫.૦૦
૭.	સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ	૬.૩૭	૦.૦૦
૮.	હેરીટેજ (ભદ્ર વિસ્તારનો વિકાસ)	૧.૯૮	૦.૦૦
૯.	ઈ-ગવર્નન્સ	૮.૦૦	૦.૦૦
	(છ) નું કુલ	૧૨૦.૦૦	૯૧.૦૦
(જ)	ગ્રાન્ટના કામો		
૧.	સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના	૬૦૦.૦૦	૬૦૦.૦૦
૨.	સફાઈ કામદાર આવાસ યોજના	૩.૩૬	૩.૦૦
૩.	જી.એમ.એફ.બી. ની ગ્રાન્ટના કામો	૧૩.૬૦	૧૧.૦૦
૪.	સંસદસભ્યશ્રી - ધારાસભ્યશ્રીની ગ્રાન્ટના કામો	૧૪.૦૦	૧૬.૦૦
૫.	નાણા પંચની ગ્રાન્ટના કામો	૧૮.૦૦	૫૯.૦૦
૬.	અન્ય ગ્રાન્ટ	૧૦.૦૦	૭૫.૦૦
૭.	૭૦:૨૦:૧૦ જનભાગીદારી યોજના	૮૫.૦૦	૫૪.૦૦
૮.	રાજીવ આવાસ યોજના અન્વયે ગ્રાન્ટના કામો	૨૨.૩૦	૫૦.૦૦
૯.	મુખ્યમંત્રી ગૃહ યોજના - EWS	૧૫૦.૦૦	૧૮૦.૦૦
૧૦.	મુખ્યમંત્રી ગૃહ યોજના - LIG	૨૦૦.૦૦	૧૦૦.૦૦
૧૧.	AMRUT અન્વયે સરકારશ્રીની ગ્રાન્ટના કામો	૫.૦૦	૫૦.૦૦
૧૨.	મેટ્રો પ્રોજેક્ટ	૧૦.૦૦	૨૫.૦૦
	(જ) નું કુલ	૧૧૩૧.૨૬	૧૨૨૩.૦૦
	કુલ ખર્ચ (ક+ખ+ગ+ઘ+ચ+છ+જ)	૨૪૬૦.૦૦	૨૯૮૦.૦૦

૩.૫ મ્યુનિસિપલ કોર્પોરેશનના દેવાની વિગત :

સને ૨૦૧૬-૧૭ ના વર્ષને અંતે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની જુદી-જુદી લોન પ્રમાણે નીચે મુજબ બાકી દેવું રહેવાનો અંદાજ છે.

(₹.કરોડમાં)

અ. નં.	લોનનો પ્રકાર	તા.૦૧-૪-૧૬ ના રોજ ઉઘડતી બાકી	નવી લોન	કુલ લોન	ભરપાઇ થનાર લોન	તા.૩૧-૩-૧૭ ના રોજની આખરની બાકી
૧.	સરકારી લોન	૮૦.૧૧	0.00	૮૦.૧૧	0.00	૮૦.૧૧
૨.	હુડકો લોન (ગેપ ફંડ)	૮૭.૪૩	0.00	૮૭.૪૩	૮.૭૫	૭૮.૬૮
૩.	ટેક્ષ ફ્રી બોન્ડ	0.00	૨૦૦.00	૨૦૦.00	0.00	૨૦૦.00
૪.	G.S.F.S. લોન	૧૧૦.૧૮	0.00	૧૧૦.૧૮	૨૮.૧૩	૮૨.૦૫
	કુલ	૨૭૭.૭૨	૨૦૦.00	૪૭૭.૭૨	૩૬.૮૮	૪૪૦.૮૪

☞ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના

ગુજરાત રાજયની સ્થાપનાના ૫૦ વર્ષની ઉજવણીના ભાગરૂપે અને ગુજરાતમાં વધતી જતી શહેરીકરણની ઝડપ સાથે અને તદ્ અન્વયે ઉપસ્થિત થતા પડકારોને તથા શહેરોની માળખાગત સુવિધાઓની જરૂરિયાતને પહોંચી વળવાના આશયથી રાજય સરકારશ્રીએ સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાનો અમલ વર્ષ ૨૦૦૯-૧૦ થી કરવાનું ઠરાવેલ છે. આ યોજનાનો આશય શહેરી સ્વરાજની સંસ્થાઓ સક્ષમ બને, તેમનો વહીવટ પારદર્શક તેમજ નાગરિક કેન્દ્રિત બને. આ સંસ્થાઓ જાહેર સુખાકારીના ક્ષેત્રે અસરકારક ભૂમિકા ભજવે તે માટે તેઓની જરૂરિયાત મુજબની ઉડીને આંખે વળગે તેવી આંતર-માળખાકીય સુવિધાઓ ઉભી કરવા માટે સહાય આપવાની સાથે સંસ્થાઓ અને નાગરિકોને વિકાસ કાર્યોમાં સક્ષમ અને સહ-ભાગીદાર બનાવવાનો છે.

દેશ અને વિદેશમાં અમદાવાદ શહેરની વિશિષ્ટ ઓળખ પ્રસ્થાપિત કરવા માટે માળખાગત સુવિધાઓ ઉભી કરવા રાજય સરકાર દ્વારા સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાના પ્રોજેકટને પરિપૂર્ણ કરવા અમદાવાદ શહેરમાં જુદા-જુદા વિસ્તારોમાં રોડ, બ્રીજ,ફલાયઓવર, જળ વિતરણ વ્યવસ્થા, ગટર યોજના, શાળાઓનું આધુનિકરણ, સ્પોર્ટસ કોમ્પલેક્ષનો વિકાસ, અર્બન હેલ્થ સેન્ટરોનું નવિનીકરણ માટે રૂા.૬૩૬.૦૦ કરોડના અંદાજીત રકમના ૭૦૦ કામો વર્ષ ૨૦૦૯-૨૦૧૨ સુધીમાં પૂર્ણ કરવામાં આવેલ છે.

સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ વર્ષ ૨૦૧૨-૧૩ માં શહેરી પરિવહન, ટ્રાફીક મેનેજમેન્ટ, પાણી પુરવઠા, ભૂર્ગભ ગટર, સ્લમ વિસ્તારના વિકાસના કામો, હોસ્પીટલ બિલ્ડીગ, સ્કુલ અપગ્રેડેશન વગેરે કામો માટે યુ.ડી.પી.-૭૮ (૧૨-૧૩) હેઠળ રૂા.૨૪૩.૦૦ કરોડની ગ્રાન્ટ અમદાવાદ મહાનગરપાલિકાને મળેલ છે. જે અન્વયે કુલ ૪૪ કામો પૈકી ૪૪ કામો પૂર્ણ કરવામાં આવેલ છે. જે અંતર્ગત રૂા.૨૦૭.૩૫ કરોડનો ખર્ચ થયેલ છે.

યુ.ડી.પી.-૫૭ (૧૨-૧૩) હેઠળ રૂા.૧૮૪.૪૩ કરોડના મંજૂર થયેલ કુલ ૨૦૭ કામોમાં બ્રીજ, મુખ્ય રસ્તા, પાણી પુરવઠાના કામો, ગટર વ્યવસ્થાના કામો, સ્લમ વિસ્તારના કામો, આરોગ્યલક્ષી કામો, ટ્રાફીક, હોસ્પીટલ બિલ્ડીંગ, તથા સ્કુલનો સમાવેશ થાય છે. જે પૈકી ૨૦૭ કામો પૂર્ણ થયેલ છે. જે અન્વયે અત્યાર સુધીમાં રૂા.૨૩૭.૮૬ કરોડનો ખર્ચ થયેલ છે.

યુ.ડી.પી.-૫૭ (૧૩-૧૪) હેઠળ સ્લમ વિસ્તારના કામો, સ્ટ્રોમ વોટર ડ્રેઇન, તળાવ, સ્કુલ, ગાર્ડન, સ્મશાન ગૃહ તથા હોસ્પીટલ બિલ્ડીગ માટે રૂા.૨૪૫ .૦૦ કરોડની ગ્રાન્ટ અમદાવાદ મહાનગરપાલિકાને ફાળવણી કરવામાં આવેલ છે. જે અંતર્ગત ૧૮૨ કામો હાથ ધરવામાં આવેલ છે. જે પૈકી ૧૬૯ કામો પૂર્ણ થયેલ છે જયારે ૧૩ કામો ચાલુ છે. જે અન્વયે અત્યાર સુધીમાં રૂા.૩૦૬.૦૬ કરોડનો ખર્ચ થયેલ છે.

નાણાંકીય વર્ષ ૨૦૧૩-૧૪માં યુ.ડી.પી.-૭૮ હેઠળ ભૌતિક આંતર માળખાકીય સુવિધાના કામો માટે, સ્લમ વિસ્તારના કામો, સ્ટ્રોમ વોટર ડ્રેઇન, સુએજ ટ્રીમેન્ટ પ્લાન્ટ, ટ્રાફીક, ફાયર, તળાવ, સ્વીમીંગ પુલ, લાઇટ તથા શાળાના મકાનો માટે રૂા.૨૦૯.૦૦ કરોડની મળેલ ગ્રાન્ટ સામે રૂા.૫૯૯.૦૦ કરોડના કામોની નોંધણી કરવામાં આવેલ છે. જે પૈકી મંજૂર થયેલ કુલ ૧૫૮ કામો પૈકી ૧૩૫ કામો પૂર્ણ થયેલ છે જયારે ૨૩ કામો ચાલુ છે. જે અન્વયે અત્યાર સુધીમાં રૂા.૪૨૮.૨૬ કરોડનો ખર્ચ થયેલ છે. આમ રૂા.૨૦૯.૦૦ કરોડની ગ્રાન્ટ સામે રૂા.૩૯૦.૦૦ કરોડના વધારાના કામ શરૂ કરવામાં આવેલ. તેથી નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫ માં યુ.ડી.પી.-૭૮ હેઠળ રૂા.૬૯૬.૦૦ કરોડની ગ્રાન્ટ મંજૂર થયેલ હોવાથી બાકી રહેતાં રૂા.૩૦૬.૦૦ કરોડના નવા કામોની નોંધણી સને ૨૦૧૪-૧૫ માં કરવામાં આવેલ છે.

આગવી ઓળખના કામો માટે યુ.ડી.પી.-૭૮ (૧૩-૧૪) માં રૂા.૧૯૪.૦૦ કરોડ તથા યુ.ડી.પી.-૭૮ (૧૪-૧૫) માં રૂા.૧૦૦.૦૦ કરોડ, ગોતા-ગોધાવી કેનાલનો વિકાસ, નર્મદા કેનાલ એચ.આર. થી કોતરપુર વોટર વર્કસ ટ્રીટમેન્ટ પ્લાન્ટ સુધી ગ્રેવિટી લાઈન-૨ નાંખવા તથા નર્મદા કેનાલ પાસે ૫૦૦ એમ.એલ.ડી. પાણી મેળવવા માટે નવું એચ.આર. બનાવવાનું કામ, વરસાદી પાણીના નિકાલ માટે સ્ટૉર્મ વોટર ડ્રેઈનનું કામ, વી.એસ. હોસ્પીટલ કેમ્પસમાં નવું હોસ્પીટલ બિલ્ડીંગ બનાવવાનું કામ, વી.એસ. હોસ્પીટલમાં યુ.જી. હોસ્ટેલ બનાવવાનું કામ, વી.એસ. હોસ્પીટલમાં ગર્લ્સ હોસ્ટેલ બનાવવાનું કામ એમ કુલ ૬-કામો આગવી ઓળખ તરીકે રૂા.૫૧૬.૦૦ કરોડના ખર્ચે લીધેલ છે.

યુ.ડી.પી.-૭૮ (૧૪-૧૫) ની રૂા.૩૦૪.૦૦ કરોડની ગ્રાન્ટ સામે ૭૮ કામો બુક કરેલ છે. જે પૈકી ૧૦ કામો પૂર્ણ થયેલ છે જયારે ૬૮ કામો ચાલુ છે. જે અન્વયે અત્યાર સુધીમાં રૂા.૧૧૫.૩૨ કરોડનો ખર્ચ થયેલ છે.

યુ.ડી.પી.-૭૮ (૧૫-૧૬) ની રૂા.૬૩૪.૦૦ કરોડની ગ્રાન્ટ સામે રૂા.૩૦૦.૦૦ કરોડના કુલ ૧૨૮ કામો બુક કરેલ છે તથા રૂા.૧૯.૮૭ કરોડનો ખર્ચ થયેલ છે.

યુ.ડી.પી.-૭૮ (૧૫-૧૬) માં રોડ રીસરફેસ માટે રૂા.૧૩૦.૦૦ કરોડની ગ્રાન્ટ સામે ૧૦૦ કામો બુક કરેલ છે તથા રૂા.૫૧.૭૧ કરોડનો ખર્ચ થયેલ છે.

☞ "જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રીન્યુઅલ મીશન" (JnNURM) યોજના

જેએનએનયુઆરએમ યોજનાના યુઆઈજી સબમીશન હેઠળ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના રૂા.૨૨૦૪.૭૧ કરોડના ૨૩ પ્રોજેક્ટો તથા ઔડાના રૂા.૩૬૯.૧૨ કરોડના ૮ પ્રોજેક્ટો મળીને કુલ રૂા.૨૫૭૩.૮૩ કરોડના ૩૧ પ્રોજેક્ટ મંજૂર થયેલ છે. યુઆઈજી સબમીશન હેઠળ મંજૂર થયેલ ૩૧ પ્રોજેક્ટો પૈકી ૫ પ્રોજેક્ટ એપ્રિલ-૨૦૧૨ થી માર્ચ-૨૦૧૪ સુધીના ટ્રાન્ઝીશન ફેઝમાં મંજૂર થયેલ છે. અગાઉ માર્ચ-૨૦૧૨ સુધીમાં મંજૂર થયેલ ૨૬ પ્રોજેક્ટ પૈકી નવેમ્બર-૨૦૧૫ સુધીમાં ૨૪ પ્રોજેક્ટ પૂર્ણ થયેલ છે બાકીના ૨ પ્રોજેક્ટ માર્ચ-૨૦૧૬ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે તથા ટ્રાન્ઝીશન ફેઝમાં મંજૂર થયેલ ૫ પ્રોજેક્ટની કામગીરી ચાલુ છે. આગામી વર્ષમાં પૂર્ણ કરવાનું આયોજન કરેલ છે.

બીએસયુપી સબમીશન હેઠળ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના રૂા.૩૮૨.૪૯ કરોડના ખર્ચે શહેરી ગરીબો માટે ૨૦૧૬૦ આવાસો બનાવવાના તથા ઔડાના રૂા.૧૮૫.૧૯ કરોડના ખર્ચે ૧૩૬૬૪ આવાસો બનાવવાના મળીને કુલ રૂા.૫૬૭.૬૮ કરોડના ખર્ચે ૩૩૮૨૪ આવાસો બનાવવાના પ્રોજેક્ટ મંજૂર થયેલ અને પ્રોજેક્ટની કામગીરી પૂર્ણ થયેલ છે.

જેએનએનયુઆરએમ યોજના હેઠળ ટ્રાન્ઝીશન ફેઝમાં મંજૂર થયેલ પ્રોજેક્ટોની વિગતો નીચે મુજબ છે.

→ જોધપુર વોર્ડ તથા નવરંગપુરા, સ્ટેડીયમ અને જૂના વાડજ વોર્ડમાં ૨૪x૭ પાણી વિતરણની યોજના

સમગ્ર શહેરમાં દિવસના ૨૪ કલાક પૂરતા પ્રેશરથી પાણી મળી રહે અને શહેરીજનોની સુખાકારીમાં વધારો થાય તે માટે ૨૪ x ૭ ની પાણી વિતરણની યોજનાનું અમલીકરણ કરવાનું અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નક્કી કરવામાં આવેલ છે. જેમાં પ્રથમ તબક્કામાં નવા પશ્ચિમ ઝોનના સમગ્ર જોધપુર વોર્ડમાં તથા પશ્ચિમ ઝોનના નવરંગપુરા, સ્ટેડીયમ અને જૂના વાડજ વોર્ડના અમુક વિસ્તારોમાં ૨૪ x ૭ પાણી વિતરણની યોજનાનો અમલ કરવાનું આયોજન કરેલ છે.

આ માટે જેએનએનયુઆરએમ યોજના અંતર્ગત ટ્રાન્ઝીશન ફેઝમાં નવા પશ્ચિમ ઝોનના જોધપુર વોર્ડમાં ૨૧.૮૭ ચો.કિ.મી. વિસ્તારમાં ૨૪ x ૭ પાણી વિતરણ યોજનાનો રૂા.૩૫.૫૨ કરોડનો પ્રોજેક્ટ તથા પશ્ચિમ ઝોનના નવરંગપુરા, સ્ટેડીયમ અને જૂના વાડજ વોર્ડમાં અમુક વિસ્તારોમાં ૨૪ x ૭ પાણી વિતરણ યોજનાનો રૂા.૧૧.૩૭ કરોડના મંજૂર થયેલ પ્રોજેક્ટની કામગીરી ચાલુ છે. જેની કામગીરી માર્ચ-૨૦૧૬ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન કરવામાં આવેલ છે.

➙ Supervisory Control and Data Acquisition (SCADA) :

❑ વોટર સપ્લાય સિસ્ટમનું ઓટોમેશન (SCADA) :

અમદાવાદ શહેરના હયાત ૧૫૧ વોટર ડિસ્ટ્રીબ્યુશન સ્ટેશન અને ૪ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટના રોજે-રોજના ઓપરેશનમાં વધુ પારદર્શકતા લાવી શકાય તે માટે આ તમામ વોટર ડિસ્ટ્રીબ્યુશન સ્ટેશનો તેમજ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ ખાતે ઈન્સ્ટ્રુમેશન તથા ઓટોમાઈઝેશન સાથે સ્કાડા સિસ્ટમના અમલીકરણ કરવા માટે જેએનએનયુઆરએમ યોજના હેઠળ મંજૂર થયેલ વોટર સપ્લાય સિસ્ટમ (સ્કાડા બેઈઝ) ના રૂા.૩૩.૩૬ કરોડના પ્રોજેક્ટની કામગીરી ચાલુ છે જે માર્ચ-૨૦૧૬ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન કરેલ છે. આ યોજનાના અમલીકરણ કરવાથી પાણીની જળવિતરણ વ્યવસ્થાનું જરૂરી નિયમન એક જ જગ્યા થી થાય તેમજ તમામ વિગતો જેવી કે પાણીનો જથ્થો, પ્રેશર, વિજવપરાશ તથા રેસીડયુઅલ કલોરીન વિગેરેનું એકત્રીકરણ હાથ ધરી શકાશે.

સ્કાડા વોટર પ્રોજેક્ટના મુખ્ય ઘટકોમાં સ્કાડા માસ્ટર કન્ટ્રોલ રૂમ, દરેક ઝોન માટે ઝોનલ ઓફિસ ખાતે ટેલી પ્રોસેસીંગ સિસ્ટમ, દરેક વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ અને વોટર ડિસ્ટ્રીબ્યુશન સ્ટેશન ખાતે વોટર ટ્રીટમેન્ટ, મેનેજમેન્ટ અને ડિસ્ટ્રીબ્યુશનના ઈન્સ્ટ્રુમેન્ટનો સમાવેશ થાય છે.

❑ સુઅરેજ સિસ્ટમનું ઓટોમેશન (SCADA) :

અમદાવાદ શહેરના તમામ ડ્રેનેજ પમ્પીંગ સ્ટેશન તથા સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટને SCADA સિસ્ટમ વડે કનેક્ટ કરી તેનું ઓનલાઈન મોનીટરીંગ કરવા માટે જેએનએનયુઆરએમ યોજના હેઠળ મંજૂર થયેલ રૂા.૨૭.૭૪ કરોડ પ્રોજેકટની કામગીરી ચાલુ છે જે માર્ચ-૨૦૧૬ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. સદર SCADA સિસ્ટમ વડે ૪૬ પમ્પીંગ તેમજ ૭ એસ.ટી.પી. ને જોડી એક માસ્ટર કંટ્રોલ રૂમ દ્વારા દરેક પ્રોસેસ ઈક્વિપમેન્ટ તથા ઈલેક્ટ્રિકલ અને મિકેનીકલ કોમ્પોનન્ટનું મોનીટરીંગ કરવામાં આવશે. આ ઉપરાંત સુએજનો ફલો, પ્રેશર તેમજ ટ્રીટેડ સુએજની ક્વોલિટી તેમજ બીજા ઈલેકટ્રિકલ પેરામીટરનું ઓનલાઈન મોનીટરીંગ થશે. સદર સિસ્ટમ દ્વારા સુઅરેજ સિસ્ટમમાં થતા બ્રેક-ડાઉન તેમજ અન્ય ઈલેકટ્રીકલ અને મિકેનીકલ ફોલ્ટ ત્વરીત જાણી ઝડપથી યોગ્ય પગલાં લઈ શકાશે.

☞ અટલ મિશન ફોર રીજુવીનેશન એન્ડ અર્બન ટ્રાન્સફોર્મેશન (AMRUT)

"અટલ મિશન ફોર રીજુવીનેશન એન્ડ અર્બન ટ્રાન્સફોર્મેશન (અમૃત) યોજનાનો હેતુ દેશના વસ્તીના આધારે મોટા શહેરોની માળખાગત સુવિધાઓની બાબતમાં સર્વાંગી તથા ચોકકસ દિશામાં વિકાસ થાય તે માટે કેન્દ્ર સરકારશ્રી દ્વારા તા.૨૫-૦૬-૨૦૧૫ ના રોજ અટલ મિશન ફોર રીજુવીનેશન એન્ડ અર્બન ટ્રાન્સફોર્મેશન ની રચના કરવામાં આવેલ છે. અમૃત મિશન અંતર્ગત અલગ-અલગ કેટેગરી ધરાવતા દેશના પાંચસો શહેરોનો સમાવેશ કરવાનું નક્કી કરેલ છે.

સદરહુ મિશનમાં ઘરોમાં મૂળભૂત સેવાઓ (દા.ત. પાણી પુરવઠો, ગટર, શહેરી પરિવહન) પૂરી પાડવાનું આયોજન છે તથા બિલ્ડ સુવિધાથી ખાસ કરીને ગરીબ અને બધા માટે જીવનની ગુણવત્તામાં સુધારો થશે. જે શહેરો સુવિધાઓ થી વંચિત છે તેને રાષ્ટ્રીય અગ્રતા આપવાનું નક્કી કરવામાં આવેલ છે.

અટલ મિશનનો હેતુ કાયાકલ્પ અને શહેરી ટ્રાન્સફોર્મેશનનો છે. (૧) દરેક ઘરમાં પાણી માટે નળ અને ગટરનું જોડાણ છે તે સુનિશ્ચિત કરવું. (૨) હરીયાળી વિકાસ દ્વારા શહેરોમાં સુખસગવડના મૂલ્યમાં વધારો કરવા અને ખુલ્લી જગ્યાઓ (દા.ત. ઉદ્યાનો) સારી રીતે જાળવવા (૩) પબ્લિક ટ્રાન્સપોર્ટ દ્વારા પ્રદૂષણ ઘટાડવા અથવા નોન મોટરાઈઝ્ડ ટ્રાન્સપોર્ટ વૉકિંગ અને સાયકલિંગ જેવી સુવિધાઓનું નિર્માણ કરવું. આ તમામ પરિણામો નાગરિકો, ખાસ કરીને મહિલાઓ દ્વારા આંકવામાં આવે છે અને શહેરી વિકાસ મંત્રાલય (MoUD) દ્વારા સૂચવેલ સર્વિસ લેવલ બેન્ચમાર્ક સ્વરૂપમાં સંકેતો અને ધોરણો નક્કી કરવામાં આવેલ છે.

અગાઉ મિશનમાં શહેરી વિકાસ મંત્રાલય દ્વારા દરેક પ્રોજેક્ટવાઈઝ મંજૂરી આપવામાં આવતી હતી. જ્યારે અમૃત મિશનમાં રાજ્ય સરકાર દ્વારા જે-તે પ્રોજેક્ટની મંજૂરી આપવામાં આવશે અને કેન્દ્ર સરકારના શહેરી વિકાસ મંત્રાલય દ્વારા વર્ષમાં એકવાર State Annual Action Plan અંતર્ગત મંજૂરી આપવાનું નક્કી કરવામાં આવેલ છે. આમ રાજ્યોને જે-તે પ્રોજેક્ટના પ્લાનીંગ અને અમલીકરણમાં સરખા ભાગીદાર બનાવીને Co-operative Federation ના વિચારને હકિકતમાં લાવવાનો પ્રયાસ કરેલ છે.

અમૃત મિશન અંતર્ગત કેન્દ્ર સરકાર દ્વારા મંજૂર કરેલ પ્રોજેક્ટની રકમના ૨૦:૪૦:૪૦ ના ત્રણ હપ્તામાં ફંડ આપવામાં આવશે. અમદાવાદ શહેર માટે પ્રોજેક્ટની રકમના કેન્દ્ર સરકાર દ્વારા ૩૩.૩૩%, રાજ્ય સરકાર દ્વારા ૨૦% અને બાકીનો ખર્ચ અર્બન લોકલ બોડીએ ભોગવવાનો રહેશે. અમૃત મિશન દ્વારા રિફોર્મ દ્વારા સુધારો કરવાનો એક ઉદ્દેશ રાખેલ છે. મિશન પિરીયડ દરમ્યાન અલગ-અલગ ૧૧-શ્રેણીમાં સુધારાનો લક્ષ્યાંક રાખેલ છે.

અમૃત મિશન અંતર્ગત ૨૦૧૫ ના વર્ષમાં અમદાવાદ શહેર માટે રૂા.૮૨.૦૦ કરોડનો જૂના વાડજ જલવિહાર ખાતે સેકન્ડરી સુઅરેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવાનો પ્રોજેક્ટ મંજૂર થયેલ છે.

➞ જલવિહાર, જૂના વાડજ ખાતે ૬૦ એમ.એલ.ડી. નો સુઅરેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ :

હયાત મેઈન ટ્રન્ક અને એસ.ટી.પી.માં સુઅરેજનું ભારણ ઘટાડવા માટે રૂા.૮૨.૦૦ કરોડના ખર્ચે જલવિહાર જૂના વાડજ ખાતે ૬૦ એમ.એલ.ડી. નો સેકન્ડરી સુઅરેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ અમૃત યોજના હેઠળ બનાવવામાં આવશે. ખેતીવાડી અને પીવાના પાણીની માંગ વધવાથી ભવિષ્યમાં સાબરમતી રીવર ફ્રન્ટ પ્રોજેક્ટ માટે નર્મદાનું પાણી મળી શકે તેમ ન હોવાથી સાબરમતી રીવર ફ્રન્ટમાં પાણીનું લેવલ જાળવવા માટે સદરહુ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં શુદ્ધ કરેલ પાણી સાબરમતી રીવર ફ્રન્ટમાં છોડવાનું તથા સદરહુ ટ્રીટેડ કરેલ પાણીનો બગીચાઓ માટે તથા સાબરમતી રીવર ફ્રન્ટ પ્રોજેક્ટ અંતર્ગત ઉભા કરવામાં આવેલા ધોબીઘાટની સુવિધામાં ઉપયોગ કરવાનું આયોજન કરવામાં આવેલ છે.

સદરહુ યોજનાના ઘટકોમાં જલવિહાર ખાતે સુએજ પંપીંગ સ્ટેશન બનાવવા, ૬૦ એમ.એલ.ડી. સેકન્ડરી ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવા તથા મેઈન ટ્રન્ક લાઈન નાંખવાનો સમાવેશ થાય છે.

સદરહુ જલવિહાર ખાતે સુઅરેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટની યોજનાના રૂા.૮૨.૦૦ કરોડના ખર્ચ પૈકી કેન્દ્ર સરકાર દ્વારા રૂા.૨૭.૩૩ કરોડ તથા રાજ્ય સરકાર દ્વારા રૂા.૧૬.૪૦ કરોડ આપવામાં આવશે તથા બાકીના રૂા.૩૮.૨૭ કરોડ અ.મ્યુ.કો. દ્વારા ભોગવવામાં આવશે.

અમૃત યોજના અંતર્ગત આગામી ૨૦૧૬-૧૭ ના વર્ષમાં પાણી તથા ડ્રેનેજના રૂા.૨૫૦.૦૦ કરોડની યોજનાઓનું અમલીકરણ કરવાનું આયોજન કરવામાં આવેલ છે.

૪. મ્યુનિસિપલ કોર્પોરેશન ફંડના વિકાસ કાર્યો

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સ્વભંડોળ તેમજ અન્ય કેપીટલ આવકમાંથી નીચે મુજબના વિકાસ કાર્યો કરવાનું આયોજન કરેલ છે.

૪.૧ ઝોનલ પ્રાયોરીટી વર્કસ :

સને ૨૦૦૪-૦૫ માં ઝોનવાઈઝ ફંડ ફાળવી શરૂ કરવામાં આવેલ વિકાસ કાર્યોની પરંપરામાં સને ૨૦૦૭-૦૮ ના અંદાજપત્રથી સુધારો કરી તેને પ્રથમવાર વોર્ડ વાઈઝ કામો અગાઉથી નક્કી કરી તે મુજબ અંદાજપત્રમાં જોગવાઈ કરવામાં આવેલ. આ પરંપરાને આગળ વધારતાં આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં કરવાના થતાં ઝોનલ પ્રાયોરીટી વર્કસ હેઠળના કામો માટે વોર્ડ વાઈઝ ગઠન કરવામાં આવેલ વોર્ડ કમિટીની બેઠક બોલાવી વોર્ડ વાઈઝ કરવાના થતાં વિકાસ કાર્યો નક્કી કરવામાં આવેલ છે અને તે મુજબ અંદાજપત્રમાં જોગવાઈ કરવામાં આવેલ છે. જેની ઝોન વાઈઝ વિગતો નીચે મુજબ છે.

(₹.કરોડમાં)

ક્રમ	ઝોનનું નામ	ફાળવેલ રકમ	કેરી ફોરવર્ડ કામોની રકમ	નવા વિકાસના કામોની રકમ
૧	મધ્ય ઝોન	૩૬.૦૦	૨.૭૩	૩૩.૨૭
૨	પશ્ચિમ ઝોન	૪૭.૦૦	૦.૦૦	૪૭.૦૦
૩	ઉત્તર ઝોન	૬૫.૦૦	૧.૯૩	૬૩.૦૭
૪	પૂર્વ ઝોન	૬૫.૦૦	૨.૩૭	૬૨.૬૩
૫	દક્ષિણ ઝોન	૬૫.૦૦	૫.૩૭	૫૯.૬૩
૬	નવા પશ્ચિમ ઝોન	૮૨.૦૦	૧૦.૫૧	૭૧.૪૯
	કુલ	૩૬૦.૦૦	૨૨.૯૧	૩૩૭.૦૯

નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં ₹.૩૩૭.૦૯ કરોડના નવા ઝોનલ વિકાસ કાર્યો તથા પાછલા વર્ષોના ચાલુ ₹.૨૨.૯૧ કરોડના વિકાસ કાર્યો મળી કુલ ₹.૩૬૦.૦૦ કરોડ ઝોનલ પ્રાયોરીટી વર્કસ હેઠળ ફાળવવામાં આવેલ છે.

☞ મધ્ય ઝોન

✧ રૂા.૩.૦૦ કરોડના ખર્ચે રાયખડ વોર્ડમાં લાલ દરવાજા સ્નાનાગારનું અદ્યતન સુવિધાયુક્ત રીનોવેશન કરવાની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.

સુવર્ણ જયંતિ શહેરી વિકાસ યોજના અંતર્ગત ચાલુ કામોઃ-

✧ રૂા.૪.૩૭ કરોડના ખર્ચે મધ્યઝોન ના (દૂધેશ્વર,શાહપુર,માધુપુરા તથા ગિરધરનગર) વોર્ડનાં જુદા જુદા રસ્તા રીસરફેસ કરવાની કામગીરી

✧ રૂા.૨.૦૨ કરોડના ખર્ચે (રાયખડ, જમાલપુર)ના વોર્ડમાં જુદી-જુદી જગ્યાએ રોડ રીસરફેસ કરવાની કામગીરી

✧ રૂા.૧.૨૯ કરોડના ખર્ચે (કાલુપુર, દરિયાપુર)ના વોર્ડમાં રોડ રીસરફેસ કરવા

✧ રૂા.૫.૨૬ કરોડના ખર્ચે મધ્યઝોનની જુદી જુદી ડ્રેનેજ તથા સ્ટોર્મ વોટર ડ્રેનેજ લાઈનને સુપર સકર મશીનથી ડીસીલ્ટીંગ કરવાની કામગીરી

✧ મધ્ય ઝોનમાં આવેલ લાલા કાકા હોલનો હયાત જુનો એક માળનો હોલ તોડી રૂા.૧.૫૦ કરોડના ખર્ચે નવો બે માળનો આધુનિક સુવિધાયુક્ત ૧૪ સી.સી.ટી.વી. કેમેરા દ્વારા સર્વેલન્સ સીસ્ટમ સહિતનો હોલ બનાવવામાં આવનાર છે.

✧ શાહીબાગ તથા તિલકબાગ પ્લાઝાનો વિકાસ રૂા.૧.૦૦ કરોડના ખર્ચે કરવામાં આવનાર છે.

આગામી વર્ષના મુખ્ય કામોની યાદી :

✧ રૂા.૧.૨૧ કરોડના ખર્ચે જમાલપુર વોર્ડમાં ટી.પી.સ્કીમ નંબર-૧ જમાલપુરના ફાયનલ પ્લોટ નંબર-૭ સ્લોટર હાઉસવાળી જગ્યામાં પાર્ટી પ્લોટ બનાવવાની કામગીરી

✧ રૂા.૨.૦૦ કરોડના ખર્ચે કાલુપુર વોર્ડમાં પટવા શેરી પાસે નવો કોમ્યુનિટી હોલ બનાવવાની કામગીરી

✧ રૂા.૨૫.૦૦ લાખના ખર્ચે દરિયાપુર વોર્ડમાં આવેલ કાલુપુર મટન માર્કેટમાં રીનોવેશન કરવાની કામગીરી

✧ રૂા.૩૫.૦૦ લાખના ખર્ચે ગિરધરનગર વોર્ડમાં માકુભાઈના છાપરા સામે આવેલ હયાત પે એન્ડ યુઝ તોડીને તેના સ્થળે પાર્ટી પ્લોટ નજીક આવેલ મ્યુનિ.માલિકીના પ્લોટમાં નવુ ડબલ સ્ટોરી પે એન્ડ યુઝ બનાવવાની કામગીરી

☞ પશ્ચિમ ઝોન

- ✧ પશ્ચિમ ઝોનમાં ઝોનલ બજેટમાં ફાળવેલ સ્પેશ્યલ પ્રોજેક્ટ અંતર્ગત નારણપુરા વોર્ડમાં વરદાન ટાવર તથા તેની આસ-પાસના ગ્રીનબેલ્ટ વિસ્તારમાં મેઈન રોડ ઉપર માળખાકીય સુવિધાના સ્ટ્રેન્ધનીંગ માટે તથા ૧૦૦ મી. ના નવા રોડ ડેવલપમેન્ટ માટે કામગીરીનું આયોજન છે તથા આંબાવાડી વોર્ડમાં આવેલ આંબેડકર કોલોનીમાં પાણીની લાઈનનું આઈસોલેશનનું આયોજન છે.
- ✧ પશ્ચિમ ઝોનના જુદા જુદા વોર્ડના રીસરફેસ તથા પથ્થર પેવીંગ માટે રૂા.૧૦.૬૮ કરોડની ફાળવણી કરવામાં આવેલ છે.
- ✧ પશ્ચિમ ઝોનના રાણીપ વોર્ડમાં જુદા જુદા ટી.પી. રોડ રીસરફેસ કરવા માટે રૂા.૧.૮૦ કરોડની ફાળવણી કરવામાં આવેલ છે.
- ✧ પશ્ચિમ ઝોનના જુદા જુદા વોર્ડમાં પાણીની લાઈન નાંખવાના કામ માટે રૂા.૩.૫૫ કરોડની ફાળવણી કરવામાં આવેલ છે.
- ✧ પશ્ચિમ ઝોનના જુદા જુદા વોર્ડમાં ડ્રેનેજ લાઈન નાંખવાના કામ માટે રૂા.૩.૦૭ કરોડની ફાળવણી કરવામાં આવેલ છે.
- ✧ પશ્ચિમ ઝોનના જુદા જુદા વોર્ડમાં આવેલ મ્યુનિ.શાળાઓ, મ્યુનિ.બિલ્ડીંગો તથા બગીચાઓમાં રીનોવેશન તથા રીપેરીંગ કરવાના કામ માટે રૂા ૨.૫૦ કરોડ ની ફાળવણી કરવામાં આવેલ છે.
- ✧ પશ્ચિમ ઝોનના નવરંગપુરા સબ ઝોનલ પાસે થી શ્રેય હોસ્પી.થઇ એમ્કો બેંક સુધી,આશ્રમ રોડ થી ભોગીલાલ મુલચંદ થઇ રીવર વ્યૂહ સોસા.થઇ રીવરફ્રન્ટને જોડતો રોડ, સી.જી.રોડ ઉપર આવેલ લાલ બંગલાની પાસે થી કર્ણાવતી સોસા.થઇ જોગણીમાતાના મંદીર સુધી,કે.પી.છાત્રાલયની સામે આવેલ ઇસ્કોન હાઉસ થી સીઅર્સ ટાવર બી.આર.ટી.એસ.સુધીના રસ્તાઓ, સૌરભ થી લોયલા રોડ, શ્રીકુણ મંડપના આગળના ભાગનો રોડ, શ્રેયસ બ્રીજ થી પોપટલાલ દાણી રોડ રીસરફેસ કરવા, પેચવર્ક માટે મટીરીયલ્સ સપ્લાય કરવા તેમજ અન્ય જરૂરી ટી.પી. રસ્તાઓ રીસરફેસ કરવાના કામ માટે રૂા.૬૫.૦૦ લાખની ફાળવણી કરવામાં આવેલ છે.
- ✧ પશ્ચિમ ઝોનના ચાંદખેડા-મોટેરા વોર્ડમાં ગુજરાત હાઉસીંગ બોર્ડની જુદી-જુદી વસાહતોમાં તેમજ જુદી-જુદી જગ્યાએ નવી ડી.આઇ.પાણીની લાઇન નાંખવાના કામ માટે રૂા.૮૦.૦૦ લાખ ની ફાળવણી કરવામાં આવેલ છે.
- ✧ સાબરમતી વોર્ડમાં જવાહર સર્કલથી બેરોનેટ કોમ્પ્લેક્ષ રોડને સમાંતર સોસા. વચ્ચેના ટી.પી. રસ્તા તથા નવા સીમાંકન મુજબ આવરી લેવાતા વિસ્તારના ટી.પી.રોડને પહોળા કરી પાકા કરી રીસરફેસ કરવાના કામ માટે રૂા.૬૦.૦૦ લાખ ની ફાળવણી કરવામાં આવેલ છે.

- નારણપુરા વોર્ડમાં હાઉસીંગ વસાહત,ટી.પી.રોડ તથા ગામતળ વિસ્તારમાં રોડ રીસરફેસ કરવાના કામ માટે રૂા.૫૦.૦૦ લાખ ની ફાળવણી કરવામાં આવેલ છે.
- ચાંદખેડા-મોટેરાવોર્ડમાં ટી.પી.૪૪, ન્યુ સી.જી.રોડને જોડતા રસ્તા તથા ગુજરાત હાઉસીંગ બોર્ડમાં ગાયત્રીનગર, વિવેકાનંદનગર, શીવશક્તિનગર, સુભાષનગર તથા વિષ્ણુનગરમાં તેમજ જુદી-જુદી જગ્યાએ વેટ-મીક્ષ લેવલે રોડ કરવાના કામ માટે રૂા.૪૦.૦૦ લાખની ફાળવણી કરવામાં આવેલ છે.
- ચાંદખેડા વોર્ડમાં ટી.પી.૪૪, ૨૨,૬૯માં તથા ચાંદખેડા વોર્ડમાં પોલ્યુશન અંતર્ગત ચાંદખેડા ગુજરાત હાઉસીંગ બોર્ડની વસાહતો માં બાકીની પાણીની લાઈનનું નેટવર્ક નાંખવાનું કામ તબક્કાવાર રૂા.૫.૫૦ કરોડના ખર્ચે હાથ ધરવામાં આવનાર છે.
- પશ્ચિમ ઝોનના નવા ખુલેલ ગ્રીન બેલ્ટ વિસ્તારમાં રોડ, પાણી તથા ડ્રેનેજ ની પ્રાથમિક સુવિધાઓ તબક્કાવાર રૂા.૫.૦૦ કરોડના ખર્ચે કરવાનું આયોજન છે.
- નારણપુરા વોર્ડમાં ગુજરાત હાઉસીંગ બોર્ડમાં દબાણમાં રહેલ પાણીની લાઈન તથા ડ્રેનેજ લાઈનનું નેટવર્ક બદલવાનું કામ માટે રૂા ૨.૦૦ કરોડ ની ફાળવણી કરવામાં આવેલ છે.
- વાસણા વોર્ડમા સિલ્વર ફલોરા થી મારૂતિ શો રૂમ સુધી દબાણમા આવેલ લાઇન શીફટ કરવા માટે રૂા.૦.૫૫ કરોડની ફાળવણી કરવામાં આવેલ છે.
- વાસણા વોર્ડમા સ્કુલ નં.૧,૨,૫,૬ મા ફર્સ્ટ ફલોર બનાવવાના કામ માટે રૂા.૦.૮૮ કરોડની ફાળવણી કરવામાં આવેલ છે.

☞ ઉત્તર ઝોન

- સૈજપુર વોર્ડમાં રૂા.૬.૨૦ કરોડના ખર્ચે સૈજપુર તળાવના વિકાસ કરવાની કામગીરી પૂર્ણ કરેલ છે.
- સૈજપુર વોર્ડમાં બંગલા એરીયા વોટર ડીસ્ટ્રીબ્યશન સ્ટેશનની બાજુના પ્લોટમાં રૂા.૦.૪૭ કરોડના ખર્ચે કોમ્યુનીટી હોલ તૈયાર કરવામાં આવેલ છે.
- સરસપુર વોર્ડમાં સોમનાથ પ્રભાશંકર દવે સ્નાનાગર ના પ્લોટમાં રૂા.૦.૮૪ કરોડના ખર્ચે બાળ સ્નાનાગર તૈયાર કરવામાં આવેલ છે.
- અસારવા વોર્ડમાં સ્વ. ખંડુભાઇ દેસાઇ હોલનું રૂા.૨.૪૨ કરોડના ખર્ચે નવીનીકરણ કરવામાં આવેલ છે.

- ✧ મેઘાણીનગર વોર્ડમાં રૂા.૦.૫૫ કરોડના ખર્ચે નવું અર્બન હેલ્થ સેન્ટર તૈયાર કરવામાં આવેલ છે.
- ✧ જુદા-જુદા વોર્ડમાં આવેલ જુદા જુદા ટી.પી. રસ્તાને રૂા.૮.૦૦ કરોડના ખર્ચે પાકા તથા રીસરફેસ કરવામાં આવેલ છે.
- ✧ જુદા-જુદા વોર્ડમાં રૂા.૧.૦૦ કરોડના ખર્ચે સ્ટ્રોમ વોટર ડ્રેનેજ લાઇન નવી નાંખવામાં તથા હયાત સ્ટ્રોમ વોટર ડ્રેનેજ લાઇનને અપગ્રેડ કરવામાં આવેલ છે.
- ✧ જુદા-જુદા વોર્ડમાં આવેલ જુદી જુદી ચાલી / ઝુંપડાં વિસ્તારમાં રૂા.૨.૮૫ કરોડના ખર્ચે રોડ, પાણી, ગટર, પથ્થર પેવિંગ ની સવલતો આપવામાં આવેલ છે.

આગામી વર્ષના મુખ્ય કામોની યાદી :

- ✧ રૂા.૬.૨૨ કરોડના ખર્ચે ચાલી વિસ્તારોમાં રોડ, પાણી તથા ગટરના કામો
- ✧ સ્લમ કલીયરન્સ બોર્ડ/ગુજરાત હાઉસીંગ બોર્ડમાં રૂા.૦.૬૫ કરોડના ખર્ચે રોડ, પાણી તથા ગટરના કામો
- ✧ વરસાદી પાણીની લાઈન નાંખવા રૂા.૧.૯૫ કરોડ, ગટર લાઈનમાં સુધારા-વધારા કરવા રૂા.૧.૯૭ કરોડ, નવી પાણીની લાઈન રૂા.૨.૪૦ કરોડના ખર્ચે નાંખવા તથા સુધારા-વધારા કરવાનું કામ
- ✧ ઉત્તર ઝોનના તમામ વોર્ડમાં રૂા.૭.૫૦ કરોડના ખર્ચે હયાત રોડ પહોળા કરવા, રીસરફેસ કરવાનું કામ
- ✧ જુદી-જુદી જગ્યાએ રૂા.૧.૫૦ કરોડના ખર્ચે પથ્થર પેવીંગ, ઈન્ટરલોકીંગ બ્લોક પેવીંગ તથા જુદી-જુદી ફૂટપાથ તથા અન્ય જગ્યાઓએ ઈન્ટરલોકીંગ બ્લોક પેવીંગ કરવાનું કામ
- ✧ જુદા-જુદા વોર્ડમાં આવેલ મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તકના ખુલ્લા પ્લોટોને રૂા.૦.૨૦ કરોડના ખર્ચે કમ્પાઉન્ડ વોલ કરવાનું કામ
- ✧ જુદા-જુદા વોર્ડમાં રૂા.૬.૦૦ કરોડના ખર્ચે ડ્રેનેજ લાઈનો સી.સી.ટી.વી. કેમેરા થી ઈન્સ્પેકશન કરવા સાથેના સુપરસકર મશીન દ્વારા ડીશીલ્ટીંગ કરાવવાનું કામ
- ✧ સરસપુર વોર્ડમાં શા.ચી.લા. હોસ્પીટલમાં નવું પલ્મોનરી બિલ્ડીંગ બનાવવા માટે રૂા.૦.૫૦ કરોડ તથા જુદા-જુદા બિલ્ડીંગમાં રૂા.૦.૫૦ કરોડના ખર્ચે જરૂરી રિનોવેશન/અપગ્રેડેશન કરવાનું કામ

☞ પૂર્વ ઝોન

- ✧ નિકોલ ગામ થી મનમોહન સુધીનું પાણીનું નેટવર્ક અપગ્રેડેશનનું આયોજન છે.
- ✧ રૂા.૧૫.૦૦ લાખના ખર્ચે ગોમતીપુર વોર્ડમા આવેલ જુદી જુદી ચાલીઓમા પબ્લીક જાજરૂ અદ્યતન કરવાના કામ

- રૂા.૧૦.૦૦ લાખના ખર્ચે ગોમતીપુર વોર્ડમા આવેલ મ્યુ.માલિકીના જુદા-જુદા મસ્ટર સ્ટેશન, વ્યાયામ શાળા તથા અન્ય મ્યુ. બિલ્ડીગમાં જરૂરી રીનોવેશન કરવાના કામ
- રૂા.૫.૦૦ લાખના ખર્ચે ગોમતીપુર વોર્ડમાં આવેલ રાજપુર વિસ્તારમાં જુદા-જુદા મેઇન રોડ પરના પેશાબખાના રીપેરીગ કરવાના કામ
- રૂા.૧૦.૦૦ લાખના ખર્ચે ગોમતીપુર વોર્ડમાં જુદી-જુદી ચાલીઓમાં તથા ટી.પી. રસ્તા ઉપર હેન્ડ લેઈંગ થી જરૂરી પેચવર્ક કરવાનું કામ
- રૂા.૧૦.૦૦ લાખના ખર્ચે ગોમતીપુર વોર્ડમાં આવેલ રખિયાલ વિસ્તારમાં સારંગપુર બ્રીજ થી ડબ્બા બજાર સુધીના રોડની આજુ-બાજુમાં આવેલ ચાલીઓમાં પથ્થર પેવિંગ કરવાના કામ
- રૂા.૩૦.૦૦ લાખના ખર્ચે અમરાઇવાડી વોર્ડમાં આવેલ ગામતળ વિસ્તારમાં આવેલ રામજી મંદિર થી બળીયાવાસ સુધી ૩૦૦ મી.મી.ડાયા ની નવી પાણીની લાઇન નાંખવાનું કામ
- રૂા.૧૫.૦૦ લાખના ખર્ચે અમરાઇવાડી વોર્ડમાં આવેલ મીઠાશેઠ ચાર રસ્તા થી શ્રીનાથ નગર રોડ પર આવેલ જોઇતાજી કાનાજીની ચાલી, મહાકાળીની ચાલી, શનાશેઠની ચાલી કાળીદાસની ચાલી, ઓમપ્રકાશની ચાલી, હાજીમુલ્લા પઠાણની ચાલી વિગેરે ચાલીઓમા પથ્થર પેવીંગ કરવાના કામ બાબત
- રૂા.૧૫.૦૦ લાખના ખર્ચે અમરાઇવાડી વોર્ડમાં આવેલ પ્રહલાદસીંગ બુદ્ધિસીંગ પાર્ટી પ્લોટ રીનોવેશન કરવાનું કામ
- રૂા.૫.૦૦ લાખના ખર્ચે અમરાઈવાડી વોર્ડમાં આવેલ ગોમતીપુર વિસ્તારમાં આવેલ ગુજરાતી શાળા નં.૧૧-૧૨ તથા અન્ય મ્યુ.સ્કુલોમાં જરૂરી રીપેરીંગ કરવાના કામ
- રૂા.૧૦.૦૦ લાખના ખર્ચે ભાઇપુરા વોર્ડમાં રૂષિકેશ હાઉસીંગથી ૧૩૨ ફુટ રોડ સુધી હયાત ડ્રેનેજલાઇન અપગ્રેડ કરવાનું કામ
- રૂા.૪૦.૦૦ લાખના ખર્ચે ભાઇપુરા વોર્ડમાં નેહરૂનગર, સોહમનગર, વિકાસનગર, રાધાકીશનનગરમાં વિવિધ જગ્યાઓએ પાણીની લાઇન નાંખવાના કામ
- રૂા.૩૦.૦૦ લાખના ખર્ચે ભાઇપુરા વોર્ડમાં આવેલ જુદા-જુદા ટી.પી.રોડ ગ્રાઉટીગ લેવલે રોડ કરી, રીસરફેસ કરવાનું કામ
- રૂા.૩૫.૦૦ લાખના ખર્ચે નિકોલ વોર્ડમાં આવેલ રામનગરના છાપરા તથા અન્ય જુદી-જુદી જગ્યાએ ડ્રેનેજ લાઇન નાંખવાના કામ

- રૂા.૧૦૦.૦૦ લાખના ખર્ચે નિકોલવોર્ડમાં આવેલ અમર જવાન સર્કલ થી મારૂતી-૫ થી સમ્મત એવન્યુ સુધીનો રોડ જી.એસ.બી. વેટમીક્ષ થી ગ્રાઉટીંગ કરી રીસરફેસ કરવાનું કામ
- રૂા.૫૦.૦૦ લાખના ખર્ચે નિકોલ વોર્ડમાં આવેલ મ્યુનિ. કોર્પોરેશનના ખુલ્લા પ્લોટોને જરૂરીયાત મુજબની કમ્પાઉન્ડ વોલ કરવા તેમજ ફેન્સીંગ કરવાના કામ
- રૂા.૨૦.૦૦ લાખના ખર્ચે નિકોલ વોર્ડમાં આવેલ ઇ.ડબલ્યુ.એસ. કવાર્ટસની અંડર ગ્રાઉન્ડ ટાંકીઓમાં ટાઇલ્સ લગાવવાના કામ
- રૂા.૩૦.૦૦ લાખના ખર્ચે ઓઢવ વોર્ડમાં એફ.પી. ૫૧ થી રીંગ રોડ સુધી ડ્રેનેજ લાઇન નાંખવાનું કામ
- રૂા.૨૨.૦૦ લાખના ખર્ચે ઓઢવ વોર્ડમાં એફ.પી. ૫૧ થી જી.વી.એમ.એમ.માંના રોડ સુધી રીસરફેસ કરવાના કામ
- રૂા.૧૫.૦૦ લાખના ખર્ચે ઓઢવ વોર્ડમાં સ્વીમીંગપુલમાં જરૂરી સુધારા-વધારા કરવાનું કામ
- રૂા.૧૦.૦૦ લાખના ખર્ચે ઓઢવ વોર્ડમાં આવેલ ફાયરસ્ટેશનના ક્વાટર્સમાં જરૂરી રીનોવેશન કરવાનું કામ
- રૂા.૩૦.૦૦ લાખના ખર્ચે વસ્ત્રાલ વોર્ડ માં ૨૦૦ ફુટ રીંગ રોડની પૂર્વ દિશાએ આવેલ ટી.પી. ૧૧૨, ટી.પી. ૧૧૩ તથા ટી.પી. ૧૧૪માં ડ્રેનેજ નેટર્વક નાંખવાનાં કામ
- રૂા.૨૫.૦૦ લાખના ખર્ચે વસ્ત્રાલ વોર્ડમાં શ્રેયા એકઝોટીકા થી બાપા સીતા રામ ચોક થઇ મેટ્રો રૂટને જોડતાં હયાત રોડને રીસરફેસ કરવાનું કામ
- રૂા.૧૦.૦૦ લાખના ખર્ચે વિરાટનગરવોર્ડમાં લીલાનગર સ્મશાનગૃહની બહારની બન્ને સાઈડ કમ્પાઉન્ડવોલ ઉંચી કરી તેના ઉપર ગ્રીલ લગાવવાનું કામ તથા અન્ય આનુષંગિક કામ
- રૂા.૧૫.૦૦ લાખના ખર્ચે રામોલ / હાથીજણ વોર્ડમાં આવેલ ઈન્દ્રપુરી વિસ્તારમાં જશોદાનગર વિસ્તારમાં જુદી-જુદી જગ્યાએ વરસાદી પાણી ભરાવાના સ્થળે કેચપીટ/મેનહોલ/ચેમ્બર બનાવવા તેમજ સ્ટોર્મ વોટર લાઇન નાંખવાનું કામ
- રૂા.૫.૦૦ લાખના ખર્ચે રામોલ હાથીજણ વોર્ડમા વિંઝોલ ગામ પ્રાથમિક શાળામાં પેવર બ્લોક લગાવવા તથા આંગણવાડીમાં ખારીકટ વહેળાનું વરસાદી પાણી ના ભરાય તે માટે આર.સી.સી ની દિવાલ બનાવવાના કામ
- રૂા.૫.૦૦ લાખના ખર્ચે રામોલ હાથીજણ વોર્ડમાં રામોલ વિસ્તારમાં વડુ તળાવની કમ્પાઉન્ડ વોલ ઉંચી કરી વાયર ફેન્સીંગ કરવાનું કામ

☞ દક્ષિણ ઝોન

- ✧ દક્ષિણ ઝોનમાં પોલ્યુશન એક્શન પ્લાન અન્વયે બહેરામપુરા, વટવા, દાણીલીમડા વિસ્તારમાં ડ્રેનેજ ડીશીલ્ટીંગની કામગીરી કરવાનું આયોજન છે.
- ✧ કાંકરીયા વોર્ડમાં સ્પે. બજેટ - કે.એલ.એફ હેઠળ રૂા.૫.૨૮ કરોડના ખર્ચે કાંકરીયા લેકફ્રન્ટ ખાતે મ્યુરલ ફેઝ-૨ ની કામગીરી હાલમાં ચાલું છે.
- ✧ બહેરામપુરા વોર્ડમાં ટી.પી.૧૩ માં ફા.પ્લોટ નં.૮૫માં રૂા.૦.૭૩ કરોડના ખર્ચે મ્યુનિસિપલ પાર્ટીપ્લોટ બનાવવાનું કામ હાથ ધરેલ છે.
- ✧ બહેરામપુરા વોર્ડમાં ચેપીરોગ હોસ્પીટલ કંમ્પાઉન્ડમાં ૫૦ બેડની ક્ષમતાવાળું નવુ હોસ્પીટલ બિલ્ડીંગ રૂા.૪.૨૩ કરોડના ખર્ચે બનાવવાના કામનુ ટેન્ડર મંજુરીમાં છે. મંજુર થયેથી કામગીરી ચાલુ કરાવવામાં આવશે.
- ✧ વટવા વોર્ડમાં એન.યુ.એચ.એમ.ની ગ્રાન્ટ અંર્તગત રૂા.૨.૦૯ કરોડના ખર્ચે કોમ્યુનીટી હેલ્થ સેન્ટર, લાંભાવોર્ડમાં રૂા.૦.૮૧ કરોડના ખર્ચે, બહેરામપુરા વોર્ડમાં રૂા.૦.૭૪ કરોડના ખર્ચે અર્બન હેલ્થ સેન્ટર બનાવવાની કામગીરી હાલમાં ચાલુ છે.
- ✧ ખોખરા વોર્ડમાં રૂા.૧૦.૪૫ કરોડના ખર્ચે શ્યામાપ્રસાદ વસાવડા હોલનું નવિનીકરણ કરવાની કામગીરી હાલમાં ચાલુ છે જે પૂર્ણતાના આરે છે.
- ✧ ઈન્દ્રપુરી વોર્ડમાં સ્વર્ણિમ બજેટ અંર્તગત ટી.પી ૫૦, એફ.પી. ૧૫૮ માં રૂા.૧.૭૫ કરોડના ખર્ચે અર્બન હેલ્થ સેન્ટર બનવવાની કામગીરી હાલમાં ચાલુ છે.
- ✧ સ્વર્ણિમ બજેટ અંર્તગત ઈન્દ્રપુરી વોર્ડમાં આવેલ ખોખરા મહેમદાવાદ ઘોડાસર ટી.પી.૧, ફા.પ્લોટ નં-૧૫ માં રૂા.૨.૧૨ કરોડના ખર્ચે નવી શાળા બનાવવાની કામગીરી હાલમાં ચાલુ છે.
- ✧ લાંભા વોર્ડમાં તથા વટવા વોર્ડમાં જુદી-જુદી જગ્યાએ પ્રાયોરીટી-૧ મુજબ રૂા.૨.૧૮ કરોડના ખર્ચે કુલ - ૬ નંગ બોર બનાવવાની કામગીરી હાલમાં ચાલુ છે.
- ✧ સ્વર્ણિમ બજેટ અંર્તગત લાભાં વોર્ડમાં ટી.પી. ૫૭, ૫૮, ૮૦ માં ડ્રેનેજ પ્રોજેકટ દ્વારા નાંખેલ ડ્રેનેજ લાઇન ના નેટવર્કના ખોદાણ ઉપરનાં રસ્તા પાકા કરવાની કામગીરી રૂા.૪.૯૪ કરોડના ખર્ચે શરૂ કરવામાં આવેલ છે.
- ✧ સને ૨૦૧૪-૧૫ તથા સને ૨૦૧૫-૧૬ માં વ્યક્તિગત શૌચાલયના કુલ ૪૬૭૨ ના ફાળવેલ લક્ષ્યાંક પૈકી કુલ ૪૬૭૨ વ્યક્તિગત શૌચાલયની કામગીરી પુર્ણ કરવામાં આવેલ છે તથા જરૂરીયાત

મુજબ ફાળવેલ લક્ષ્યાંક ઉપરાંતના મંજુર કરાવવામાં આવેલ કુલ ૨૧૮ વ્યક્તિગત શૌચાલય પૈકી ૧૧૮ વ્યક્તિગત શૌચાલયની કામગીરી પુર્ણ કરવામાં આવેલ છે. બાકીના ૧૦૦ શૌચાલયની કામગીરી હાલમાં ચાલુ છે.

આગામી વર્ષના મુખ્ય કામોની યાદી :

- જુદા-જુદા વોર્ડના રોડ રીસરફેઇસ તથા પથ્થર પેવીંગના કામો માટે કુલ રૂા.૯.૨૫ કરોડનું બજેટ પ્રોવિઝન કરવામાં આવેલ છે.
- જુદા-જુદા વોર્ડના પાણીના કામ માટે રૂા.૪.૩૩ કરોડનું બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.
- જુદા- જુદા વોર્ડના ડ્રેનેજના કામ માટે રૂા.૬.૩૬ કરોડનું બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.
- બહેરામપુરા વોર્ડમાં સપ્તઋષી વોટર ડિસ્ટ્રીબ્યુશન સ્ટેશન ખાતે વધારાની ભૂગર્ભ ટાંકી તથા ઓવરહેડ ટાંકી અંદાજીત રૂા.૩.૦૦ કરોડના ખર્ચે બનાવવાનું આયોજન હાથ ઘરવામાં આવેલ છે.
- મણીનગર વોર્ડમાં (જુના કાંકરીયા વોર્ડમાં) રૂા.૪.૦૦ કરોડના ખર્ચે સેન્ટ્રલ મેડીકલ સ્ટોર્સ બિલ્ડીંગનું નવીનિકરણ કરવાનાં કામનું આયોજન હાથ ઘરવામાં આવેલ છે.
- દાણીલીમડા વોર્ડમાં નવા સીમાંકન મુજબ જુના મસ્ટર સ્ટેશનની જગ્યાએ રૂા.૦.૭૦ કરોડના ખર્ચે નવી વોર્ડ ઓફિસ બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે.
- દાણીલીમડા વોર્ડ માં પી એન્ડ ટી કોલોની પાસે હાલમાં મળેલ કબ્જા અંતર્ગતના પ્લોટમાં રૂા.૦.૫૦ કરોડના ખર્ચે પાર્ટી પ્લોટ બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે.
- ખોખરા વોર્ડમાં (જુના ઘોડાસર વોર્ડમાં) ઘોડાસર તળાવમાં રૂા.૦.૬૦ કરોડના ખર્ચે એમ્ફી થીયેટરના નવિનીકરણનું આયોજન છે.

☞ નવા પશ્ચિમ ઝોન

- રૂા.૨૦૦.૦૦ લાખના ખર્ચે થલતેજ વોર્ડમાં જુદી-જુદી જગ્યાએ ટીપી રોડ રીસરફેસ કરવાનું તથા રૂા.૧૮૦.૦૦ લાખના ખર્ચે બોડકદેવ વોર્ડમાં તથા રૂા.૨૦૦.૦૦ લાખના ખર્ચે ચાંદલોડીયા વોર્ડમાં જુદા-જુદા રોડ રીસરફેસનું કરવાના કામ
- રૂા.૧૪૦.૦૦ લાખના ખર્ચે ગોતા વોર્ડમાં જુદા-જુદા રસ્તાઓ જી.એસ.બી. વેટ મીક્ષથી રીસરફેઇસ કરવાના કામ
- રૂા.૧૬૦.૦૦ લાખના ખર્ચે વેજલપુર વોર્ડમાં જુદી-જુદી જગ્યાએ રોડ વાઇડનીંગ કરી રીસરફેસ કરવાના કામ

- રૂા.૧૦૦.૦૦ લાખના ખર્ચે સરખેજ ગામતળ તથા અન્ય આજુ-બાજુના ગામતળ વિસ્તારમાં તથા અન્ય જગ્યા પરની ખુલ્લી નીકને બદલે નવી સીસ્ટેમેટીક ડ્રેનેજ લાઇન નાંખવાના કામ બાબત
- રૂા.૧૦૦.૦૦ લાખના ખર્ચે મકતમપુરા વોર્ડમાં સબ ઝોનલ ઓફીસ બનાવવા
- રૂા.૫૦.૦૦ લાખના ખર્ચે બોડકદેવ વોર્ડમાં સીસીટીવી કેમેરાથી ડિસીલ્ટીંગ કરવાનું કામ
- રૂા.૩૦.૦૦ લાખના ખર્ચે મકતમપુરા વોર્ડના સંકલીતનગર, જુહાપુરા તથા ગ્યાસપુર ભાઠાના નોન ટી.પી. વિસ્તાર તથા અન્ય આજુ-બાજુના વિસ્તારમાં તથા અન્ય જગ્યા પર પી.વી.સી.લાઇન ની જગ્યાએ નવી ડી.આઇ.લાઇન નાખવાના કામ
- રૂા.૩૫.૦૦ લાખના ખર્ચે સરખેજ ગામતળ, સરખેજ ઓકાફ વિસ્તાર તથા અન્ય આજુ-બાજુના ગામતળ વિસ્તારમાં તથા અન્ય જગ્યા પર ઇન્ટરલોક પેવર બ્લોક નાંખવાનું કામ
- રૂા.૧૫.૦૦ લાખના ખર્ચે મકતમપુરા વોર્ડમાં જુદી-જુદી જગ્યાઓએ હાઇકોર્ટના હુકમ મુજબ ભાડેથી પાણીની ટેન્કર સપ્લાય કરવાના કામ બાબત
- રૂા.૧૫.૦૦ લાખના ખર્ચે વેજલપુર વોર્ડમાં જુદી-જુદી જગ્યાએ સ્ટોર્મ વોટર ડ્રેઇન નાંખવાના કામ
- રૂા.૨૫.૦૦ લાખના ખર્ચે જોધપુરવોર્ડમાં જુદી-જુદી જગ્યાએ ડ્રેનેજ લાઇન નાંખવાનું કામ
- રૂા.૨૦.૦૦ લાખના ખર્ચે ચાંદલોડીયા વિસ્તારમાં તેમજ અન્ય જુદી-જુદી જગ્યાએ કમ્પાઉન્ડ વોલ બનાવવાનાં કામ બાબત
- રૂા.૧૫.૦૦ લાખના ખર્ચે ચાંદલોડીયા વોર્ડમાં જુદી-જુદી જગ્યાએ ફુટપાથ બનાવવાનું તથા રીપેરીંગ બનાવવાનું કામ

Special Project by Zone :

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ઝોન દ્વારા હાથ ધરવામાં આવતાં કામો ઉપરાંત વધારાના સ્પેશ્યલ પ્રોજેક્ટસના કામો માટે વધારાના વિશિષ્ટ બજેટની ફાળવણી કરવામાં આવેલ છે. સદર બજેટ હેઠળ ઝોન દ્વારા થડા, સબ ઝોનલ અર્બન હેલ્થ સેન્ટર, શાળાના મકાનો, રમત-ગમતના મેદાનો, બગીચાઓ, પાર્કિંગ સ્ટેન્ડ, જાહેર શૌચાલય, તળાવો તથા અન્ય જાહેર સ્થળોના સર્વાંગી વિકાસના કામો હાથ ધરવામાં આવશે તે ઉપરાંત ડ્રેનેજ / વોટર લાઈન નાંખવાને કારણે જરૂરી રોડ રીસરફેસ કરવા, સાયકલ ટ્રેક બનાવવા યોગ્ય રીતે રોડ ડિઝાઈનીંગ, ડ્રેનેજ લાઈન તથા સ્ટૉર્મ વોટર ડ્રેનેજ લાઈન રીપેર/નવી નાંખવી, ડીશીલ્ટીંગ તથા ડ્રેનેજને કારણે ઉદ્ભવતાં પ્રદૂષણના પ્રશ્નોના નિવારણ વિગેરે માટે કામો હાથ ધરવામાં આવશે. વધુમાં રેઈન વોટર હાર્વેસ્ટીંગ અંતર્ગત પર્કોલેટીંગ વેલ બનાવવા તથા પાણીની લાઈનો રીપેર/નવી નાંખવી તેમજ પાણીજન્ય રોગચાળા અટકે તે માટે જરૂરી પાણીના નેટવર્ક બદલવા જેવા કામો સદર વિશિષ્ટ બજેટ હેઠળ જે-તે ઝોન દ્વારા હાથ ધરવામાં આવશે. જેના કારણે શહેરીજનોને રોજ-બરોજ ઉદ્ભવતાં વોટર, ડ્રેનેજને લગતાં પ્રશ્નોનું નિરાકરણ અસરકારક રીતે આવી શકશે.

સને ૨૦૧૬-૧૭ ના વિકાસ કાર્યો માટે ઝોન પ્રમાણેની બજેટ ફાળવણી

(રૂ. લાખમાં)

મધ્ય ઝોન

ઝોનનું નામ	રોડ-ફૂટપાથ	પાણી	ડ્રેનેજ	બિલ્ડીંગ/અન્ય	કુલ
મધ્ય ઝોન કુલ	૬૩૫.૦૦	૧૮૨.૦૦	૩૩૧.૦૦	૨૨૯.૦૦	૧૩૭૭.૦૦
Special Project by Zone	૧૭૫.૦૦	૩૦૦.૦૦	૪૦૦.૦૦	૧૦૭૫.૦૦	૧૯૫૦.૦૦
કુલ	૮૧૦.૦૦	૪૮૨.૦૦	૭૩૧.૦૦	૧૩૦૪.૦૦	૩૩૨૭.૦૦

પશ્ચિમ ઝોન

ઝોનનું નામ	રોડ-ફૂટપાથ	પાણી	ડ્રેનેજ	બિલ્ડીંગ/અન્ય	કુલ
પશ્ચિમ ઝોન કુલ	૧૦૬૭.૦૦	૩૫૫.૦૦	૩૦૭.૦૦	૨૫૦.૦૦	૧૯૭૯.૦૦
Special Project by Zone	૩૫૦.૦૦	૪૭૦.૦૦	૪૫૦.૦૦	૧૪૫૧.૦૦	૨૭૨૧.૦૦
કુલ	૧૪૧૭.૦૦	૮૨૫.૦૦	૭૫૭.૦૦	૧૭૦૧.૦૦	૪૭૦૦.૦૦

ઉત્તર ઝોન

ઝોનનું નામ	રોડ-ફૂટપાથ	પાણી	ડ્રેનેજ	બિલ્ડીંગ/અન્ય	કુલ
ઉત્તર ઝોન કુલ	૧૨૭૮.૦૦	૫૦૪.૦૦	૬૪૦.૦૦	૧૮૫.૦૦	૨૬૦૭.૦૦
Special Project by Zone	૫૦૦.૦૦	૬૦૦.૦૦	૮૦૦.૦૦	૧૮૦૦.૦૦	૩૭૦૦.૦૦
કુલ	૧૭૭૮.૦૦	૧૧૦૪.૦૦	૧૪૪૦.૦૦	૧૯૮૫.૦૦	૬૩૦૭.૦૦

દક્ષિણ ઝોન

ઝોનનું નામ	રોડ-ફૂટપાથ	પાણી	ડ્રેનેજ	બિલ્ડીંગ/અન્ય	કુલ
દક્ષિણ ઝોન કુલ	૯૨૫.૦૦	૪૩૩.૦૦	૬૩૬.૦૦	૪૬૯.૦૦	૨૪૬૩.૦૦
Special Project by Zone	૪૫૦.૦૦	૫૦૦.૦૦	૭૫૦.૦૦	૧૮૦૦.૦૦	૩૫૦૦.૦૦
કુલ	૧૩૭૫.૦૦	૯૩૩.૦૦	૧૩૮૬.૦૦	૨૨૬૯.૦૦	૫૯૬૩.૦૦

પૂર્વ ઝોન

ઝોનનું નામ	રોડ-ફૂટપાથ	પાણી	ડ્રેનેજ	બિલ્ડીંગ/અન્ય	કુલ
પૂર્વ ઝોન કુલ	૧૬૩૦.૦૦	૪૯૯.૦૦	૪૪૨.૦૦	૩૯૨.૦૦	૨૯૬૩.૦૦
Special Project by Zone	૪૫૦.૦૦	૪૦૦.૦૦	૬૦૦.૦૦	૧૮૫૦.૦૦	૩૩૦૦.૦૦
કુલ	૨૦૮૦.૦૦	૮૯૯.૦૦	૧૦૪૨.૦૦	૨૨૪૨.૦૦	૬૨૬૩.૦૦

નવા પશ્ચિમ ઝોન

ઝોનનું નામ	રોડ-ફૂટપાથ	પાણી	ડ્રેનેજ	બિલ્ડીંગ/અન્ય	કુલ
નવા પશ્ચિમ ઝોન કુલ	૧૫૭૪.૦૦	૩૪૫.૦૦	૬૫૫.૦૦	૧૭૫.૦૦	૨૭૪૯.૦૦
Special Project by Zone	૮૫૦.૦૦	૪૫૦.૦૦	૮૦૦.૦૦	૨૩૦૦.૦૦	૪૪૦૦.૦૦
કુલ	૨૪૨૪.૦૦	૭૯૫.૦૦	૧૪૫૫.૦૦	૨૪૭૫.૦૦	૭૧૪૯.૦૦

મૂળભૂત માળખાગત સેવા અને સુવિધાઓ

અમદાવાદ શહેરના નાગરિકો માટે ખૂબ જ આવશ્યક એવી મૂળ માળખાગત સુવિધાઓ જેવી કે વોટર, ડ્રેનેજ, રોડ તથા આરોગ્યની સુવિધા વિગેરે પુરી પાડવા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સતત પ્રયત્નશીલ છે.

૧. વોટર પ્રોજેક્ટ :

અમદાવાદ શહેરનો હાલનો વિસ્તાર ૪૬૬ ચો.કિ.મી. તથા વસ્તી આશરે ૬૪ લાખ જેટલી છે. કોર્પોરેશન ફરજિયાત સેવાના ભાગરૂપે અમદાવાદ શહેરીજનોને પાણી પુરૂ પાડે છે. અત્યારે હાલમાં અમદાવાદ શહેરમાં ૩૫૮૦ કિ.મી. જેટલી સપ્લાય લાઈન તથા ૩૨૮ કિ.મી. જેટલી ટ્રન્ક મેઈન લાઈન છે. શહેરમાં હાલમાં ૧૯૬૫ એમ. એલ.ડી. સોર્સની ક્ષમતા સામે ૧૨૭૦ એમ.એલ.ડી. સોર્સનો હાલમાં વપરાશ છે. શહેરમાં હાલ પાણી શુદ્ધિકરણના કોતરપુર, જાસપુર, રાસ્કા, દુધેશ્વર વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટની ૧૩૨૦ એમ.એલ.ડી. ક્ષમતા સામે હાલમાં ૧૦૫૦ એમ.એલ.ડી.ની ક્ષમતા વપરાશમાં છે.

હાલમાં અમદાવાદ શહેરમાં ૧૭૭ વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન કાર્યાન્વિત છે. જેની ભુગર્ભ ટાંકીઓ તથા ઓવરહેડ ટાંકીઓની સંયુકત ક્ષમતા ૧૧૯૮ મીલીયન લિટર છે.

જેના દ્વારા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન શહેરની ૬૪ લાખની વસ્તીને ૧૪૦-૧૫૦ લિટર પ્રતિ વ્યકિત પ્રતિ દિન પાણી પુરૂ પાડવામાં આવે છે. નોન રેવન્યુ વોટર આશરે ૨૫% જેટલું છે.

આમ અમદાવાદ શહેરમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કુલ વસ્તીના આશરે ૯૦% જેટલી વસ્તીને સરફેસ વોટર પુરૂ પાડવામાં આવે છે. બાકીના ૧૦% વિસ્તારમાં આઈસોલેટેડ બોરવેલ દ્વારા પાણી પુરૂ પાડવામાં આવે છે તથા શહેરના વિકાસને કારણે વધતી વસ્તીને ધ્યાનમાં રાખીને હયાત વોટર સપ્લાય સીસ્ટમને અપગ્રેડ કરવાની કામગીરી આગામી વર્ષના બજેટમાં હાથ ધરવાનું આયોજન કરેલ છે.

- જુના પમ્પીંગ સ્ટેશન પર પમ્પોની ક્ષમતા ચકાસી જરૂર જણાય ત્યાં અપગ્રેડેશન કરવાનું આયોજન
- જ્યાં નવા વોટર ડીસ્ટ્રી. સ્ટેશન તૈયાર થયા હોય ત્યાં બોરવેલનો વપરાશ બંધ કરવાનું આયોજન
- નવા વિકસતા વિસ્તારમાં તેમજ સેન્ટ્રલ બીઝનેસ ડિસ્ટ્રીક્ટ (CBD) તેમજ ટ્રાન્ઝીટ ઓરીએન્ટેડ ઝોનના વિસ્તારમાં ભવિષ્યના વિકાસને ધ્યાને લઈ સર્વેક્ષણ હાથ ધરી કોમ્પ્રીહેન્સીવ વોટર સપ્લાય સિસ્ટમ તૈયાર કરવાનું આયોજન
- નવા અપાતા બીલ્ડીંગ યુઝ પરમીશનની બિલ્ડીંગ્સમાં ડબલ પ્લમ્બીંગ સીસ્ટમ ફરજીયાત કરવાનું આયોજન. જેથી ડીસેન્ટ્રલાઈઝ વોટર ટ્રીટમેન્ટ પ્લાન થકી રીસાઈકલીંગ સુએજ વોટરનો વપરાશ કરી શુદ્ધ પાણીની બચત કરવાનું આયોજન

- હાલમાં વોટર ડીસ્ટ્રીબ્યુશન તથા નેટવર્કની ડીઝાઈન આગામી આશરે ૧૦ વર્ષની વસ્તીને ધ્યાને લઈ તૈયાર કરવાનું નક્કી કરવામાં આવેલ છે. જેનું અમલીકરણ ચાલુ વર્ષથી તબક્કાવાર શરૂ કરવામાં આવશે.

૧.૧ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળના મુખ્ય કામો

- ઉત્તર ઝોનમાં નોબલનગર વો. ડી.સ્ટેશન ખાતે રૂા.૨.૬૨ કરોડના ખર્ચે વિસ્તૃતિકરણ
- પુર્વ ઝોનમાં નિકોલ વોર્ડમાં ટી.પી.-૧૦૨ ખાતે તથા નિકોલ ટી.પી.-૧૦૧ ખાતે નવું વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન તથા ઓઢવ વારીગૃહ વો. ડી.સ્ટેશન ખાતે વિસ્તૃતિકરણ કરવાનું કામ
- દક્ષિણ ઝોનમાં લાંભા ઈન્દિરાનગર વોર્ડમાં વિભાગ-૧ ખાતે નવું વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન તથા ગ્યાસપુર ખાતે ઓવરહેડ તથા ઈસનપુર ધ્વનિ ટેનામેન્ટ ખાતે નવું વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન તથા વટવા માટીખાના ખાતે નવુ વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન તથા સી.ટી.એમ. જંકશન એક્ષપ્રેસ હાઈવેથી લાંભા સુધી ટ્રન્ક મેઈન લાઈન નાખવાનું કામ
- નવા પશ્ચિમ ઝોનમાં ચાંદલોડિયા વોર્ડમાં દેવ સીટી પાસે નવું વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન, ગોતા વંદેમાતરમ ફ્લેટ પાસે નવું વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન તથા બોડકદેવ મે ફલાવર હોસ્પિટલ પાછળ નવું વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન બનાવવાનું કામ

→ કોતરપુર ખાતે પાણીની ગ્રેવિટી પાઈપ લાઈન :

હાલમાં નર્મદા મેઈન કેનાલથી કોતરપુર વોટર વર્કસ સુધી નાંખવામાં આવેલ ૨૫૦૦ મી.મી. વ્યાસની ગ્રેવિટી મેઈન્સ દ્વારા ૩૭૦ એમ.એલ.ડી. પાણી મેળવવામાં આવે છે.

અમદાવાદ શહેરની પાણી પુરવઠા યોજના હેઠળ નર્મદા કેનાલ ઉપર સરદાર સરોવર નર્મદા નિગમ લી. દ્વારા બાંધવામાં આવનાર એચ.આર. થી કોતરપુર વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ સુધી ૨૦૦૦ મી.મી. ડાયાની ૨-નંગ એમ.એસ. ગ્રેવિટી મેઈન્સ તેમજ કોતરપુર વોટર વર્કસમાં ૨૫૦૦ મી.મી. ડાયાની એમ.એસ. ગ્રેવિટી મેઈન્સ નાંખવા રૂા.૭૪.૦૩ કરોડના અંદાજીત ખર્ચે કામગીરી શરૂ કરવામાં આવેલ છે. સદર કામગીરી અંતર્ગત નર્મદા મેઈન કેનાલથી ૨૦૦૦ મી.મી. વ્યાસની એમ.એસ. પાઈપ લાઈન નાંખીને કોતરપુર વોટર વર્કસ ખાતે ૫૦૦ એમ.એલ.ડી. પાણી મેળવવામાં આવશે જે પાણી મળવાથી સાબરમતી નદીમાં બાંધવામાં આવેલ ૧૬૫ એમ.એલ. ડી. કેપેસિટીનો ઈન્ટેકવેલ-૧ તથા ૩૩૦ એમ.એલ.ડી. ક્ષમતાનો ઈન્ટેકવેલ-૨ બંધ કરવાથી વિજ વપરાશમાં બચત થશે.

આગામી વર્ષ માટે આયોજન હેઠળના કામોની વિગત

- ઉત્તર ઝોનમાં (૧) કોતરપુર વો.ટ્રીટમેન્ટ પ્લાન્ટ ખાતે રૂા.૧.૨૪ કરોડના ખર્ચે અપગ્રેડેશન કરવા તથા (૨) ભીલવાસ વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન ખાતે રૂા.૦.૮૪ કરોડના ખર્ચે ભુગર્ભ ટાંકી બનાવવાનું કામ

- પશ્ચિમ ઝોનમાં નારણપુરા પ્રગતિનગર વો.ડી.સ્ટેશન ખાતે રૂા.૭.૪૫ કરોડના ખર્ચે પંપહાઉસ સાથે વિસ્તૃતિકરણ કરવા ૮.૦૦ લાખ ગેલન (૩.૬૪ મિલિયન લિટર) નું કામ
- દક્ષિણ ઝોનમાં દાણીલીમડા એકતાનગર મેદાન ખાતે રૂા.૩.૮૬ કરોડના ખર્ચે ૫.૫૦ લાખ ગેલન (૨.૫૦ મિલિયન લિટર) ક્ષમતાની ઓવરહેડ ટાંકી બનાવવાનું કામ
- પશ્ચિમ ઝોનમાં (૧) રાણીપ બસસ્ટેન્ડ પાસે રૂા.૯.૧૭ કરોડના ખર્ચે ૧૫.૦૦ લાખ ગેલન (૬.૮૨ મિલિયન લિટર) ક્ષમતાનું નવુ વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન (૨) કાળી સંતોષનગર વો. ડી.સ્ટેશન ખાતે રૂા.૧૧.૪૯ કરોડના ખર્ચે ૧૧.૫૦ લાખ ગેલન (૫.૨૩ મિલિયન લિટર) ક્ષમતાનું નવુ વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન બનાવવાનું કામ

જે માટે નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ માં ₹.૮૪.૯૮ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં ₹.૧૦૮.૧૯ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

૧.૨ " જવાહરલાલ નહેરુ નેશનલ અર્બન રીન્યુઅલ મિશન" (JnNURM) યોજના

→ સમગ્ર શહેરમાં ૨૪x૭ વોટર સપ્લાય :

હાલમાં અમદાવાદ શહેરના નાગરિકોને સવારે બે કલાક તથા સાંજે અડધો કલાક ૧૪૦ LPCD મુજબ વોટર સપ્લાય આપવામાં આવે છે. વિકસીત દેશો તથા ભારત દેશના અમુક શહેરોમાં ૨૪x૭ વોટર સપ્લાયની સફળતાને ધ્યાને લઇ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા હાલમાં જોધપુર તથા સ્ટેડિયમ, નવરંગપુરા, જુના વાડજ વિસ્તારમાં પ્રાયોગીક ધોરણે ૨૪x૭ વોટર સપ્લાય સ્કીમ અમલીકરણ હાથ ધરવામાં આવેલ છે. આગામી વર્ષમાં નવરંગપુરા, નારણપુરા તથા નવા વાડજ વોર્ડનો અમુક ભાગ એમ ત્રણ વોર્ડમાં અમૃત યોજના અન્વયે નાણાંકીય સહયોગથી શહેરના વધુ વિસ્તારમાં તબક્કાવાર ૨૪x૭ વોટર સપ્લાય સ્કીમ અમલીકરણ કરવાનુ આયોજન કરવામાં આવેલ છે.

→ વોટર સ્કાડા :

વોટર સ્કાડા પ્રોજેક્ટ અંતર્ગત ૪-વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટસ, ૧૪૫-વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન, ૪-ફેન્ચવેલ ઉપર લગાવવાનાં થતા ઇન્સ્ટ્રુમેન્ટેશન તથા ઓટોમેશન સાથે સુપરવાઇઝરી કન્ટ્રોલ એન્ડ ડેટા એક્સેસ (SCADA) સીસ્ટમના સપ્લાય ઇન્સ્ટોલેશન ટેસ્ટીંગ એન્ડ કમિશનીંગ વીથ મેઇન્ટેનન્સ એન્ડ મોનીટરીંગમાં ૫ વર્ષના કામનો સમાવેશ કરવામાં આવેલ છે.

❑ વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન (અપગ્રેડેશન) :

- વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશનના ઇનકમીંગ પાઇપ લાઇન માટે ફલોમીટરનો તથા આઉટગોઇંગ પાઇપ લાઇન પર ફ્લોમીટરનો સમાવેશ કરવામાં આવેલ છે.

- ❀ વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશનના અન્ડર ગ્રાઉન્ડ સંપમા પાણીનાં લેવલ માપવા માટે અલ્ટ્રાસોનિક લેવલ ઇન્ડીકેટરનો, પાણીના ક્લોરીનેશનની માત્રા ચેક કરવા માટે ક્લોરીન એનલાઈઝર સિસ્ટમ તથા પંપોના એર્નજી વપરાશ માપવા માટે દરેક પંપોનાં પેનલમાં મલ્ટી ફંકશન મીટરનો સમાવેશ કરવામાં આવેલ છે.
- ❀ દરેક વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન ખાતે વોટરની કવોલીટી ચેક કરવા માટે ટર્બીડીટી એનલાઈઝરનો તથા પંપોના પ્રેશર ચેક કરવા માટે પ્રેશર ટ્રાન્સમીટરનો તથા ડેટા એક્સેસ કરવા માટે જરૂરી PLC/RTU નો સમાવેશ કરવામાં આવેલ છે.

❑ **વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ :**

- ❀ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટસના ઇનકમીંગ વોટર અને આઉટગોઈંગ વોટરની ક્વોન્ટીટી તથા ક્વોલીટી પેરામીટર્સ જેવા કે ટર્બીડીટી, પી.એચ., ક્લોરીન વગેરે માપી શકાય તે માટે એનેલાઈઝરનો તથા ડેટા એક્સેસ કરવા માટે જરૂરી PLC/RTU નો તેમજ રીમોટ મોનીટરીગ માટે CCTV કેમેરા તથા ડેટા ટ્રાન્સફર કરવા માટે RF ટાવરનો સમાવેશ કરવામાં આવેલ છે.
- ❀ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટસના પંપોના પ્રેશર ચેક કરવા માટે પ્રેશર ટ્રાન્સમીટરનો સમાવેશ કરવામાં આવેલ છે.

❑ **ફ્રેન્ચવેલ :**

- ❀ ફ્રેન્ચવેલ માટે ફલોમીટર, એનર્જી મીટર, ટર્બીડીટી એનલાઈઝર, પ્રેશર ટ્રાન્સમીટર, PLC/RTU નો સમાવેશ કરવામાં આવેલ છે.

સદર કામગીરી કરવાથી થનાર મુખ્ય ફાયદાઓ :

- ❀ દરેક વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટના ઇન્ટેકમાં રો-વોટર ક્વોન્ટીટી તથા ક્લિયર વોટર ક્વોન્ટીટી મેઝરમેન્ટના તથા ઈનકમીંગ વોટરની ક્લોરીનેશન અંગેની WHO સ્ટાન્ડર્ડ મુજબની પાણીની ગુણવત્તાની માહિતીનું ઓનલાઇન મોનીટરીંગ થઈ શકશે તેમજ તે અંગેની જરૂરી માહિતીનો મેસેજ ઓટોમેટીક જે-તે ખાતાના એન્જીનિયરને મળશે.
- ❀ વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન તથા ફ્રેન્ચવેલ ખાતે કલીયર વોટરની ઇનલેટ તથા આઉટલેટ ક્વોન્ટીટીનું મેઝરમેન્ટ થશે અને જો કોઇપણ પ્રકારની મુશ્કેલી આવે તેના મેસેજ ઓટોમેટીક જે-તે ખાતાના એન્જીનિયરને મળશે. વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટનું ઓપરેશન ઓટોમેટીક થશે.

- અલ્ટ્રાસોનીક લેવલ ઇન્ડીકેટરને સુપરવાઇઝરી કન્ટ્રોલ એન્ડ ડેટા એક્સેસ સીસ્ટમ સાથે ઇન્ટીગ્રેટ કરવાથી ૧૪૫ ટાંકીઓના દર કલાકના લેવલની માહિતી ચોક્સાઇપૂવર્ક નિયમિત રીતે મેળવી શકાશે તથા ૩૬૫ દિવસનો રેકર્ડ ઓટોમેટીક કોમ્પ્યુટરમાં અપડેટ કરી શકાશે તે અંગેની જરૂરી માહિતીનો મેસેજ ઓટોમેટીક જે-તે ખાતાના એન્જીનિયરને મળશે.
- ૧૪૫ ટાંકીઓમાં સવારે ૬ થી ૮ ના વોટર સપ્લાય માટે જરૂરી પાણીનો જથ્થો નિયમિત રીતે એક જ સ્થળેથી મોનીટરીંગ થવાથી તથા ઇમરજન્સી ટીમના સંપર્કમાં રહેવાથી ટાંકી ઓવર ફલો થવાની કે ઓછી ભરાવાની શક્યતા નહિવત રહેશે તથા Non Revenue Water-Waste Water થતાં અટકાવી શકાશે.
- જે-તે ટાંકીના ઓપરેટીંગ સ્ટાફ દ્વારા ચોક્સાઇપૂવર્ક કોતરપુર ટ્રન્ક મેઇન લાઇનના વાલ્વને ખોલ-બંધ કરીને જરૂરી પાણી અન્ડર ગ્રાઉન્ડ ટાંકીમાં એકત્રીત કરીને પાણીનો બગાડ અટકાવી શકાશે.
- વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન અને ફ્રેન્ચવેલ ખાતે દરેક પંપની ડીલીવરી લાઇન અને કોમન હેડર લાઇન પર પ્રેશરનું મેઝરમેન્ટ થશે અને જો કોઇપણ પ્રકારની મુશ્કેલી આવે તો તેના મેસેજ ઓટોમેટીક જે-તે ખાતાના એન્જીનિયરને મળશે.
- દરેક વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ,વોટર પંપીગ સ્ટેશનો અને ફ્રેન્ચવેલના એનર્જી પેરામીટર્સનું મોનીટરીંગ થવાથી એફીશીયન્સી ઈમ્પ્રુવમેન્ટ માટે જરૂરી રેક્ટીફિકેશન-રિપ્લેસમેન્ટની કામગીરી કરાવવાથી પંપોની કાર્યક્ષમતામાં સુધારો કરી શકાશે. આથી વીજ વપરાશમાં બચત થશે.
- દરરોજ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, વોટર પંપીંગ સ્ટેશનો અને ફ્રેન્ચવેલના વોટર ઓડિટ, એર્નજી ઓડિટ અને ક્વોલિટી ઓડિટના રીપોર્ટ જનરેટ થશે અને દૈનિક ધોરણે, માસિક ધોરણે, વાર્ષિક ધોરણે રેકોર્ડસનું ઓટોમેટીક કમ્પ્યુટરરાઇઝ અપડેટ કરી શકાશે.

આમ, જેએનએનયુઆરએમ ફંડના વોટર પ્રોજેક્ટના કામો માટે નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ માં ₹.૩૮.૧૪ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં ₹.૩૯.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

૧.૩ અમૃત (Atal Mission for Rejuvenation and Urban Transformation)

અમૃત યોજનાના ત્રણ મુખ્ય હેતુ છે. (૧) તમામ ઘરમાં નિશ્ચિત પાણી પુરવઠો નળ દ્વારા મળવો અને ડ્રેનેજ કનેકશન હોવુ (૨) વેલ મેન્ટેન્ડ પાર્કસ અને ગાર્ડન બનાવી શહેરની સુવિધામાં વધારો કરવો (૩) જાહેર જનતાને પબ્લીક ટ્રાન્સપોર્ટની સુવિધા પર સ્વીચ ઓવર કરવા તથા નોન-મોટરાઈઝડ ટ્રાન્સપોર્ટ માટે ફેસીલીટી ઉભી કરવી. સદર યોજના અંતર્ગત કુલ ૫૦૦ શહેરો આવરી લેવામાં આવેલ છે તેમાં ગુજરાત રાજ્યના ૩૧ શહેરો સિલેકટ થયેલ છે. જેમાંનું એક શહેર અમદાવાદ પણ છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા અમૃત યોજના હેઠળ ૨૪ x ૭ વોટર સપ્લાય સ્કીમ કરવા અંગે પશ્ચિમ ઝોનના કુલ છ વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશનના કમાન્ડ વિસ્તારને આવરી લેવામાં આવેલ છે. (નવા વાડજ કિરણપાર્ક, શ્રીનાથ, અંકુર, સોલા, પ્રગતિનગર તથા મેમનગર વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન) જેનો અંદાજીત ખર્ચ રૂા.૯૧.૮૪ કરોડ થનાર છે. સદર કામગીરીમાં રૂા.૧૧.૮૦ કરોડના ખર્ચે છ વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન ખાતે ૨૪ મીટર સ્ટેજીંગ હાઈટવાળી ઓવરહેડ ટાંકી બનાવવા, રૂા.૪.૨૮ કરોડના ખર્ચે પંપીંગ મશીનરી રીહેબીલીટેશન કરવા, રૂા.૬૧.૯૬ કરોડના ખર્ચે હયાત વોટર પાઈપલાઈન નેટવર્ક અપગ્રેડેશન કરવા તથા રૂા.૧૩.૮૦ કરોડના ખર્ચે અન્ય આનુષંગિક કામગીરી કરવાનું આયોજન હાથ ધરેલ છે.

જે માટે નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં ₹.૨૦.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

૧.૪ કોર્પોરેશન ફંડ હેઠળના મુખ્ય કામો

પૂર્ણ થયેલ કામની વિગત

- અમદાવાદ શહેરના નવા સમાવિષ્ટ વિસ્તારોમાં સરફેસ વોટર પુરૂ પાડવા આયોજન કરવામાં આવેલ. જેના ભાગરૂપે ઉત્તરઝોનમાં કોતરપુર ટ્રીટમેન્ટ પ્લાન્ટથી જુદા-જુદા વિસ્તારોમાં તથા પુર્વ ઝોન તથા દક્ષિણ ઝોનમાં રાસ્કા ટ્રીટમેન્ટ પ્લાન્ટથી જુદા-જુદા વિસ્તારોમાં ટ્રીટેડ વોટર ટ્રન્ક મેઈન વોટર પાઈપલાઈન નાખવાનાં કામ પુર્ણ થયેલ છે.
- સને ૨૦૧૫-૧૬માં (૧) પશ્ચિમ ઝોનમાં આંબાવાડી વોર્ડમાં નિયોજનનગર વિસ્તૃતીકરણ ફેઝ - ૨- જુની ભુગર્ભ ટાંકી તોડી નવી ભુગર્ભ ટાંકી બનાવવા, સ્ટેડિયમ વોર્ડમાં સ્ટેડિયમ વો. ડી.સ્ટેશન ખાતે પંપહાઉસ સાથે નવી ભુગર્ભ ટાંકી તથા હરિજન આશ્રમ વો. ડી. સ્ટેશનનું ઓગમેન્ટેશન (૨) પુર્વ ઝોનમાં વસ્ત્રાલ આર.ટી.ઓ., રામોલ સાત તલાવડી, હાથીજણ ગામ ખાતે, વિંઝોલ ગામ ખાતે, વિવેકાનંદનગર વસાહત ખાતે, વિનોબાભાવેનગર વસાહત ખાતે, ઓઢવ ટી.પી. ૧૦૩ ખાતે, મહાવીરનગર ભવાનીનગર ખાતે નવું વો.ડી.સ્ટેશન તથા નિકોલ મુકિતધામ તથા સુભાષમાર્કેટ અમરાઈવાડી ખાતે નવી ઓવરહેડ ટાંકી (૩) મધ્ય ઝોનમાં દુધેશ્વર વોટર વર્કસ ખાતે સેન્ટ્રલ લેબોરેટરી માટે નવુ બિલ્ડીંગ બનાવવા (૪) ઉત્તર ઝોનમાં નુતન મિલ ખાતે, નોબલનગર વ્યાસવાડી ખાતે નવુ વો.ડી.સ્ટેશન (૫) દક્ષિણ ઝોનમાં જશોદાનગર વો.ડી.સ્ટેશન ખાતે નવી ઓવરહેડ ટાંકી, વટવા ઈ.ડબલ્યુ.એસ. ખાતે તથા દાણીલીમડા જલઘર ખાતે નવું વો.ડી.સ્ટેશન (૬) નવા પશ્ચિમ ઝોનમાં બોડકદેવ ટોરન્ટ પાવર ખાતે, ગોતા મહાત્મા ગાંધી વસાહત ખાતે, જગતપુર ગામ ખાતે, સાયન્સ સીટી સહજાનંદ ક્રીસ્ટલ ખાતે, નવા રાણીપ બી.એ.પી.એસ. ખાતે તથા નવા રાણીપ આકાશ રેસી. ખાતે નવું વો.ડી.સ્ટેશન બનાવવાની કામગીરી પુર્ણ કરેલ છે.
- શહેરના નવા પશ્ચિમ ઝોનમાં સમાવિષ્ટ નવા વિસ્તારમાં બોરના પાણીના બદલે નર્મદાનું પાણી આપવા જાસપુર વો.ટ્રીટમેન્ટ પ્લાન્ટ ખાતે હયાત ૨૭૫ એમ.એલ.ડી. ક્ષમતામાં વધારાનો ૧૨૫ એમ.એલ.ડી. ક્ષમતાનો વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવાની કામગીરી પૂર્ણ કરેલ છે.

ચાલુ કામની વિગત

❀ (૧) પશ્ચિમ ઝોનમાં હરિજનઆશ્રમ વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન પાસે નવી પાઈપલાઈન નાખવા (૨) મધ્ય ઝોનમાં દુધેશ્વર વોટર વર્કસ ખાતે નવી ઓવરહેડ ટાંકી (૩) ઉત્તર ઝોનમાં કલાપીનગર ખાતે તથા ઠકકરબાપાનગર ખાતે નવું વો.ડી.સ્ટેશન (૪) દક્ષિણ ઝોનમાં ઈન્દિરાનગર વિભાગ-૨ ખાતે, લાંભા સોહંગ હીલ ખાતે તથા શ્રીનાથ રેસીડન્સી ખાતે નવુ વો.ડી.સ્ટેશન (૫) નવા પશ્ચિમ ઝોનમાં વેજલપુર મુસ્કાન ગાર્ડન ખાતે, બોડકદેવ પાયલ ખાતે, નિર્ણયનગર ખાતે, ગોતા કારગીલ ખાતે તથા જોધપુર મુમતપુરા ખાતે નવા વો.ડી.સ્ટેશન બનાવવાની કામગીરી ચાલુ છે.

આયોજન હેઠળના કામો

❀ આગામી વર્ષમાં ઝોનને ફાળવેલ સ્પેશ્યલ પ્રોજેક્ટ અંતર્ગત જે-તે ઝોન અથવા તો પ્રોજેક્ટ મારફતે નીચેના કામો કરવાનું આયોજન છે. (૧) મધ્ય ઝોનમાં જુદા-જુદા વોટર ડિસ્ટ્રીબ્યુશન સ્ટેશન રીપેરીંગ, દુધેશ્વર વોટર વર્કસનું અપગ્રેડેશન (૨) ઉત્તર ઝોનમાં નોબલનગર વોર્ડમાં નાના ચીલોડા થી એસ.પી. રીંગ રોડ વચ્ચે તથા સરદારનગર વોર્ડમાં ઈસ્કોનવીલા પાસે નવા વોટર ડિસ્ટ્રીબ્યુશન સ્ટેશન ઉપરાંત ઝોનમાં આવેલ વોટર ડિસ્ટ્રીબ્યુશન સ્ટેશન અને તેનું રીપેરીંગ (૩) દક્ષિણ ઝોનમાં લાંભા વોર્ડમાં રાણીપુર વોટર ડિસ્ટ્રીબ્યુશન અપગ્રેડેશન, લાંભા વોર્ડ તથા બહેરામપુરા વોર્ડમાં વોટર ડિસ્ટ્રીબ્યુશન સ્ટેશન બનાવવાનું કામ (૪) પૂર્વ ઝોનમાં નિકોલ ગામથી મનમોહન ચાર રસ્તા થઈ રીંગ રોડ સુધીના વિસ્તારમાં નવા વોટર ડિસ્ટ્રીબ્યુશન બનાવવાનું કામ તથા જુદા-જુદા વોટર ડિસ્ટ્રીબ્યુશન સ્ટેશનના અપગ્રેડેશન કરવાનું કામ (૫) પશ્ચિમ ઝોનમાં ઝોનલ બજેટમાં ફાળવેલ સ્પેશ્યલ પ્રોજેક્ટ અંતર્ગત આંબાવાડી વોર્ડમાં આવેલ આંબેડકર કોલોનીમાં આઈસોલેશનનું તથા જુદા-જુદા વોટર ડિસ્ટ્રીબ્યુશન સ્ટેશનના અપગ્રેડેશનનું કામ

❀ નવા પશ્ચિમઝોનમાં વૈષ્ણોદેવી ઓવરહેડ ટાંકીથી એસ.પી. રીંગ રોડને સમાંતર એમ.એસ તથા ડી.આઇ પાઇપલાઇન ભાડજ, શીલજ, લપકામણ, ઓગણજ તથા તેના આજુ-બાજુના વિકાસ પામતાં વિસ્તારમાં નાંખવાનું આયોજન છે.

❀ નર્મદા મેઈન કેનાલ ચેનેજ ૨૦૨.૩૬૮ થી રાસ્કા વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ સુધી ૨૦૦૦ મીમી વ્યાસની એમ.એસ. પાઈપલાઈન નાંખવાનું આયોજન છે.

➞ વોટર ઓડીટ :

હયાત વોટર સપ્લાય સીસ્ટમમાં અમુક વિસ્તારોમાં પાણીનો જથ્થો, પ્રેશર તથા પ્રદુષણ બાબતે ફરિયાદો ઉપસ્થિત થાય છે. હયાત સીસ્ટમમાં પાણીના પ્રેશર તથા જથ્થાની ફરિયાદ નિવારવા માટે અગ્રિમતાના ધોરણે દરેક વોર્ડ ડીસ્ટ્રીબ્યુશન સેન્ટરના કમાન્ડ એરીયા (DMA) નક્કી કરી હયાત સીસ્ટમમાં આઈસોલેશનની કામગીરી શરૂ કરવામાં આવેલ છે.

વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશનથી ઉપભોક્તા સુધી પાણી પૂરતા પ્રેશર તથા જથ્થાંથી મળી રહે તે હેતુસર વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન ઉપર જરૂરી પાણીના નેટવર્કની બ્રાન્ચ લાઈનો ઉપર તેમજ ઉપભોક્તાના સોસાયટી/ચાલીના નાકે ફ્લો મીટર/વોટર મીટર મૂકી પાણીના જથ્થાનો વપરાશ કેટલો થાય છે તે અંગેની તથા લાઈન ઉપર પાણીના લીકેજીસની પણ માહિતી મેળવી શકાશે. ચોક્કસ માહિતી ઉપલબ્ધ થવાથી લાઈનની સાઈઝમાં જરૂરી ફેરફાર અથવા વાલ્વમાં સેટીંગ કરવાથી પાણીના ઓછા જથ્થા/પ્રેશરની ફરિયાદોનું મહદ્‌અંશે નિરાકરણ થઈ શકશે. જે અંગે સમગ્ર શહેરનો તબક્કાવાર સર્વે પૂર્ણ કરવામાં આવશે અને પાયલોટ પ્રોજેક્ટ તરીકે નવા પશ્ચિમ ઝોનના જોધપુર વોર્ડ તથા પશ્ચિમ ઝોનના સ્ટેડીયમ વોર્ડમાં અમલીકરણનું આયોજન કરવામાં આવેલ છે.

➞ વોટર મીટર દ્વારા પાણીનો બગાડ અટકાવવાનું આયોજન :

હાલમાં નવા બિલ્ડીંગમા અપાતાં બી.યુ. પરમીશન તથા કોમર્શીયલ કનેકશનને વોટર મીટરથી પાણી આપવાનું નક્કી કરવામાં આવેલ છે, તેમજ ભવિષ્યમાં તમામ પાણીના કનેકશનો વોટર મીટર આધારીત કરવા માટે વોટર મીટર પોલીસી તૈયાર કરી શહેરની જનતાના સુચનો/વાંધા મંગાવવામાં આવેલ છે, જે ધ્યાને લઈ સક્ષમ સત્તા દ્વારા વોટર મીટર પોલીસી મંજુર થયા બાદ સમગ્ર શહેરમાં વોટર મીટર આધારીત કનેકશન આપવામાં આવશે.

વોટર મીટર પોલિસી અંતર્ગત ટેલીસ્કોપીક રેટથી રેસીડેન્સીયલ, કોમર્શીયલ તથા ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં પાણીના વપરાશ આધારિત પાણી આપવામાં આવશે અને તે મુજબ વોટર ચાર્જીસ વસુલવાનું આયોજન છે. જેના અમલીકરણ બાદ અભ્યાસના આધારે જે-તે સોસાયટી/ચાલીનો પાણીનો વપરાશ તેમની જરૂરિયાત મુજબનો કરીને જે સોસાયટી/ચાલી બિન ઉપયોગી પાણીનો વપરાશ નહીં કરે તેવી સોસાયટી/ચાલીને પ્રોત્સાહિત કરવામાં આવશે.

➞ વોટર ફ્લો મીટર :

વોટર પ્રેશર સુધારણા યોજના હેઠળ સોસાયટી કે ચાલીઓમાં તથા છેવાડાના એરીયામાં ઘણીવાર પાણી ઓછા પ્રેશરથી મળવાની કે ઓછી માત્રામાં મળવાની ફરીયાદો આવતી હોવાથી ચાલીઓમાં કેટલું પાણી આપીએ છીએ તેની ચોક્કસ માત્રા જાણી શકાય તે માટે ફલો મીટર મુકવામાં આવશે. સદર ફલો મીટરમાંથી ઓટોમેટીક જે તે ઝોનના અધિકારીને વોટર સપ્લાય અંગેની એસ.એમ.એસ. થી માહિતી મળી શકશે.

➞ રાસ્કા યોજનાનું પાણી શહેરના દૂર-દૂરના વિસ્તારોમાં પહોંચાડવા અંગેનું આયોજન :

શહેરના દક્ષિણ ઝોનના ઈન્દ્રપુરી, વટવા, ઈસનપુર તથા લાંભા વિગેરે વિસ્તારને રાસ્કા સંતરામ જળ શુદ્ધિકરણ પ્લાન્ટનું પાણી પુરૂ પાડવા રૂા.૩૭.૫૨ કરોડના ખર્ચે એક્સપ્રેસ હાઈવે - બી.આર.ટી.એસ. જંકશન પાસે હયાત ૨૧૦૦ મી.મી. વ્યાસની એમ.એસ. રાસ્કા મેઈન્સ સાથે જોડાણ કરી સી.ટી.એમ. થી નારોલ બી.આર.ટી.એસ. રૂટ તથા નારોલ થી લાંભા તરફ નેશનલ હાઈવે તરફ જુદા-જુદા વ્યાસની ૧૪ કિ.મી. એમ. એસ. તથા ડી.આઈ. પાઈપ લાઈન નાંખવાની કામગીરી ચાલુ કરેલ છે.

➞ ટ્રીટેડ વોટરની બદલે રિ-સાયકલ (ટ્રીટેડ સુએજ) ના વપરાશ અંગે :

હાલમાં જુદા-જુદા ઝોનમાં આવેલ ગાર્ડનમાં ટ્રીટેડ વોટરના જે-તે વોટર પંપીંગ સ્ટેશનના નેટવર્કમાંથી કનેકશન દ્વારા પાણીનો ઉપયોગ કરવામાં આવે છે. જે અંદાજે ૧૮ એમ.એલ.ડી. જેટલો વપરાશ છે. સદરહુ ટ્રીટેડ વોટરની જગ્યાએ ગાર્ડનની નજીકના સુઅરેજ નેટવર્કમાંથી સુએજ મેળવી ડી-સેન્ટ્રલાઈઝ ૧-૨ એમ.એલ.ડી. ક્ષમતાના ટર્શરી ટ્રીટમેન્ટ પ્લાન્ટ (TTP) બનાવી તેનો ઉપયોગ ગાર્ડનમાં કરવાથી અંદાજીત ૧૮ એમ.એલ.ડી. ટ્રીટેડ પાણીની બચત થશે.

આમ, કોર્પોરેશન ફંડના વોટર પ્રોજેક્ટના કામો માટે નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ માં ₹.૧૧૧.૦૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં ₹.૧૨૫.૫૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

વોટર પ્રોજેક્ટ માટે નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ માં કુલ ₹.૨૩૪.૧૨ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. જ્યારે નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં કુલ ₹.૨૯૨.૬૯ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

૨. ડ્રેનેજ પ્રોજેક્ટ :

ડ્રેનેજ પ્રોજેક્ટ ખાતા દ્વારા નવા ડ્રેનેજ પંપીંગ સ્ટેશન બનાવવા, સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ નવા બનાવવા, નવી રીલીફ સુઅર ટ્રન્ક મેઈન લાઈન નાંખવા, નવા સમાવેશ થયેલ અને ડ્રેનેજના ઈન્ફ્રાસ્ટ્રકચર સવલતો વગરના વિસ્તારમાં ડ્રેનેજ નેટવર્ક નાંખવાની તથા સ્ટોર્મ વોટર ડ્રેઈનની કામગીરી તેમજ તળાવોના વિકાસની કામગીરી કરવામાં આવે છે.

૨.૧ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળના મુખ્ય કામો

વર્ષ ૨૦૧૬-૧૭ માં હાથ ધરવામાં આવનાર કામો :

- લાંભા ખાતે રૂા.૧૦.૦૦ કરોડના ખર્ચે નવું ડ્રેનેજ પંપીગ સ્ટેશન તથા ડ્રેનેજ નેટર્વક નાંખવાનું કામ
- દિપાલીનગર તથા નવા ઓઢવમાં રૂા.૫.૦૦ કરોડના ખર્ચે સ્ટોર્મ વોટર ડ્રેઇન લાઇન નાંખવાનું કામ
- ઓઢવ વિસ્તારમાં રૂા.૪.૦૦ કરોડના ખર્ચે મહાકાળી ખાતે સ્ટોર્મ વોટર પંપીગ સ્ટેશન બનાવવાનું કામ
- નરોડા ટી.પી.સ્કીમ-૨ માં રૂા.૫.૦૦ કરોડના ખર્ચે સ્ટોર્મ વોટર પંપીગ સ્ટેશન તથા પાઇપ લાઇન નાંખવાનું કામ
- નવા પશ્ચિમઝોન સોલા ખાતે રૂા.૧૨.૦૦ કરોડના ખર્ચે નવું ડ્રેનેજ પંપીગ સ્ટેશન બનાવવાનું કામ
- ઓઢવ વોર્ડમાં રૂા.૨.૦૦ કરોડના ખર્ચે તળાવ ડેવલપ કરવાનું કામ

➞ ગોતા-ગોધાવી કેનાલ ડેવલપ કરવાના કામ :

અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન તથા ઔડા વિસ્તારમાંથી પસાર થતી ૧૬.૪૬૦ કી.મી. લંબાઈ પૈકી અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનની ૮.૪૬૦ કી.મી. તથા ઔડા વિસ્તારની ૮.૦૦ કી.મી. લંબાઈની ગોતા ગોધાવી કેનાલનો ચોમાસા દરમ્યાન વરસાદી પાણીના નિકાલ માટે તથા ખુલ્લી કેનાલના કારણે થતી ગંદકી તથા મચ્છરના ઉપદ્રવને કારણે થતો રોગચાળો અટકાવવા ગોતા-ગોધાવી કેનાલના મજબુતીકરણ અને નવીનીકરણના કામ અંગે તથા કેનાલને ડેવલપ કરવા અંગે કેનાલને સંપૂર્ણ લાઈનીંગ કરી કેનાલને જુદી જુદી જગ્યાએ ૫૧૦૦ મીટર લંબાઈમાં સ્લેબ ભરી કવર કરવા તેમજ ૯૭૬૦ મીટર લંબાઈની કેનાલને ફક્ત લાઇનીંગ તથા કેનાલની બંન્ને બાજુ વૃક્ષા રોપણ કરી બ્યુટીફીકેશનની કામગીરીનું તથા કેનાલની સમાંતર બંન્ને બાજુ પાકા રોડ બનાવવાનું આયોજન હાથ ધરવામાં આવનાર છે.

ગોતા ગોધાવી કેનાલને ડેવલપ કરવાના મંજુર થયેલ કુલ ડી.પી.આર રૂા. ૧૫૦ કરોડના કામને અમલીકરણની સરળતા અર્થે અલગ-અલગ ૮ ટેન્ડરોમાં વિભાજીત કરી કામ કરવાનું આયોજન કરેલ છે જે પૈકી મંજુર થયેલ ટેન્ડરોની વિગત નીચે મુજબ છે.

- ❀ ગોતા-ગોધાવી કેનાલને આર.સી.સી. બોક્ષ કરવા હયાત સ્ટ્રકચરને રૂા.૧૪.૨૩ કરોડના ખર્ચે રીનોવેશન કરવા તથા પર્કોલેશન વેલ બનાવવાના કામ. (GGDP-1) ચેઇનેઝ ૬૬૦૦ થી ૭૯૦૦ (અ.મ્યુનિ.કોર્પો. લીમીટ)
- ❀ ગોતા-ગોધાવી કેનાલને આર.સી.સી. બોક્ષ કરવા હયાત સ્ટ્રકચરને રૂા.૨૬.૦૫ કરોડના ખર્ચે રીનોવેશન કરવા તથા પર્કોલેશન વેલ બનાવવાના કામ. (GGDP-2) ચેઇનેઝ ૯૮૪૦ થી ૯૯૪૦, ૧૦૭૦૦ થી ૧૧૭૦૦, ૧૩૦૦૦ થી ૧૩૮૦૦ (ઔડા લીમીટ)
- ❀ ગોતા-ગોધાવી કેનાલને આર.સી.સી. બોક્ષ કરવા હયાત સ્ટ્રકચરને રૂા.૨૩.૩૯ કરોડના ખર્ચે રીનોવેશન કરવા તથા પર્કોલેશન વેલ બનાવવાના કામ. (GGDP-3) ચેઇનેઝ ૫૧૫ થી ૮૩૦, ૧૦૩૦ થી ૧૫૦૦, ૧૯૪૦ થી ૩૦૩૦ (અ.મ્યુનિ.કોર્પો. લીમીટ)
- ❀ ગોતા-ગોધાવી કેનાલનું આર.સી.સી. લાઇનીંગ (કોર્પોરેશન વિસ્તાર) રૂા.૧૬.૭૫ કરોડના ખર્ચે કરવાનું કામ. (GGDP-4) ચેઇનેઝ ૦ થી ૫૧૫, ૮૩૦ થી ૧૦૩૦, ૧૫૦૦ થી ૧૯૪૦, ૩૦૩૦ થી ૪૩૫૦, ૪૩૫૦ થી ૬૬૦૦, ૭૯૦૦ થી ૮૫૦૦ (અ.મ્યુનિ.કોર્પો. લીમીટ)
- ❀ ગોતા-ગોધાવી કેનાલનું આર.સી.સી. લાઇનીંગ (ઔડા વિસ્તાર) રૂા.૧૧.૮૨ કરોડના ખર્ચે કરવાનું કામ. (GGDP-5) ચેઇનેઝ ૮૫૦૦ થી ૯૮૪૦, ૯૯૪૦ થી ૧૦૭૦૦, ૧૧૭૦૦ થી ૧૩૦૦૦, ૧૩૮૦૦ થી ૧૪૮૬૦ (ઔડા લીમીટ)

- ગોતા-ગોધાવી કેનાલને સમાંતર બન્ને બાજુ એક રોડ ડેવલપ કરવા તેમજ અન્ય પરચુરણ કામ રૂા.૩૧.૯૮ કરોડના ખર્ચે કરવા બાબત. (GGDP-6 કોર્પોરેશન વિસ્તાર)
- ગોતા-ગોધાવી કેનાલને સમાંતર બન્ને બાજુ એક રોડ ડેવલપ કરવા તેમજ અન્ય પરચુરણ કામ રૂા.૧૬.૮૭ કરોડના ખર્ચે કરવા બાબત. (GGDP-7 ઔડા વિસ્તાર)
- ગોતા-ગોધાવી કેનાલને સમાંતર આવેલ હયાત યુટીલીટીને રૂા.૮.૯૧ કરોડના ખર્ચે શીફટીંગ કરવાનું કામ. (GGDP-8)

ગોતા-ગોધાવી કેનાલ માટે નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ માં ₹.૬.૭૩ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં ₹.૭૦.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

આમ, સ્વર્ણિમ યોજના અંતર્ગત ડ્રેનેજ પ્રોજેક્ટ માટે નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ માં કુલ ₹.૪૮.૦૫ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં કુલ ₹.૧૩૫.૨૭ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

૨.૨ " જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રીન્યુઅલ મિશન" (JnNURM) યોજના

→ સુપરવાઈઝરી કન્ટ્રોલ એન્ડ ડાટા એક્વિઝીશન (SCADA) :

જુદા-જુદા ૩૦ ડ્રેનેજ પમ્પીંગ સ્ટેશનો તથા ૭ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટો ખાતે SCADA (સુપરવાઈઝરી કંટ્રોલ એન્ડ ડેટા એક્વીઝીશન)નું રૂા.૨૭.૭૩ કરોડના ખર્ચે કામ પ્રગતિમાં છે. સદર કામગીરી કરવાથી લેવલ બેઝ પમ્પનું ઓપરેશન તથા તેનું મોનીટરીંગ કરવામાં આવશે તેવી જ રીતે પમ્પના ફલો તથા એનર્જી પેરામીટરનું પણ મોનીટરીંગ કરવામાં આવશે. સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ખાતે રો-સુએઝ તથા ટ્રીટેડ સુએજની ક્વોલીટી જેવી કે પી. એચ., બી.ઓ.ડી., સી.ઓ.ડી. વિગેરેનું મોનીટરીંગ કરવામાં આવશે.

આમ, જેએનએનયુઆરએમ ફંડના ડ્રેનેજ પ્રોજેક્ટના કામો માટે નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ માં ₹.૨૮.૭૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં ₹.૪૫.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

૨.૩ અમૃત (Atal Mission for Rejuvenation and Urban Transformation)

હયાત ટ્રન્ક મેઈન અને એસ.ટી.પી.માં સુઅરેજનું ભારણ ઘટાડવા માટે રૂા.૮૨.૦૦ કરોડના ખર્ચે જલવિહાર જૂના વાડજ ખાતે ૬૦ એમ.એલ.ડી. નો સેકન્ડરી સુઅરેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ અમૃત યોજના હેઠળ બનાવવામાં આવશે. ખેતીવાડી અને પીવાના પાણીની માંગ વધવાથી ભવિષ્યમાં સાબરમતી રીવર ફ્રન્ટ પ્રોજેક્ટ માટે નર્મદાનું પાણી મળી

શકે તેમ ન હોવાથી સાબરમતી રીવર ફ્રન્ટમાં પાણીનું લેવલ જાળવવા માટે સદરહુ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં શુદ્ધ કરેલ પાણી સાબરમતી રીવર ફ્રન્ટમાં છોડવાનું તથા સદરહુ ટ્રીટેડ કરેલ પાણીનો બગીચાઓ માટે તથા સાબરમતી રીવર ફ્રન્ટ પ્રોજેક્ટ અંતર્ગત ઉભા કરવામાં આવેલાં ધોબીઘાટની સુવિધામાં ઉપયોગ કરવાનું આયોજન કરવામાં આવેલ છે.

સદરહુ યોજનાના ઘટકોમાં જલવિહાર ખાતે સુએજ પંપીંગ સ્ટેશન બનાવવા, ૬૦ એમ.એલ.ડી. સેકન્ડરી ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવા તથા ટ્રન્ક મેઈન લાઈન નાંખવાનો સમાવેશ થાય છે.

સદરહુ જલવિહાર ખાતે સુઅરેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટની યોજનાના રૂા.૮૨.૦૦ કરોડના ખર્ચ પૈકી કેન્દ્ર સરકાર દ્વારા રૂા.૨૭.૩૩ કરોડ તથા રાજ્ય સરકાર દ્વારા રૂા.૧૬.૪૦ કરોડ આપવામાં આવશે તથા બાકીના રૂા.૩૮.૨૭ કરોડ અ.મ્યુ.કો. દ્વારા ભોગવવામાં આવશે.

જે માટે નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ માં ₹.૫.૦૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં ₹.૩૦.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

૨.૪ કોર્પોરેશન ફંડ હેઠળના મુખ્ય કામો

➞ નેશનલ રીવર કન્ઝર્વેશન પ્રોજેક્ટ (NRCP) ફેઝ-૨ હેઠળના કામોની વિગતો :

❑ **૧૫૫ એમ.એલ.ડી. એસ.ટી.પી., પીરાણા તેમજ ૪૮ એમ.એલ.ડી. એસ.ટી.પી., વાસણા :**

કેન્દ્ર સરકારની NRCP-II યોજના હેઠળ કેન્ટોન્મેન્ટ ખાતે નદીમાં જતા અનટ્રીટેડ સુએજને ટ્રીટ કરી નદીમાં છોડવાના હેતુથી ૨.૫ એમ.એલ.ડી. કેપેસીટીનો એસ.ટી.પી. અંદાજીત રૂા.૭.૯૦ કરોડના ખર્ચે તથા વાસણા તેમજ પીરાણા ખાતે આવેલ જુના લગુન ટેકનોલોજી આધારિત પ્લાન્ટસને રીનોવેટ કરી નદીમાં જતા અનટ્રીટેડ પાણીને શુદ્ધ કરી નદીમાં છોડવાના હેતુથી વાસણા ખાતે અંદાજીત રૂા.૫૮.૯૪ કરોડના ખર્ચે ૪૮ એમ.એલ.ડી.નો એસ.ટી.પી. તેમજ પીરાણા ખાતે અંદાજીત રૂા.૧૧૮.૮૯ કરોડના ખર્ચે ૧૫૫ એમ.એલ.ડી.નો એસ.ટી.પી. બનાવવામાં આવશે.

- ❀ ચંદ્રભાગા નાળા પાસે ૫ એમ.એલ.ડી. ક્ષમતાનો રૂા.૭.૯૦ કરોડના ખર્ચે સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ
- ❀ કેન્ટોનમેન્ટ પાસે ૨.૫ એમ.એલ.ડી. ક્ષમતાનો રૂા.૫.૭૦ કરોડના ખર્ચે સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ
- ❀ રૂા.૪૨.૫૩ કરોડના ખર્ચે સુઅર લાઈન નાંખવા (૧૫૦ થી ૨૦૦૦ મી.મી. ડાયા)
- ❀ રૂા.૨૨.૯૩ કરોડના ખર્ચે નવું ડ્રેનેજ નેટવર્ક તથા ચંદ્રભાગા નાળાની આજુ-બાજુ ડ્રેનેજ પંપીંગ સ્ટેશન બનાવવાનું કામ
- ❀ રૂા.૪૧.૨૧ કરોડના ખર્ચે નવા સુએજ પપીંગ સ્ટેશનો બનાવવાનું કામ
- ❀ રૂા.૫૨.૨૩ કરોડના ખર્ચે રીલીફ સુએજ લાઈનો નાંખવાનું કામ

- જુની લાઇનોનું રીહેબીલીટેશન (પશ્ચિમ ઝોનના વાસણા વોર્ડમાં અંજલી ચાર રસ્તાથી વાસણા બસ સ્ટેન્ડ થઈ એ.પી.એમ.સી. માર્કેટ સુધીની હયાત લાઈનને રૂા.૭૦.૬૧ કરોડના ખર્ચે રીહેબીલીટેટ કરવાના કામ બાબત (અંદાજ રૂા.૧૨૨૮.૦૦ લાખ)
- રૂા.૨.૦૨ કરોડના ખર્ચે એડમીનીસ્ટ્રેટીવ બિલ્ડીગ બનાવવાનું કામ

જે માટે નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ માં ₹.૧૦.૦૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં ₹.૭૫.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

→ નવા બનાવવામાં આવનાર સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ / ટર્શરી ટ્રીટમેન્ટ પ્લાન્ટ :

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તક હાલમાં સાત સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ કાર્યરત છે. જેમાંથી ત્રણ પ્લાન્ટ સાબરમતી નદીની પશ્ચિમ બાજુએ જયારે ચાર પ્લાન્ટ પુર્વ બાજુએ આવેલ છે. સદર પ્લાન્ટસની ઈન્સ્ટોલ્ડ કેપેસીટી ૮૧૭ એમ.એલ.ડી. છે. જેમાં સેકન્ડરી લેવલ સુધી સુએજ ટ્રીટમેન્ટ કરી GPCB ના ધારા ધોરણો મુજબ પેરામીટર્સ લાવી સાબરમતી નદીમાં છોડવામાં આવે છે.

આ ઉપરાંત જુદા-જુદા વિસ્તારોમાં સુએજના પંપીંગ અને ટ્રીટમેન્ટને લગતાં પ્રશ્નોને હલ કરવાનાં હેતુથી ઉત્તર ઝોન વિસ્તારમાંથી પસાર થઇ પીરાણા એસ.ટી.પી. સુધી આવતી સુએજ મેઇન ટ્રંક લાઇન પરનું ભારણ ઓછું કરી બેકીંગ અને ઓવર ફલોના પ્રશ્નો હલ કરવા હાંસોલ ખાતે ૫૦ એમ.એલ.ડી. કેપેસીટીનો ટર્શરી ટ્રીટમેન્ટ પ્લાન્ટ અંદાજીત રૂા.૧૦૭.૩૫ કરોડના ખર્ચે બનાવવામાં આવશે તેમજ વિંઝોલ ખાતે રૂા.૭૮.૬૫ કરોડના ખર્ચે હયાત પંપીગ સ્ટેશનમાં આવતી વધારાની આવકને ધ્યાનમાં લઇ હયાત ૭૦ એમ.એલ.ડી. પ્લાન્ટને અપગ્રેડ કરવાનો તથા નવો ૩૫ એમ.એલ.ડી. કેપેસીટીનો સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવાનું આયોજન છે. જેનાથી મેઇન ટ્રંક લાઇન પરનું ભારણ ઓછું થવાથી બેકીંગ અને ઓવર ફ્લોના પ્રશ્નો હલ થશે.

→ જૂની હયાત લાઈનોના ડીશીલ્ટીંગ તેમજ સ્ટ્રેન્થનીંગ કરવાની કામગીરી :

અમદાવાદ મ્યુનિસપિલ કોર્પોરેશન વિસ્તારમાં વર્ષો જુની ડ્રેનેજ / સ્ટ્રોર્મ વોટર ડ્રેઇન લાઇનોને આધુનીક ટેકનોલોજી આધારીત મશીનરી જેવી કે સીસીટીવી, હાઇફલો સકશન મશીન વિગેરેથી ડીશીલ્ટીંગ કરી લાઇનો/ ડક્ટોની વહન ક્ષમતા વધારવા આશરે રૂા.૪૦.૦૦ કરોડનું આયોજન કરેલ છે. જે પૂર્ણ થયેથી ડ્રેનેજ બેકીંગ તથા વરસાદી પાણી ભરાવાના પ્રશ્નો મહત્તમ રીતે હલ કરી શકાશે.

શહેરના જુના / ગીચ વસ્તી ધરાવતા વિસ્તારોની વર્ષો જુની લાઇન તાંત્રીક રીતે બદલી શકાય તેવી પરિસ્થિતી હોતી નથી. જેથી તે વિસ્તારોમાં ડ્રેનેજ બેંકીંગના તથા ડીશીલ્ટીંગ માટે મહત્તમ પ્રશ્નો ઉપસ્થિત થાય છે. જેના નિવારણ અર્થે દુનિયાના મેગા શહેરોમાં હાથ ધરાતી Trenchless Techonology દ્વારા જુની પાઇપ લાઇનને નવિનીકરણ કરવાના આયોજન અંતર્ગત હાલમાં પ્રાયોગીક ધોરણે દક્ષિણ ઝોન વિસ્તારમાં ભૈરવનાથ થી બળવંતરાય મહેતા હોલ સુધીની જુની ડ્રેનેજ ટ્રંક લાઇનનું Trenchless techonology દ્વારા ડીશીલ્ટીંગ કરાવી સ્ટ્રેન્થનીગ કરવાની કામગીરી કરેલ છે.

આગામી સમયમાં નીચે જણાવેલ સ્થળોએ સદર પ્રકારની કામગીરી હાથ ધરવામાં આવનાર છે.

૧. પશ્ચિમ ઝોનમાં વર્ષો જુની હયાત ડ્રેનેજ લાઈનો પૈકીની એ.પી.એમ.સી. માર્કેટથી અંજલી ચાર રસ્તા સુધીની ડ્રેનેજ લાઈન, એલ.ડી. એન્જી. થી નહેરૂનગર ચાર રસ્તા સુધીની ડ્રેનેજ લાઈન ટ્રેન્ચલેસ ટેકનોલોજીથી રીહેબીલીટેશન કરવાનુ કામ

૨. પૂર્વ ઝોન વિસ્તારમા એસ.પી. ઓફીસથી બાપુનગર ચાર રસ્તા સુધીની હયાત ૧૬૦૦ મી.મી. વ્યાસની લાઈન

૩. દક્ષિણ ઝોનમાં (૧) મણીનગર વોર્ડમાં જવાહર ચોકથી ભૈરવનાથ બી.આર. ટી. એસ બસ સ્ટેન્ડ સુધીની જુની ડ્રેનજ લાઇન અને (૨) બહેરામપુરા વોર્ડમાં ગૌતમપાર્ક ચાર રસ્તા થી બહેરામપુરા એસ.પી.એસ. સુધીની જુની ડ્રેનેજ લાઇન ટ્રેન્ચલેસ ટેક્નોલોજીથી રીહેબીલીટેટ કરવાનું આયોજન છે.

૪. ઉત્તર ઝોનમાં વ્યાસવાડી વિસ્તારમાં ડ્રેનેજ પંપીંગ સ્ટેશન અંગેની ફિઝીબીલિટી તપાસી સ્વપ્નસૃષ્ટિના હયાત પ્લોટમાં ડ્રેનેજ પંપીંગ સ્ટેશન બનાવવાનું આયોજન છે.

૫. આગામી વર્ષે નવા સમાવિષ્ટ વિસ્તાર પૈકીના લાંભા, ગોતા તથા સરખેજ વિસ્તારને ઝોનલ બજેટમાં ફાળવેલ સ્પેશ્યલ પ્રોજેક્ટ અંતર્ગત **કોમ્પ્રીહેન્સીવ સ્પેશ્યલ પ્લાન** બનાવી આ વિસ્તારના ડ્રેનેજના પ્રશ્નો હલ કરવા હયાત ખુલ્લી નીકમાં તથા ખાળકૂવામાં આવતાં ડ્રેનેજને અન્ડગ્રાઉન્ડ પાઈપ નાંખીને તેમાં ડિસ્ચાર્જ કરવાનું આયોજન છે.

૬. ચાલુ વર્ષે ગોતા વોર્ડમાં ગુજરાત હાઉસીંગ બોર્ડની વસંતનગર ટાઉનશીપ તેમજ મહાત્મા ગાંધી વસાહતમાં ગટરના ઓવરફ્લો થવાના પ્રશ્નો હલ કરવા અલગ-અલગ જગ્યાએ ગટર લાઈન નાંખી મેઈન સ્ટ્રીમમાં જોડવાનું કામ મ્યુનિસિપલ કોર્પોરેશન ઉપરાંત રાજ્ય સરકારશ્રીના નાણાંકીય સહયોગથી આશરે રૂા.૩૦.૦૦ કરોડના ખર્ચે ચાલુ છે. જે આગામી વર્ષે સમગ્ર વિસ્તારમાં વોટર ડીસ્ટ્રીબ્યુશન તેમજ સુઅરેજ ડીસ્પોઝલ માટે લાઈનો નાંખી કામ પૂર્ણ કરવાનું આયોજન છે. સદર કામ પૂર્ણ થયેથી હાઉસીંગ બોર્ડ તથા તેના આસ-પાસના વિસ્તારમાં ડ્રેનેજ ઉભરાવવાના પ્રશ્નો હલ થશે તેમજ આ વિસ્તારમાં જરૂરિયાત મુજબ પાણી પૂરેપુરૂ મળી રહે તે મુજબની વ્યવસ્થા થશે.

૭. નવા પશ્ચિમ ઝોનને ફાળવેલ સ્પેશ્યલ બજેટ અંતર્ગત આગામી વર્ષમાં વેજલપુર વોર્ડમાં સોનલ સિનેમા રોડ થી બળિયાદેવ મંદિર, હેલ્મેટ સર્કલ થી માનવ મંદિર, થલતેજ વોર્ડમાં હેબતપુર તેમજ ભાડજ ગામતળ વિસ્તારમાં તથા દક્ષિણ ઝોનના બહેરામપુરા વોર્ડના ગરીબનગર વિસ્તાર તથા દાણીલીમડા વોર્ડમાં મિલ્લતનગર વિસ્તારમાં ડ્રેનેજની સિસ્ટેમેટીક સગવડ આપવાની કામગીરી પૂર્ણ કરવાનું આયોજન છે.

૮. વટવા વોર્ડમાં નિગમ સોસાયટી વિસ્તારમાં હયાત ડ્રેનેજ પંપીંગ સ્ટેશનની ક્ષમતા વધારવા પંપીંગ અપગ્રેડ કરવા માટે તેમજ તેની રાઈઝીંગ અપગ્રેડ કરવા માટેનું આગામી વર્ષે આયોજન છે. જેનાથી નિગમ સોસાયટી વિસ્તારમાં પીક અવર્સમાં ડ્રેનેજના ઓવરફ્લોના પ્રશ્ન હલ થશે.

૯. પશ્ચિમ ઝોનના રાણીપ વોર્ડમાં રાણીપ ટી.પી.૩ ના સૂચિત રોડ ઉપર ડ્રેનેજ લાઈન નાંખી ખુલ્લામાં જતાં ચંદ્રભાગાના વહેળાને પાઈપલાઈનમાં પરિવર્તિત કરવાનું આયોજન છે.

➞ કોમન એફ્લુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ :

દાણીલીમડા વિસ્તારમાં હેન્ડસ્ક્રીન પ્રિન્ટીંગ એસોસીએશન વિસ્તારમાં આવેલ ઔદ્યોગિક એકમોનું એફ્લુઅન્ટ હાલમાં ડ્રેનેજ લાઈન અથવા સ્ટોર્મ વોટરમાં નિકાલ થાય છે તેને ડાયવર્ટ કરી તેનું એફ્લુઅન્ટ ડીસ્પોઝલ નેટવર્ક પંપીંગ તેમજ કોમન એફ્લુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવા માટે પ્રોજેક્ટની કામગીરી કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકારના સહયોગથી આશરે રૂ.૧૪૨.૦૦ કરોડ ખર્ચે તબક્કાવાર કરવાનું આયોજન છે.

➞ ઈન્ડસ્ટ્રીયલ એફ્લુઅન્ટ માટે નવું Advanced Ion Exchanger with Radiation Technology :

ભાભા એટોમીક રીસર્ચ સેન્ટર દ્વારા ટેક્ષટાઈલ ઈન્ડસ્ટ્રીઝમાં કલરવાળા પાણીને રી-સાઈકલ કરવાના હેતુથી નવું રેડિયેશન ટેકનોલોજીવાળું Ion Exchanger બનાવેલ છે. આ પદ્ધતિથી કલરવાળું પાણી ચોખ્ખું થઈને મળશે જ્યારે ડાઈ રીકવર કરી શકાશે. આ પદ્ધતિથી પાણીમાંથી COD અને BOD પણ ઓછા થઈ જશે. જેથી સદર પાણીને બીજા ઉપયોગમાં લઈ શકાશે. આ પ્રકારની ટેકનોલોજી ભારતમાં પ્રથમ વખત વાપરવામાં આવશે અને તેનાથી ડ્રેનેજ લાઈનોમાં ઈન્ડસ્ટ્રીયલ એફ્લુઅન્ટના થતાં ગેરકાયદેસર ડીસ્ચાર્જને રોકી પ્રદૂષણ ઓછું કરી શકાશે.

➞ ડિસેન્ટ્રલાઈઝ્ડ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ :

સુએજને ડ્રેનેજ લાઈનો મારફતે સેન્ટ્રલાઈઝડ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ સુધી લઈ જવાની કેપીટલ કોસ્ટ ઘણી ઉંચી હોય છે તેમજ પ્લાન્ટ માટે વિશાળ જગ્યાની જરૂર પડે છે. આ ઉપરાંત તેમાંથી દુર્ગંધ અને મરછરના ઉપદ્રવ થવાની શકયતા રહેલી છે. તે જોતા જો વિવિધ સ્થળોએ જયાં સુએજ જનરેટ થાય ત્યાંજ તેને ટ્રીટ કરવામાં આવે તો તેને પ્લાન્ટ સુધી લઈ જવાની કોસ્ટ પણ ઘટી જાય તેમજ શુધ્ધ થયેલ પાણીને તે જ સ્થળે બીજા ઉપયોગો જેવાકે, ગાર્ડનીંગ, ટોયલેટ ફલશીંગ તેમજ ન્યુસન્સ ટેન્કર, વ્હીકલ વોશીંગ વગેરે માટે વાપરી શકાય.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં હાલમાં ૨૦૦ થી વધુ બગીચાઓ આવેલ છે. સદર બગીચાઓ તથા નર્સરીઓમાં વૃક્ષોના વાવેતર તથા સેન્ટ્રલ વર્જમાં છોડના ઉછેર માટે પાણીની જરૂરીયાત ઉભી થાય છે જે માટે

ભૂગર્ભ જળ(બોરવેલ) નો ઉપયોગ કરવામાં આવે છે. જેના વિકલ્પના ભાગરૂપે અ.મ્યુ.કો. દ્વારા પ્રાયોગિક ધોરણે રો-સુએજને રીસાયકલ કરી બગીચાના વપરાશમાં લઈ શકાય તે માટે પશ્ચિમઝોનના નવદીપ હોલની બાજુના નવરંગ ગાર્ડનમાં ૧૦૦૦૦ લિટર પ્રતિ દિવસની ક્ષમતાનો આધુનિક રીસાયકલીંગ પ્લાન્ટ(ડિસેન્ટ્રલાઈઝડ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ) નાંખવામાં આવેલ. જેની સફળતાને ધ્યાને લઈ, પશ્ચિમઝોનના રસાલા ગાર્ડન ખાતે ૧૦ લાખ લિટરની ક્ષમતાનો ટર્શરી ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવામાં આવી રહેલ છે. સદર પ્લાન્ટનું પાણી નજીકમાં આવેલ લો ગાર્ડન, પરિમલ ગાર્ડન તેમજ રસાલા ગાર્ડનમાં વાપરવામાં આવશે. આ ઉપરાંત નર્સરીઓ અને રોડ પરના સેન્ટ્રલ વર્જના પ્લાન્ટેશન તેમજ ન્યુસન્સ ટેન્કર અને ડિશીલ્ટીંગ મશીનરીના ટેન્કરો ભરવા માટે આ પાણી વાપરવામાં આવશે. સદર પ્લાન્ટ ઓછી જગ્યામાં બને અને તેના ટ્રીટેડ સુએજની ગુણવત્તા જોતાં તેમાં BOD <ubs TSS < 10 mg/l રહેવાથી તેને સરળતાથી બીજા ઉપયોગમાં લઈ શકાશે. સદર પ્લાન્ટ રૂા.૨.૧૨ કરોડનો ખર્ચે બની રહેલ છે અને પ્લાન્ટ જાન્યુઆરી ૨૦૧૬ થી કાર્યરત થશે.

વિવિધ ઝોનમાં આ પ્રકારના પ્લાન્ટની ફીઝીબીલીટી માટે બગીચાઓમાં તેમજ અન્ય વપરાશ માટે પાણીની જરૂરિયાત અને પ્લાન્ટ માટે જરૂરી જમીનની ઉપ્લબ્ધતા વિષેની માહિતી એકઠી થયેથી મધ્ય ઝોનના અસારવા તળાવ, નવા પશ્ચિમ ઝોનના યદુડી તળાવ અને ગોટીલ ગાર્ડન તેમજ દક્ષિણ ઝોનમાં દેડકી ગાર્ડન અને પુર્વ ઝોનમાં શ્રમિક ગાર્ડન ખાતે 1 MLD તેમજ 2 MLD ના પ્લાન્ટસ બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે.

ભવિષ્યમાં સદર ટેકનોલોજીનો ઉપયોગ કરી અ.મ્યુ.કો.ના અન્ય બગીચામાં પણ આ પ્રકારના પ્લાન્ટ ઉભા કરી બગીચાના તમામ બોરવેલ બંધ કરવાનું આયોજન હાથ ધરેલ છે.

➞ સ્લજ હાઈજીનેશન માટે રેડિયેશન ટેકનોલોજી :

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને ભાભા એટોમીક રીસર્ચ સેન્ટર વચ્ચે રેડિયેશન ટેકનોલોજી દ્વારા સુએજ સ્લજના હાઈજીનાઈઝેશન માટેનો પ્લાન્ટ સ્થાપવા અંગેનો કરાર થયેલ છે. આ પ્રોજેકટ ભારતના માનનીય વડાપ્રધાનશ્રી દ્વારા શરૂ કરાયેલ સ્વચ્છ ભારત-સ્વસ્થ ભારતના અભિયાનને સાકાર કરવામાં મદદ કરશે તેમજ ભાભા એટોમીક રીસર્ચ સેન્ટર દ્વારા ભારતમાં જ ડેવલપ કરાયેલ **રેડિયેશન ટેકનોલોજીનો ઉપયોગ "મેક ઇન ઇન્ડિયા"** ને પણ સાકાર કરશે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને ભાભા એટોમીક રીસર્ચ સેન્ટર દ્વારા ભારતમાં સૌપ્રથમ સુએજ સ્લજના હાઈજીનાઈઝેશન માટે એડવાન્સ રેડિયેશન ટેકનોલોજીનો ઉપયોગ કરવા અંગે કરાર કરવામાં આવેલ છે જે અંતર્ગત ભાભા એટોમીક રીસર્ચ સેન્ટર (BARC) દ્વારા અમદાવાદમાં ૧૦૦ ટન પ્રતિ દિવસ ડ્રાય સુએજ સ્લજના હાઈજીનાઈઝેશન માટે કોબાલ્ટ-૬૦ ગામા રેડિયેશન પ્લાન્ટ શરૂ કરવા તમામ પ્રકારની ટેકનીકલ તેમજ સાયન્ટીફીક મદદ કરવામાં આવશે. એસ.ટી.પી.માંથી નીકળતા સ્લજમાં ખુબ જ મોટા પ્રમાણમાં રોગો ફેલાવતાં જંતુઓ, બીજા ઘણાં જંતુઓ તેમજ ઝેરી અસર ધરાવતાં કેમીકલ્સ અને ઓર્ગેનીક પ્રદુષકો જેવા કે પેસ્ટીસાઈડ, પોલીએરોમેટીક હાયડ્રોકાર્બન વગેરે હોય છે. આ ઉપરાંત તેમાં પાક માટે જરૂરી પોષક તત્વો જેવા કે નાઈટ્રોજન, ફોસ્ફરસ, પોટેશીયમ, ઝીંક, આર્યન, કોપર, મેગેનીઝ વગેરે હોય છે જેથી આ સ્લજને યોગ્ય ટ્રીટમેન્ટ આપવામાં આવે તો તેને ખાતર તરીકે વાપરવા માટે રીસાયકલ કરી શકાય છે.

BARC દ્વારા વિકસાવેલ રેડિયેશન ટેકનોલોજીમાં કોબાલ્ટ-૬૦માંથી નીકળતાં શકિતશાળી ગામા રેડિયેશન, સ્લજમાં રહેલાં પેથોજનનો નાશ કરે છે, તેની દુર્ગંધ ઘટાડે છે તેમજ તેમાં રહેલ ઓર્ગેનીક કેમીકલ્સને બિનઅસરકારક કરે છે જેથી સ્લજ બિનહાનિકારક બને છે અને તેનો ખાતર તરીકે ઉપયોગ થઇ શકે છે. હાલમાં સદર પ્રોજેકટની સાઇટ અંગે Atomic Energy Regulatory Board (AERB) દ્વારા મંજૂરી મળેલ છે. પ્લાન્ટની ડિઝાઇન અને મશીનરીની ખરીદી તથા સીવીલ વર્ક અંગેની આનુષાંગિક કાર્યવાહી ચાલુ છે.

સદર પ્રોજેકટ દ્વારા કોર્પોરેશન હસ્તકના એસ.ટી.પી.માંથી નીકળતા સ્લજને ૧૦૦ ટન પ્રતિ દિવસ ના આ રેડિયેશન પ્લાન્ટમાં હાઇજીનાઇઝ કરી તેમાં અમુક પ્રકારના બેકટેરીયા નાંખવામાં આવશે જેથી સ્લજની કવાલિટી બાયો ફર્ટીલાઇઝર જેવી થશે અને તેનું વેચાણ કરવાથી કોર્પોરેશનને આર્થિક ફાયદો થશે. સદર પ્લાન્ટ રૂા.૨૦.૦૦ કરોડના ખર્ચે બનાવવાનું આયોજન છે. જે માટે નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં રૂા.૧૫.૦૦ કરોડની ફાળવણી કરવામાં આવેલ છે.

→ પોલ્યુશન કન્ટ્રોલ એક્શન પ્લાન :

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ૪૬૬ ચો.કિ.મી.ના વિસ્તારમાં હાલમાં ૮૬૭ કિ.મી.નું સ્ટોર્મ વોટર નેટવર્ક નાખવામાં આવેલ છે. જેના દ્વારા ચોમાસા દરમ્યાન વરસાદી પાણીનો નિકાલ કરવામાં આવે છે. સદર લાઈનો વર્ષો જુની હોવાને કારણે તેમજ શીલ્ટીંગ થવાને કારણે તેની વહનક્ષમતા ઓછી થયેલ છે તેમજ વારંવાર બ્રેકડાઉનના વિકટ પ્રશ્નો દર વર્ષે ઉપસ્થિત થાય છે. આ ઉપરાંત જ્યાં ડ્રેનેજ નેટવર્કની વહનક્ષમતા ઓછી થયેલ છે તેવા વિસ્તારોમાં તેમજ ગેરકાયદેસર વસાહતોના નાગરિકો દ્વારા ગેરકાયદેસર રીતે ડ્રેનેજ જોડાણ સ્ટોર્મ વોટર સાથે કરી નાખવામાં આવે છે. જેના કારણે નદી-નાળા તથા તળાવોના પાણીના પોલ્યુશનનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે. જે માટે આગામી વર્ષમાં અ.મ્યુ.કો. દ્વારા સ્ટોર્મ વોટર ડ્રેઈન અને ડ્રેનેજ નેટવર્કના સેપરેશન માટે ૨૫% નું લક્ષ્યાંક નક્કી કરવામાં આવેલ છે. જે નિવારવા ચાલુ વર્ષ દરમ્યાન પોલ્યુશન એક્શન પ્લાનના ભાગરૂપે નીચેની કામગીરી હાથ ધરવાનું આયોજન કરવામાં આવનાર છે. જે માટે નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં ₹.૧૦.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

આમ, કોર્પોરેશન ફંડના ડ્રેનેજ પ્રોજેક્ટ માટે નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ માં ₹.૧૦૪.૫૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં ₹.૧૧૭.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

ડ્રેનેજ પ્રોજેક્ટ માટે નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ માં કુલ ₹.૧૭૮.૩૨ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. જ્યારે નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં કુલ ₹.૨૫૭.૨૭ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

3. સ્ટોર્મ વોટર ડ્રેઈન :

વરસાદી પાણીના નિકાલ માટે અમદાવાદ શહેરમાં નાંખવામાં આવેલ પાઇપલાઇનની કુલ લંબાઇ ૯૦૦ કિ.મી. છે. વરસાદી પાણીના નિકાલ માટે શહેરમાં સ્ટોર્મ વોટર ડ્રેઈન પંપીંગ સ્ટેશન તથા સમ્પો બનાવવામાં આવેલ છે. જેની માહિતી નીચે મુજબ છે.

ખારીકટ કેનાલને સમાતંર સ્ટ્રોર્મ વોટર ડ્રેઈન પંપીંગ સ્ટેશનોઃ ૨૨

ઝોન	અ. નં.	પંપીંગ સ્ટેશન	પમ્પ કેપેસીટી (મી^{3}/ કલાક)	જથ્થો	વર્કીંગ/સ્પેર
દક્ષિણ ઝોન-૧	૧.	સુરેલીયા	૨૪૦૦	૩	૨/૧
	૨.	માટલા સર્કલ	૨૪૦૦	૨	૧/૧
	૩.	વ્યાયામ શાળા	૨૪૦૦	૧	૧/૦
	૪.	સ્મૃતિ મંદિર	૧૮૦૦	૧	૧/૦
	૫.	ઘોડાસર	૨૪૦૦	૧	૧/૦
દક્ષિણ ઝોન-૨	૬.	નિરમાનાળા	૧૮૦૦	૨	૧/૧
દક્ષિણ ઝોન-૩	૭.	દેવીમાતા	૨૪૦૦	૩	૨/૧
	૮.	નુરનગર	૧૮૦૦	૨	૧/૦
	૯.	ગેબનશાપીર	૧૮૦૦	૧	૧/૦
	૧૦	ભૈરવનાથ	૨૪૦૦	૪	૩/૧
ઉત્તર ઝોન-૧	૧	દહેગામ રોડ	૧૮૦૦	૨	૧/૧
	૨	નવયુગ	૨૪૦૦	૩	૨/૧
	૩	પુષ્પકુંજ	૧૮૦૦	૧	૧/૦
	૪	રાજીવપાર્ક	૧૮૦૦	૧	૧/૦
	૫	સીતારામ મઢુલી	૨૪૦૦	૧	૧/૦
	૬	કુબેરનગર	૨૪૦૦	૩	૨/૧
પૂર્વ ઝોન-૧	૧.	હરિવીલા	૧૮૦૦	૧	૧/૦
	૨.	જય કેમીકલ	૧૮૦૦	૨	૧/૧
	૩.	ઓઢવ ફાયર સ્ટેશન	૨૪૦૦	૩	૨/૧
	૪.	અર્બુદાનગર	૧૮૦૦	૨	૧/૧
	૫	વસ્ત્રાલ	૩૫૦૦	૪	૨/૨
નવા પશ્ચિમઝોન	૧.	વેજલપુર	૨૪૦૦	૩	૨/૧

નોધઃ- ખારીકટ કેનાલને સમાતંર સ્ટ્રોર્મ વોટર ડ્રેઈન સમ્પોની કુલ સંખ્યા ૩૯ ની છે.

વધુમાં અમદાવાદના નાગરિકોને થતી વરસાદી પાણી ભરાવાના પ્રશ્નોની સમસ્યાઓ નીવારવા શહેરમાં છેલ્લા પાંચ વર્ષમાં આશરે કુલ રૂા.૮૫.૦૦ કરોડના ખર્ચે કુબેરનગર, શ્રીનંદનગર, ત્રીકમલાલ ચોકઠા, ભૈરવનાથ, વેજલપુર, વસ્ત્રાલ, આવકાર હોલ ખાતેના સ્ટોર્મ વોટર પંપીંગ સ્ટેશનના કામો પૂર્ણ કરેલ છે તથા નિકોલ, મલેકસાબાન તળાવ તથા વિરાટનગર સ્ટ્રોમ વોટર પંપીંગ સ્ટેશનોનું કામ પ્રગતિ હેઠળ છે.

૩.૧ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળના મુખ્ય કામો

- નવા પશ્ચિમ ઝોન વિસ્તારના જોધપુર વોર્ડમાં વરસાદી પાણીના નિકાલ માટે રૂા.૨૦.૦૦ કરોડના ખર્ચે ૨૫ કિ.મી. વિસ્તાર માટે સ્ટોર્મ વોટર લાઇન નાખવાનું કામ પૂર્ણ કરેલ છે. સદર કામમાં ચંદન ફાર્મ ચાર રસ્તાથી બાલાજી ગાર્ડન રેસ્ટોરન્ટ થઇ ગોકુલમ ડેરી પાર્લર સુધી, ઇસરોનો પાછળનો વિસ્તાર, કોર્પોરેટ રોડ, બીલેશ્વર મહાદેવ રોડ, પ્રેરણાતીર્થ દેરાસર રોડ, ઇ.ડબ્લ્યુ.એસ.કવાર્ટર્સ રોડ, ધનંજય ટાવર રોડ, ટાઇમ્સ ઓફ ઇન્ડિયા રોડ, રેડીયો મીર્ચી રોડ વિસ્તારને આવરી લેવામાં આવેલ છે.
- દક્ષિણ ઝોન વિસ્તારના આવકાર હોલથી કોઝી હોટલ સુધીની ૩.૯૦ કી.મી લંબાઇમાં આર.સી.સી. સ્ટોર્મ વોટર ડક્ટનું કામ માત્ર ૯૫ દિવસમાં રૂા.૧૮.૦૦ કરોડના ખર્ચે પુર્ણ કરેલ છે. જેમાં સ્વસ્તીક ચાર રસ્તા, હાટકેશ્વર ચાર રસ્તા, ધીરજ હાઉસીંગ, ગુરુજી બ્રીજ નીચેનો વિસ્તાર, દક્ષિણી સોસાયટી વિસ્તાર, ઘોડાસર, આવકાર હોલ વિસ્તારોને લેવામાં આવેલ છે.

- પશ્ચિમ ઝોન વિસ્તારના મીઠાખળી અંડરપાસમાં ભરાતા વરસાદી પાણીના ત્વરીત નિકાલ માટે નાળાને સફાઇ કરી, રીપેર કરી તથા લાઇનની કામગીરી રૂા.૧.૦૦ કરોડના ખર્ચે પુર્ણ કરેલ છે.
- નવા પશ્ચિમ ઝોન વિસ્તારના ચાંદલોડિયા વોર્ડમાં યદુડી તળાવની આજુ-બાજુના વિસ્તારમાં સ્ટોર્મ વોટર નેટવર્ક નાંખવાનું કામ રૂા.૪.૫૦ કરોડના ખર્ચે પુર્ણ કરેલ છે.
- સ્ટેડીયમ છ રસ્તાથી મીઠાખળી અન્ડરપાસ ડકટ લાઇનના રીહેબીલીટેશનનું કામ આશરે રૂા.૧૫.૦૦ કરોડના ખર્ચે આયોજન કરેલ છે.

જે માટે નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ માં ₹.૫૩.૮૩ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં ₹.૧૫.૨૨ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

૩.૨ કોર્પોરેશન ફંડ હેઠળના મુખ્ય કામો

→ સ્ટોર્મ વોટર ડ્રેઇન લાઇનના કામો :

વરસાદી પાણીના ત્વરીત નિકાલ હેતુ દરેક ઝોન ખાતે વિવિધ કામો હાથ ધરી મોટા ભાગનાં કામો પુર્ણ કરેલ છે. જેને કારણે જુની અમદાવાદ લિમીટ વિસ્તારમાં કે જે જગ્યાએ ખુબ જ વરસાદી પાણી ભરાવાના પશ્રો ઉપસ્થિત થતાં હતા તેવી જગ્યા ઉપર આવેલ હયાત જુની ડક્ટ લાઇનોની સુધારા-વધારા કરી અપગ્રેડેશન, નવીનીકરણ, ડીશીલ્ટીંગની કામગીરી કરી ખુબ જ ટુંકા ગાળામાં કાર્યરત કરેલ હોવાથી ઉત્તર ઝોનમાં ચામુડાં બ્રીજથી ત્રિકમલાલ ચાર રસ્તા, પુર્વ ઝોનમાં રખીયાલ, એસ.પી ઓફીસથી લાલ મીલ, દક્ષિણ ઝોનમાં દેડકી ગાર્ડન, કાંકરીયા ફુટબોલ ગ્રાઉન્ડ, પરિક્ષીતનગર વિગેરે વિસ્તારમાં પાણી ભરાતા સ્થળો પરથી ગત ચોમાસામાં વરસાદી પાણીનો ત્વરીત નિકાલ થયેલ છે.

- પુર્વ, દક્ષિણ, ઉત્તર ઝોનમાં સરસપુર, રખિયાલ, બાપુનગર સિવિલ હોસ્પીટલ, ખોખરા, કાંકરીયા વિસ્તારમાં સ્ટૉર્મ વોટર ડક્ટ ડીશીલ્ટીંગ કરી નવિનીકરણનું કામ રૂા.૩૪.૦૦ કરોડના ખર્ચે પુર્ણ કરેલ છે.
- અંડરપાસમાં ભરાતા વરસાદી પાણીના નિકાલ અંગે કરાવેલ કામગીરીના લીધે છેલ્લા બે વર્ષોમાં નિર્ણયનગર, અખબારનગર, મીઠાખળી, પરીમલ, સૈજપુર અંડરપાસમાં ભરાતા વરસાદી પાણીનો સફળતાપૂર્વક નિકાલ થયેલ છે.
- પુર્વ ઝોન વિસ્તારના વસ્ત્રાલ વોર્ડમાં સુમિનપાર્ક વિસ્તાર, સિલ્વર સીટી,કર્મયોગ,હરિધામ, દુર્ગાપાર્ક, અમર જ્યોત, સાકાર સોસાયટીની આજુબાજુના વિસ્તારમાં સ્ટોર્મવોટર ડ્રેઈન નેટવર્ક નાંખવાનું કામ રૂા.૧૦ કરોડના ખર્ચે પ્રગતિ હેઠળ છે.

→ સ્ટૉર્મ વોટર ડક્ટના ડીશીલ્ટીંગ :

ગિરધરનગર વોર્ડમાં રૂા.૩.૦૦ કરોડના ખર્ચે લાડલાપીરથી મહાકાળી સર્કલ થી બળીયા લીમડી થઈ મોહન સીનેમા થઈ બીપીન કોમ્પલેક્ષ સુધી સ્ટૉર્મ વોટર ડક્ટના ડીસીલ્ટીંગની કામગીરી હયાત નાળાનો સ્લેબ ડીમોલીશ્ડ કરીને કરાવવામાં આવેલ હોવાથી મહાકાળી સર્કલ, બળીયા લીમડી તેમજ મોહન સિનેમાના વિસ્તારમાં વરસાદી પાણીનો ત્વરીત નિકાલ થયેલ છે. હાલમાં બીપીન કોમ્પલેક્ષ થી એમ.એલ.એ.ચોકી થી ચમનપુરા સુધીના નાળાના ડીશીલ્ટીંગની કામગીરી ચાલુ છે.

સ્ટ્રોર્મ વોટર ડ્રેઈન હયાત લાઈન સ્ટ્રેન્થનીંગ તથા નવી લાઈનોના કામોના આયોજનો :

<u>દક્ષિણ ઝોન :</u>

- જમાલપુર ટયુબવેલ થઇ ગૌતમનગર ચાર રસ્તા થઇ બહેરામપુરા પંપીંગ સ્ટેશન થઇ ન્યુ સબર્બન પંપીંગ સ્ટેશન સુધીની હયાત ૭૨ ઈંચ લાઇનનું રીહેબીલીટેશન / નવી નાંખવાનું આશરે રૂા.૩.૬૦ કરોડના કામનું આયોજન
- કોઝી રેસ્ટોરન્ટ થી પીરાણા ઓક્ટ્રોય નાકા સુધી આર.સી.સી. ડકટ બનાવવાનું (૨૦૦૦ મીટર)આશરે રૂા.૧૦.૨૦ કરોડના કામનું આયોજન
- જવાહર ચોક થી ભૈરવનાથ ક્રોસ રોડ સુધીની વર્ષો જુની ૧૬૦૦ મી.મી. ડાયાની આશરે ૬૦૦ મીટર લંબાઇમાં ડ્રેનેજ લાઇનના રીહેબીલીટેશન / નવી નાંખવાનું આશરે રૂા.૪.૪૦ કરોડના કામ આયોજન
- ફૂટબોલ ગ્રાઉન્ડ થી ક્લાસિકલ સ્કુલ સુધી ૮૦૦ મી. લંબાઈમાં ડક્ટ લાઈન લંબાવવાનું કામ આશરે રૂા.૩.૫૬ કરોડના ખર્ચે કરવાનું આયોજન

પુર્વ ઝોન :

- રખિયાલ થી ગોદાણી સર્કલ થઇ મીટર ગેજ રેલ્વે લાઇન પ્રિમાઇસીસ સુધીની લાઇનનું ડીશીલ્ટીંગ કરી સ્ટ્રેન્ધનીંગ કરવાનું આશરે રૂા.૭.૦૦ કરોડના ખર્ચે કામનું આયોજન

ઉત્તર ઝોન :

- કેન્ટોનમેન્ટ એરીયામાંથી પસાર થતી સ્ટોર્મ વોટર ડ્રેઇનનું આશરે રૂા.૧૧.૫૬ કરોડ તથા ઉમા હોસ્પિટલ થી એસ.બી.આઇ. રોડ ઉપર સ્ટોર્મ વોટર ડ્રેઇન નાંખવાના કામનું આયોજન
- માછલી સર્કલ થી કેનાલ થઈ હરિદર્શન ચોકડી સુધી સ્ટૉર્મ વોટર ડ્રેઈન લાઈન નાંખવાનું કામ
- સ્મશાન થી સ્વામીનારાયણ મંદિર થઇ દેવરાજ ફલેટ સુધી એસ.ડબલ્યુ.ડી. મેઇન ટ્રંક નાંખવાના કામનું આયોજન

મધ્ય ઝોન :

- સાંરગપુર બ્રીજ થી કાંતોડીયાવાસ સુધીની લાઇનનું ડીશીલ્ટીંગ કરી સ્ટ્રેન્ધનીંગ કરવાનું આશરે રૂા.૧૧.૦૦ કરોડના કામનું આયોજન

દરેક ઝોનમાં હયાત સુઅરેજ તેમજ સ્ટૉર્મ વોટર લાઈનોની વહન ક્ષમતા વધારવા નીચે જણાવ્યા મુજબના ડીશીલ્ટીંગના કામનું આયોજન હાથ ધરવામાં આવનાર છે.

- દક્ષિણ ઝોનમાં જુદી-જુદી સુઅરેજ લાઇનોનાં આશરે રૂા. ૩.૪૭ કરોડના ખર્ચે ડીશીલ્ટીંગ કામનું આયોજન
- પૂર્વ ઝોનમાં ગોમતીપુર એસ.પી.એસ. ની રાઇઝીંગ મેઇન લાઇન(૯૦૦ મીમી ડાયા) રૂા.૧.૨૭ કરોડના ખર્ચે નાંખવાનું કામ તથા જુદી-જુદી સુઅરેજ લાઇનોનાં આશરે રૂા.૪.૩૭ કરોડના ખર્ચે ડીશીલ્ટીંગના કામનું આયોજન
- પૂર્વ ઝોનમાં સ્ટૉર્મ વોટર ડ્રેઈન લાઈન વસ્ત્રાલ તળાવ સુધી તથા રતનપુરા તળાવ થી વસ્ત્રાલ સ્ટૉર્મ વોટર પંપીંગ સ્ટેશન સુધી લંબાવવાનું કામ
- પૂર્વ ઝોનમાં ઓઢવ રીંગ રોડ સર્કલ થી સિંગરવા તળાવ સુધીની સ્ટૉર્મ વોટર લાઈન નાંખવાનું કામ
- ઉત્તર ઝોનમાં જુદી-જુદી સુઅરેજ/સ્ટોર્મ વોટર લાઇનોનું આશરે રૂા.૩.૪૯ કરોડના ખર્ચે ડીશીલ્ટીંગના કામનું આયોજન
- મધ્ય ઝોનની જુદી-જુદી સુઅરેજ લાઇનોનાં આશરે રૂા.૨.૨૬ કરોડના ખર્ચે તથા સંતોષી માતાથી અસારવા સુધીની લાઈનનું ડીશીલ્ટીંગના કામનું આયોજન
- નવા પશ્ચિમ ઝોનમાં રાહુલ ટાવર થી પ્રહલાદનગર સુધીની લાઇનોની આશરે રૂા.૧.૬૮ કરોડના ખર્ચે ડીશીલ્ટીંગ કરવાના કામોનું આયોજન

- નવા પશ્ચિમ ઝોનમાં સરખેજ થઈ વાસણા ટ્રીટમેન્ટ પ્લાન્ટ તરફ જતી ડ્રેનેજ ટ્રન્ક મેઈન લાઈનના ડીશીલ્ટીંગની કામગીરી આશરે રૂા.૧૦.૦૦ કરોડના ખર્ચે કરવા માટેનું આયોજન
- માનસી સર્કલ થી વસ્ત્રાપુર તળાવ સુધીની નવી લાઈન નાંખવાની કામગીરી આશરે રૂા.૯૦.૦૦ લાખના કામનું આયોજન
- દક્ષિણ ઝોનમાં વાનરવટ તળાવ, મહાલક્ષ્મી તળાવ અને રોપડા તળાવને જોડતી ઈન્ટરલીન્કીંગ સ્ટૉર્મ વોટર લાઈન નાંખવાનું તબક્કાવાર આયોજન છે.
- દક્ષિણ ઝોનના દાણીલીમડા વોર્ડમાં એકતાનગર પાસે સ્ટૉર્મ વોટર સમ્પ બનાવી પંપીંગ વડે વરસાદી પાણીનો નિકાલ કરવા માટેનું આયોજન છે.
- ઉત્તર ઝોન અસારવા વોર્ડમાં સંતોષીમાતાના મંદિરથી મોહન સિનેમા સુધીની નવી સ્ટૉર્મ વોટર નાંખી સંતોષીમાતા મંદિર આગળ લાંબા સમય સુધી ભરાઈ રહેતાં વરસાદી પાણીનો નિકાલ ઝડપથી થાય તે માટેનું આયોજન છે.

આમ, કોર્પોરેશન ફંડના સ્ટૉર્મ વોટર ડ્રેઈન પ્રોજેક્ટના કામો માટે નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ માં ₹.૨૬.૦૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં ₹.૨૦.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

સ્ટૉર્મ વોટર ડ્રેઈન માટે નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ માં કુલ ₹.૭૯.૮૩ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. જ્યારે નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં કુલ ₹.૩૫.૨૨ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

૪. રોડ પ્રોજેક્ટ, ટ્રાફિક પ્રોજેક્ટ તથા પાર્કિંગ (રોડ પ્લાનીંગ તથા મેનેજમેન્ટ સેલ) :

☞ રોડ પ્રોજેક્ટ :

૪.૧ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળના મુખ્ય કામો

→ ૬૦ ફૂટ થી મોટા રોડ રીસરફેસ :

સને ૨૦૧૫-૧૬ માં હાથ ધરવામાં આવેલ કામોની યાદી

- **પૂર્વ ઝોન**
  - બાપાસીતારામ થી ખારીકટ કેનાલ
  - વસ્ત્રાલ ગેટ થી આર.ટી.ઓ. ઓફિસ થી વિનાયક પાર્ક
- **મધ્ય ઝોન**
  - લાડલાપીર બ્રીજ થી રાજસ્થાન હોસ્પિટલ થી ગેબર સર્કલ થી ડફનાળા

- **દક્ષિણ ઝોન**
  - ❀ હીરાભાઈ ટાવર થી ઘોડાસર ફીડર કેનાલ
  - ❀ આવકાર હોલ થી માંગલેશ્વર મહાદેવ થી ગોવિંદવાડી થી કોઝી હોટલ
- **નવા પશ્ચિમ ઝોન**
  - ❀ ગોતા ક્રોસ રોડ થી ઓગણજ સર્કલ

➞ આર.સી.સી. રોડ :

અમદાવાદ શહેરમાં હાલમાં તમામ રસ્તાઓ ફલેક્ષીબલ પેવમેન્ટ ટાઈપના એટલે કે ડામરના બનેલ રસ્તાઓ છે. સદર રસ્તાઓને કોર્પોરેશન દ્વારા પીરીયોડીકલ મેઈન્ટેનન્સના ભાગરૂપે આશરે ૬ થી ૭ વર્ષે તેની ઉપર રીસરફેસની કામગીરી કરવામાં આવે છે. સદર ડામરના રસ્તાઓની એકંદરે લાઈફ સાયકલ ૫ થી ૭ વર્ષની હોય છે. પરંતુ આ રસ્તાઓ ઘણી વાર ભારે વરસાદના કારણે આ રસ્તાઓ ઘણીવાર સમય કરતાં વહેલાં તૂટી જવાથી મ્યુનિ. કોર્પોરેશન ઉપર આર્થિક ભારણ વધે છે. જેના નિવારણ માટે રીજીડ પેવમેન્ટ ટેકનોલોજીથી એટલે કે સિમેન્ટ કોંક્રીટના રસ્તાઓ બનાવવાનું આયોજન કરેલ છે. જે અંતર્ગત,

આ રસ્તાઓ ઉપરથી હયાત ડામર સપાટી દૂર કરી આ રસ્તાઓને સબ બેઝ લેવલથી ફીનીશ લેવલ સુધીની

કામગીરીનો સમાવેશ કરેલ છે. તદ્ઉપરાંત સદર રસ્તાઓ સેન્ટર લાઈનથી બંને બાજુએ ૭.૫૦ મી. પહોળાઈમાં રીજીડ પેવમેન્ટથી કરવામાં આવેલ છે. જ્યારે રસ્તાની બાકી રહેતી પહોળાઈમાં રસ્તાની બંને બાજુ ૨ મીટર પહોળાઈમાં ફૂટપાથ કરવામાં આવેલ છે. જ્યારે બાકી રહેલ ભાગમાં અન્ડરગ્રાઉન્ડ યુટીલીટી જેવીકે

પાણીની લાઈન, ગટરલાઈન, લાઈટ-ટેલીફોનના કેબલ વગેરે રસ્તાની ત્રીજી અથવા ચોથી લેનમાં મેઈન્ટેનન્સ પોઈન્ટ ઓફ વ્યુ થી આ ભાગમાં પેવર બ્લોક લગાવવામાં આવેલ છે. અમદાવાદ શહેરમાં હાલમાં આશરે ૫ કિ.મી. જેટલા રસ્તાઓ કે જે ૨૪ મીટરથી વધુ પહોળાઈના છે તેવા (૧) પ્રભાત ચોક થી નિર્ણયનગર સુધીનો રસ્તો (૨) એસ.જી.હાઈવે થી સીંધુ ભવન થઈ ૨૦૦ ફુટ રીંગ રોડ સુધીના રસ્તાના કામો પૂર્ણ કરવામાં આવેલ છે.

જે માટે નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ માં ₹.૨૨.૪૪ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. જ્યારે આગામી વર્ષ ૨૦૧૬-૧૭ માં નોબલનગર વોર્ડમાં મુક્તિધામ થી નરોડા રોડ થી નેશનલ હાઈવે-૮ સુધી આર.સી.સી. રોડ રૂા.૧૦.૦૦ કરોડના ખર્ચે બનાવવાનું આયોજન છે.

જે માટે નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ માં ₹.૨૦૪.૩૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં ₹.૯૮.૨૫ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

૪.૨ કોર્પોરેશન ફંડ હેઠળના મુખ્ય કામો

→ પ્લાસ્ટીક વેસ્ટનો ઉપયોગ કરી બીટયુમીનસ રોડ બનાવવા :

અમદાવાદ મ્યુનિસીપલ કોપારેશન દ્વારા પ્લાસ્ટીક વેસ્ટ (જાડાઈ : ૪૦ માઇક્રોનથી વધારે અને ૯૦ માઇક્રોનથી ઓછી) નો ઉપયોગ કરીને બીટયુમીનસ રોડ બનાવવાનું આયોજન કરેલ છે. ઈકોફ્રેન્ડલી પદ્ધતિથી પ્લાસ્ટીક વેસ્ટનો ઉપયોગ કરી બનાવવામાં આવેલ રોડ દેખાવમાં અન્ય બીટયુમીનસ રોડ જેવો જ દેખાશે. બીટયુમીનના વપરાશના ૧૦% જેટલુ પ્લાસ્ટીક વેસ્ટ ઉમેરવામાં આવશે એટલે કે પ્રતી ૧૦૦૦ કી.ગ્રા. બીટયુમીનમાં ૧૦૦ કી.ગ્રા. પ્લાસ્ટીક વેસ્ટ ઉમેરવામાં આવશે. આ પ્રકારના રોડથી સરફેશ ક્રેકમાં ઘટાડો થશે તથા હાર્ડનેશ અને બોન્ડીંગ વધશે. કાર્બન ડાયોક્સાઇડનું ઉત્સર્જન ઘટશે. જેથી ગ્લોબલ વોર્મીંગ ઘટાડી શકાશે. જે માટે નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં ₹.૫.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

→ જુદી-જુદી ટી.પી. અંતર્ગત નવા રોડ ખોલીને પહોળા કરી રીસરફેસ કરવાનું આયોજન :

જુદી-જુદી ટી.પી. અંતર્ગત રોડની પહોળાઈની જરૂરિયાતને ધ્યાને લઈ તેમજ નવા રોડ ખોલીને પહોળા કરી રીસરફેસ કરવાનું આયોજન હાથ ધરવામાં આવેલ છે. વધુમાં આશ્રમ રોડને કનેક્ટેડ જુદા-જુદા ૧૯ રસ્તાઓ આઈડેન્ટીફાય કરી તેને રીગ્રેડ કરી પુરેપુરી પહોળાઈમાં રીસરફેસ કરવાનું આયોજન કરવામાં આવેલ છે. આ રસ્તાઓની કુલ લંબાઈ ૧૧.૬૫ કિ.મી. છે. આ કામગીરી કરવાથી આશ્રમ રોડ તથા તેને કનેકટેડ અન્ય મુખ્ય રસ્તાઓ પરના ટ્રાફિકનું ભારણ ઓછું થઈ શકશે.

→ વોલ ટુ વોલ રોડ :

વધતાં જતાં પ્રદૂષણને કારણે શહેરીજનોનું આરોગ્ય ન જોખમાય તે ધ્યાનમાં રાખીને આગામી વર્ષમાં વોલ ટુ વોલ રસ્તાઓ બનાવવાનું આયોજન કરેલ છે તેમજ હયાત રસ્તાઓમાં સુધારા-વધારા કરી વોલ ટુ વોલ કરવામાં આવનાર છે. આથી હવાના પ્રદૂષણમાં સારા એવા પ્રમાણમાં ઘટાડો થશે. જે માટે નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં ₹.૨૫.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

→ રોડ કટર મશીન :

આ મશીન દ્વારા રોડના કામમાં મેનહોલ રેઝીંગ કરતા પહેલા તેના ફરતે ચોકકસ માપથી ચોરસ અથવા લંબચોરસ આકારમાં રોડ સીસ્ટેમેટીકલી કટીંગ કરી શકાશે. જેના કારણે મેનહોલ રેઝીંગની કામગીરી યોગ્ય લેવલથી ચોકસાઇપૂર્વક થઇ શકશે તથા ત્યારબાદ રોડ ફીનીશીંગનું કામ તે જ આકારમાં વ્યવસ્થિત રીતે થઇ શકશે. આમ રોડ પરના ટ્રાફિકને આ કામગીરી ઝડપી થવાથી પડતી મુશ્કેલીઓ ઘણાં પ્રમાણમાં ઓછી થશે તેમજ રોડનું એક જ લેવલ જળવાઈ રહેશે. જે માટે નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં ₹.૨.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

➞ ડીફેક્ટ લાયેબિલીટીવાળા રોડનું ખાસ આયોજન તથા વિજીલન્સ ખાતા મારફતે તેવા રોડનું સમયાંતરે ચેકીંગ કરવા :

શહેરમાં બનાવવામાં આવતાં રોડમાં કામ ગુણવત્તાસભર બની રહે તેમજ સદર બનાવેલા રોડમાં જરૂરી મટીરીયલનો નિયમ અનુસાર ઉપયોગ થાય, જેનાથી બનાવેલ રોડની લાઈફ લાંબો સમય રહે તે હેતુથી વિજીલન્સ ખાતા મારફતે રોડ બનાવવાની કામગીરી વખતે સમયાંતરે ચેકીંગ કરવામાં આવશે તેમજ ટેન્ડરમાં દર્શાવેલ ડીફેક્ટ લાયેબિલટી પિરીયડની બાબતને સિસ્ટમમાં ઈન્ટીગ્રેટ કરી તેનું સઘન મોનીટરીંગ કરવામાં આવશે.

સને ૨૦૧૫-૧૬ માં હાથ ધરવામાં આવેલ કામોની યાદી

- **મધ્ય ઝોન**
  - ❀ શાહી સ્મારક થી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, લાલદરવાજા થી અપનાબજાર
  - ❀ કાળુપુર રેલ્વે સ્ટેશન થી સારંગપુર
- **પશ્ચિમ ઝોન**
  - ❀ સુભદ્રા ક્રોસ રોડ થી સમર્પણ ક્રોસ રોડ થી લૉગાર્ડન થી ગુજરાત કોલેજ
  - ❀ રૂપલ પાર્ક ગ્રાઉન્ડ થી અંકુર ક્રોસ રોડ થી ભાવિન ક્રોસ રોડ
- **ઉત્તર ઝોન**
  - ❀ સુહાના ચાર રસ્તા થી અનિલ સ્ટાર્ચ ચાર રસ્તા રોડ
- **દક્ષિણ ઝોન**
  - ❀ ગૌતમનગર ચાર રસ્તા થી શ્રેયસ ચાર રસ્તા
  - ❀ દાણીલીમડા બી.આર.ટી.એસ. થી સીકંદર માર્કેટ
  - ❀ આશીયાના ફાર્મ થી સોમનાથ મહાદેવ
- **નવા પશ્ચિમ ઝોન**
  - ❀ ટી.વી.૯ થી મુસ્કાન ગાર્ડન
  - ❀ અચેર ડેપો થી જવાહર ચોક થી ભૂત બંગલો
  - ❀ વંદેમાતરમ રોડ થી વિશ્વેશ્વર મહાદેવ થી આર્કેડ

આમ, કોર્પોરેશન ફંડના રોડ પ્રોજેક્ટ માટે નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ માં ₹.૫૨.૭૧ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં ₹.૬૭.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

રોડ પ્રોજેક્ટ માટે નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ માં કુલ ₹.૨૫૭.૦૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. જ્યારે નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં કુલ ₹.૧૬૫.૨૫ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

☞ ટ્રાફિક :

સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળના મુખ્ય કામો

➞ એરીયા ટ્રાફિક કન્ટ્રોલ સિસ્ટમ :

હાલની ટ્રાફીક સિગ્નલ વ્યવસ્થા ટાઈમીંગ આધારીત છે. આથી ટ્રાફીકની ઘનતાને આધારે તે પરિવર્તનશીલ રહેવા પામતી નથી એટલેકે એક ચાર રસ્તા પછી ના બીજા ચાર રસ્તા પરની ટ્રાફીક સિગ્નલ સિસ્ટમ અગાઉથી નક્કી કરવામાં આવેલ નિશ્ચિત સમય પ્રમાણે ચાલે છે. કોઇ એક ચાર રસ્તા પર સર્જાયેલ ટ્રાફીક જામના નિકાલ માટે તેની આગળના ચાર રસ્તાઓ પરની ટ્રાફીક સિગ્નલ સિસ્ટમ માં ફેરફાર કરી શકાતો નથી અને તે અગાઉથી નિશ્ચિત કરેલ ટાઇમ પ્રમાણે જ વર્તે છે. નવી સિસ્ટમ મુજબ શહેરના તમામ ટ્રાફીક સિગ્નલોને ઓટોમેટીક કરી અદ્યતન કરવાની કામગીરી કરવામાં આવશે. આ તમામ ટ્રાફીક સિગ્નલોને લીઝ લાઇન દ્વારા નેટવર્કથી જોડી તેને અલાયદા કન્ટ્રોલ રૂમ સાથે જોડવાનું આયોજન હાથ ધરેલ છે, જે પૈકી અલાયદો કન્ટ્રોલ રૂમ વિક્ટોરીયા ગાર્ડન ખાતે બનાવી કાર્યરત કરી દેવામાં આવેલ છે, જેમાં ટ્રાફીકને લગતી તમામ માહિતી, ટ્રાફીક ની ગીચતા વિગેરે વિગતો ઉપલબ્ધ રહેવા પામતાં તેમજ તમામ ટ્રાફીક સિગ્નલો કન્ટ્રોલ રૂમ સાથે જોડાયેલ હોઇ જે-તે માર્ગ ઉપરની ટ્રાફીકની ગીચતા અને તેના આગળના જંકશનોની પરિસ્થિતિ, ટ્રાફીકનો પ્રવાહ વિગેરે લક્ષમાં લઇ ટ્રાફીક સિગ્નલ સિસ્ટમમાં ત્વરિતપણે ફેરફાર કરી શકાશે. સદરહુ પદ્ધતિ દ્વારા કોઇ જંકશન ઉપર સર્જાયેલ ટ્રાફીક જામનાં પ્રશ્નને હલ કરવામાં ખુબજ મદદ પ્રાપ્ત થશે.

વધુમાં અમદાવાદ શહેરમાં દિન પ્રતિદિન વધતી જતી ટ્રાફિક સમસ્યાના ઉકેલના ભાગ રૂપે ટ્રાફિક પ્રોજેકટ વિભાગ દ્વારા અમદાવાદ શહેરના તમામ છ ઝોનના મુખ્ય રસ્તા તેમજ અન્ય રસ્તા ઉપર વાહન ચાલકોને રસ્તા અંગે જરૂરી માહિતી મળી રહે તે માટે થર્મોપ્લાસ્ટીક પેઇન્ટથી ઝીબ્રા ક્રોસીંગ, એઇજ લાઇન, સેન્ટરલાઇન પેઇન્ટ કરવાની તેમજ ઇન્ફરમેટીવ પ્રકારના ટ્રાફિક સાઇન બોર્ડ, દિશા સુચક બોર્ડ તથા વાહન ચાલકોને સેન્ટ્રલ વર્જની નોઝીગ અંગે જરૂરી માર્ગદર્શન મળી રહે તે માટે કીપ લેફટ બોલાર્ડ લગાવવા તેમજ તેનુ મેઇન્ટેનન્સ કરવાની તેમજ ટ્રાફિક સિગ્નલની મરામત નિભાવની કામગીરી વિગેરે પ્રકારની તેમજ ટ્રાફિક પોલીસ ખાતાના અભિપ્રાય મુજબ મુખ્ય રસ્તાઓના જંકશનો પર નવા ટ્રાફિક સિગ્નલ ઉભા કરવાની કામગીરી કરવામાં આવે છે.

ઇજનેર ટ્રાફિક પ્રોજેકટ વિભાગ દ્વારા ગત વર્ષે કેપીટલ તથા સ્વર્ણિમ જયંતી યોજના ગ્રાન્ટ હેઠળ અંદાજે રૂા.૧૨.૦૦ કરોડના ખર્ચે અમદાવાદ શહેરના ૧૨૧ કિ.મી. ના મુખ્ય રસ્તાઓ તથા બી.આર.ટી.એસ. મીક્ષ ટ્રાફિક રસ્તાઓ ઉપર ઉપરોક્ત કામગીરી કરવામાં આવેલ છે તેમજ રૂા.૧૭.૦૦ કરોડના ખર્ચે ટ્રાફિક સિગ્નલનું રેસ્ટોરેશન તથા રીપેરીંગ કરવાની કામગીરી કરી ટ્રાફિક સિગ્નલ કાર્યરત કરવામાં આવેલ છે.

જે માટે નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ માં ₹.૫.૪૧ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. જ્યારે નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં ₹.૨.૨૬ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

કોર્પોરેશન ફંડ હેઠળના મુખ્ય કામો

➞ ઈન્ટીગ્રેટેડ ટ્રાફિક સિસ્ટમ :

શહેરમાં વધતી જતી વાહનોની સંખ્યાને ધ્યાનમાં રાખી રસ્તાઓ પર ટ્રાફિકના સુચારૂ નિયમન માટે નકકર કાર્યવાહી કરવી જરૂરી છે જેમાં શહેરમાં ઈન્ટીગ્રેટેડ ટ્રાફિક સિસ્ટમના ભાગરૂપે વાહન ચાલકોને ટ્રાફિક જામના રસ્તાઓની આગોતરી જાણ થાય તે માટે જરૂરી આયોજન કરવામાં આવશે તથા મુખ્ય રસ્તાઓ પર ટ્રાફિકની ગીચતા વધી જાય ત્યારે રસ્તાઓ પર વાહનોનો પ્રવાહ ઓટોમેટીક બંધ કરવા માટે જરૂરી આયોજન કરવામાં આવશે. તથા ઈન્ટીગ્રેટેડ ટ્રાફિક સિસ્ટમના ભાગરૂપે મુખ્ય રસ્તાઓ પર વાહનની પાર્કીંગની વ્યવસ્થા માટે જરૂરી આયોજન કરવામાં આવશે તથા જાહેર પરિવહન સેવા વધુ સુદ્રઢ કરવામાં આવશે. વધુમાં અર્બન ટ્રાન્સપોર્ટ કોરીડોર દ્વારા જંકશન ઉપર ટ્રાફિકનું ભારણ ઓછું થાય તે મુજબનું સુચારૂ આયોજન હાથ ધરવામાં આવનાર છે. જે અંતર્ગતના મુખ્ય મુદ્દાઓ નીચે મુજબ છે.

➞ Improvement of Public Transport System :

શહેરમાં કૂદકે ને ભૂસકે વધતી જતી વાહનોની સંખ્યા તેમજ તથા તેને કારણે ઉદ્ભવિત પ્રદૂષણને ધ્યાનમાં રાખી શહેરમાં ટ્રાફિકના સુચારૂ નિયમન માટે મુખ્ય રસ્તાઓ પર પબ્લીક ટ્રાન્સપોર્ટ સીસ્ટમના સુધારા માટે આયોજન કરવામાં આવશે. જેનાથી મુખ્ય રસ્તાઓ પર ટ્રાફિકનું ભારણ ઘટાડી સરળતાથી ટ્રાફિકનું નિયમન થઈ શકે.

➞ અર્બન કોરીડોર - બી.આર.ટી.એસ. - એ.એમ.ટી.એસ. સંકલન :

અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસીસ સાથે સંકલનમાં બીઆરટીએસ ફીડર રૂટનું પણ આયોજન કરી અમલમાં મુકેલ છે. આ ઉપરાંત, અમદાવાદ જનમાર્ગ લી. દ્વારા અંદાજીત ૫૫૦ જેટલી બસો ખરીદીને અમદાવાદ ટ્રાન્સપોર્ટ સર્વિસીસને સોંપેલ છે અને તેનું ફીડર રૂટ ઉપર ઓપરેશન ચાલુ છે. આ ઉપરાંત જનમાર્ગની કુલ ૩૫ સીએનજી બસોને એએમટીએસના ઓપરેશન માટે આપવામાં આવેલ છે. જેનો ઉપયોગ લોકમાન્ય તિલકબાગ થી સારંગપુર દરવાજા સુધીના કોરીડોરમાં એએમટીએસનુ ઓપરેશન બીઆરટીએસ કોરીડોરમાંથી કરવા માટે થાય છે. આ ઉપરાંત એએમટીએસ દ્વારા કુલ ૧૫૦ થી વધુ બસોને કુલ પાંચ જેટલા બીઆરટીએસ કોરીડોરમાંથી પસાર કરી મિક્ષ ટ્રાફિકનું ભારણ ઘટાડવા તેમજ બીઆરટીએસ - એએમટીએસનું સંકલન કરવાના સઘન પ્રયાસો શરૂ કરવામાં આવેલ છે. શહેરના નાગરિકોને અસરકારક જાહેર પરિવહન સેવા પુરી પાડવા માટે અ.મ્યુ.ટ્રા.સ. તથા બી.આર.ટી.એસ. સંયુક્ત રીતે ૧૦૦% સમયસર પર્ફોમન્સ સાથે ૧૦૦૦ બસો ચલાવવાનું આયોજન કરાયેલ, જેમાં શહેરીજનોને નિયત સમય મુજબ બસ મળી શકે તે માટેનું ખાસ આયોજન કરવામાં આવેલ છે. વધુમાં એ.એમ.ટી.એસ. ની જે જૂની બસો વારંવાર બ્રેકડાઉન થઈ જાય છે અને જેને કારણે નાગરિકોને મુશ્કેલીનો સામનો કરવો પડે છે તેના નિરાકરણ રૂપે આગામી વર્ષ સને ૨૦૧૬-૧૭ માં ૭૫ જૂની બસોને નવી બસો થી રીપ્લેસ કરવામાં આવશે.

❑ **ઈન્ટ્રીગ્રેટેડ ટ્રાન્ઝિટ પ્લેટફોર્મ ડેવલપમેન્ટ :**

શહેરમાં જાહેર પરિવહનની સંસ્થાઓ જેવી કે એ.એમ.ટી.એસ. તથા બી.આર.ટી.એસ. ના સંયુક્ત પ્રયાસોથી મુસાફરોને બહેતર સુવિધા મળે તે માટે બસ સ્ટેન્ડથી ટેક્ષી, રિક્ષા તેમજ જીપ વિગેરે સાધનો એક જગ્યાએથી મળી રહે તે માટેનું આયોજન કરવામાં આવનાર છે. વધુમાં નાગરિકોને જે-તે બસ સ્ટોપ પર આવનાર બસના સમયપત્રક તેમજ લોકેશનનું ડીસ્ટન્સ વિગેરે માહિતી એસ.એમ.એસ. થી મળશે. આ ઉપરાંત આ અંગે અલગ મોબાઈલ એપ્લીકેશન બનાવવામાં આવશે. જેને રિક્ષા તથા જીપ એસોસીએશન સાથે સાંકળી તે એરિયામાં ઉપલબ્ધ રિક્ષા તથા જીપની માહિતી પણ મળી શકશે. જેથી નાગરિકો સહેલાઈથી ઓછા સમયમાં એક જગ્યાએથી બીજી જગ્યાએ પહોંચી શકશે.

➞ Smart Card Based Common City Payment System (CCPS) :

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની જુદી-જુદી ટ્રાન્સપોર્ટ સેવાઓ જેવી કે બી.આર.ટી.એસ., એ.એમ.ટી.એસ. તથા જુદા-જુદા ટેક્ષ જેવા કે પ્રોપર્ટી ટેક્ષ, પ્રોફેશનલ ટેક્ષ, વ્હીકલ ટેક્ષ ભરવા તથા કોર્પોરેશનની જુદી-જુદી જગ્યાએ પાર્કિંગ ફી, ટી.ડી.ઓ. ફી, બિલ્ડીંગ પ્લાન તથા સ્વીમીંગ પુલ ફી જેવી વિવિધ મ્યુનિસિપલ સેવાઓ તથા ભવિષ્યમાં ઉભા થનાર મેટ્રો સેવા તથા શહેરમાં અન્ય કોમર્શીયલ ચીજ વસ્તુઓ ખરીદવા માટે ક્રેડિટ કાર્ડ જેવી ફેસીલિટી ધરાવતું એક જ કોમન Smart Card શહેરના નાગરિકોને ઉપલબ્ધ કરાવવા આયોજન હાથ ધરેલ છે. જેનાથી શહેરની એક આગવી ઓળખ ઉભી થશે અને શહેરનો કોઈ પણ નાગરિક જુદી-જુદી સેવાઓ માટે એક જ Smart Card દ્વારા તમામ પ્રકારનું પેમેન્ટ કરી શકે તે મુજબનું આયોજન હાથ ધરેલ છે.

➞ સ્ટ્રેન્ધનીંગ પબ્લિક ટ્રાન્ઝીટ :

શહેરમાં જુદા-જુદા રસ્તાઓ પર આવેલ બસ સ્ટેન્ડનો સર્વે કરી બસ સ્ટેન્ડની પર લોકો સરળતાથી ચાલીને પહોંચી શકે તે માટે પબ્લીક ટ્રાન્ઝીટ સીસ્ટમમાં સુધારો કરવા માટે બસ સ્ટેન્ડની આજુ-બાજુ ૨૦૦ મીટર સુધીની જગ્યામાં થતું વાહન પાર્કિંગ બંધ કરાવી તથા બસ સ્ટેન્ડની આજુ-બાજુ ફૂટપાથ ખૂલ્લી કરવામાં આવશે તથા નવી ફૂટપાથ બનાવવામાં આવશે. આવી ૧૦૦ જેટલી જગ્યાઓનો ઉમેરો કરવામાં આવશે.

➞ ટોઈંગ ક્રેન :

અમદાવાદ શહેરમાં જુદા - જુદા ઝોનમાં નિયત શીડ્યુલ પ્રમાણે જુદા - જુદા વાહનો / સાધનો ફાળવવામાં આવે છે. આ વાહનો / સાધનો કામગીરી દરમ્યાન બ્રેક ડાઉન થતાં રોડ ઉપર રીપેરીંગ કરી શકાય તેમ ન હોઈ તેમજ વાહનો કાચા રસ્તા પર તેમજ ડમ્પીંગ સાઈટ પર ફસાઈ જતા હોય છે. જે આ પ્રકારની ટોઈંગ ક્રેઈન દ્વારા એટેન્ડ કરી રીપેરીંગ માટે સેન્ટ્રલ વર્કશોપ ખાતે લાવવામાં આવે છે. ઉપરાંત જાહેર રસ્તાઓ ઉપર ટ્રાફીકને

અડચણરૂપ પાર્ક કરવામાં આવેલ વાહનોને ટોઈંગ કરવા સારૂ પણ આ વાહનો જરૂરી બને છે. આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં પ્રાયોગિક ધોરણે રૂા.૧૫.૦૦ લાખના ખર્ચથી ૦૧ નંગ વસાવીને ઉપયોગમાં મુકવાનું આયોજન હાથ ધરાયેલ છે.

વધુમાં નિયત કરેલ પાર્કિંગની જગ્યા સિવાય ગમે ત્યાં વાહનો પાર્ક કરવામાં આવે તો તે વાહનોને Lock કરવામાં આવશે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કુલ ૧૦,૦૦૦ લોક ખરીદવાનું આયોજન હાથ ધરનાર છે. જે અંતર્ગત નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં ૫,૦૦૦ Lock ખરીદવાનું આયોજન છે.

આમ, કોર્પોરેશન ફંડના ટ્રાફિક પ્રોજેક્ટ માટે નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ માં ₹.૫.૯૯ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં ₹.૯.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

ટ્રાફિક પ્રોજેક્ટ માટે નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ માં કુલ ₹.૧૧.૩૯ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. જ્યારે નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં કુલ ₹.૧૧.૨૬ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

☞ પાર્કિંગ :

➞ ટ્રાફિક મેનેજમેન્ટના ભાગરૂપે પાર્કિંગ સ્થળોનો વિકાસ :

અમદાવાદ શહેરમાં વધતી જતી વાહનોની સંખ્યા તથા ટ્રાફિકની પરિસ્થિતીને ધ્યાનમાં રાખી ટ્રાફિક મેનેજમેન્ટના ભાગરૂપે શહેરમાં મુખ્ય રસ્તાઓ પર સર્વે કરી **"પે એન્ડ પાર્ક"**ની જગ્યાઓ નકકી કરવામાં આવશે. ગત વર્ષે મીઠાખળી છ રસ્તાથી નારણપુરા રેલ્વે ક્રોસિંગ સુધીના રસ્તા પર પાર્કિંગ પ્લેસ ડેવલપ કરવામાં આવ્યું છે તેવી જ રીતે શહેરમાં તૈયાર કરવામાં આવેલ મોડલ રોડ પર આવી પાર્કિંગની જગ્યા નકકી કરી ડેવલપ કરવામાં આવશે. જેમાં સેલ્ફ હેલ્પ ગ્રુપની (એસ.એચ.જી.) ૨૦૦ બહેનોને પાર્કિંગની સઘન ટ્રનીંગ આપી તેમને **"પાર્કિંગ માર્શલ"** તરીકેની જવાબદારી સોંપવામાં આવશે. વધુમાં શહેરમાં ૫૦૦૦ સ્થળો પર ટ્રાફિકનો સર્વે કરી જે રસ્તાઓ પર ટ્રાફિકનું ભારણ વધારે રહેતું હોય તેવી જગ્યાઓ નક્કી કરી સદર જગ્યાઓ પર પાર્કીંગ સ્થળોનો વિકાસ કરવાનું આયોજન કરવામાં આવશે.

➞ મલ્ટીલેવલ પાર્કિંગ :

શહેરના રસ્તા ઉપર જે-તે જગ્યાએ વાહનચાલકો દ્વારા કરવામાં આવતાં પાર્કિંગને કારણે ટ્રાફિકની સમસ્યા વિષમ બને છે. સદર સમસ્યાના નિવારણરૂપે અ.મ્યુ.કો. દ્વારા મલ્ટીલેવલ પાર્કિંગનું આયોજન હાથ ધરવામાં આવેલ છે. જે પૈકી કાંકરિયા ખાતેના મલ્ટીલેવલ પાર્કિંગનો ઉપયોગ શરૂ થયેલ છે. જ્યારે નવરંગપુરા મલ્ટીલેવલ પાર્કિંગનું કામ ચાલુ છે. જેની મુખ્ય વિગત નીચે મુજબ છે.

❑ નવરંગપુરા મલ્ટીલેવલ પાર્કિંગ :

નવરંગપુરા બસ સ્ટેન્ડની પાછળ આવેલ ફાઈનલ પ્લોટ નંબર ૨૬૮/૨ માં ૪૯૯૩ ચોરસ મીટર જેટલી જગ્યામાં રેમ્પ ટાઇપ ડિઝાઇન મુજબનું મલ્ટી લેવલ કાર પાર્કિંગ બનાવવાનું કામ ચાલુ છે. સદર મલ્ટી સ્ટોરી પાર્કિંગમાં ૦૨ બેઝમેન્ટ + ગ્રાઉન્ડ ફલોર + ચાર માળનું બનાવવામાં આવશે. જેમાં ગ્રાઉન્ડ અને પહેલા માળે કોર્મશીયલ હેતુ માટે દુકાનો (શોપ્સ) બનાવવામાં આવશે.

વાહનચાલકે પોતે જ ખાલી જગ્યાએ કાર પાર્કિંગ કરવાની રહેશે. સદર મલ્ટી સ્ટોરીડ પાર્કિંગમાં ફાયર હાયડ્રન્ટ અને સ્પ્રીન્કલર સિસ્ટમ લગાવવાનું તેમજ ૦૨ બેઝમેન્ટમાં સ્મોક એક્સઝોસ્ટ સિસ્ટમ, જરૂરીયાત મુજબ સી.સી.ટી.વી. કેમેરા અને પબ્લીક એનાઉન્સમેન્ટ સિસ્ટમ, ત્રણ નંગ ગીઅર લેસ લીફટ જેવી જરૂરીયાત મુજબની સુવિધાઓ સાથે બનાવવાનું કામ હાલમાં ચાલુ છે.

સદર પાર્કિંગમાં અંદાજીત ૩૬૧ નંગ કાર પાર્કિંગ અને ૫૮૩ નંગ ટુ વ્હીલર પાર્કિંગ કરી શકાશે. સદર કામનો અંદાજીત ખર્ચ રૂા.૬૦.૦૦ કરોડ છે. જે માટે નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ માં ₹.૧૩.૯૫ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં ₹.૧૭.૭૧ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

➞ સ્ટ્રીટ મેનેજમેન્ટ પ્લાનીંગ :

શહેરમાં વધતા જતા વાહનોની સંખ્યા તથા રસ્તા પર વાહનોના ભારણને તથા લોકો દ્વારા ગમે તેમ થતા પાર્કીંગને ધ્યાનમાં લઇ સ્ટ્રીટ મેનેજમેન્ટ પ્લાન અંતર્ગત લોકો રસ્તા પર સરળતાથી ચાલી શકે તે માટે ફૂટપાથ બનાવવા, પાર્કિંગ સ્થળો બનાવવા અને સ્કુલોમાં બાળકો કોઇપણ જાતના ટ્રાફિકની અડચણ વગર સાયકલ લઇને આવી શકે તે માટે સાયકલ ટ્રેક બનાવવો, ફૂટપાથ તેમજ સેફ રૂટ ટુ સ્કુલ અંગેના સાઇન બોર્ડ તેમજ નોંધ મૂકવા અંગેની કામગીરી કરવામાં આવશે.

➞ સેફ રૂટ ટુ સ્કુલ :

અમદાવાદ શહેરની સ્કુલોમાં બાળકો સાયકલ પર સ્કુલે આવી શકે તે માટે સર્વે કરી શહેરની ૨૫ થી ૩૦ સ્કુલો માટે ૨૦૦ મીટર સુધીના રસ્તાઓ સાફ કરી ફૂટપાથ બનાવવી તથા સ્કુલની આસપાસના રસ્તાઓ પર પબ્લીક ટ્રાન્સપોર્ટ માટે આવવા જવા માટે રસ્તાઓમાં સુધારો કરી ટ્રાફિક સરળતાથી પસાર થઇ શકે તે માટેનું આયોજન કરવામાં આવેલ. વધુમાં પબ્લિક ટ્રાન્સપોર્ટમાં આવતાં બાળકો સલામત રીતે પબ્લિક ટ્રાન્સપોર્ટનો ઉપયોગ કરી શકે તે માટે શાળાઓના સહયોગથી ૧૦૦ શાળાની આજુ-બાજુ પથ્થર પેવીંગ તથા રોડ રીસરફેસની કામગીરીનું આયોજન કરવામાં આવશે.

➞ પાર્કિંગ મેનેજમેન્ટ :

શહેરમાં વિવિધ પ્રકારના વાહનોની વધતી જતી સંખ્યાને ધ્યાનમાં લેતાં વાહનોની પાર્કિંગની સમસ્યાનો ઉકેલ લાવવો ખૂબ જ જરૂરી છે. જે માટે શહેરમાં જુદી-જુદી જગ્યાનો સર્વે કરી જયાં ટ્રાફીકનું ભારણ વધારે રહેતું હોય અને પાર્કિંગની જગ્યા ઉપલબ્ધ ન હોય તેવી જગ્યાઓ શોધીને સ્ટ્રીટ મેનેજમેન્ટ પ્લાનીગ તેમજ પાર્કિંગ મેનેજમેન્ટ અંતર્ગત કાર પાર્કિંગ, રીક્ષા પાર્કિંગ અને ટુ વ્હીલર પાર્કિંગની જગ્યાઓ ફાયનલ કરવામાં આવશે જેના કારણે રસ્તાઓ પર તથા ફૂટપાથ પર થતું પાર્કિંગ અટકાવી શકાય અને માણસોને તથા વાહનોને અવર-જવર કરવામાં સરળતા રહે અને પાર્કિંગના કારણે ટ્રાફીક જામ થતો અટકાવી શકાય.

➞ સાબરમતી નદીના બંને કાંઠાના રસ્તાઓને સ્માર્ટ રસ્તા તરીકે જાહેર કરવા :

સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેકટ અંતર્ગત સાબરમતી નદીનાં બંને કાઠાં પર નદીની સમાંતર એપ્રોચ રસ્તાઓ બનાવવામાં આવેલ છે. સદર એપ્રોચ રોડ પર નાના મોટા વાહનોના પ્રવેશવા માટે જરૂરી નિયમો બનાવી સદર રસ્તાઓ પર "નો-સ્ટોપ" નિયમનું આયોજન કરી સાબરમતી નદી કાઠાંનાં બંને બાજુના રસ્તાઓને સ્માર્ટ રસ્તા તરીકે જાહેર કરવાનું આયોજન પ્રગતિ હેઠળ છે.

સદર બંને રસ્તાઓ પર નો-સ્ટોપ, નો પાર્કીગ, નો ઓવરટેઇકીંગ જેવા મુદ્દાઓને ધ્યાનમાં રાખી વાહન ચાલકો લેનમાં વાહન ચાલાવે તે માટે જરૂરી નિયમો બનાવવામાં આવશે અને સદર રસ્તાઓ પર ઇન્ટેલીજન્સ ટ્રાફીક સીસ્ટમનો ઉપયોગ કરી ટ્રાફીકનું ભારણ ઘટાડવા તથા ટ્રાફીક સરળતાથી પસાર થઇ શકે તે અંગે કામગીરી કરવામાં આવનાર છે.

૫. બ્રીજ પ્રોજેક્ટ :

અમદાવાદ શહેરમાં હાલમાં કુલ ૪૯ અલગ-અલગ પ્રકારના બ્રીજ આવેલ છે. જેમાં ૧૯ રેલ્વે ઓવર બ્રીજ, ૧૦ ફલાય ઓવર, ૧૦ રેલ્વે અંડરપાસ, ૭ રીવર બ્રીજ તેમજ ૩ માઈનોર બ્રીજ સામેલ છે.

૫.૧ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળના મુખ્ય કામો

ચાલુ વર્ષ દરમ્યાન અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નવિન ત્રણ બ્રીજ બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. નવા રાણીપ થી જુના રાણીપને જોડતો રાણીપ બલોલનગર રેલ્વે ઓવરબ્રીજ, હાટકેશ્વર ચાર રસ્તા પર ૧૩૨ ફૂટ રીંગ રોડને ક્રોસ કરતો બ્રીજ તથા દિનેશ ચેમ્બર પાસે ૧૩૨ ફૂટ રીંગ રોડ પર બ્રીજ બનાવવાનું કામ પ્રગતિ હેઠળ છે. જેનાથી શહેરના વધતાં ટ્રાફિકનો પ્રશ્ન ઘણે અંશે હળવો થશે.

→ રાણીપ બલોલનગર રેલ્વે ઓવર બ્રીજ :

રાણીપ બલોલનગર ખાતે ₹.૬૩.૮૧ કરોડના ખર્ચે ૪-લેન, ૧૮.૧૫ મીટર પહોળાઈ, ૭૯૫.૩૦ મીટર લંબાઈનો જૂના રાણીપ થી નવા રાણીપને જોડતો રેલ્વે ઓવરબ્રીજ બનાવવાની કામગીરી ચાલુ છે. જે પૂર્ણ થયેથી જૂના રાણીપ તથા નવા રાણીપ વિસ્તારના રહીશોને અત્યંત રાહત થશે તેમજ ટ્રાફિકમાં સમયના થતાં વ્યયની બચત થશે.

→ પૂર્વ વિસ્તારમાં હાટકેશ્વર જંકશન ઉપર ફ્લાય ઓવર બ્રીજ :

અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારમાં સી.ટી.એમ થી ખોખરા તરફ જતાં ૧૩૨ ફુટના રીંગ રોડ ઉપર આવેલ હાટકેશ્વર સર્કલ ઉપર ટ્રાફિકનું ભારણ ઘટાડવા ૫૬૩ મીટર લંબાઈનો બે લેનનો ફ્લાય ઓવર બ્રીજ ₹.૫૦.૮૮ કરોડના ખર્ચે બનાવવાનું કામ હાલમાં પ્રગતિ હેઠળ છે. સદરહુ બ્રીજની નીચેથી પણ વાહન ચાલકો સરળતાથી વાહન વ્યવહાર કરી શકે તે માટે હાટકેશ્વર સર્કલ રિ-ડિઝાઈન કરવાનું આયોજન છે.

વધુમાં, સૂચિત બ્રીજના સર્વિસ રોડ ઉપરના હયાત એ.એમ.ટી.એસ. બસ સ્ટેન્ડમાંથી નીકળતી તથા આવતી બસો સર્વિસ રોડનો ઉપયોગ કરવાથી ટ્રાફિકનું ભારણ વધવાની શક્યતા હોઇ હયાત બસ ટર્મિનલ શીફ્ટ કરી ઈન્ટરનલ આર.સી.સી. રોડ સાથેનું નવું બસ ટર્મિનલ બનાવવા ડીઝાઈન તૈયાર કરવામાં આવેલ છે.

→ પૂર્વ વિસ્તારમાં દિનેશ ચેમ્બર જંકશન ઉપર ફ્લાય ઓવર બ્રીજ :

દિનેશ ચેમ્બર જંકશન ઉપર ટ્રાફીકની ગીચતા વધારે પ્રમાણમાં હોવાથી તેમજ એ.એમ.ટી.એસ બસો અને બાપુનગર થી સૌરાષ્ટ્ર વિસ્તાર તરફ જતી સ્ટેટ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનની બસોનું પ્રમાણ પણ વધારે હોઇ ટ્રાફીકની ગીચતાને ધ્યાને રાખી હાટકેશ્વરથી હીરાવાડી તરફ જતાં ૧૩૨ ફુટના રીંગ રોડ ઉપર આવેલ દિનેશ ચેમ્બર જંક્શન ઉપર ૬૧૦ મીટર લંબાઈનો ૪ લેનનો ફ્લાય ઓવર બ્રીજ ₹.૫૨.૪૬ કરોડના ખર્ચે બનાવવાનું કામ હાલમાં પ્રગતિ હેઠળ છે. સદર બ્રીજના કામમાં બ્રીજની નીચેથી પણ વાહન ચાલકો સરળતાથી વાહન વ્યવહાર કરી શકે તે માટે દિનેશ ચેમ્બર જંકશન રિ-ડિઝાઈન કરવામાં આવશે.

જે માટે નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ માં ₹.૪૫.૦૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં ₹.૫૦.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

૫.૨ કોર્પોરેશન ફંડ હેઠળના મુખ્ય કામો

→ ઈન્કમટેક્ષ ચાર રસ્તા ઉપર ફ્લાય ઓવર બ્રીજ :

શહેરના હાર્દ સમાન આશ્રમ રોડ ઉપર દિન-પ્રતિદીન વધતાં જતાં વાહનોના ભારણને કારણે ટ્રાફિકની સમસ્યાના નિવારણ રૂપે ઈન્કમટેક્ષ ચાર રસ્તા ઉપર ૭૫૫ મીટર લંબાઈનો ૨x૨.૫ લેન, ૧૯.૫૦ મી. પહોળાઈનો ફ્લાય ઓવર બ્રીજ આશરે ₹.૫૦.૦૦ કરોડના ખર્ચે બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે.

→ અંજલી ચાર રસ્તા ઉપર ફ્લાય ઓવર બ્રીજ :

પાલડી થી સરખેજના મુખ્ય રસ્તા ઉપર વધતાં જતાં ટ્રાફિકના પ્રશ્નને હળવો કરવા માટે અંજલી ચાર રસ્તા ઉપર ૬૦૦ મીટર લંબાઈનો ૨x૨ લેન, ૧૬.૫૦ મી. પહોળાઈનો ફ્લાય ઓવર બ્રીજ આશરે ₹.૫૦.૦૦ કરોડના ખર્ચે બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે.

વધુમાં નારોલ ફ્લાય ઓવર બ્રીજ નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા બનાવવામાં આવી રહેલ છે તે કામ અંતર્ગત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રૂ.૬.૦૦ કરોડ NHAI ને ચૂકવવામાં આવેલ છે.

→ માઈક્રો સરફેસીંગ :

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા હયાત બ્રીજ ઉપરની બીટયુમીનસ સપાટી પર ટ્રાફિક તથા વરસાદને કારણે થતાં ઘસારાને કારણે નીચે જણાવેલ બ્રીજ પર માઈક્રો સરફેસીંગની કામગીરી હાથ ધરવામાં આવનાર છે.

- ચાંદલોડીયા રેલ્વે ઓવર બ્રીજ
- સાબરમતી રેલ્વે ઓવર બ્રીજ
- ગિરધરનગર રેલ્વે ઓવર બ્રીજ
- અસારવા રેલ્વે ઓવર બ્રીજ
- ખોખરા રેલ્વે ઓવર બ્રીજ એપ્રોચ રોડ
- ચામુંડા બ્રીજ અને મેમ્કો બ્રીજ

આમ, કોર્પોરેશન ફંડના બ્રીજ પ્રોજેક્ટ માટે નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ માં ₹.૧૨.૪૧ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં ₹.૫૫.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

બ્રીજ પ્રોજેક્ટ માટે નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ માં કુલ ₹.૫૭.૪૧ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. જ્યારે નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં કુલ ₹.૧૦૫.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

૬. અર્બન ટ્રાન્સપોર્ટ (ઈન્ટીગ્રેટેડ પ્લેટફોર્મ):

→ જનમાર્ગ - બી.આર.ટી.એસ. :

અમદાવાદ શહેરમાં ભારત સરકાર, ગુજરાત સરકાર તેમજ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરના ભારે ટ્રાફીક ધરાવતા જાહેર રસ્તા ઉપર શહેરને આગવી ઓળખ આપી શકે તેવા માત્ર જાહેર પરીવહન સેવા માટે ડેડીકેટેડ બીઆરટીએસ કોરીડોર બાંધવાની કામગીરી હાથ ધરવામાં આવેલ. સદર પ્રોજેક્ટનો કુલ અંદાજીત ખર્ચ રૂા.૯૮૪.૦૦ કરોડ છે.

બીઆરટીએસ બસ સેવા શૈક્ષણિક સંસ્થાઓ, ઔદ્યોગિક વિસ્તારો, રેલ્વે સ્ટેશન જેવા ભારે ટ્રાફીક ધરાવતા વિસ્તારો આવરી લઈ હાલમાં ૯૭ કિ.મી. રૂટ ઉપર કુલ ૧૫૩ બસો સ્ટેશન તથા ૧૩ રૂટો પર કાર્યરત છે. હાલમાં સમગ્ર રૂટ ઉપર પીપીપી ધોરણે ૨૩૦ (૧૮૪ એ.સી.) બસો કાર્યરત છે. જેમાં દૈનિક ૧,૫૦,૦૦૦ જેટલા શહેરીજનો મુસાફરી કરી શહેરનો ટ્રાફીક તેમજ પ્રદૂષણ ઘટાડવામાં મદદરૂપ થયેલ છે. આંતરરાષ્ટ્રીય કક્ષાની બસ, બસ સ્ટેન્ડ, પેસેન્જર ઈન્ફોર્મેશન સિસ્ટમ, ઓટોમેટીક વ્હીકલ લોકેશન સિસ્ટમ જેવી આધુનિક સગવડો દ્વારા મુસાફરોને પોષાય તેવા ફકત રૂા.૪.૦૦ જેવા નજીવા ટિકીટ દર થી આ સેવા ઉપલબ્ધ હોવાથી વધુને વધુ શહેરીજનો તેનો લાભ લઈ રહેલ છે. આમ, ઝડપી, સમયસર અને સલામત મુસાફરીનો પર્યાય બનેલ બીઆરટીએસ શહેરના ગરીબ, મધ્યમ તેમજ આર્થિક રીતે સદ્ધર એમ તમામ વર્ગોનું મુસાફરી માટે ઉત્તમ માધ્યમ સાબિત થયેલ છે.

બી.આર.ટી.એસ. ના દરેક કોરીડોર ઉપરના સઘળા બસ શેલ્ટરમાં વપરાશને કારણે થયેલ ઘસારાને દૂર કરવા જરૂરી મરામત કરીને અપગ્રેડ કરવામાં આવશે. જે માટે નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં ₹.૫.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

❑ સ્માર્ટ કાર્ડ તથા ટિકીટ સિસ્ટમ :

અમદાવાદ જનમાર્ગ લી. દ્વારા નિયમિત મુસાફરી કરતાં મુસાફરો માટે જનમાર્ગ કાર્ડ, વિદ્યાર્થીઓ માટે સ્ટુડન્ટ સ્માર્ટ કાર્ડ, શારિરીક વિકલાંગતા ધરાવતા નાગરિકો માટે ૪૦% ડિસ્કાઉન્ટ સાથેનું કાર્ડ, અંધજન વ્યક્તિને જનમાર્ગ સ્પેશ્યલ ફ્રી મુસાફરી કાર્ડ તથા સ્વાતંત્ર્ય સેનાની જનમાર્ગના ફ્રીડમ ફાઈટરના સ્પેશ્યલ ફ્રી મુસાફરી કાર્ડ આપવામાં આવે છે. વધુમાં મુસાફરોની સુવિધા માટે બસ સેન્ટરમાં પ્રવેશ સમયે રોકડ ચુકવી નિયત સ્થાનની બસ ટિકિટ ખરીદી કરી અને સ્માર્ટ કાર્ડની ખરીદી કરી રૂા.૫૦.૦૦ ના ગુણાંકમાં મુસાફરોની જરૂરીયાત અનુસારની રકમ ચાર્જ કરી બસ સેવાનો લાભ અનુકુળતા મુજબ લે છે.

❑ નવી બસો :

૨૧૦ હોર્સપાવર તથા ઓટોમેટીક ટ્રાન્સમીશનવાળી ૧૨૩ હાઈ ક્વોલીટી એસી બસો સાથે અમદાવાદ જનમાર્ગ લી. દ્વારા કુલ ૧૩ રૂટો પણ શરૂ કરવામાં આવેલ છે. તમામ રૂટો પર બસોની ફ્રિકવન્સી ૨.૫ મિનિટ થી ૪ મિનિટ રાખવામાં આવેલ છે.

❑ **ફીડર સેવા :**

અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસીઝ દ્વારા કુલ ૫ જેટલા નવા ફિડર રૂટો શરૂ કરવામાં આવેલ છે. જે રૂટોમાં દૂરના વિસ્તારોમાંથી બી.આર.ટી.એસ. ના રૂટ સુધી મુસાફરોને પહોંચાડવા માટે ૧૬ જેટલી બસો મુકવામાં આવેલ છે. આ રૂટોમાં ફિક્સ ભાડું રૂા.૫.૦૦ રાખવામાં આવેલ છે. જેથી સામાન્ય નાગરીકો તેનો મહત્તમ લાભ લઇ શકે.

મુસાફરી સુરક્ષિત બનાવવા અને નિયત સ્થળે ઝડપી પહોંચવા માટે જનમાર્ગની યુરો-૩ અને યુરો-૪ પ્રકારના એન્જીન, બન્ને સાઈડ સેન્ટરમાં મોટા દરવાજા સાથેની ૧૨ મીટર લંબાઈની બસો દોડાવવામાં આવે છે. જી.પી.એસ. તેમજ પબ્લિક ઈન્ફર્મેશન સિસ્ટમ સાથેની બસનું સંચાલન નિષ્ણાંત ઓપરેટર દ્વારા કરવામાં આવે છે. બસ શેલ્ટરમાં બસમાં જવા આવવા માટે ઓટોમેટેડ ડોરની તથા સ્માર્ટ કાર્ડ માટે ટર્ન સ્ટાઈલ અને ફલેપ બેરિયરની વ્યવસ્થા પણ કરવામાં આવેલ છે..

❑ **વિકલાંગ, અંધજન, બાળક, વૃદ્ધો માટે સરળ મુસાફરી :**

જનમાર્ગની બસમાં હેન્ડીકેપ્ડ પોતાની વ્હીલચેર સાથે સરળતાથી પ્રવેશ અને મુસાફરી કરી શકે છે. અંધજન પણ કોઈની સહાય વગર ટ્રેક લીનીયર અને ટ્રેક બટન ટાઈલ્સ વડે પોતાના માર્ગ સુધી અને સ્ટેશન સુધી પહોંચી શકે છે. બાળકો અને વૃધ્ધો શેલ્ટરમાંથી બસમાં સરળતાથી પ્રવેશ કરી શકે છે.

આમ, શહેરની આગવી ઓળખ સમા જનમાર્ગ બી.આર.ટી.એસ.એ પ્રદૂષણ, ટ્રાફીક, સમયનો વ્યય જેવી સમસ્યાઓ ઘટાડી શહેરના વિકાસમાં સ્વર્ણિમ ફાળો આપી શહેરને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે નવી ઉંચાઇ આપેલ છે.

બી.આર.ટી.એસ. માટે નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ માં કુલ ₹.૨૫.૩૭ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. જ્યારે નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં કુલ ₹.૫.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે તથા અમદાવાદ જનમાર્ગ લિ. નો નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ માં કુલ ₹.૫૧.૦૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. જ્યારે નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં કુલ ₹.૬૦.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે

➞ અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ (એ.એમ.ટી.એસ) :

હાલમાં અ.મ્યુ.ટ્રા.સ. દ્વારા કુલ ૧૬૭ ઓપરેશનલ રૂટો ઉપર બસો ફાળવી જુદા-જુદા વિસ્તારોમાં રહેતાં શહેરી પ્રજાજનોને એક સ્થળેથી બીજા સ્થળે આવવા-જવા માટે અસરકારક રીતે જાહેર બસ પરિવહન સેવા પુરી પાડવામાં આવી રહેલ છે. શહેરના પ્રવાસીઓને સુખાકારી માટે તથા અસરકારક જાહેર પરિવહન સેવા પુરી પાડવા માટે અ.મ્યુ.ટ્રા.સ. તથા બી.આર.ટી.એસ. સાથે કુલ બસોનું ફલીટ ૧૧૦૦ રાખવામાં આવનાર છે.

શહેરના વરિષ્ટ નાગરિકો માટે હાલમાં ૬૫ વર્ષથી ૭૫ વર્ષ માટે ટીકીટના દરમાં ૫૦% કન્સેશન તથા ૭૫ વર્ષથી ઉપરના માટે તદન ફ્રી મુસાફરીની સગવડતા ઉપલબ્ધ છે. વધુમાં ચેરીટી કમિશનરશ્રીની કચેરીમાં રજીસ્ટર્ડ થયેલ વૃદ્ધાશ્રમોમાં રહેતાં વરિષ્ઠ નાગરિકો માટે વિના મુલ્યના ફ્રી પાસની સુવિધા પણ ઉપલબ્ધ છે. શહેરના વરિષ્ઠ નાગરિકો માટે શહેરના કુલ-૬ ઝોનમાં વર્ષમાં એકવાર મહત્તમ ૨-૨ બસોની સગવડતા આપીને અમદાવાદ શહેરના વરિષ્ઠ નાગરિકોને અનુકુળતા પડે તેવા ૨(બે) સ્થળોને આવરી લઈને જમાડવાની વ્યવસ્થાનું આયોજન હાથ ધરવામાં આવશે. વધુમાં સ્વર્ણિમ જ્યંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ મળેલ ગ્રાન્ટ પૈકી જમાલપુર ખાતે અદ્યતન ટ્રાન્સપોર્ટ હાઉસ તથા એ.એમ.ટી.એસ.ના અન્ય ડેપોનું આધુનિકરણ કરી જાહેર જનતાને વધુ સગવડતા મળી રહે તે મુજબનું આયોજન કરેલ છે. ચાલુ વર્ષે એ.એમ.ટી.એસ.ની કુલ ૧૭૬ બસો બી.આર.ટી.એસ. રૂટમાં ઓપરેટીંગ થાય તે રીતે બસની ડિઝાઈનમાં ફેરફાર કરીને બી.આર.ટી.એસ. ટ્રેકમાં સંચાલનમાં મૂકેલ છે તથા વર્ષ ૨૦૧૬-૧૭ માં વધુ ૭૫ મીડી બસો બી.આર.ટી.એસ. ટ્રેકમાં મૂકવામાં આવશે અને તે રીતે ટ્રાફિકનું ભારણ ઘટાડવામાં આવશે.

એ.એમ.ટી.એસ. માટે નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ માં કુલ ₹.૩૦૦.૦૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. જ્યારે નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં કુલ ₹.૩૩૫.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

૭. જાહેર મકાનો :

☞ કોમ્યુનિટી હોલ તથા ઓડીટોરિયમ :

૭.૧ સ્વર્ણિમ જ્યંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળના મુખ્ય કામો

➞ લાલા કાકા હોલનું રિનોવેશન :

મધ્ય ઝોનમાં આવેલ આધુનિક સુવિધાઓ યુક્ત લાલા કાકા હોલનો હયાત જુનો એક માળનો હોલ તોડી તેને સ્થાને રૂા.૧.૫૦ કરોડના ખર્ચે નવો બે માળનો આધુનિક સુવિધાયુક્ત ૧૪ સી.સી.ટી.વી. કેમેરા દ્વારા સર્વેલન્સ સીસ્ટમ સહિતનો હોલ બનાવવામાં આવનાર છે. સદર હોલનાં બાંધકામનું હયાત ક્ષેત્રફળ ૧૦૫૦. ચો.મી. છે. જયારે તેના સ્થાને નવા બનાવવાના થતાં હોલમાં ગ્રાઉન્ડ ફલોરનો એરીયા ૭૯૦.૯૩ ચો.મી. તથા પહેલા માળનો એરીયા ૭૪૭.૦૪ ચો.મી. મળી કુલ એરીયા ૧૫૩૭.૯૭ ચો.મી. થશે. જેથી વધુ લોકો તેનો એક સાથે ઉપયોગ કરી શકશે.

➞ વસ્ત્રાલ ખાતે જીમ્નેશીયમ - લાયબ્રેરી :

શહેરમાં વસ્ત્રાલ વોર્ડમાં ૧૯૨૫ ચો.મી.ના એરિયામાં ૭૬૫ ચો.મી.નું બાંધકામવાળું સુવિધાયુક્ત જીમ્નેશીયમ તથા લાયબ્રેરી બાંધવાનું આયોજન હાથ ધરવામાં આવેલ છે. જેમાં ગ્રાઉન્ડ ફ્લોરમાં ૩૬૫ ચો.

મી. તથા ફર્સ્ટ ફ્લોર ૩૪૫ ચો.મી. જ્યારે ટેરેસમાં ૩૫ ચો.મી.નું બાંધકામ કરવામાં આવશે. જ્યારે ૧૫૮૦ ચો.મી. પાર્કિંગની જગ્યા રાખવામાં આવનાર છે. ગ્રાઉન્ડ ફ્લોરમાં વિદ્યાર્થીઓનો વાંચન હોલ, કોમ્પ્યુટર લાયબ્રેરીનો સમાવેશ કરેલ છે. જ્યારે ફર્સ્ટ ફ્લોરમાં યોગા અને એરોબિક્સ હોલ તથા જીમ્નેશીયમ હોલનું આયોજન કરેલ છે. સદર કામની અંદાજીત કિંમત રૂા.૧.૯૫ કરોડની છે. જે માટે પ્રારંભિક તબક્કે રૂા.૧.૬૦ કરોડની ફાળવણી કરવામાં આવેલ છે.

➞ સ્વીમીંગ પુલ :

શહેરમાં પશ્ચિમ ઝોનમાં સાબરમતી ખાતે આવેલ મ્યુનિસિપલ સ્નાનાગાર હાલમાં જર્જરિત હાલતમાં હોઈ તેને આધુનિક સુવિધાઓ સહિત સંપૂર્ણ નવિનીકરણ કરવાનું આયોજન હાથ ધરેલ છે. આ નવિનીકરણમાં અત્યંત આધુનિક ફિલ્ટર પ્લાન્ટ લગાડવામાં આવશે. જેને કારણે પાણીનો હોજ વારંવાર ખાલી કરવો પડશે નહિં જેથી પાણીનો બગાડ અટકશે તેમજ તેની બચત થશે. સદર કામ રૂા.૨.૫૦ કરોડના ખર્ચે કરવામાં આવશે. જે માટે નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં રૂા.૨.૦૦ કરોડની ફાળવણી કરવામાં આવેલ છે.

૭.૨ કોર્પોરેશન ફંડ હેઠળના મુખ્ય કામો

➞ ગોમતીપુર ખાતે શહીદ વીર ભગતસિંહ કોમ્યુનિટી હોલનું નવિનીકરણ :

શહેરીજનો સામાજીક પ્રસંગો આધુનિક સુવિધાયુક્ત સ્થળે નજીવા ખર્ચથી ઉજવી શકે તે હેતુથી આગામી વર્ષમાં ગોમતીપુર વોર્ડમાં આવેલ શહીદ વીર ભગતસિંહ કોમ્યુનિટી હોલને નવિનીકરણ કરવાનું આયોજન છે. ૧૫૫૦ ચો.મી.ના પ્લોટ એરિયામાં ગ્રાઉન્ડ ફ્લોરમાં ૫૫૦ ચો.મી. અને ગેલેરી ૨૫૦ ચો.મી.માં હોલ તૈયાર થનાર છે. જે અંતર્ગત અંદર-બહારનું નવું પ્લાસ્ટર, નવું ફ્લોરીંગ, લેન્ડ સ્કેપીંગ, જીપ્સમ સીલીંગ, ગ્રીન રૂમ, અગ્નિશમન સુવિધા સહિત રિનોવેશનનું આયોજન છે. જેને કારણે સદર વિસ્તારની આસ-પાસના લોકો બહોળા પ્રમાણમાં તેનો ઉપયોગ કરી શકશે. જે માટે નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં ₹.૧.૫૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

➞ નિકોલ ખાતે કોમ્યુનિટી હોલ :

સફાઈ કામદાર આયોગ દ્વારા નિકોલ વોર્ડમાં આધુનિક સુવિધાયુક્ત કોમ્યુનિટી હોલ બનાવવાની માંગણી અન્વયે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ૩૦૪૫ ચો.મી.ના પ્લોટની વરણી કરવામાં આવેલ છે. સદર હોલમાં કુલ ૧૦૩૧ ચો.મી.નું બાંધકામ કરવામાં આવનાર છે. જે પૈકી ગ્રાઉન્ડ ફ્લોરમાં ૫૪૧ ચો.મી. તથા ફર્સ્ટ ફ્લોર ૪૫૫ ચો.મી. તેમજ ટેરેસમાં ૩૫ ચો.મી.નું બાંધકામ કરવામાં આવનાર છે. વધુમાં ૧૬૬૫ ચો.મી.નો પાર્કિંગ એરિયા તેમજ ૩૦૦ ચો.મી.નો લોન એરિયા બનાવવામાં આવશે. સદર હોલ અંદાજીત રૂા.૨.૯૯ કરોડના ખર્ચે બનાવવામાં આવશે. જે માટે પ્રારંભિક તબક્કે રૂા.૧.૦૦ કરોડની ફાળવણી કરવામાં આવેલ છે.

➞ બોડકદેવ ખાતે ઓડિટોરીયમ :

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નવા પશ્ચિમ ઝોનમાં બોડકદેવમાં ટી.પી.૫૦ એફ.પી.૩૮૨ કેન્સવીલા ગોલ્ફ કલબની સામે રાજપથ ક્લબની પાછળ અદ્યતન સુવિધાયુક્ત ઓડિટોરીયમ બનાવવાનું કામ ચાલુ છે. સદર કામનો અંદાજીત ખર્ચ રૂા.૩૬.૭૩ કરોડ છે. સદર ઓડિટોરીયમમાં કુલ પ્લોટ એરિયા ૭૨૦૨ ચો.મી. છે. જ્યારે કુલ બીલ્ટઅપ એરિયા ૧૫૦૯૪ ચો.મી. છે. સદર ઓડિટોરીયમની મુખ્ય લાક્ષણિકતાઓ નીચે મુજબ છે.

- ❀ બેઝમેન્ટ - ૫૨૭૬ ચો.મી.
- ❀ ગ્રાઉન્ડ ફ્લોર - ૩૯૫૪ ચો.મી. જેમાં કોન્ફરન્સ હોલ-૧ (૩૮૨ માણસોની ક્ષમતા) તથા કોન્ફરન્સ હોલ-૨ (૧૯૦ માણસોની ક્ષમતા) નો બનાવવામાં આવનાર છે. જ્યારે કોમર્શીયલ એરિયા ૮૩૦ ચો.મી.નો રહેશે.

- ❀ પ્રથમ માળ - કુલ ૩૯૦૯ ચો.મી. ના એરિયામાં ૭૦૦ માણસોની ક્ષમતાવાળો ડાઈનીંગ કમ કોમર્શીયલ હોલ તેમજ ૧૦૦૦ માણસોની ક્ષમતાવાળો ઓડિટોરીયમ હોલ બનાવવામાં આવનાર છે.
- ❀ બીજો માળ - ૪૦૫૫ ચો.મી. ના એરિયામાં ૧૦૫૧ માણસોની ક્ષમતાવાળી ડિસ્પ્લે ગેલેરી બનાવવામાં આવનાર છે.

➞ જમાલપુર પાર્ટી પ્લોટ :

મધ્યઝોનના જમાલપુર વોર્ડમાં ટી.પી. સ્કીમ નંબર-૦૧ જમાલપુર ફાઈનલ પ્લોટ નંબર-૮/૩ને પાર્ટી પ્લોટ તરીકે વિકસાવવાની જરૂરિયાત ઉભી થયેલ છે. આ પ્લોટનો કુલ એરિયા ૪૦૧૦ ચો.મી. છે. સદર પ્લોટને પાર્ટી પ્લોટ તરીકે વિકસાવવા અંગે પ્લાનીંગ, ડીઝાઈનીંગની કામગીરી કરવા માટે કન્સ્લ્ટન્ટની નિમણૂંક થયેલ છે. જેમાં સ્ટેજ + બ્રાઈડલ રૂમ એટેચ્ડ ટોયલેટ, કીચન વીથ સ્ટોર, લેડીઝ તથા જેન્ટસ ટોયલેટ બ્લોક, વેસ્ટ ડીશ કાઉન્ટર + હેન્ડ વોશ કાઉન્ટર + ડ્રીન્કીંગ વોટર કાઉન્ટર, ફુડ કોર્ટ અને પેસેજ, સેરેમની ગ્રાઉન્ડ, પાર્કિંગ, મેઈન એન્ટ્રી અને પેસેજનું ડેવલપમેન્ટ, જુની કમ્પાઉન્ડ વોલ તોડી નવી બનાવવાનું કામ, ઈલેકટ્રીફીકેશન વર્ક, ગાર્ડનીંગ અને લેન્ડ સ્કેપીંગ વિગેરે સુવિધા અંદાજીત રૂા.૧.૨૫ કરોડના ખર્ચે ઉપલબ્ધ કરાવવામાં આવનાર છે.

➞ જે. પી. ચોક ડેવલપમેન્ટ :

મધ્યઝોનના ખાનપુર વિસ્તારમાં ગુજરાત સમાચાર પ્રેસની સામે આવેલ ચાર રસ્તાના ઐતિહાસિક મહત્વ ધરાવતાં ચોકને **"સ્વ. જયપ્રકાશ નારાયણ ચોક"** તરીકે નામાભિકરણ કરવામાં આવેલ છે. જેને "સીટી સ્કવેર" તરીકે ખાસ ડીઝાઈન કરી ડેવલપ કરવા આયોજન કરવામાં આવેલ છે. જેની સાથે કામા મોટર્સથી ગુજરાત સમાચાર

સુધીનો માર્ગ, લકી રેસ્ટોરન્ટથી પારસી બિલ્ડીંગ તરફના માર્ગને સાંકળી આર.સી.સી. રોડ, પેવર બ્લોક ફુટપાથ, ડેકોરેટીવ સ્ટ્રીટ લાઈટ, મીની ફાઉન્ટેન, સાઈનેજ સીસ્ટમ, સ્ટ્રીટ ફર્નિચર તેમજ પ્લાન્ટેશન સાથે વિકસાવવા તથા જે.પી.ચોકમાં જયપ્રકાશ નારાયણની પ્રતિમા મુકવા અંદાજીત રૂા.૧.૨૫ કરોડના ખર્ચે આયોજન કરેલ છે.

૮. જાહેર સ્થળો :

→ લેક ફ્રન્ટ ડેવલપમેન્ટ :

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરના તળાવોના સર્વાંગી વિકાસનું આયોજન હાથ ધરેલ છે.

તળાવોના વિકાસથી વરસાદી પાણીનો સંગ્રહ કરી શકાશે તથા રસ્તાઓ, વિસ્તારોમાં પાણી ભરાવાનાં પ્રશ્નો હલ કરી શકાશે. વરસાદી પાણી સંગ્રહ થવાથી ભુગર્ભનાં પાણીના સ્તર રીચાર્જ થવાથી ભુગર્ભ પાણીનાં સ્તર ઉંચા આવશે. તળાવોનો વિકાસ કરી વિસ્તારને લોક મેળાનું સ્થળ બનાવી લોકોને મનોરંજન પુરૂં પાડી શકાશે. તળાવોની આજુ-બાજુ વૃક્ષારોપણ કરી આજુ-બાજુના વિસ્તારનું પ્રદુષણ ઓછું કરી જાહેર આરોગ્ય સુધારવા તેમજ તે વિસ્તારની સુંદરતા વધારવાનું આયોજન હાથ ધરવામાં આવેલ છે.

તળાવોનાં વિકાસની કામગીરીમાં તળાવોને ઉંડા કરી, કમ્પાઉન્ડવોલ / ફેન્સીંગ ઉભી કરી, તળાવ ફરતે રસ્તા, બાગબગીચા તથા લાઈટીંગની વ્યવસ્થા કરવા તથા પાણી લાવવા ઈનલેટ્સ ઉભા કરવા, પે એન્ડ યુઝ ટોયલેટ બનાવવા, રીચાર્જ કુવા બનાવવા વિગેરે કામગીરી આવરી લેવામાં આવેલ છે.

વસ્ત્રાલ વોર્ડમાં દશામાંના મંદિર પાસે વસ્ત્રાલ તળાવને ઊંડું કરી સ્ટોન પીચીંગ, ગાર્ડન, લાઈટીંગ, ચિલ્ડ્રન પ્લે એરિયા તેમજ કમ્પાઉન્ડ વોલ બનાવી ડેવલપ કરવાનું આયોજન છે.

ડ્રેનેજ પ્રોજેકટ ખાતા દ્વારા આશરે રૂા.૬૦.૦૦ કરોડના ખર્ચે આર.એમ.એસ.(મેમનગર ફેઝ-૨), ઓઢવ,

લાલ બહાદુર શાસ્ત્રી (બાપુનગર ફેઝ-૨), સૈજપુર તથા ચંડોળા વિગેરે તળાવોનો વિકાસ માટેનું આયોજન કરવામાં આવેલ છે. આ ઉપરાંત શહેરીજનોના સહયોગથી તળાવોનો વિકાસ થાય તે માટે તળાવોને શહેરીજનોનું નામ આપવાની યોજના અમલમાં મૂકવામાં આવનાર છે.

તળાવોના વિકાસ માટે નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ માં ₹.૧૩.૩૫ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. જ્યારે નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં ₹.૨૧.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

૮.૧ કોર્પોરેશન ફંડ હેઠળના મુખ્ય કામો

➞ પ્રાણી સંગ્રહાલય (ઝુ) નો વિકાસ :

ભારત દેશમાં આવેલા પ્રાણી સંગ્રહાલયને મુખ્યત્વે ૪-વિભાગમાં વહેંચવામાં આવેલ છે. જે પૈકી મોટા ઝુના વિભાગમાં આવેલ કુલ ૧૪ ઝુ પૈકી અમદાવાદ પ્રાણી સંગ્રહાલયનો સમાવેશ થાય છે. સદર પ્રાણી સંગ્રહાલયમાં વાર્ષિક ૩૦ લાખ લોકો મુલાકાત લે છે. ભારત સરકાર દ્વારા બે વર્ષ પૂર્વે અમદાવાદ ઝુ ને મોસ્ટ ઈનોવેટીવ ઝુ ઓફ ઈન્ડિયાનો એવોર્ડ આપવામાં આવેલ. નિકોબાર કબૂતરનું બ્રીડીંગ આખા દેશમાં માત્ર અમદાવાદ પ્રાણી સંગ્રહાલય ખાતે જ થાય છે.

❑ નોક્ટરનલ એનીમલ હાઉસ :

નોક્ટરનલ એનીમલ અથવા જેને નિશાચર પ્રાણી કહીએ છીએ તે હાલમાં આપણા પ્રાણી સંગ્રહાલયમાં છે. પરંતુ આ પ્રાણીઓ દિવસ દરમિયાન સુઈ જતા હોય છે અને રાત્રિમાં જાગે છે. આ કારણસર દિવસ દરમિયાન જ્યારે પ્રાણીસંગ્રહાલય મુલાકાતીઓ માટે ખુલ્લુ હોય ત્યારે મુલાકાતીઓ આ પ્રાણીઓને જોઈ શકતા નથી.

નોક્ટરનલ એનીમલ હાઉસનો મુખ્ય હેતુ મુલાકાતીઓ તથા ખાસ કરીને સ્કુલ, કોલેજના સ્ટુડન્ટ આ પ્રાણીઓની ખાસિયતો દિવસ દરમિયાન જોઈ શકતા નથી કે તેનો અભ્યાસ નથી કરી શકતા તે કરી શકશે. નોક્ટરનલ એનીમલ હાઉસની ડિઝાઈન સેન્ટ્રલ ઝૂ ઓથોરીટી, નવી દિલ્હી દ્વારા એપ્રુવ કરવામાં આવેલ છે.

આ નોક્ટરનલ હાઉસ ભારતના કોઈ જ ઝૂમાં નથી તેવુ અલગ પ્રકારનુ ૯૦૦૦ ચો.મીટર વિસ્તારમાં લગભગ ૧૨થી ૧૪ કરોડના ખર્ચે બનાવવામાં આવી રહ્યુ છે જે થ્રી લેયરમાં બનશે. જેમાં જમીનની અંદર દર બનાવીને રહેતા પ્રાણીઓ શાહુડી, કાંટા શેળીયો, જમીન ઉપર રહેતા પ્રાણીઓ જેવા કે શિયાળ, ઝરખ, વરૂ, દિપડા તથા વૃક્ષો ઉપર રહેતા પ્રાણીઓ વાગોળ, ચામાચિડિયા, નાઈટ હેરોન વિગેરે કાચના કેબીન વાળા પાંજરા તેમજ ખુલ્લી જગ્યામાં જોઈ શકાશે તથા મુલાકાતીઓને પણ આ પ્રાણીઓની ગુફામાં પ્રવેશ કરતાં હોય તેવા આબેહુબ વાતાવરણનો અનુભવ કરી શકાશે.

નોક્ટરનલ એનીમલ હાઉસમાં પ્રાણીઓને કુદરતી વાતાવરણ મળી રહેશે તથા મુલાકાતીઓને પણ આ પ્રાણીઓની ગંધ ન આવે તે માટે જીઓથર્મલ પાઈપની ખાસ વ્યવસ્થા કરવામાં આવશે. નોક્ટરનલ એનીમલ

હાઉસ બનાવવાની કામગીરી થોડાક સમયમાં પૂરી થનાર છે તેથી ટૂંક જ સમયમાં મુલાકાતીઓ નોક્ટરનલ એનીમલ હાઉસમાં રાત્રિના પ્રાણીઓ નિહાળી શકશે.

નોક્ટરનલ એનીમલ હાઉસમાં રાખવામાં આવનાર પ્રાણીઓ

- શાહુડી
- કાંટા શેળીયો
- શિયાળ
- ઝરખ
- વરૂ
- દિપડા
- વાગોળ
- ચામાચિડિયા
- નાઈટ હેરોન
- સામાન્ય વનિયર
- હિમાલીયન વનિયર

જે માટે નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ માં ₹.૩.૦૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં ₹.૧૦.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

→ હેરીટેજ :

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને ઔડા દ્વારા સંયુક્ત રીતે અમદાવાદ સીટીનો માસ્ટર પ્લાન નવા જી.ડી.સી.આર. અંતર્ગત બનાવવામાં આવેલ છે. જે મુજબ અમદાવાદ શહેરના ફોર્ટ વોલ સીટી વિસ્તાર તેમજ ગામતળ જેવા કે નારણપુરા, નવરંગપુરા, વાડજ વગેરે વિસ્તાર જ્યાં રૉ-હાઉસ ટાઈપ મકાનો સર્વે નંબરથી ઓળખાય છે તેમાં હેરીટેજ કન્ઝર્વેશન ટીડીઆર અંતર્ગત હેરીટેજ કમિટી દ્વારા સર્વે કરીને કોટ વિસ્તાર તેમજ ગામતળમાં આવેલ મકાન, ચબૂતરા, કૂવા તેમજ હેરીટેજ વેલ્યુ ધરાવતાં સ્થાપત્યોને ત્રણ કેટેગરીમાં વર્ગીકરણ કરવામાં આવેલ છે.

૧. હાઈ હેરીટેજ વેલ્યુ - ૦.૫ ટ્રેડેબલ એફ.એસ.આઈ.

૨. મોડરેટ હેરીટેજ વેલ્યુ - ૦.૩ ટ્રેડેબલ એફ.એસ.આઈ.

૩. નોન હેરીટેજ વેલ્યુ

અમદાવાદ શહેરને વર્લ્ડ હેરીટેજ સીટીનો દરજ્જો મળે તે માટેની ટેન્ટેટીવ અરજી યુનેસ્કો દ્વારા સ્વીકારવામાં આવેલ છે. વર્લ્ડ હેરીટેજ સીટી ઈન્સ્ક્રીપ્શન માટે ડ્રાફ્ટ ડોઝીયર બનાવવાનું કામ સેપ્ટ યુનિવર્સીટી દ્વારા પુરૂ કરવામાં આવેલ છે તે અંતર્ગત જુના અમદાવાદ શહેરના હેરીટેજ મેનેજમેન્ટ પ્લાન બનાવવાનું કામ હાલમાં ચાલુ છે.

ચાલુ વર્ષે હેરીટેજ વિભાગ દ્વારા પૂર્વ ઝોનમાં બાપુનગર વાવને પુનઃજીવીત કરવા રીપેરીંગ સહિતનું કામ રૂા.૪.૯૩ લાખના ખર્ચે, રિલીફ રોડ કેલીકો ડોમના ભોંયરાના રીસ્ટોરેશનનું કામ રૂા.૪૫.૯૦ લાખના ખર્ચે, ખાડિયા, સાંકડી શેરી, લાખા પટેલની પોળમાં આવેલ મ્યુનિસિપલ ગુજરાતી શાળાના રીસ્ટોરેશન તથા વર્લ્ડ હેરીટેજનો દરજ્જો મેળવવા માટે ડોઝીયર તૈયાર કરવાનું કામ રૂા.૧૫૦.૦૦ લાખના ખર્ચે કરવામાં આવેલ છે તેમજ જુદી-જુદી ૧૦૦ જગ્યાઓએ ક્યુઆર કોડ લગાવેલ છે.

આગામી વર્ષમાં મધ્ય ઝોનમાં ખાનપુર દરવાજાને રીપેર તથા રીસ્ટોરેશન કરવાનું કામ, સાબરમતી રીવર ફ્રન્ટની સામે આવેલ રાયખડ દરવાજા થી ખાનજાન દરવાજા સુધીની ફોર્ટ વોલને રીપેર તેમજ રીસ્ટોરેશન કરવાનું કામ, માણેક ચોક ડેવલપ કરવાનું કામ તથા વૉલ સિટી (જૂના અમદાવાદ) માં આવેલ કૂવાઓ રિચાર્જ કરી જાળવણી

કરવા સહિતના કામોનું આયોજન કરવામાં આવેલ છે. આ ઉપરાંત વૉલ સિટી (જૂના અમદાવાદ) ને જોવા આવતાં સહેલાણીઓને વૉલ સિટી જોવાનું આકર્ષણ રહે તેમજ પ્રદૂષણમાં ઘટાડો થાય તે હેતુથી ૧૦ ઈલેક્ટ્રિક વ્હીકલ (૧૭ થી ૨૦ સીટર) ખરીદ કરવાનું આયોજન છે.

❑ **ખાડીયા વોર્ડમાં સાંકડી શેરીમાં આવેલ મ્યુ.ગુજરાતી શાળાનું રીપેરીંગ તથા રિનોવેશન :**

ખાડીયા વોર્ડમાં સાંકડી શેરી લાખા પટેલની પોળમાં ગોરધનદાસ દલસુખરામ ચોક્સી મ્યુ. ગુજરાતી શાળા આવેલ છે. હેરીટેજ કેટેગરી ગ્રેડ-૨/બી માં આ મકાન આવે છે.આ મકાન આશરે ૪૦ વર્ષથી બંધ હતું. મરામતના અભાવે તેમજ વર્ષોથી ઉપયોગ થતો ન હોવાને કારણે આ મકાન જર્જરીત થઇ ગયેલ. ચોમાસામાં પડેલા વરસાદને કારણે આ મકાનના આગળના ભાગમાં આવેલ બાલ્કનીનો કેટલોક ભાગ પડી ગયેલ. સ્થળ તપાસ કરતાં આ હેરીટેજ મકાનમાં ત્રણેય માળ ઉપર ફલોરીંગ, છત, દિવાલો, ચણતર પ્લાસ્ટર, લાકડાના સ્ટ્રક્ચરલ મેમ્બર, બારી દરવાજા, રંગરોગાન, વિગેરે રીપેર કરવાની કામગીરી કરવાની જરૂરીયાત હતી. આ કામગીરી ન કરવામાં આવે તો આ હેરીટેજ મકાન નાશ પામે તેમ હતું. તાજેતરમાં આ હેરીટેજ મકાનને રીપેર તેમજ રીસ્ટોરેશન કરવાની કામગીરી ચાલુ છે.

જે માટે નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ માં ₹.૩.૪૮ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. જ્યારે નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં ₹.૭.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

➞ **બાગ-બગીચા :**

અમદાવાદ શહેરમાં વસતા નાગરીકોને બાગ-બગીચાઓ અને રમત-ગમતનાં મેદાનોની સુવિધા રહેઠાણની નજીક ઉપલબ્ધ કરાવવા માટે કોર્પોરેશન દ્વારા આયોજન કરેલ છે. રિવર ફ્રન્ટ કિનારે બનાવવામાં આવનાર ફ્લાવર ગાર્ડન સહિત કુલ ૧ લાખ ચો.મી. એરિયાને ડેવલપ કરવાનું આયોજન છે.

હાલમાં શહેરના જુદા-જુદા વિસ્તારોમાં થઇ રહેલ ડેવલપમેન્ટને કારણે બાળકોને આઉટ-ડોર રમત-ગમત માટેના મેદાનોની સુવિધા રહેઠાણના નજીકના વિસ્તારમાં ઉપલબ્ધ હોતી નથી. જેને કારણે શહેરના બાળકોની આઉટ-ડોર રમત-ગમત પ્રત્યેની રૂચિ ઓછી થઈ રહી છે. શહેરના ખુલ્લા પ્લોટોનો રમત-ગમતના મેદાન હેતુસર ડેવલપ કરવાથી શહેરના બાળકો આવા મેદાનોનો આઉટ-ડોર રમત-ગમત માટે બહોળા પ્રમાણમાં ઉપયોગ કરતા થશે.

જુદા-જુદા ઝોનોમાં આવેલ કોર્પોરેશન હસ્તકના ગાર્ડન, પ્લે-ગ્રાઉન્ડ, ગ્રીન સ્પેસ ડેવલપમેન્ટ, કોમ્યુનીટી સ્પેસ ડેવલપમેન્ટ હેતુનાં નાના-મોટા પ્લોટોમાં પ્લોટની સાઇઝને ધ્યાનમાં રાખી ગાર્ડન, ગ્રીન સ્પેસ કે પ્લે-ગ્રાઉન્ડ તરીકે ડેવલપમેન્ટ કરવાનું આયોજન કરેલ છે.

❑ **હયાત બગીચાઓનું નવિનીકરણ :**

અ.મ્યુ.કો. દ્વારા હયાત લૉ-ગાર્ડન તથા પરિમલ ગાર્ડન ઉપરાંત રાયખડ વોર્ડમાં આવેલ તિલકબાગ, નવા વાડજ વોર્ડમાં આવેલ વંદેમાતરમ ગાર્ડન, બાપુનગર પોસ્ટ ઓફિસ ગાર્ડન, રાણીપ વોર્ડમાં આવેલ ઈશ્વરભાઈ પટેલ જોગર્સ પાર્ક, વેજલપુર વોર્ડમાં પાંચા લેક ગાર્ડનને નવિનીકરણ કરવાનું આયોજન કરવામાં આવેલ છે. જેનાથી બગીચાઓમાં આવતાં બાળકો ક્રિકેટ, વૉલીબૉલ, ફૂટબૉલ, બેડમિન્ટન જેવી આઉટ-ડોર રમતો રમી શકે તે હેતુથી અલગ પ્લે-ગ્રાઉન્ડ ઝોન ઉભું કરવાનું આયોજન કરવામાં આવનાર છે.

❑ **રીવર ફ્રન્ટ પર બગીચા સહિતનું રમત-ગમતનું મેદાન :**

રીવર ફ્રન્ટ પર આવતાં સહેલાણીઓમાં આકર્ષણનું કેન્દ્ર રહે તે હેતુથી રીવર ફ્રન્ટના પૂર્વ તથા પશ્ચિમ કિનારે બગીચા સહિતનું રમત-ગમતનું મેદાન બનાવવાનું આયોજન કરેલ છે. ઉપરાંત બાળકોને પાણીની રમતનો આનંદ રહે તે હેતુથી સાબરમતી રીવર ફ્રન્ટના કિનારે નાનું લેક પણ બનાવવામાં આવનાર છે.

❑ **શહેરની હરીયાળીમાં વધારો કરવો તેમજ રીવર ફ્રન્ટના રોડ ઉપર પણ હરીયાળી વિકસાવવી :**

સામાન્ય સંજોગોમાં શહેરના કુલ ભૌગોલીક વિસ્તારનો ૧૫% જેટલો વિસ્તાર ગ્રીન કવર અંતર્ગત હોવો ઈચ્છનીય છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને ગુજરાત રાજ્યના વન વિભાગનાં સંયુક્ત ઉપક્રમે વર્ષ-૨૦૧૨ માં કરવામાં આવેલ ટ્રી-સેન્સસ સર્વે મુજબ અમદાવાદ શહેરમાં કુલ ૬,૧૮,૦૪૮ વૃક્ષો છે. આ સર્વે મુજબ અમદાવાદ શહેરના ભૌગોલીક વિસ્તારનો ૪.૬૬% વિસ્તાર ટ્રી-કવર આચ્છાદિત છે. ત્યારબાદ દર વર્ષે ૫૦,૦૦૦ જેટલા વૃક્ષોનો વધારો થઈ રહેલ છે તે જોતાં હાલમાં વૃક્ષોની અંદાજીત સંખ્યા ૭,૭૫,૦૦૦ થાય. જેને કારણે ટ્રી-કવરના વિસ્તારમાં વધારો થયેલ છે.

શહેરમાં વૃક્ષોની સંખ્યા વધારવા માટે પ્રતિ વર્ષ નવું પ્લાન્ટેશન કરી શહેર હરીયાળું બને અને શહેરના પર્યાવરણમાં સુધારો થાય તે દિશામાં કેનોપી વૃક્ષોનું પ્લાન્ટેશન સહિતના આયોજન કરવામાં આવેલ છે.

આગામી વર્ષ ૨૦૧૬-૧૭ માં નીચે મુજબનું આયોજન હાથ ધરવામાં આવનાર છે.

❀ શહેરનાં ઓઢવ જનતાનગરમાં પ્લોટ નં.૨૦૦ માં નવું ગાર્ડન, ચાંદખેડા ટી.પી.૨૨, એફ.પી.૨૬૭, વિસત-ગાંધીનગર હાઈવે પર હેવમોર ચાર રસ્તા સામે આવેલ પ્લોટમાં, વાસણા શાહવાડી કેનાલ તરફના પ્લોટમાં, નોબલનગર સેન્ટ ઝેવિયર્સ સ્કુલ સામે રેવન્યુ સર્વે નં.૬૦૫/૧, ઈન્દ્રપુરી વોર્ડમાં ટી.પી.૪૫ એફ.પી.૮૯ માં, વટવામાં ટી.પી.૮૭ ડાકોરનાથ સોસાયટી સામે, કાળી ટી.પી.૬૬ એફ.પી.૨૪૦ માં, ન્યુ રાણીપ વિસ્તારમાં ટી.પી.૮૬ એફ.પી.૨૫૫ વિગેરે વિસ્તારના લોકોને પબ્લીક ગાર્ડનની સુવિધા ઉપલબ્ધ કરવા માટે રૂા.૩.૯૮ કરોડના ખર્ચે ૧૮ નવા બગીચાઓ બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે.

- આગામી વર્ષે હયાત તથા નવા બનાવવામાં આવનાર બગીચાઓમાં તેમજ કોર્પોરેશનની વિવિધ જગ્યાઓ જેવી કે રોડ સાઈડ, પંપીંગ સ્ટેશનો, કોર્પોરેશનના જુદા-જુદા હેતુના પ્લોટોમાં વિગેરે સ્થળોએ ૫૦,૦૦૦ થી વધુ વૃક્ષો રોપવામાં આવશે.
- શહેરીજનોને પબ્લીક ગાર્ડનમાં નવી અદ્યતન સુવિધાઓ પુરી પાડવા જુના હયાત ૧૮ બગીચાઓનું રીનોવેશન/ રી-ડેવલોપમેન્ટ કરવાનાં કામનો અંદાજ રૂા.૨૯૨.૦૦ લાખ
- શહેરનાં બ્યુટીફિકેશન કરવાના કામ અંતર્ગત સેન્ટ્રલ વર્જ બ્યુટીફીકેશન કરવાનાં કામનો અંદાજ રૂા.૬૩.૦૦ લાખ
- વૃક્ષોના ઈનહાઉસ ઉછેર માટે નર્સરી અપગ્રેડેશન કરવાનાં કામનો અંદાજ રૂા.૨૫.૦૦ લાખ
- બગીચાઓમાં સ્ટોર, સેલો બોર, રમત-ગમતનાં સાધનો જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરવાનાં કામનો અંદાજ રૂા.૨૫.૦૦ લાખ

❑ જીપીએસ ટેગીંગ ટ્રી સેન્સસ :

કોર્પોરેશન દ્વારા આગામી વર્ષમાં જીપીએસ ટેગીંગ ટ્રી સેન્સસ કરવામાં આવનાર છે. જેમાં અમદાવાદ શહેરની હદમાં જેટલા પ્રકારના ઝાડ કે વનસ્પતિ છે તેની જાત, ઉંમર વગેરે વિશે ગણતરી કરીને આંકડા ઉપલબ્ધ કરાવવામાં આવશે. પર્યાવરણ જાળવવા માટે હયાત વૃક્ષોનું જતન કરવું તથા નવા વૃક્ષો વાવવા ખૂબ જ જરૂરી છે. શહેરમાં ઔદ્યોગિક પ્રદૂષણ, વાહનોના પ્રદૂષણ વિગેરે હોવાથી ઓક્સિજનનું પ્રમાણ ઘટવા લાગે છે. આથી શહેરીજનોના સ્વાસ્થ્ય તથા પર્યાવરણની રક્ષા તેમજ ભવિષ્યમાં વિવિધ જાતિ, ઉંમરના વૃક્ષો સંબંધી કોઈપણ પ્રકારની માહિતી મળી શકે તે હેતુથી ગાર્ડન વિભાગ દ્વારા જીપીએસ ટેગીંગ ટ્રી સેન્સસ કરવામાં આવશે.

જે માટે નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ માં ₹.૪.૮૧ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. જ્યારે નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં ₹.૧૭.૫૩ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

➞ હરિયાળી સાથેના ફુવારા :

શહેરના ટ્રાફિક આઈલેન્ડમાં બ્યુટીફિકેશન તેમજ પર્યાવરણની દ્રષ્ટિએ થનાર ફાયદાને ધ્યાને લઈ શહેરના મુખ્ય માર્ગોના ટ્રાફિક આઈલેન્ડમાં જુદા-જુદા સ્થળોએ હરિયાળી સાથેના ફુવારાઓ બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. પ્રથમ તબક્કામાં શાહીબાગ તેમજ તિલકબાગ પ્લાઝાનો વિકાસ કરવામાં આવનાર છે તથા અન્ય તમામ ઝોનમાં પણ ઝોન દીઠ ૨ થી ૫ જેટલાં પ્લાઝાનો વિકાસ કરવામાં આવનાર છે. જે માટે નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં ₹.૩.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

➔ ફાર્મર માર્કેટ :

શહેરના લોકોને તાજી તથા સસ્તા દરે શાકભાજી મળી રહે તે હેતુથી તથા ખેડૂતો ગ્રાહકોને સીધો માલ સામાન વેચી શકે તે હેતુથી પ્રાયોગિક ધોરણે ફાર્મર માર્કેટ શરૂ કરવા શહેરના પશ્ચિમ ઝોન વિસ્તારમાં શ્રેયસ બ્રીજ નીચેના બે ગાળા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિને ફાળવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. અન્ય ઝોનમાં પણ આ પ્રકારના ફાર્મર માર્કેટ માટે જગ્યા આઈડેન્ટીફાય કરી ફાર્મર માર્કેટ ઉભા કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવનાર છે. જે માટે નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં ₹.૧.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

➔ થડા (ઓટલા) :

શહેરમાં શાકભાજી વેચનારના ધંધા માટે કોર્પોરેશન દ્વારા સર્વે કરીને તેમના ધંધાને અસર ન થાય તે રીતે તેમને યોગ્ય જગ્યાએ થડા બનાવી આપવાથી શહેરમાં વાહન વ્યવહાર સરળ થયેલ છે જેના કારણે પાર્કિંગના પ્રશ્નો ઓછા થશે અને ટ્રાફિક સરળતાથી વહન કરી શકશે. આગામી વર્ષમાં તમામ ઝોનમાં જરૂરિયાતના સ્થળોએ થડા બનાવવાનું આયોજન કરવામાં આવશે. જે માટે નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં ₹.૨.૫૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

➔ સ્ટ્રીટ વેન્ડર્સ :

અમદાવાદ મ્યુ.કોર્પોરેશન દ્વારા શહેરી શેરી ફેરીયા (સ્ટ્રીટ વેન્ડર્સ) સ્કીમ-૨૦૧૦ તૈયાર કરવામાં આવેલ છે અને તેનો તબક્કાવાર અમલ કરવાનું ચાલુ કરેલ છે. મુખ્ય રસ્તા પર ગંદકી કરતાં ફેરિયાઓને વ્યવસ્થિત જગ્યા નક્કી કરી તેમની જીવાદોરી ખોરવાય નહી તે રીતે તેઓને નક્કી કરેલ જગ્યાએ ટ્રાન્સફર કરવા માટેનું આયોજન કરેલ છે.

સદરહુ સ્કીમના અમલીકરણના ભાગરૂપે શહેરના અંદાજે ૬૬૫૯૩ ફેરીયાઓની ઓનલાઈન મોજણી કરી તેનો ડેટાબેઝ તૈયાર કરવામાં આવેલ છે તથા ટાઉન વેન્ડીંગ કમિટીની રચના પણ કરવામાં આવેલ છે. તેમાં લેવાયેલ નિર્ણયોમાં મુખ્યત્વે,

- ❀ મોડેલ રોડ ફેઝ-૧માં સમાવિષ્ટ થયેલ અંદાજે ૪૦.૨૦ કિ.મી.ની લંબાઈના રસ્તા ઉપર આવેલ વેન્ડર્સને નજીકના ઓછી ટ્રાફિક ગીચતાવાળા ઓફ રોડ ઉપર/મ્યુનિસિપલ પ્લોટમાં ખસેડવાના ભાગરૂપે ૯૩૭ ફેરીયાઓને ઓળખપત્રો આપી ખસેડવામાં આવેલ છે.

- મોડેલ રોડ ફેઝ-૨માં સમાવિષ્ટ થયેલ અંદાજે ૩૭.૪૦ કિ.મી.ની લંબાઇના રસ્તા ઉપર આવેલ અંદાજે ૧૪૦૦ જેટલા વેન્ડર્સ આઇડેન્ટીફાય કરેલ છે. જેનો નજીકના ઓફ રોડ ઉપર રીલોકેટ કરવાની તથા ઓળખપત્રો ઇસ્યુ કરવાની કાર્યવાહી ઝોન સ્તરે ચાલુ છે.
- પૂર્વ ઝોનમાં ગોમતીપુર વિસ્તારમાં મ્યુનિસિપલ પ્લોટમાં બનાવવામાં આવેલ ૧૩૪ શાકભાજીના થડા નજીકમાં ધંધો કરતા ફેરીયાઓને એલોટ કરવામાં આવેલ છે.

- મોડેલ રોડ ફેઝ-૧ તથા તમામ બ્રીજને નો વેન્ડીંગ ઝોન "રેડ ઝોન" તરીકે જાહેર કરવામાં આવ્યાં છે.
- નહેરૂનગર ખાતેના ફેરિયાઓને રીવર ફ્રન્ટ કિનારે આવેલ ગુજરી બજાર પાસેના થડામાં શીફ્ટ કરવામાં આવેલ છે.
- સર્વે કરાયેલ વેન્ડર્સને સ્માર્ટ કાર્ડ આપી તબક્કાવાર શીફ્ટ કરવાનું આયોજન કરવામાં આવેલ છે.

જે માટે નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં ₹.૩.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

→ સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ :

- સાબરમતી નદીના શુદ્ધિકરણ સાથે અમદાવાદના પર્યાવરણની જાળવણી સારૂ આ રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેકટના બંને કાંઠાના વિઝનરી વિકાસ આયોજન અંગેની તથા પર્યાવરણીય પાસાઓ સાથે નદીના બંને કાંઠે ઠલવાતા સુએજને સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ સુધી ડાયવર્ટ કરવા અંગેની અને તેને સંલગ્ન કામગીરી આ યોજનામાં કરવામાં આવેલ છે.
- નદીની પહોળાઇ સરેરાશ ૨૭૫ મીટર રાખી નદીનાં કિનારાની જગ્યા ઉપર વોક-વે, બાગ-બગીચા, રોડ, અંડરપાસ, વોટર રીલેટેડ એકટીવીટીઝ વગેરે કરી આનંદ પ્રમોદનાં સ્થળ તરીકે વિકસાવવાનું કામ હાથ ધરવામાં આવેલ છે.આ યોજના બાદ કુલ ૨૦૨ હેકટર રિક્લેઇમ્ડ લેન્ડ પ્રાપ્ત થનાર છે.
- સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેકટની પ્રોજેકટ કોસ્ટ રૂા.૧૧૫૨.૦૦ કરોડ જેટલી થવાનો અંદાજ છે.
- નદીના બંને બાજુએ આવેલ સ્ટોર્મ વોટર આઉટલેટમાંથી બારે માસ આવતા સુએજને ટ્રીટમેન્ટ પ્લાન્ટ સુધી ડાયવર્ટ કરવા જરૂરી ઇન્ટરસેપ્ટર લાઇન જંકશન ચેમ્બર અને વાસણા બેરેજના ડાઉન સ્ટ્રીમ સુધીના આર.સી.સી. ડકટ અને પાઇપ લાઇનનાં કામો પૂર્ણ થયેલ છે અને ઇન્ટરમીડીએટ તથા ટર્મીનલ સુએજ પમ્પીંગ સ્ટેશનના કામો પૂર્ણ થયેલ છે. હાલમાં બંને કિનારેથી ઇન્ટરમીડીએટ પમ્પીગ સ્ટેશન પછીનુ સુએઝ પ્રોજેકટ વિસ્તારની બહાર અંશતઃ રીતે હયાત સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં તથા અંશતઃ વાસણા બેરેજ પછી નદીના પટમાં ડાયવર્ટ કરવામાં આવે છે.

સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેકટની વિશિષ્ટ લાક્ષણિકતાઓ

- સાબરમતી નદીમાં આવતા ગંદા પાણીને વાસણા બેરેજથી આગળ તૈયાર કરવામાં આવેલ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં વાળવા નદીના બંને કાંઠા પર ઈન્ટરસેપ્ટર સુઅરેજની લાઈન નાંખવાની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.
- વિકાસ માટે પ્રાપ્ત થનાર ૨૦૨ હેકટર જમીન પૈકી આશરે ૬૬% થી વધુ વિસ્તારનો ઉપયોગ ગ્રીન સ્પેસ, બાગ-બગીચા અને ખુલ્લી જગ્યા તરીકે કરવામાં આવનાર છે.
- નદીના પૂર્વ કાંઠે એલીસબ્રીજ પાસે ઈન્ફોર્મલ માર્કેટ બનાવવામાં આવેલ છે. જે અંતર્ગત ૧૨૦૦ થડા બનાવવામાં આવેલ છે, જેમાં લાઈટ, ટોઈલેટ બ્લોક, પીવાના પાણીની તથા પાર્કિંગની વ્યવસ્થા ઉભી કરવામાં આવેલ છે.
- નદીમાં વર્ષોથી કાર્યરત ધોબી કામગીરી/વ્યવસાય સાથે સંકળાયેલા લોકો માટે આધુનિક સગવડો સાથેનો ૧૬૩ જેટલા યુનિટની ક્ષમતાવાળો ધોબીઘાટ બનાવવામાં આવેલ છે.

❑ **વોટર બેઈઝ્ડ અને વોટર સંલગ્ન રીક્રીએશન એક્ટિવિટીઝ :**

સાબરમતી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેકટ ખાતે નીચે મુજબની વોટર બેઈઝડ અને વોટર રીલેટેડ રીક્રીએશન એક્ટિવીટીઝનો પ્રારંભ થયેલ છે.હાલમાં ૩ સ્થળ પર બોટીગ પોઈન્ટ કાર્યરત છે, (સુભાષ બ્રિજ ગાર્ડન, વલ્લભ સદન, ટાગોર હોલ પાછળ). જેનો શહેરીજનો આનંદ માણી રહેલ છે. વધુમાં એક નવો બોટીંગ પોઈન્ટ (ઉસ્માનપુરા ગાર્ડન નજીક) જાન્યુઆરી ૨૦૧૬ માં કાર્યરત થનાર છે.

❑ **જનરલ બોટીંગ અને સ્પીડ બોટીંગ :**

❑ **સેગ-વે, ગોલ્ફ કાર્ટ :**

હાલમાં સુભાષબ્રીજ ગાર્ડનના લોઅર પ્રોમીનાડ પર, અને વલ્લભ સદનના લોઅર પ્રોમીનાડ પર બાળકો માટે સેગવે અને ગોલ્ફ કાર્ટની સુવિધાઓ કાર્યરત કરવામાં આવેલ છે.

❑ **ઝીપ લાઈન (રીવર ક્રોસીંગ બાય કેબલ) :**

સાબરમતી નદીના કિનારે સરદારબ્રીજ પાસે એન.આઇ.ડી ની પાછળની બાજુએ એડવેન્ચર એક્ટિવીટીના ભાગરૂપે ઝીપ લાઇન (રીવર ક્રોસિંગ બાય કેબલ) શરૂ કરવામાં આવેલ છે. અત્યાર સુધીમાં ઘણાં શહેરીજનો દ્વારા આ સ્પોર્ટ એક્ટિવીટીનો લાભ લેવામાં આવેલ છે.

❑ **ઈવેન્ટ ગ્રાઉન્ડ :**

સાબરમતી નદીના પશ્ચિમ કિનારે એલીસબ્રીજ અને સરદારબ્રીજ વચ્ચે ૬૧,૩૦૦ ચો.મી. ક્ષેત્રફળનું ઈવેન્ટ ગ્રાઉન્ડ બનાવવામાં આવેલ છે. ઈવેન્ટ ગ્રાઉન્ડની વિશાળ ખુલ્લી જગ્યા ઉપર હંગામી પ્રદર્શન હોલ તથા વિવિધ કાર્યક્રમોનું આયોજન થઇ શકે તેમ છે. સદર ઈવેન્ટ ગ્રાઉન્ડનું માહે જુન-૨૦૧૫ માં મુખ્યમંત્રી શ્રી દ્વારા ઉદ્ઘાટન કરવામાં આવેલ છે.આ ઈવેન્ટ ગ્રાઉન્ડ ઉપર પુરતા પ્રમાણમાં હવા ઉજાસ ધરાવતી મેળાવડાની જગ્યા,પાથ-વે તથા બેઠક વ્યવસ્થાની જોગવાઇ કરેલ છે.

❑ **ફ્લાવર ગાર્ડન :**

અમદાવાદ શહેરમાં સુંદર, નયનરમ્ય તથા મનમોહક બગીચાની આવશ્યકતા જણાતી હોઈ આ કારણોસર સાબરમતી નદીના પશ્ચિમ કિનારે એલીસબ્રીજ અને સરદારબ્રીજ વચ્ચે રૂા.૧૭.૦૦ કરોડના ખર્ચે તૈયાર થનાર ફલાવર ગાર્ડન ૪૬,૨૦૦ ચો.મી. ક્ષેત્રફળ ધરાવશે. ફલાવર ગાર્ડનમાં ગ્રીન હાઉસ ઉપરાંત વિવિધ લોકોપયોગી સુવિધાઓ જેવી કે પોકેટ પાર્કસ, મેળાવડા માટેની જગ્યાઓ, પ્લાઝા, પાથ વે, અપર પ્રોમીનાડ તથા રમત-ગમતનો વિસ્તાર વગેરેનો સમાવેશ કરવામાં આવનાર છે.

❑ **બાયો ડાયવર્સિટી પાર્ક :**

નદીના પશ્ચિમ કિનારે વાસણા બેરેજ પાસે એક બાયો ડાયવર્સિટી પાર્ક બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે.જેનો એરીયા ૧૦ હેકટર છે. જેમાં ૧૨૫ થી વધુ વિવિધ જાતિના કુલ ૧૫,૦૦૦ વૃક્ષોનો પાર્ક બનાવવામાં આવનાર છે.

❑ **એસ.આર.એફ.ડી.સી.એલ. હાઉસ :**

વર્ષ ૨૦૧૫ દરમ્યાન શરૂ કરવામાં આવેલ સાબરમતી રીવરફ્રન્ટ હાઉસ (ટોટલ બિલ્ટઅપ એરીઆ ૧૬૭૧૨.૦૦ ચો.મી.)નો અંદાજીત ખર્ચ રૂા.૪૮.૮૨ કરોડ છે. જે માર્ચ-૨૦૧૭ સુધી પૂર્ણ થનાર છે.

❑ **નદીના બંને કાંઠા ઉપર ગાર્ડન સહિત પ્લે એરિયા વિકસાવવા બાબત :**

સાબરમતી રીવરફ્રન્ટમાં નદીની પુર્વ બાજુ સુભાષબ્રીજ નજીક ૧.૨ કિ.મી લાંબો ગાર્ડન બનાવવામાં આવેલ છે જેમાં નાના બાળકો માટે રમત ગમતના સાધનો મુકવામાં આવેલ છે તથા તેઓના મનોરંજન માટે ગોલ્ફકાર્ટ તથા સેગ-વે જેવી પ્રવૃત્તિઓ પણ શરૂ કરવામાં આવેલ છે. આ ઉપરાંત ઉસ્માનપુરા નજીક પણ ૦.૬ કિ.મી લાંબો ગાર્ડન બનાવવામાં આવેલ છે જેમાં પણ નાના બાળકો આનંદ માણી શકે તે હેતુ વિવિધ રમત ગમતના સાધનો મુકવામાં આવેલ છે. વધુમાં સાબરમતી રીવરફ્રન્ટમાં આવતા નાના બાળકો માટે ચીલ્ડ્રન પ્લે એરીયા વિકસાવવા ઉસ્માનપુરા નજીક ૧૫૦૦ ચો.મી. જગ્યામાં ચીલ્ડ્રન પ્લે એરીયા પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપ થી વિકસાવવામાં આવનાર છે.

❑ **એક્ઝિબીશન સેન્ટર :**

આંતરરાષ્ટ્રીય કક્ષાના પ્રદર્શન તથા સંલગ્ન આયોજનો કરી શકાય તે હેતુથી નદીના પૂર્વ કિનારે એલીસબ્રીજ અને સરદારબ્રીજ વચ્ચે આંતરરાષ્ટ્રીય કક્ષાના ગુજરાતના સૌથી મોટાં અને અદ્યતન એક્ઝિબીશન સેન્ટરના નિર્માણનું આયોજન હાથ ધરવામાં આવેલ છે. આ એક્ઝીબીશન સેન્ટર આશરે ૫૦,૦૦૦ ચો.મી.ની જગ્યામાં બનાવવામાં આવશે. આ એક્ઝીબીશન સેન્ટરની અંદર અલગ-અલગ ચાર મોટા હોલ, સર્વિસ યુટીલીટી બ્લોક, અલગ ડાઈનીંગ એરીયા, ૧૦૦૦ થી વધુ ગાડીઓ પાર્ક થઇ શકે તેવુ ડબલ બેઝમેન્ટ પાર્કિંગ એરીયાનું નિર્માણ થશે. વધુમાં સંકુલની અંદર નદીની તરફના ભાગે અપર પ્રોમીનાડને અડીને ફુડકોર્ટ બનાવવામાં આવશે જેનો આવેલ મુલાકાતીઓ લાભ લઇ શકશે. સદર એક્ઝીબીશન સેન્ટરની અંદાજીત રૂા.૧૬૦.૦૦ કરોડના ખર્ચે તૈયાર થનાર છે.

સાબરમતી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ માટે નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ માં ₹.૨૨૫.૦૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. જ્યારે નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં ₹.૨૪૩.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

→ કાંકરિયા લેક ફ્રન્ટ ડેવલપમેન્ટ :

અંદાજે રૂા.૩૬.૦૦ કરોડના ખર્ચે પુનઃનિર્માણ પામેલ કાંકરિયા લેક ફ્રન્ટ સહેલાણીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બનેલ છે. જેમાં અટલ એક્સપ્રેસ ટ્રેન અને સ્વર્ણિમ જ્યંતિ એક્સપ્રેસ ટ્રેન, બલુન સફારી રાઈડ, કિડ્સ સિટી, એમ્યુઝમેન્ટ પાર્ક સહિતના વિવિધ આકર્ષણો તબક્કાવાર ઉમેરવામાં આવેલ છે. અ.મ્યુ.કો. દ્વારા દર વર્ષે તા.૨૫ થી ૩૧ ડિસેમ્બર દરમ્યાન કાંકરિયા કાર્નિવલ ઉજવવામાં આવે છે. જેમાં મુખ્ય આકર્ષણોમાં વિવિધ સાંસ્કૃતિક અને સંગીત કાર્યક્રમો, લોક નૃત્યો, રંગોળી નિદર્શન, ભવ્ય આતશબાજી, થીમ લાઈટીંગ, મલ્ટી કલર લેઝર શો અને આવા અનેક સુંદર કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. સહેલાણીઓને વધુને વધુ આકર્ષણ રહે તે હેતુસર પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ ધોરણે આંતરરાષ્ટ્રીય કક્ષાનું એમ્યુઝમેન્ટ પાર્ક-૧ અને ૨ શરૂ કરવામાં આવેલ છે. જેમાં દરેક ઉંમરના વર્ગને ધ્યાનમાં રાખીને વિવિધ તથા જ્ઞાન સાથે ગમ્મત મળે તેવી રાઈડ્સનો ઉમેરો કરવામાં આવેલ છે.

કાંકરીયા લેક ફ્રન્ટ માટે નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ માં ₹.૧.૭૫ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. જ્યારે નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં ₹.૨.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

૯. હાઉસીંગ :

૯.૧ કોર્પોરેશન ફંડ હેઠળના મુખ્ય કામો

→ મુખ્યમંત્રી ગૃહ યોજના :

❑ **ફેઝ-૧ અંતર્ગત EWS આવાસો તેમજ LIG આવાસો :**

અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા માનનીય મુખ્યમંત્રી આવાસ યોજના અંતર્ગત શહેરમાં વસતા આર્થિક રીતે નબળા વર્ગના લોકો માટે ફેઝ-૧ અંતર્ગત રૂા.૨૯૧.૧૨ કરોડના ખર્ચે ૫૧૫૮ આવાસો ઇ.ડબલ્યુ.એસ. કેટેગરીમાં અને ઓછી આવક ધરાવતા વર્ગના લોકો માટે રૂા.૫૧૧.૬૨ કરોડના ખર્ચે ૪૯૮૫ આવાસો એલ.આઈ.જી. કેટેગરીમાં એમ કુલ ૧૦૧૪૩ આવાસો બનાવવાનું કામ શહેરના તમામ ઝોનમાં જુદી-જુદી કુલ ૨૯ જગ્યાઓએ વેજલપુર, ચાંદખેડા, ચાંદલોડીયા, થલતેજ, કાળી, વાડજ, વસ્ત્રાલ, નિકોલ, કાંકરીયા, શાહીબાગ વિગેરે જગ્યાઓએ હાલમાં ચાલુ છે. જે પૈકી ઘણા આવાસોનું કામ પૂર્ણ થયેલ છે અને તબક્કાવાર પઝેશન સોંપવાની કામગીરી ટુંક સમયમાં શરૂ થશે. સદરહુ આયોજન મંજુર થયેલ ટી.પી.સ્કીમોમાં આવાસો માટે રીઝર્વ જગ્યા તેમજ બંધ મીલોની ૨૦% મળેલ જગ્યાઓમાં બનાવવામાં આવે છે.

❑ **મુખ્યમંત્રી ગૃહ યોજના ફેઝ-૨ અંતર્ગત (EWS) આવાસો :**

અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા માનનીય મુખ્યમંત્રી આવાસ યોજના અંતર્ગત ફેઝ-૨ અન્વયે શહેરમાં વસતા આર્થિક રીતે નબળા વર્ગના લોકો માટે ૪૨૯૩ આવાસો ઈ.ડબલ્યુ.એસ. કેટેગરીમાં બનાવવાનું કામ શરૂ કરવામાં આવેલ છે. સદરહુ આવાસો શહેરના તમામ ઝોનમાં જુદી-જુદી કુલ ૮ જગ્યાઓએ ચાંદલોડીયા, ગોતા, વસ્ત્રાલ, આંબાવાડી, દુધેશ્વર વિગેરે જગ્યાઓએ મંજુર થયેલ ટી.પી.સ્કીમોમાં આવાસો માટે રીઝર્વ જગ્યા તેમજ બંધ મીલોની ૨૦% મળેલ જગ્યાઓમાં રૂા.૨૨૮.૮૭ કરોડના ખર્ચે હાલમાં ચાલુ છે.

❑ **મુખ્યમંત્રી ગૃહ યોજના ફેઝ-૩ અંતર્ગત (EWS) આવાસો :**

અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા માનનીય મુખ્યમંત્રી આવાસ યોજના અંતર્ગત ફેઝ-૩ અન્વયે શહેરમાં વસતા આર્થિક રીતે નબળા વર્ગના લોકો માટે ઈ.ડબલ્યુ.એસ. કેટેગરીમાં કુલ ૩૦૦૦ નવા મકાનો બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. સદરહુ આવાસો શહેરના નિકોલ, થલતેજ, ગોતા, મોટેરા, ચાંદખેડા વિસ્તારમાં બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે.

❑ **નાણાંકીય જોગવાઈ :**

- સદરહુ આવાસો માટે રાજ્ય સરકારની સહાય મળે છે તથા લાભાર્થીનો પોતાનો પણ ફાળો રહેશે, કોસ સબસીડી માટે કુલ ૪૬૫ દુકાનો અને ૧૨ ઓફીસો બનાવવાનું આયોજન કરેલ છે. જે હરાજીથી વેચાણ કરવામાં આવશે તેમજ આ યોજના અંતર્ગત કેન્દ્ર સરકારની જે સહાય મળશે તેમાંથી જરૂરી ખૂટતા નાણાંની જોગવાઈ કરવામાં આવશે.

જે માટે નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ માં ₹.૩૫૦.૦૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. જ્યારે નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં ₹.૨૮૦.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

➞ સ્લમ ફ્રી સિટી ડેવલપમેન્ટ (રાજીવ આવાસ યોજના - RAY) :

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન શહેરમાં રહેતા સ્લમ વિસ્તારના લોકોનું જીવન ધોરણ ઉંચું લાવવા તેમજ પાયાની સુવિધાઓ અને આવાસો તમામ સ્લમ રહેવાસીઓને મળી રહે તે રીતે શહેરને સ્લમ ફ્રી સીટી બનાવવાનું આયોજન કરેલ છે. સ્લમ ફ્રી સીટી આયોજનના ભાગરૂપે શહેરની જાણીતી સંસ્થા સેપ્ટ દ્વારા તૈયાર કરવામાં આવેલ રૂા.૨૫૨.૬૬ કરોડના પાયલોટ ડી.પી.આર. ને કેન્દ્ર સરકારની મંજુરી મળેલ છે. સદરહુ ડી.પી.આર. બનાવવા શહેરમાં આવેલ સ્લમ વિસ્તારનો ટોટલ સ્ટેશન સર્વે તેમજ સોસીયો- ઈકોનોમિક સર્વે કરવામાં આવેલ છે.

સદર મંજુર થયેલ ડી.પી.આર. અંતર્ગત મેસ્કોન ટેકનોલોજીના ઉપયોગથી ૩૬.૫૦ ચો.મી.ના બીલ્ટ અપ એરીયાના આવાસ રૂા.૧૧૦.૦૦ ના અંદાજીત ખર્ચે બનાવવાની કામગીરી સ્લમ નેટવર્કીંગ સેલ મારફતે શરૂ કરેલ છે.

આ કામગીરી માટે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની નાણાંકીય સહાય સિવાય અ.મ્યુ.કોર્પો.નો અંદાજીત ફાળો રૂા.૩૧.૫૪ કરોડ થશે અને હાલમાં ફેઝ-૧ અંતર્ગત ૧૩૪૪ આવાસો અને ફેઝ-૨ અંતર્ગત ૧૧૮૪ આવાસોનું કામ હાલમાં ચાલુ છે.

જે માટે નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ માં ₹.૨૨.૩૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. જ્યારે નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં ₹.૫૦.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

➞ સફાઈ કામદાર આવાસ યોજના :

❀ ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમના અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સહયોગથી ફેઝ-૧ અન્વયે સફાઇ કામદારો માટે શહેરમાં જુદી-જુદી જગ્યાએ સફાઇ કામદારો માટે ૩૬.૫૦ ચો.મી.ના બીલ્ટ અપ એરીયાના ૧૯૮૪ આવાસો બનાવીને આ અગાઉ ૧૬૯૬ આવાસનો ફાળવણીનો ડ્રો અગાઉ કરવામાં આવેલ છે.

❀ ફેઝ-૨ અન્વયે સફાઇ કામદારો માટે ૩૬.૫૦ ચો.મી. ના બીલ્ટ અપ એરીયાના ૫૧૨ આવાસો બનાવવાની કામગીરી પૂર્ણ થયેલ છે. આ ૫૧૨ આવાસો અને અગાઉના ૨૮૮ આવાસો મળીને કુલ ૮૦૦ આવાસોનું લોકાપર્ણ કરવામાં આવનાર છે.

ફેઝ-૧ અને ફેઝ-૨ માં કુલ ૨૪૯૬ સફાઇ કામદારના આવાસો બનાવવામાં આવેલ છે. જેનો કુલ ખર્ચ રૂા.૮૦.૨૯ કરોડ થયેલ છે.તેમાં રાજ્ય સરકારની મકાન દીઠ રૂા.૪૦,૦૦૦ ની સબસીડી,રાજ્ય સરકારના સફાઇ

કામદાર વિકાસ નિગમની મકાનદીઠ રૂા.૬૦,૦૦૦ ની વ્યાજ વગરની લોન અને લાભાર્થીનો મકાનદીઠ રૂા.૩૫,૦૦૦/- નો ફાળો લેવામાં આવે છે.આ બધુ મળીને કુલ ખર્ચ રૂા.૮૦.૨૮ કરોડની સામે રૂા.૩૨.૪૩ કરોડ લોન, સબસીડી અને લાભાર્થીના ફાળા પૈકી મળેલ છે બાકીના રૂા.૪૭.૮૬ કરોડ કરશે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને પોતાના ફાળામાંથી આપેલ છે.

જે માટે નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ માં ₹.૩.૩૬ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. જ્યારે નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં ₹.૩.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

૧૦. સ્લમ નેટવર્કીંગ પ્રોજેક્ટ :

૧૦.૧ કોર્પોરેશન ફંડ હેઠળના મુખ્ય કામો

→ નાઈટ શેલ્ટર (રેન બસેરા) :

શહેરમાં રહેતા ઘરવિહોણા લોકો માટે નામદાર સુપ્રિમ કોર્ટમાં થયેલ રીટ પીટીશન અનુસંધાને શહેરમાં કુલ ૪૭ જગ્યાએ નાઈટ શેલ્ટર્સ બનાવવામાં આવેલ છે. જે જુદા-જુદા એન.જી.ઓ. દ્વારા કાર્યરત છે. રસ્તા ઉપર સૂતા લોકોને નાઈટ શેલ્ટર્સમાં રાત્રિ દરમ્યાન આશ્રય આપવામાં આવે છે. નાઈટ શેલ્ટરમાં ગાદલા ઓશીકું, ધાબળા, ચાદર વગેરેની સગવડ પુરી પાડવામાં આવેલ છે તેમજ કોઈપણ પ્રકારના ચાર્જ લેવામાં આવતાં નથી. નાઈટ શેલ્ટર્સમાં સૂવા માટેની તેમજ શૌચાલયની સુવિધા આપવામાં આવે છે. નાઈટ શેલ્ટર્સના સંચાલન માટે વર્ષ ૨૦૧૬-૧૭ માં રૂા.૦.૭૦ કરોડનું પ્રોવીઝન કરેલ છે.

૧૧. શહેરના સ્લમ અને ચાલી વિસ્તારોમાં માળખાગત સુવિધાઓનું આયોજન :

૧૧.૧ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળના મુખ્ય કામો

→ ઝૂંપડા તથા ચાલી વિસ્તારમાં માળખાકિય સુવિધાઓ :

શહેરની ચાલીઓ તથા ઝૂંપડપટ્ટીમાં પાણી, ડ્રેનેજ, લાઈટ, રસ્તા તથા ફૂટપાથ માટે નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ માં ₹.૨.૮૫ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં ₹.૪.૭૫ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

૧૧.૨ કોર્પોરેશન ફંડ હેઠળના મુખ્ય કામો

→ ગુજરાત હાઉસીંગ બોર્ડની વસાહતો/સ્લમ ક્વાટર્સ/હેલ્થ ક્વાટર્સની માળખાકિય સુવિધાઓ :

જુદા-જુદા ઝોનમાં આવેલ સ્લમ ક્વાટર્સ તથા હેલ્થ ક્વાટર્સમાં હયાત માળખાકિય સુવિધાને સ્ટ્રેન્ધનીંગ કરવા આગામી વર્ષમાં ઝોનને ફાળવેલ સ્પેશ્યલ પ્રોજેક્ટ અંતર્ગત કામગીરી કરવાનું આયોજન છે. આ ઉપરાંત ઝોનમાં આવેલ હાઉસીંગ બોર્ડ તથા રાજ્ય સરકાર સાથે સંકલનમાં રહીને માળખાકિય સુવિધા સ્ટ્રેન્ધનીંગ કરવાનું આયોજન છે. જે અન્વયે પાણી, ડ્રેનેજ, લાઈટ, રસ્તા તથા ફૂટપાથ વિગેરે માટે નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ માં ₹.૧૧.૭૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં ₹.૩૨.૮૪ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

➞ શહેરના ઝૂંપડાઓના પુનઃવસન અને પુનઃવિકાસ માટે વિનિયમો-૨૦૧૦ ના અમલીકરણ :

શહેરમાં આવેલ ઝુંપડપટ્ટીને જે-તે જગ્યાએ ડેવલપ (જે-તે જગ્યાએ એલીજીબલ લાભાર્થીઓને) કરીને મકાન આપવાની રાજ્ય સરકારની અમદાવાદ શહેરના ઝુંપડાઓના પુનઃવસન અને પુનઃવિકાસ માટે વિનિયમો-૨૦૧૦ની નીતિ મુજબ અમલીકરણ કરવામાં આવે છે. ઝુંપડપટ્ટીમાં રહેનારને પાકું મકાન ૨૫ ચો.મી.નું આપવાનું નક્કી કરવામાં આવેલ છે. તેનું અમલીકરણ ખાનગી ડેવલપરની પ્રપોઝલ મુજબ રાજ્ય સરકારશ્રીની નિતી અનુસાર કરવામાં આવે છે. જે મુજબ રાજ્ય સરકારશ્રીમાંથી ૧૨ જગ્યાની દરખાસ્તો મંજુર થયેલ છે જે પૈકી ૮ જગ્યાઓના ૧૫૯૨ આવાસોમાં કામગીરી પૂર્ણ કરેલ છે અને એલીજીબલ લાભાર્થીઓને આવાસોના એલોટમેન્ટ કરી પઝેશન સોંપી દેવામાં આવેલ છે. જયારે હાલ અન્ય ૪ જગ્યાઓએ ૧૯૫૯ આવાસોની કામગીરી હાલ ચાલુ છે.

સદરહુ પી.પી.પી. મોડલ યોજના અંતર્ગત હોઇ ડેવલપરને તેના બાંધકામના બદલામાં એફ.એસ.આઇ. આપવાની થાય છે.

➞ શહેરના ઝૂંપડાઓના પુનઃવસન અને પુનઃવિકાસ માટે વિનિયમો-૨૦૧૩ ના અમલીકરણ :

શહેરમાં આવેલ ઝુંપડપટ્ટીને જે-તે જગ્યાએ ડેવલપ (જે-તે જગ્યાએ એલીજીબલ લાભાર્થીઓને) કરીને મકાન આપવાની રાજ્ય સરકારની અમદાવાદ શહેરના ઝુંપડાઓના પુનઃવસન અને પુનઃવિકાસ માટે વિનિયમો-૨૦૧૩ ની નીતિ મુજબ કુલ ૬ પેકેજમાં ૩૧૫૮ આવાસોની કામગીરી ચાલુ છે અને આગામી વર્ષ ૨૦૧૬-૧૭ માં જુદી-જુદી જગ્યાએ અંદાજીત ૧૦,૦૦૦ નવા આવાસો બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે.

સદરહુ પી.પી.પી. મોડલ યોજના અંતર્ગત હોઇ ડેવલપરને તેના બાંધકામના બદલામાં એફ.એસ.આઇ. આપવાની થાય છે.

➞ યુ.સી.ડી. ખાતા દ્વારા ચાલતી વિવિધ યોજનાઓ :

રાજ્ય સરકારશ્રી દ્વારા ગરીબી રેખાથી નીચે જીવતા લોકોને આરોગ્યલક્ષી, રોજગારલક્ષી, શૈક્ષણિક તેમજ સામાજીક વિકાસની લોકજાગૃતિકરણ અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓ અમલમાં મૂકવામાં આવેલ છે.

❑ મિશન મંગલમ (અર્બન) :

અમદાવાદ મહાનગરપાલિકા વિસ્તારમાં મિશન મંગલમ યોજનાનું અમલીકરણ યુ.સી.ડી. વિભાગ દ્વારા કરવામાં આવે છે. જેમાં ઓછામાં ઓછી ૧૦ મહિલાઓ ભેગા મળી જૂથની રચના કરી યુ.સી.ડી. ખાતે રજીસ્ટ્રેશન કરાવી નિયમિત બચત કરવાની થાય છે તથા છ માસના અંતે તેઓને રિવોલ્વીંગ ફંડ બચત જેટલું અથવા ₹.૨,૦૦૦/- સભ્ય દીઠ બે માંથી જે ઓછું હોય તે મળવાપાત્ર થાય છે. એક કુટુંબમાંથી એક જ મહિલા સભ્ય થઈ શકે છે તથા જૂથમાં ૭૦% બી.પી.એલ. કુટુંબની મહિલાઓ સભ્ય થઈ શકે છે. જ્યારે ૩૦% સભ્ય તે જ વિસ્તારના અન્ય મહિલાઓના જૂથમાં સમાવેશ કરી લાભ મેળવવાને પાત્ર થાય છે.

❑ **સારવાર સહાય પ્રમાણપત્ર :**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સીવિલ હોસ્પીટલ તેમજ વી.એસ. હોસ્પીટલમાં ગંભીર બીમારીઓ જેવી કે હૃદય, મગજ, કીડનીને લગતાં રોગો, બર્ન્સ, કેન્સર તથા અન્ય ગંભીર ઈજાઓ તેમજ નવજાત શીશુઓને થતાં રોગોમાં સારવાર માટે સારવાર સહાય પ્રમાણપત્ર ઈસ્યુ કરવામાં આવે છે. જેથી આર્થિક રીતે નબળા નાગરિકોને ઓછા ખર્ચે પૂરતી સારવાર મળી રહે.

❑ **નેશનલ અર્બન લાઈવલીહુડ મિશન (NULM) યોજના :**

તા.૦૧-૦૪-૨૦૧૪ થી સરકારશ્રી દ્વારા સુવર્ણ જ્યંતિ શહેરી રોજગાર યોજના બંધ કરી તેના સ્થાને નેશનલ અર્બન લાઈવલીહુડ મિશન યોજના અમલમાં મૂકવામાં આવેલ છે. જે અંતર્ગત સામાજીક ગતિશીલતા તથા સંસ્થાગત વિકાસ, ક્ષમતા ઘડતર અને તાલીમ, સ્વરોજગારલક્ષી કાર્યક્રમો, કૌશલ્ય તાલીમ અને સ્થળ નિર્ધારણ દ્વારા રોજગાર, શહેરી ફેરિયાઓને સહાય, ઘર વિહોણા લોકો માટે આશ્રમ યોજના જેવી વિવિધ યોજનાઓનું અમલીકરણ કરવામાં આવી રહેલ છે. જે માટે નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ માં ₹.૧.૦૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં ₹.૨.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

૧૨. આરોગ્યલક્ષી સેવાઓ (હેલ્થ, હોસ્પિટલ અને અર્બન હેલ્થ સેન્ટર) :

૧૨.૧ સ્વર્ણિમ જ્યંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળના મુખ્ય કામો

➞ **નવું મલ્ટીસ્ટોરીડ મલ્ટી સ્પેશ્યાલિટી (સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ મેડીકલ સાયન્સીસ એન્ડ રીસર્ચ) હોસ્પીટલ બિલ્ડીંગ :**

સમગ્ર ભારતમાં પ્રથમ વાર સ્ટેટ ઓફ આર્ટ પ્રકારનું સ્ટીલ સ્ટ્રક્ચરલથી ૭૮ મીટરની હાઈટનું મલ્ટીસ્ટોરીડ મલ્ટી સ્પેશીઆલીટી પબ્લીક હોસ્પીટલ બનનાર છે. જેમાં સમગ્ર ટાવર્સની જુદી-જુદી જરૂરિયાતોને ધ્યાને રાખીને અલાયદો સર્વિસ બ્લોક, ઈમરન્સી ફાયર રેમ્પસનું આયોજન કરવામાં આવેલ છે. જેના મહત્વના ટેકનીકલ મુદ્દા નીચે મુજબ છે.

- સમગ્ર પ્રોજેક્ટની રીવાઈઝડ અંદાજીત કિંમત રૂા.૪૩૭.૦૦ કરોડ
- હેલીપેડ / એર એમ્બ્યુલન્સની સગવડ
- ઈન્ફેક્શન કંન્ટ્રોલ પેશન્ટ સેફટી માટે નેશનલ/સ્ટેટના કરન્ટ રેગ્યુલેશન તેમજ ઈન્ટરનેશનલ એક્રેડીએશન (એનએબીએચ, જેસીઆઈ) મુજબની જરૂરીયાતોને ધ્યાને લઈને પ્લાનીંગ

- એન્વાયરમેન્ટ ક્લીયરન્સ સહિત ગ્રીન સસ્ટેનેબલ બિલ્ડીંગ - સોલાર પેનલ્સ, ડબલ સ્કીન ફેસ્ડ, ઈકો સોઈલ લેન્ડ સ્કેપ
- કોમન એરીયામાં એલઈડી લાઈટ તેમજ ઓલ એલઈડી ઓટોમેટેડ સ્ટ્રીટ લાઈટ
- ઈન્ટીગ્રેટેડ બિલ્ડીંગ ઓટોમેશન સીસ્ટમ
- રેઈન વોટર હારવેસ્ટીંગ
- ગ્રીન રુફ ટેકનોલોજી
- સમગ્ર હાઈ રાઈઝ બિલ્ડીંગના ૩-ટાવર માં ૨૪- લીફટ એલીવેટર્સ , તેમજ ૨- બેઝમેન્ટ માં ૬- ફાયર સ્ટેર્સ, ૨- સેન્ટ્રલ સ્ટેર્સ, ૪-અલાયદી સ્ટેર્સ
- જનરલ ઓ.પી.ડી., ઈમર્જન્સી/ટ્રોમા, રેડીયોલોજી, હાઈ એન્ડ લો ડાયગ્નોસ્ટીક, સેમ્પલ કલેક્શન, બ્લડ બેંક, ૩૨-ઓપરેશન થીએટર, ઓર્થોપેડીક, ન્યુરોલોજી,૨-કાર્ડીયાક કેથ લેબ, પીડીયાટ્રીક ઈન્સેન્ટીવ, નીઓનેટલ વિગેરે સારવાર અર્થે જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ થશે. જેમાં ૧૧૭૫ -જનરલ બેડ, ૨૫૦ - આઈસીયુ બેડ, ૧૫૦-પેઈડ બેડ તથા અન્ય મળી કુલ ૧૬૦૦ બેડનો સમાવેશ
- લેન્ડ સ્કેપીંગ તેમજ મોટા પ્રમાણમાં પાર્કિંગની વ્યવસ્થા
- ફેઝ-૧-ફીઝીકલ પ્રોગ્રેસ - ફ્રેમ સ્ટ્રક્ચરના કામ માટે - ૯૯% તથા સમગ્ર કામ માટે - ૫૦% - ફાયનાન્સિયલ પ્રોગ્રેસ - ૪૦%
- ફેઝ-૨માં બાકીના કામનાં ઈલેકટ્રીકલ+ઈએલવી, ફાયર સીસ્ટમ, સિવીલ ફીનીશીંગ+પીએચઈ, એલીવેટર્સ ટેન્ડર્સ ઈન્વાઈટ કરેલ છે.
- ફેઝ-૩માં મેડીકલ ગેસ, ફર્નીચર, એક્ષટર્નલ લેન્ડસ્કેપીંગ વિગેરે કામોના ટેન્ડરો બનાવવાનું કામ ચાલુ છે.

→ વી.એસ. હોસ્પીટલ સંકુલમાં UG હોસ્ટેલ :

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વી.એસ. હોસ્પીટલ સંકુલમાં AMC-MET સંચાલિત NHLMMC (UG -150 Seat Admission) માટે મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયાના વખતોવખતના ધોરણો મુજબ જુદુ-જુદુ ઈન્ફ્રાસ્ટ્રક્ચર તબક્કાવાર કરાયેલ છે. હાલમાં UG -150 Seat Admission ને ૨૦૧૬-૧૭ માં અપગ્રેડેશન (UG -250 Seat Admission) કરવાની મળેલ મંજૂરી અનુસંધાને નીચે મુજબનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપ કરવાનું હાથ ધરવામાં આવેલ છે.

૧. UG -250 Seat Admission માટે કુલ ૩૦૦ સ્ટુડન્ટસની કેપીસીટીનાં ગેલેરી ટાઈપના ૪-લેક્ચર હોલ એટલે કે ૧૨૦૦ સ્ટુડન્ટસની કેપીસીટીના ગેલેરી ટાઈપના હોલ - અંદાજીત કિંમત રૂા.૨૬.૦૦ કરોડ

૨. UG -250 Seat Admission કરવા અંતર્ગત નવા કામો વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ માં કરવા માટે કુલ ૯૫૦ સ્ટુડન્ટસ (૪૦૦ ગર્લ્સ + ૫૫૦ બોયઝ) ની કેપેસીટીના બે હાઈરાઈઝ હોસ્ટેલ બ્લોક બનાવવા જે પૈકી (અ) ૫૫૦-બોયઝ સ્ટુડન્ટસની કેપેસીટી - SRFDCL ની ૪.૫૮ એકર જમીન મર્જ થયેલ જગ્યામાં અંદાજીત કિંમત રૂા.૬૦.૦૦ કરોડ તથા (બ) ૪૦૦-ગર્લ્સ સ્ટુડન્ટસની કેપેસીટી - SRFDCL ની ૪.૫૮ એકર જમીન મર્જ થયેલ જગ્યામાં બનાવવી - અંદાજીત કિંમત રૂા.૩૭.૦૦ કરોડ

ઉપરોક્ત કામોના મહત્વના ટેકનીકલ મુદ્દા નીચે મુજબ છે.

- ગેલેરી ટાઈપના ૪-લેક્ચર હોલ એટલે કે ૧૨૦૦ સ્ટુડન્ટસની કેપીસીટી માટે ગ્રાઉન્ડ+૩ ફલોરનું સ્ટીલ સ્ટ્રક્ચરલ કન્સટ્રકશનનું કામ જેમાં સેન્ટ્રલી એરકંડીશન સીસ્ટમ તથા ૪-લીફટનો સમાવેશ કરવામાં આવેલ છે - કામ ચાલુ તથા મે-૨૦૧૬ સુધીમાં કામ પુર્ણ કરાવવામાં આવશે.
- ૫૫૦-બોયઝ સ્ટુડન્ટસની કેપીસીટીની હાઈરાઈઝ હોસ્ટેલ જેમાં - ગ્રાઉન્ડ+૧૩ ફલોરનું આરસીસી સ્ટ્રક્ચરલ કન્સટ્રકશન, ૪-લીફટ તથા મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયાના પ્રવર્તમાન નોર્મ્સ મુજબની સગવડતાઓ રાખવામાં આવનાર છે, જેના ટેન્ડરો ઈન્વાઈટ કરવામાં આવેલ છે. જે ૧૫ માસના સમયગાળામાં પૂર્ણ કરવામાં આવશે.
- ૪૦૦-ગર્લ્સ સ્ટુડન્ટસની કેપીસીટી ની હાઈરાઈઝ હોસ્ટેલ જેમાં - ગ્રાઉન્ડ+૯ ફલોરનું આરસીસી સ્ટ્રક્ચરલ કન્સટ્રકશન, ૪-લીફટ તથા મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયાના પ્રવર્તમાન નોર્મ્સ મુજબની સગવડતાઓ રાખવામાં આવનાર છે, જેના ટેન્ડરો ઈન્વાઈટ કરવામાં આવેલ છે. જે ૧૫ માસના સમયગાળામાં પૂર્ણ કરવામાં આવશે.

વી.એસ. હોસ્પીટલ તથા UG હોસ્ટેલ માટે નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ માં ₹.૪૫.૧૮ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં ₹.૯૦.૮૨ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

૧૨.૨ કોર્પોરેશન ફંડ હેઠળના મુખ્ય કામો

→ બહેરામપુરા ખાતે ચેપીરોગ હોસ્પીટલનું નવિનીકરણ :

બહેરામપુરા ખાતે આવેલ ચેપીરોગ હોસ્પીટલમાં કોલેરા, હેપીટાઈટીસ તથા ડિપ્થેરીયા વિગેરે પ્રકારના રોગ ધરાવનાર દર્દીઓ દાખલ થતાં હોય છે. આવા દર્દીઓ માટે આઈસોલેશન વોર્ડ તથા પથારીની વ્યવસ્થા વિગેરે વધારે પ્રમાણમાં બહેતર બને તે હેતુથી ચેપીરોગ હોસ્પીટલનું નવિનીકરણ કરવાનું આયોજન રૂા.૩.૦૦ કરોડના ખર્ચે હાથ ધરવામાં આવેલ છે. જે માટે પ્રારંભિક તબક્કે આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં રૂા.૨.૮૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

➞ પ્રાયમરી હેલ્થ કેર સેન્ટર સહિતનું આરોગ્ય ભવન :

આસ્ટોડીયા ટી.બી.હોસ્પીટલ કમ્પાઉન્ડમાં હયાત ટી.બી.હોસ્પીટલ તોડીને રૂા.૨૧.૦૦ કરોડના ખર્ચે તે પ્લોટમાં હેલ્થ વિભાગની ૫૨૧૭ ચોરસ મીટરની ગ્રાઉન્ડ ફલોર તથા બે માળની વહીવટી ઓફિસ જેમાં અર્બન હેલ્થ સેન્ટર, જન્મ-મરણ વિભાગ, ટી.બી. કન્ટ્રોલ સોસાયટી, મેલેરીયા વિભાગ, હેલ્થ મધ્યસ્થ ઓફિસ, એપેડેમીક સેલ, આર.સી.એચ. પ્રોજેકટ વિભાગ, આઈ.સી.ડી.એસ. પ્રોજેકટ વિભાગ, હેલ્થ એજ્યુકેશન એકઝીબીશન હોલ વિગેરેનો સમાવેશ થાય તે પ્રમાણે બનાવેલ છે.

➞ તબીબી શિક્ષણ :

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા એ.એમ.સી. મેડિકલ એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રીમતી એન. એચ.એલ. મ્યુનિસિપલ મેડિકલ કોલેજ ખાતે એમ.બી.બી.એસ. વિદ્યાર્થીઓની વાર્ષિક ઈન્ટેક કેપેસીટી ૧૫૦ સીટમાંથી ૨૫૦ સીટની કરવા માટે, મેડિકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયા તથા ભારત સરકારશ્રીને અરજી કરવામાં આવેલ છે. જેની મંજૂરી મળેથી આગામી વર્ષથી સદરહુ કોલેજ ખાતે ૨૫૦ વિદ્યાર્થીઓના એડમિશન કરી શકાશે.

વધુમાં એ.એમ.સી. મેટ (મણીનગર) મેડિકલ કોલેજ ખાતે ગત વર્ષથી નોન - ક્લીનીકલ શાખાઓ જેવી કે, પેથોલોજી, માઈક્રોબાયોલોજી, ફાર્મેકોલોજી વગેરેમાં પોસ્ટ ગ્રેજયુએટ એમ.ડી. અભ્યાસક્રમો ચાલુ કરવામાં આવેલ છે. જેમાં આગામી વર્ષથી કલીનીકલ શાખાઓ જેવી કે, મેડીસીન, એનેસ્થિસિયા, સ્કીન, સાઈકીઆટ્રીક, સર્જરી, ગાયનેક વગેરેમાં પોસ્ટ ગ્રેજયુએટ અભ્યાસક્રમો એમ.ડી./એમ.એસ. ચાલુ કરવા માટે મેડિકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયા તથા ભારત સરકારશ્રીને અરજી કરવામાં આવેલ છે જેનું મેડિકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયા દ્વારા ઈન્સપેકશન હાથ ધરવામાં આવેલ છે અને મંજૂરી મળેથી આગામી વર્ષથી અભ્યાસક્રમો ચાલુ કરી શકાશે.

આમ, આગામી વર્ષથી તબીબી શિક્ષણ ક્ષેત્રે એમ.બી.બી.એસ. અભ્યાસક્રમની ૧૦૦ વધુ સીટો તથા એમ. ડી./એમ.એસ. અભ્યાસક્રમની વધુ સીટો અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન મેડિકલ એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત મેડિકલ કોલેજો ખાતે મળશે.

➞ તબીબી (હોસ્પીટલ) સેવા :

અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશન દ્વારા શહેરીજનોની આરોગ્યની સુખાકારી માટે વિવિધ પગલાંઓ ભરવામાં આવે છે. અ.મ્યુ.કો. દ્વારા શા.ચી.લા., એલ.જી. તેમજ વી.એસ. હોસ્પીટલમાં શહેરીજનોને આરોગ્યની તમામ આધુનિક સેવાઓ ઓછા દરે મળી રહે તે મુજબનું વ્યવસ્થિત આયોજન કરેલ છે. વધુમાં શહેરી ગરીબો માટે ખાસ કરીને સ્લમ ચાલી જેવા વિસ્તારોમાં ઘરઆંગણે તબીબી સારવારની વ્યવસ્થા, વિવિધ રોગો સામે રક્ષણ માટે અવેરનેસ, લોક શિક્ષણ, હેલ્થ ચેકઅપ તથા ધંધાકીય એકમો માટે હેલ્થ લાયસન્સ કેમ્પ, કોમ્યુનિટી વનડે ડીલીવરી કેમ્પ વિગેરેનું અસરકારક આયોજન કરવાની વ્યવસ્થા કરવામાં આવશે.

❑ **શા.ચી.લા. હોસ્પીટલ :**

૧૯૬૩માં ૮૦ પથારીના પ્રસુતિગૃહમાંથી વિકસેલી અને વિસ્તરેલી આ હોસ્પિટલ આજે ૬૨૦ પથારીવાળી એક જનરલ ટીચીંગ (૪૯૦ ટીચીંગ બેડ) અનુસ્નાતક કક્ષાની તબીબી હોસ્પિટલ છે. જ્યાં નર્સિંગની તાલીમ પણ આપવામાં આવે છે. જે શ્રીમતી એન.એચ.એલ. મ્યુનિસિપલ મેડિકલ કોલેજ સાથે સંકળાયેલ છે.

આ હોસ્પિટલમાં જનરલ મેડીસીન, સર્જરી, ઓબ્સ્ટ્રેટીક અને ગાયનેકોલોજી, ઓર્થોપેડીક સર્જરી, ઇ.એન.ટી.સર્જરી, બર્ન્સ યુનિટ અને પ્લાસ્ટિક સર્જરી યુનિટ, પિડિયાટ્રીક્સ, ઓડિયોલોજી, નિયોનેટલકેર યુનિટ, ડેન્ટલ વિભાગ, ડર્મેટોલોજી, ટી.બી.વિભાગ, ઓપ્થેલમોલોજી, એનેસ્થેસીયોલોજી, પેથોલોજી, રેડીયોલોજી (કલર ડોપ્લર સોનોગ્રાફીની સુવિધા સાથે). ફીઝીયોથેરાપી જેવા વિભાગો તેમજ કુટુંબ કલ્યાણ કેન્દ્ર ચલાવવામાં આવે છે. જેનો લાભ તબીબી સારવાર માટે આવતા અંદરના તથા બહારના દર્દીઓને રાહત દરે આપવામાં આવે છે. ૨૦૧૪થી આ નવા માળો ઉપર પ્લાસ્ટીક-બર્ન્સ વોર્ડ, મેલ સર્જીકલ, ફીમેલ સર્જીકલ, સર્જીકલ ઓ.ટી. વોર્ડ કાર્યરત કરવામાં આવેલ છે. વધુમાં વધુ પેશન્ટોને પીડીયાટ્રીક વોર્ડ ની સેવાઓનો લાભ મળે તે માટે હયાત પીડીયાટ્રીક વોર્ડની ૩૫ પથારીઓ માં વધુ ૩૫ પથારીઓ સાથે ૭૦ પથારીઓની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે.

શા.ચી.લા. હોસ્પીટલ દ્વારા પૂરી પાડવામાં આવેલ સેવાઓની માહિતી

સેવાઓ	૨૦૧૨-૧૩	૨૦૧૩-૧૪	૨૦૧૪-૧૫
ઓ.પી.ડી.	૪૪૯૦૩૩	૪૮૯૧૨૮	૬૧૬૮૨૩
ઓ.પી.ડી.દૈનિક	૧૨૩૦	૧૩૪૦	૧૬૯૦
આઇ.પી.ડી.કુલ	૨૬૭૪૬	૨૬૫૭૮	૩૦૪૦૮
આઇ.પી.ડી.દૈનિક	૨૬૮	૨૫૮	૨૯૫
એકસ-રે	૬૮૫૬૭	૭૩૭૮૫	૯૪૩૭૯
સી.ટી. સ્કેન	૦	૧૨૬૧	૨૧૧૩
સોનોગ્રાફી	૨૯૧૨૯	૨૯૧૪૯	૩૯૮૯૬
કલર-ડોપ્લર	૪૫૬	૧૭૧૩	૨૭૧૩
ડીલીવરી	૩૯૯૮	૫૧૩૭	૫૧૯૫
ઓપરેશન્સ મેજર+માઇનર	૧૨૧૬૫	૧૩૦૦૬	૧૪૫૪૦

આમ, રેવન્યુ ખર્ચ માટે નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ માં ₹.૨૮.૩૩ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં ₹.૩૧.૩૮ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે તથા કેપીટલ ખર્ચ માટે નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ માં ₹.૧.૭૩ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં ₹.૪.૩૬ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

❑ એલ.જી. હોસ્પીટલ :

અમદાવાદ મ્યુ.કોર્પોરેશન સંચાલિત શેઠ લ.ગો.જન.હોસ્પિટલ મણિનગર, અમદાવાદ શહેરના અને તેની આજુબાજુના પરા વિસ્તારના રહીશો માટે સને ૧૯૫૪ની સાલમાં ૬૦ પથારીઓ સાથે શરૂ કરવામાં આવેલ આ હોસ્પિટલે ઉત્તરોત્તર પ્રગતિ કરીને તબીબી શિક્ષણ આપવા ઉપરાંત નર્સિંગની તાલીમ પણ આપવામાં આવે છે.

હોસ્પીટલમાં જનરલ મેડીસીન, સર્જરી, ગાયનેક, બાળકો, ચામડી, ટી.બી., ઓર્થોપેડીક, આંખ, કાન-નાક-ગળાના વિભાગો ઉપરાંત આધુનિક યુનિટ ધરાવતા બર્ન્સ અને પ્લાસ્ટીક સર્જરી વિભાગ, ઈન્સેટીવ કેર યુનિટ, ઈમરજન્સી સારવાર વિભાગો આવેલા છે. કોરોનેરી કેર યુનિટ, ટ્રોમા કેર યુનિટ, નીયોનેટલ કેર યુનિટ, એન્ડોસ્કોપી વિભાગ, સોનોગ્રાફી વિભાગ, દાંતનો વિભાગ, આંખનો વિભાગ, આર્યુવેદિક વિભાગ, ઓડિયોલોજી વિભાગ, પેથોલોજી લેબોરેટરી વિભાગ, ડીજીટલ એકસ-રે તેમજ કલર ડૉપલરની સુવિધા ધરાવતો રેડિયોલોજી વિભાગ, ફીજીયોથેરાપી વિભાગ, સ્પે.રૂમ / સેમી સ્પે.રૂમ / ડીલક્ષ રૂમ જેવી આધુનિક સેવાઓ આ હોસ્પિટલમાં ઉપલબ્ધ છે. હોસ્પીટલમાં તબીબી સારવાર માટે મોટી સંખ્યામાં ઓ.પી.ડી.સેવાઓ અને ઈન્ડોર સેવાનો લાભ લે છે.

આ હોસ્પિટલ વર્ષ : ૨૦૦૯ સુધી પોસ્ટ અને એનએચએલ મ્યુ.મેડિકલ કોલેજ સાથે અન્ડર ગ્રેજયુએટ સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના તબીબી શિક્ષણ સંલગ્ન હતી, જેને હવે ૧૫૦ સીટોની નવી મેડિકલ કોલેજ એ.એમ.સી.મેડિકલ એજયુકેશન ટ્રસ્ટ સાથે સંલગ્ન કરવામાં આવી છે જેમાં હાલ સ્નાતક કક્ષાનો અભ્યાસક્રમ ચાલે છે, તેમજ નવનિર્માણ પામેલ હોસ્પિટલ માટે મેડીકલ કોલેજની જરૂરિયાતના અનુસંધાને વધારાની પથારીઓ અને આધુનિક આઈસીસીયુ, આઈસીયુ, ઓપરેશન થિયેટર તથા ટ્રોમા વિભાગનું નિર્માણકાર્ય થયેલ છે. જે પૂર્ણ થઈ હોસ્પિટલમાં પથારીની સંખ્યા વધીને ૮૦૦ જેટલી થયેલ છે. જેનો લાભ હોસ્પિટલ ખાતે સારવાર લેવા આવતા દર્દીઓને મળશે

એલ.જી. હોસ્પીટલ દ્વારા પૂરી પાડવામાં આવેલ દર્દીઓ અને સેવાઓની માહિતી

સેવાઓ	૨૦૧૨-૧૩	૨૦૧૩-૧૪	૨૦૧૪-૧૫
ઓ.પી.ડી.	૩૫૬૯૭૨	૪૧૨૪૩૯	૫૩૭૫૫૫
ઓ.પી.ડી. દૈનિક	૧૧૮૯	૧૩૭૦	૧૭૭૮
આઈ.પી.ડી. કુલ	૩૨૭૪૪	૪૦૨૫૮	૪૬૭૫૩
આઈ.પી.ડી.દૈનિક	૩૯૯	૪૬૮	૪૭૯
એકસ-રે	૯૨૪૫૯	૧૦૫૪૨૪	૧૪૭૦૧૬
સી.ટી.સ્કેન	૨૯૮૯	૪૪૯૨	૭૨૩૯
સોનોગ્રાફી	૨૯૮૨૬	૩૫૬૫૭	૪૪૭૭૯
કલર ડૉપ્લર	૪૮૪	૯૬૦	૯૩૭
ડીલીવરી	૪૮૨૦	૬૨૬૮	૬૩૯૮
ઓપરેશનન્સ (મેજર+માઈનર)	૧૦૩૭૨	૯૮૯૦	૧૦૧૧૦

આમ, રેવન્યુ ખર્ચ માટે નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ માં ₹.૩૩.૪૨ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં ₹.૩૯.૬૫ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે તથા કેપીટલ ખર્ચ માટે નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ માં ₹.૦.૮૫ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં ₹.૬.૫૫ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

❑ **વી.એસ. હોસ્પીટલ :**

શેઠ વાડીલાલ સારાભાઇ જનરલ હોસ્પિટલ અને શેઠ ચિનાઇ પ્રસૂતિ હોસ્પિટલની શરૂઆત સને ૧૯૩૧ની ૧૩મી ડિસેમ્બરે ૧૨૦ પથારી સાથે કરવામાં આવી ત્યારે અમદાવાદ મ્યુનિસિપાલિટીએ ટ્રસ્ટીઓ સાથે કરેલ કરાર અન્વયે આ સંસ્થા નિભાવવા અને તેની તમામ નાણાંકીય ખર્ચ ઉઠાવવાની જવાબદારી હર્ષભેર ઉપાડી લેવાનો નિર્ણય કર્યો અને તે રીતે આ સંસ્થાના નિભાવ માટે શરૂઆતથી જ અમદાવાદ મ્યુનિ.કોર્પો. સઘળો ખર્ચ કરે છે.

શેઠ વાડીલાલ સારાભાઇ જનરલ હોસ્પિટલમાં જનરલ મેડીસીન, જનરલ સર્જરી, ઓબ્સ્ટ્રેટીક અને ગાયનેકોલોજી, ઓર્થોપેડીક સર્જરી, એનેસ્થેસીયોલોજી, પેથોલોજી, માઈક્રોબાયોલોજી, રેડીયોલોજી, ન્યુરો સર્જરી, એ.આર.વી. સેન્ટર, પિડિયાટ્રીક સર્જરી, ઇ.એન.ટી.સર્જરી, બર્ન્સ યુનિટ અને પ્લાસ્ટિક સર્જરી યુનિટ, પિડિયાટ્રીક્સ, ઓડિયોલોજી, નિયોનેટલકેર યુનિટ, એન્ડોક્રાઈનોલોજી, , ન્યુક્લિયર મેડીસીન, ગેસ્ટ્રોએન્ટરોલોજી, હીમેટોલોજી, ડેન્ટલ વિભાગ (ઓપીડી), ડર્મેટોલોજી, ઓપ્થેલમોલોજી (ઓપીડી), ફીઝીયોથેરાપી તેમજ ટ્રોમા સેન્ટર (કેજ્યુઅલ્ટી, ઈમરજન્સી, આઈ.સી.સી.યુ. ટ્રોમા) જેવા વિભાગો તથા કુટુંબ કલ્યાણ કેન્દ્ર ચલાવવામાં આવે છે. જેનો લાભ તબીબી સારવાર માટે આવતા અંદરના તથા બહારના દર્દીઓને રાહત દરે આપવામાં આવે છે.

વી.એસ. હોસ્પીટલ દ્વારા પૂરી પાડવામાં આવેલ દર્દીઓ અને સેવાઓની માહિતી

સેવા	૨૦૧૨-૧૩	૨૦૧૩-૧૦૪	૨૦૧૪-૧૫
અંદરના દર્દી તરીકે સારવાર પામેલા દર્દીઓની સંખ્યા	૫૫૨૧૮	૫૭૮૬૩	૬૫૯૭૫
નવા જન્મેલા બાળકોની સંખ્યા	૬૦૧૨	૭૬૯૭	૮૪૮૧
ટી.બી. ઓપીડી	૩૦૬૪	૩૧૬૩	૪૨૧૯
ઓપીડીના નવા દર્દીઓની સંખ્યા	૨૦૭૮૧૮	૨૧૨૫૮૬	૨૮૧૨૫૧
ઓપીડીના જુના દર્દીઓની સંખ્યા	૩૨૪૯૬૩	૩૨૩૭૪૪	૩૪૭૭૭૦
ઓપીડીના નવા જુના દર્દીઓની કુલ સંખ્યા	૫૩૨૭૮૧	૫૩૬૩૩૦	૬૨૯૦૨૧
ઓપીડીના નવા જુના દર્દીઓની દૈનિક સંખ્યા	૧૪૬૦	૧૪૬૯	૧૭૨૩
એન્ટીરેબીક સારવાર			
અ) નવા દર્દીઓની સંખ્યા	૯૧૫૫	૮૪૩૯	૯૫૬૪
બ) જુના દર્દીઓની સંખ્યા	૨૦૩૬૮	૨૨૫૧૯	૨૭૬૭૦

આમ, રેવન્યુ ખર્ચ માટે નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ માં ₹.૧૦૦.૨૫ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં ₹.૧૦૫.૫૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

❑ **શ્રી ચી.હ. નગરી હોસ્પીટલ :**

અમદાવાદ શહેરની જનતાને આંખના રોગો માટે વિવિધ પ્રકારની સારવાર આપવા માટે શ્રી.ચી.હ.નગરી આંખની હોસ્પિટલનું સંચાલન મ્યુનિ.કોર્પોરેશન તરફથી કરવામા આવે છે.આ હોસ્પિટલમાં આંખના રોગોના નિદાન તથા સારવાર માટે અદ્યતન સાધનો વસાવવામાં આવેલ છે. જેના દ્વારા નિષ્ણાંત ડોક્ટરો દર્દીઓને સારામાં સારી સારવાર આપે છે. ૧૯૬૪માં શરૂ થયેલ નગરી આંખની હોસ્પિટલમાં સંપૂર્ણપણે કોમ્પ્યુટરાઇઝ ઓ.પી.ડી. વિભાગ ચાર વાતાનુકુલીત કન્સલ્ટીંગ રૂમ, છ વિશિષ્ટ કલીનીક, માઇનોર ઓપરેશન થીયેટર અને લેબોરેટરી છે. જેમાં આંખને લગતા રોગોની તપાસ અને સારવાર કરવામાં આવે છે. જેનો લાભ અમદાવાદ ઉપરાંત ગુજરાત રાજ્યનાં તેમજ રાજસ્થાન, મધ્યપ્રદેશ જેવા પડોશી રાજ્યોના શહેર તેમજ ગામડાઓમાંથી આવતા દર્દીઓ લે છે. ચાલુ વર્ષમાં ઓ.પી.ડી. વિભાગમાં જુના નવા મળી કુલ ૧૦૬૭૧૦ દર્દીઓને તથા ઇન્ડોર વિભાગમાં ૩૭૦૫ દર્દીઓને વિવિધ આંખનાં રોગોની સારવાર આપવામાં આવી છે.

આઈ બેંક હ્યુમન ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટેશન એક્ટ અંતર્ગત રજીસ્ટર્ડ થયેલ છે તેમજ આઈ બેન્ક એસોસીએશન ઓફ ઈન્ડિયાની સભ્ય છે. આઈ બેંકમાં મરણ પામેલા વ્યકિતઓની આંખો દાનમાં મળે છે. વર્ષ દરમ્યાન ૨૨૫ આંખો દાનમાં મળેલ છે, તથા ૧૬૨ કીકી બદલવા ઓપરેશન કરવામાં આવેલ છે. જેમાં સંપૂર્ણપણે સુસજ્જ એવા ચાર ઓપરેશન થીયેટર, ૧૦૦ પથારીઓની સુવિધા છે. જેમા અલગ-અલગ સારવાર માટે સેપ્ટિક વોર્ડ, કોર્નિયા ટ્રાન્સપ્લાન્ટની સારવાર માટે વિશેષ વોર્ડ છે.

ફેકોમલ્સીફીકેશન અને ફોલડેબલ ઇન્ટ્રાઓકયુલર લેન્સ ઇમ્પલાન્ટ માટે હોસ્પિટલ અત્યાધુનિક નાના કાપાવાળી સર્જરી કરી સારવાર આપે છે. નગરી હોસ્પિટલમાં વાર્ષિક આશરે ૨૫૦૦ થી વધારે મોતિયાના ઓપરેશન થાય છે.

નગરી હોસ્પિટલ ખાતે સ્પે.ક્લીનિક જેવા કે કોર્નિયા કલીનીક, ઝામર કલીનીક, ત્રાંસી આંખ અને ઓકયુલોપ્લાસ્ટી કલીનીક, કોન્ટેકલેન્સ કલીનીક, રીફ્રેકટીવ સર્જરી ૨૦૧૩ ના વર્ષથી લેસર દ્વારા આંખના નંબર ઉતારવાનો આ અદ્યતન વિભાગ રૂા.૫.૦૦ કરોડના ખર્ચે શરૂ કરવામાં આવેલ છે.

આમ, રેવન્યુ ખર્ચ માટે નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ માં ₹.૫.૦૧ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં ₹.૫.૬૧ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે તથા કેપીટલ ખર્ચ માટે નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ માં ₹.૨.૪૭ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં ₹.૬.૫૯ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

➞ અર્બન હેલ્થ સેન્ટર :

સને ૨૦૧૬માં નીચે મુજબના સૂચિત નવા અર્બન હેલ્થ સેન્ટરો બનાવવાનું આયોજન :-

- નેશનલ હેલ્થ મિશન અંતર્ગત વર્ષ ૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૧૫ માં ૧૦(દસ) નવા બનાવવાની મંજુરી મળેલ છે. તેમજ હયાત સી.એચ.સી. (ચાંદખેડા, સરખેજ)ને અપગ્રેડ કરવા માટે અને ૫ (પાંચ) હયાત મેટરનીટી હોમને સી.એચ.સી.માં કન્વર્ટ કરવાની મંજુરી મળેલ છે.

- ૧૦ નવા અર્બન હેલ્થ સેન્ટરમાંથી સ્ટેડીયમ, ગોતા, કાળી, લાંભા, બહેરામપુરા, વસ્ત્રાલ અને પાલડી માટે બાંધકામની કામગીરી ચાલુ છે.
- ૫ હયાત મેટરનીટી હોમને સી.એચ.સી.માં કન્વર્ટ કરવાની કામગીરી ચાલુ છે. તદ્ઉપરાંત ઉપરોક્ત તમામ મેટરનીટી/રેફરલ/સીએચસીમાં સોનોગ્રાફી મશીનની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવશે.
- રૂા.૨.૦૦ કરોડના ખર્ચે સેન્ટ્રલ મેડીકલ સ્ટોરનું નવીનીકરણ કરવામાં આવનાર છે.

જે માટે નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ માં કુલ ₹.૦.૬૨ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. જ્યારે નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં કુલ ₹.૮.૮૫ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

➞ વિવિધ કાર્યક્રમ - યોજના હેઠળ આરોગ્યની સુવિધાઓ :

❑ જનની શીશુ સુરક્ષા કાર્યક્રમ :

આ યોજના અંતગર્ત કોર્પોરેશનની તમામ હોસ્પિટલો, પ્રસુતિગૃહો તથા સામુહીક આરોગ્ય કેન્દ્રો દ્વારા સામાન્ય પ્રસુતિઓ તથા સીઝેરીયન વિગેરે તમામ સેવાઓ નિઃશુલ્ક કરવામાં આવેલ છે. આ અંગે રાજય સરકાર દ્વારા એન.આર.એચ.એમ. અંતર્ગત ગ્રાન્ટ ફાળવવામાં આવે છે.

જે માટે નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ માં ₹.૧.૮૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. જ્યારે નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં ₹.૨.૨૫ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

❑ શાળા આરોગ્ય કાર્યક્રમ :

સને ૨૦૧૪-૧૫ માં ૧૦,૮૯,૫૪૮ બાળકોની તપાસ કરવામાં આવેલ. તે પૈકી ૧૬૪૯ દર્દીઓને વધુ સારવાર માટે જનરલ હોસ્પિટલમાં રીફર કરવામાં આવેલ. તેમાં ૭૫૭ હદય રોગ, ૩૯૯ કીડની, ૧૭૭ કેન્સર રોગ, ૫૨ થેલેસીમીયા અને અન્ય ૪૫ દર્દીઓનો સમાવેશ થાય છે.

ચાલુ વર્ષમાં ૨૦૧૫-૧૬ માં શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત બાળકોની તપાસ હાથ ધરવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં કુલ ૧૧,૪૯,૧૮૬ બાળકોની આરોગ્ય તપાસણી કરવાનો લક્ષ્યાંક છે.

❑ **"મુખ્યમંત્રી અમૃત્તમ યોજના" :**

ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબોને મફત તબીબી સારવાર મળી રહે તે હેતુસર આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત રાજય દ્વારા માનનીય ''મુખ્યમંત્રી અમૃત્તમ યોજના'' અમલમાં મુકવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબોના (પાંચ વ્યકિતઓ)ને હદય, મગજ, કીડનીને લગતી ઘનિષ્ઠ સારવાર, બર્ન્સ, કેન્સર જેવા ગંભીર રોગોમાં મફત તબીબી સારવાર મળી રહે તે હેતુસર કુટુંબદીઠ વાર્ષિક મહત્તમ રૂા.૨.૦૦ લાખ સુધીની કેશલેસ તબીબી સારવાર ઉપલબ્ધ કરાવવાની યોજના છે.

શહેરમાં ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબોના બી.પી.એલ.લાભાર્થીઓ તરીકે નોંધાયેલ કુલ ૨,૪૩,૧૬૧ લોકો આ યોજનાનો લાભ મેળવી શકશે. આ અંગે નકકી થયેલ એજન્સીઓ દ્વારા શહેરના કુલ ૩૧ સેન્ટરો ખાતેથી નવા કાર્ડ ઈસ્યુ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

❑ **અન્નપૂર્ણા યોજના :**

કોર્પોરેશન ખાતે યુ.સી.ડી. વિભાગ અંતર્ગત રજીસ્ટર્ડ થયેલ સેલ્ફ હેલ્પ ગ્રુપની બહેનોને કોર્પોરેશન દ્વારા કોમ્યુનિટી કિચન બનાવવા તથા આંગણવાડીના બાળકોને પોષણયુક્ત ભોજન આપવાનું આયોજન "અન્નપૂર્ણા યોજના'' હેઠળ કરવામાં આવેલ છે. સદર યોજનાથી આંગણવાડીમાં ભણતાં બાળકોને ઘર જેવું પૌષ્ટિક ભોજન મળશે તથા સેલ્ફ હેલ્પ ગ્રુપ દ્વારા રજીસ્ટર્ડ થયેલ બહેનોને આવકના અન્ય સ્ત્રોતની તક મળશે. આગામી વર્ષ દરમ્યાન આ યોજના અંતર્ગત અંદાજે ૫૦૦ જેટલી આંગણવાડીને એસ.એચ.જી. દ્વારા બાળકોને પૂરકપોષણ મળે તે પ્રકારનું આયોજન કરવામાં આવેલ છે. જેના માટે નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં ₹.૫.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

❑ **ચાઈલ્ડ માલન્યુટ્રીશીયન ટ્રીટમેન્ટ સેન્ટર (Malnutrition Centre) :**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના હેલ્થ વિભાગ દ્વારા શહેરમાં આવેલી ૨૦૪૬ આંગણવાડીમાં ડોકટરની

ટીમ દ્વારા સર્વે કરી SAM (કુપોષિત બાળકો) ની યાદી તૈયાર કરવામાં આવેલ છે અને તેઓને ચાઈલ્ડ માલન્યુટ્રીશીયન ટ્રીટમેન્ટ સેન્ટર ખાતે દાખલ કરી એપેટાઈટ ટેસ્ટ તેમજ અન્ય પોષકતત્વયુક્ત ખોરાક આપી આંગણવાડીના બાળકોમાં કુપોષણનું પ્રમાણ ઘટાડવા માટેના પ્રયાસ હાથ ધરવામાં આવેલ છે. ચાલુ વર્ષ દરમ્યાન દૂધેશ્વર ખાતે અને સરખેજ ખાતે આ પ્રકારના કુપોષિત બાળકોને સારવાર આપવાના હેતુસર સેન્ટર ચાલુ કરવામાં આવેલ છે. જ્યારે આગામી વર્ષમાં અન્ય ૪-નવા સેન્ટર શરૂ કરવામાં આવનાર છે. જે સાથે કુલ

૬-સેન્ટર થશે. આમ શહેરમાં અતિકૂપોષણથી પીડાતાં બાળકોને સીએમટીસી ખાતે બાળકોને અનુરૂપ વાતાવરણ પૂરૂ પાડી ન્યુટ્રીશીયન સ્પેશ્યાલીસ્ટની હાજરીમાં પોષકતત્વયુક્ત ખોરાક પૂરો પાડવામાં આવે છે. સદર માલન્યુટ્રીશીયન સેન્ટરમાં ટ્રેઈન હેલ્થ વર્કર તથા અન્ય સવલતો જેવી કે માતા માટેની કાઉન્સીલીંગ કીટ, સ્વચ્છ પાણી, કુકીંગ ઈક્વિપમેન્ટ તથા બાળકોને ગમતાં રમત-ગમતના સાધનો મૂકવામાં આવેલ છે. જે માટે નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં ₹.૩.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

- **એઈડ્સ કન્ટ્રોલ સોસાયટી :**

  - ૨૦૧૫-૧૬ માં ૨૬ આઈ.સી.ટી.સી કેન્દ્રો કાર્યરત કરવામાં આવેલ છે આ પૈકી એક મોબાઈલ વાન આઈ.સી.ટી.સી. કાર્યરત છે. જેના દ્વારા દુરના વિસ્તાર સુધી સ્થળ ઉપર જ એચ.આઈ.વી. ટેસ્ટ અને રીઝલ્ટ આપવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે. ૪૬ એફ.આઈ.સી.ટી.સી. સેન્ટરો શરૂ કરવામાં આવેલ. જેમાં એચ.આઈ.વી. સ્ક્રીનીગ તપાસ થાય છે.

- **આર.એન.ટી.સી.પી. કાર્યક્રમ :**

  - આર.એન.ટી.સી.પી.(રીવાઈઝડ નેશનલ ટીબી કંટ્રોલ પ્રોગ્રામ) અંતર્ગત ટી.બી.ના દર્દીઓને મફત નિદાન/સારવાર આપવામાં આવે છે. આરોગ્ય કાર્યકર દ્વારા ટીબીના દર્દીઓને રૂબરૂમાં દવાઓ ગળાવવામાં આવે છે.
  - વાર્ષિક ૮૦૦૦ જેટલા ટી.બી.ના દર્દીઓ નોંધાય છે. જે પૈકી દવાના કોર્સના અંતે ૮૫% રોગ મુક્તિ જાહેર થાય છે.
  - મલ્ટી ડ્રગ્સ રેઝીસ્ટન્ટ (MDR) અને XDR (Extensive Drug Resistance) ટી.બી. ની દવા વિના મૂલ્યે ઉપલબ્ધ છે.

- **આઈ.સી.ડી.એસ. વિભાગ અંતર્ગત નવી આંગણવાડી બનાવવા :**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના આઈ.સી.ડી.એસ. વિભાગ દ્વારા શહેરની ૨૦૪૬ આંગણવાડીઓમાં આવતાં બાળકોમાં રસીકરણ, જરૂરી પૂરકપોષણ આપવા તથા કિશોરીઓમાં લોહતત્વનું પ્રમાણ જળવાઈ રહે તે મુજબના પ્રયાસો હાથ ધરવામાં આવે છે. આગામી વર્ષમાં દરેક ઝોન દ્વારા ૫૦-૫૦ નવી આંગણવાડી બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. આમ આગામી વર્ષમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા અન્ય ૩૦૦ આંગણવાડી બનાવી બાળકોને જરૂરી સગવડો મળી રહે તે માટે પ્રયાસ હાથ ધરવામાં આવશે. હાલમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા બાળકોને પૂરકપોષણ મળી રહે તે હેતુસર ૪૮૭

આંગણવાડીઓમાં અક્ષયપાત્ર સંસ્થા દ્વારા પૂરકપોષણ મળી રહે તે મુજબનું આયોજન કરવામાં આવેલ છે. આમ આગામી વર્ષમાં શહેરની કુલ અંદાજીત ૧૫૦૦ જેટલી આંગણવાડીઓમાં અક્ષયપાત્ર સંસ્થા દ્વારા પૂરકપોષણ મળી રહે તે મુજબનું આયોજન કરવામાં આવશે.

જે માટે નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ માં ₹.૪.૦૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. જ્યારે નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં ₹.૮.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

→ મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન :

ભારત દેશના માન.વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા ૨જી ઓકટોબર ૨૦૧૪ થી મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન શરૂ કરવામાં આવેલ છે. જે અંતર્ગત શહેરના તમામ કુટુંબોને વ્યક્તિગત શૌચાલય મળે, નાગરિકોને પે એન્ડ યુઝ તથા કોમ્યુનિટી ટોઈલેટની સુવિધા ઉપલબ્ધ થાય, પ્રજાજનોમાં સ્વચ્છતા બાબતે જરૂરી જાગૃતતા આવે તે હેતુસર આગામી પાંચ વર્ષ દરમ્યાન કોર્પોરેશન દ્વારા મહત્તમ પ્રયત્ન હાથ ધરવામાં આવનાર છે. સદર મિશન હેઠળ ભારત સરકાર દ્વારા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને ફાળવવામાં આવનાર રૂા.૨૦૮.૦૦ કરોડ અંતર્ગત કચરાના નિકાલ, ટોઈલેટ બનાવવા, ડસ્ટબીનની સુવિધા કરવા, ન્યુસન્સ પોઈન્ટ ઉપર ૯૦૦ લીટરના નાના કન્ટેઈનર (સીલ્વર ટ્રોલી) મૂકવા, જનજાગૃતિના કાર્યક્રમ કરવા માટે તથા સોલીડ વેસ્ટ વિભાગને લગતાં પ્રોજેક્ટના અમલીકરણનું આયોજન કરવામાં આવશે.

→ સ્વચ્છતા જન મોડલ :

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સ્વચ્છ ભારત મિશન અન્વયે તથા સૈધ્ધાંતિક રીતે અગાઉ મંજૂર થયેલ ઝીરો વેસ્ટ રોડ મેપ તેમજ સોલીડ વેસ્ટ માસ્ટર પ્લાન અન્વયે ઘન કચરા સેગ્રીગેશન, રીસાયકલીંગ તેમજ કચરો

વિણનારા કામદારોનાં સર્વગ્રાહી ઉત્થાન સારૂ કાર્યવાહી હાથ ધરવામાં આવેલ. જે અનુસંધાને **"સ્વચ્છતા જન મોડલ"** અંગે પાઈલોટ પ્રોજેકટ હાથ ધરવામાં આવેલ. સદર પાઈલોટ પ્રોજેકટ અનુસંધાને શહેરનાં નવા પશ્ચિમઝોન-બોડકદેવ વોર્ડ, પશ્ચિમઝોન-જૂનાવાડજ વોર્ડ તથા પૂર્વઝોન-વસ્ત્રાલ વોર્ડ તથા ઉત્તર ઝોનમાં સૈજપુરબોઘા વોર્ડમાં ૫૦૦૦ રહેણાંક યુનિટો માટે કામગીરી શરૂ કરવામાં આવેલ છે. સદર યોજના અંતર્ગત દરેક રહેણાંક યુનિટ દીઠ અમ.મ્યુ.કો. દ્વારા ૧૦ લીટરની સાઈઝના બે બીન (લીલા કલરનું બીન - ભીના કચરા માટે તથા વાદળી કલરનું બીન-સુકા કચરા માટે) વિના મૂલ્યે પુરા પાડવામાં આવે છે. જે-તે વોર્ડનાં તમામ રહેણાંક અને બીન રહેણાંક એકમો દ્વારા લીલો તથા સૂકો કચરો ૧૨ માસ માટે તેઓનાં સ્વખર્ચે અલગ પાડી, બીનમાં રાખી, અ.મ્યુ.કો. દ્વારા નકકી કરવામાં આવેલ પધ્ધતિમાં પુરેપુરો સાથ-સહકાર આપે તેમજ પ્રજાજનોમાં કચરાના સેગ્રીગેશન માટે જરૂરી જાગૃતિ આવે તેમજ સ્વચ્છતા જન મોડલને વેગ મળે તે માટે સઘન પ્રયાસો હાથ ધરવામાં આવશે. જે માટે નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં ₹.૬.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

➞ શહેરની ૬૦ જગ્યાઓએ ઓપન ડેફિકેશન બંધ કરાવવું :

હાલમાં અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન વિસ્તારમાં અંદાજીત કુલ-૧૨૫ ન્યુસન્સ સ્પોટ આવેલ છે. જેમાંથી ૫૯ ન્યુસન્સ સ્પોટની આસ-પાસ પે એન્ડ યુઝ આવેલ છે અને અન્યમાં એટલે કે ૬૬ ન્યુસન્સ સ્પોટ પે એન્ડ યુઝ થી દૂર આવેલ છે. અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશન વિસ્તારમાં ન્યુસન્સ સ્પોટ સંપૂર્ણ પણે નાબૂદ થાય અને સંપૂર્ણ શૌચાલયનો જ ઉપયોગ થાય તે હેતુસર સ્ટે.કમિટીની મંજૂરી મેળવી એક નવતર પ્રયોગ તરીકે **"યુઝ એન્ડ ગેટ"** ની સ્કીમ લાગુ કરવામાં આવેલ. હાલમાં ન્યુસન્સ સ્પોટની આસપાસ આવેલ ૫૯ ન્યુસન્સ સ્પોટ ખાતે આવેલ પે એન્ડ યુઝ ટોઈલેટ બ્લોકમાં યુઝ એન્ડ ગેટ સ્કીમ અંતર્ગત પે એન્ડ યુઝનો ઉપયોગ કરતાં ૧૪ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને જે-તે સંસ્થા દ્વારા યુઝ એન્ડ પે રૂપે રૂા.૧.૦૦ પ્રતિ વ્યક્તિ/પ્રતિ દિવસ અથવા તો રૂા.૧.૦૦ ના મૂલ્યની ચોકલેટ જે-તે સંસ્થા દ્વારા ચૂકવવામાં આવે છે. આમ, ઉપર જણાવ્યા મુજબ ૬૬ ન્યુસન્સ સ્પોટ ઉપર જે બાળકો દ્વારા ઓપન ડેફિકેશનની પ્રવૃત્તિ કરવામાં આવે છે તે જગ્યાએ સર્વે કરી ઘરે-ઘરે વ્યક્તિગત શૌચાલયની સુવિધા પૂરી પાડવી અથવા કોમ્યુનિટી ટોઈલેટ બનાવી જે-તે ઘરને સુપ્રત કરવા અથવા મોબાઈલ ટોઈલેટની સુવિધા પુરી પાડી લોકોમાં જન-જાગૃતિ આવે. દરેક અઠવાડિયે આ બાબતે એન.જી.ઓ. દ્વારા સર્વેની કામગીરી હાથ ધરી અવેરનેસ પ્રોગ્રામ કરવા રૂા.૫૦.૦૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે.

➞ મસ્ટર રોલ કોલ સેન્ટર :

અલગ-અલગ વોર્ડમાં ફરજ બજાવતાં મ્યુનિસિપલ સફાઈ કર્મચારી માટે મસ્ટર રોલ કોલ સેન્ટર અંતર્ગત મસ્ટર સ્ટેશનમાં સ્ત્રી કર્મચારી માટે અલાયદો ડ્રેસ ચેન્જીંગ રૂમ તથા કામ કરતાં અન્ય સફાઈ કર્મચારી માટે લોકર રૂમ બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. જે માટે દરેક ઝોનમાં ૨-૨ મસ્ટર રોલ કોલ સેન્ટર બનાવવા તેમજ દરેક ઝોન દીઠ એક-એક ડે-કેર સેન્ટરનું આયોજન કરવામાં આવેલ છે. આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં ₹.૧.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

➞ મેલેરિયા વિભાગની કામગીરી :

- "N.V.B.D.C.Programme" (નેશનલ વેક્ટર બોર્ન ડીસીસ કન્ટ્રોલ પ્રોગ્રામ)ની ગાઈડ લાઈન મુજબ અમદાવાદ શહેરમાં મચ્છર જન્ય રોગો જેવા કે ડેન્ગ્યુ, સાદા મેલેરીયા, ફાલ્સીપરમ તથા ચીકનગુનીયા અટકાવવા કામગીરી કરવામાં આવેલ છે.
- શહેરમાં આવેલ જુદી-જુદી ૧૬૫ પ્રાઈવેટ હોસ્પિટલોને ઓનલાઈન સાંકળી લઈ સદર હોસ્પિટલોમાં સારવાર માટે આવતા દર્દીઓની માહિતી રોજેરોજ ઓનલાઈન મેળવી તાત્કાલીક દર્દીના રહેઠાણ વિસ્તારમાં રોગ અટકાયતી પગલા લેવામાં આવે છે.
- મચ્છરના નાશ માટે ઉપયોગમાં લેવાતાં ૨૧૧ પોર્ટેબલ ફોગીંગ મશીનો, ૬ લીકો મશીનો દ્વારા માસ ફોગીંગની કામગીરી કરવામાં આવે છે.

❀ લોક જાગૃત્તિ માટે સમયાંતરે જુદા-જુદા વર્તમાનપત્રોમાં લેડ સ્ક્રીન ડીસ્પ્લે, થીયેટરોમાં સ્લાઈડ, ટી.વી. સ્ક્રોલ, એસ.એમ.એસ. વિગેરે દ્વારા મેલેરીયા અંગેની જાહેરાત આપવામાં આવે છે.

જે માટે નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ માં ₹.૫.૪૫ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. જ્યારે નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં ₹.૫.૬૫ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

૧૩. પ્રદૂષણ નિયંત્રણ માટેની કામગીરી :

☞ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ :

અમદાવાદ શહેર સમગ્ર ભારતમાં સાતમા નંબરનું મોટુ શહેર છે, પશ્ચિમ ભારતનું મુંબઈ બાદનું બીજુ મોટુ વ્યવસાયિક શહેર તથા ગુજરાત રાજયની આર્થિક રાજધાની છે. અમદાવાદ શહેરને છ ઝોન અને ૪૮ વોર્ડમાં વહેંચવામાં આવેલ છે. જુદા-જુદા ઝોનમાં જુદી-જુદી પધ્ધતિ અનુસાર દૈનિક ધોરણે ૧૨૦૦ કરતાં વધુ વાહનોનો ઉપયોગ કરી ૪૦૦૦ મેટ્રીક ટન કચરાનો નિકાલ કરવામાં આવે છે.

➞ ઈ-વેસ્ટ (મેનેજમેન્ટ એન્ડ હેન્ડલીંગ રૂલ્સ),૨૦૧૧ ના અમલ સારૂ આગવું આયોજન :

ભારત સરકારનાં વન અને પર્યાવરણ મંત્રાલય દ્વારા E-Waste Management & Handling Rules-2011 બહાર પાડી અમલમાં મુકવામાં આવેલ. અમદાવાદ શહેરમાં આ કાયદાનાં અસરકારક અમલ માટે નિષ્ણાંત કન્સલટન્ટની સહાયથી શહેર માટે લોકભાગીદારી ઈ-વેસ્ટના કલેકશન, એકત્રીકરણ, પરિવહન માટે ECS Environment Pvt. Ltd., Ahmedabad ને ૨૦ વર્ષ માટે કામગીરી સોંપવામાં આવેલ છે.

➞ રેફ્યુઝ ટ્રાન્સફર સ્ટેશન બનાવવાનું આયોજન :

અમદાવાદ શહેરમાં દૈનિક ધોરણે ૪૦૦૦ મે.ટન કરતા વધારે ઘન કચરાનો નિકાલ કરવામાં આવે છે. કોર્પોરેશનના વિસ્તારમાં ઉત્પન્ન થતા ઘન કચરાના આખરી નિકાલની કામગીરીમાં સરળતા રહે તે માટે સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા છ ઝોનમાં દૈનિક ધોરણે ૩૫૦ મે.ટન કેપસીટીના ટ્રાન્સફર સ્ટેશન બનાવવામાં આવી રહેલ છે. સદર રેફ્યુઝ ટ્રાન્સફર સ્ટેશનમાં જુદા-જુદા વોર્ડમાંથી ડોર/ગેટ ટુ ડમ્પ પધ્ધતિ અનુસાર કામગીરી કરતા છોટા હાથી વાહનો તથા કન્ટેઈનર લીફટીંગ પધ્ધતિથી કામગીરી કરતાં ડમ્પર પ્લેસર વાહનો દ્વારા એકત્ર કરવામાં આવતો કચરો ટ્રાન્સફર સ્ટેશન પર લાવી સ્ટેશનરી કોમ્પેકટર મારફતે કોમ્પેકટ કરી હેવી કેપેસીટીના કન્ટેનરો અને હાઈડ્રોલીક વાહનો દ્વારા પરિવહન કરી સુએઝ ફાર્મ, પીરાણા રોડ ખાતે આવેલ ટ્રીટમેન્ટ પ્લાન્ટો પર પ્રોસેસીંગ દ્વારા નિકાલ કરવાની વ્યવસ્થા ગોઠવાયેલ છે.

કચરાનું એકત્રીકરણ અને ટ્રાન્સપોર્ટેશન કરતા વાહનોનો મહત્તમ ઉપયોગ થાય, ફયુઅલનો વપરાશ ઘટે,

પર્યાવરણમાં સુધારો થાય તેમજ ઘન કચરાનાં નિકાલની કામગીરીનો કુલ ખર્ચ ઘટે, મહત્તમ ફેરા દ્વારા પુરેપુરી કાર્યક્ષમતાથી કચરાનો નિકાલ થાય તે માટે હાલમાં પૂર્વ ઝોન-૨, પશ્ચિમ ઝોનમાં-૧, ઉત્તર ઝોનમાં-૧ અને નવા પશ્ચિમ ઝોનમાં-૧ તથા દક્ષિણ ઝોનમાં-૧ ટ્રાન્સફર સ્ટેશન બનાવીને કાર્યરત કરવામાં આવેલ છે. જ્યારે મધ્ય ઝોનમાં-૧ તથા પશ્ચિમ ઝોનમાં-૧ રેફ્યુઝ ટ્રાન્સફર સ્ટેશન બનાવવાનું આયોજન અંતર્ગત કામ પ્રગતિ હેઠળ છે.

- સદર રેફ્યુઝ ટ્રાન્સફર સ્ટેશનો પર ૫૦ મે. ટન કેપેસીટીના આધુનિક ઈલેકટ્રોનીક બે વે-બ્રીજ લગાવવામાં આવેલ છે. તમામ કામગીરીનું અસરકારક મોનીટરીંગ કરવા સારૂ કલોઝ સર્કીટ ટી.વી. કેમેરા લગાવવામાં આવેલ છે.
- રેફ્યુઝ ટ્રાન્સફર સ્ટેશનથી ટ્રીટમેન્ટ પ્લાન્ટ/ડમ્પસાઈટ પર જતા વાહનોનું તથા ઘન કચરો ખાલી કરવા આવતાં વાહનોનું અસર કારક મોનીટરીંગ કરવા GPS System, RFID Readers તથા RFID Tags લગાવવામાં આવેલ છે.
- આ રેફ્યુઝ ટ્રાન્સફર સ્ટેશન ઉપર નાના વાહનો દ્વારા લાવેલ કચરો ૧૨ થી ૧૪ મે. ટન કેપેસીટીના કન્ટેનરોથી અને હુક લીફટર વાહનો દ્વારા પ્રોસેસીંગ એકમો/ડમ્પ સાઈટ લઈ જઈ કચરાનો નિકાલ કરવામાં આવે છે.

ટ્રાન્સફર સ્ટેશન થવાથી ઘન કચરાના નિકાલની કામગીરીમાં નીચે મુજબના ફાયદા થયેલ છે.

- શહેરમાં જુદા જુદા સ્થળોએથી કચરાને ઝડપથી એકત્ર કરી શકાય છે, ટ્રાન્સપોર્ટેશનનો ખર્ચ ઘટે છે તથા વાહનોની કાર્યક્ષમતા વધેલ છે.
- ડીઝલના વપરાશમાં થયેલ ઘટાડાને કારણે પ્રદૂષણમાં ઘટાડો થયેલ છે.

❑ **રેફ્યુઝ કોમ્પેકટર વીથ ટ્રોલી :**

શહેરના જુદા જુદા વિસ્તારોમાં ઓપન સ્પોટ પર એકઠા થતા કચરાનાં બંધ બોડીના કન્ટેઈનરોમાં એકત્રીકરણ તથા ત્યારબાદ તેના યોગ્ય ટ્રાન્સપોર્ટેશન વિગેરે કરવા નાના - સ્પોટ (ઓછી માત્રામાં આવતા કચરાના સ્પોટ) માટે ૬૬૦ લી. તથા ૧૧૦૦ લીટર ક્ષમતાની ગેલ્વેનાઈઝ્ડ ટ્રોલીઓ નંગ - ૫૫૦ મુકીને તેનાં અસરકારક મેનેજમેન્ટ માટે ૩૦ નંગ રેફ્યુઝ કોમ્પેકટર વાહનોથી તેનું સંચાલન કરવાનું શરૂ કરાયેલ છે. જ્યારે નવા તૈયાર થઈ રહેલ મધ્ય ઝોન તથા પશ્ચિમ ઝોન ખાતે તૈયાર થઈ રહેલ રેફ્યુઝ ટ્રાન્સફર સ્ટેશનના જરૂરી સાધનો વસાવવામાં આવનાર છે.

જે માટે નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ માં ₹.૨૬.૬૨ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. જ્યારે નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં ₹.૧૧.૧૬ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે. વધુમાં ૧૪મા નાણાંપંચની ગ્રાન્ટ હેઠળ સને ૨૦૧૬-૧૭ માં આશરે રૂા.૧૭.૦૦ કરોડના ખર્ચે સાધનો ખરીદવામાં આવનાર છે.

➞ ગ્રીનવેસ્ટમાંથી ખાતર બનાવવા ડીસેન્ટ્રલાઈઝ પ્લાન્ટનું આયોજન :

અમદાવાદ શહેરને સ્વચ્છ અને સુંદર બનાવવા સારૂ શહેરમાં આવેલ વિવિધ બગીચાઓ તથા ખાણી-પીણીના સ્થળેથી ઉત્પન્ન થતો ફુડ વેસ્ટ, પાંદડા, ડાળા-ડાખરા, જેવા વેસ્ટમાંથી ખાતર બનાવવા ડીસેન્ટ્રલાઈઝ મોડલ અન્વયે તમામ ઝોનમાં દૈનિક ધોરણે ૧ / ૫ / ૧૦ મેટ્રીક ટન કેપેસીટીનાં પ્રોસેસીંગ પ્લાન્ટો તેમજ દરેક ઝોનમાં એક બાયો ગેસ પ્લાન્ટ તથા એક બાયોડીગ્રેડેબલ વેસ્ટ પ્લાન્ટ, વેસ્ટ કન્વર્ટર મશીનો ઉપયોગમાં મુકી કચરાને પ્રોસેસ કરવાની કામગીરી હાથ ધરવામાં આવનાર છે. જે માટે નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં ₹.૧.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

➞ કાર્કસ વેસ્ટનાં નિકાલનું આયોજન :

અમદાવાદ શહેરમાં દૈનિક ધોરણે મરણ પામતા નાના-મોટા જાનવરો (કાર્કશ વેસ્ટ), મીટ માર્કેટ, ફીશ માર્કેટ, સ્લોટર હાઉસનાં અંદાજીત ૧૫ મેટ્રીક ટન કચરો એકત્ર કરવામાં આવે છે જેનો ખાડા ખોદી આખરી નિકાલ કરવામાં આવે છે તેનાં બદલે વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરવા સારૂ ઈવેલ્યુએશનનાં આધારે લોકભાગીદારી ધોરણે No Cost to AMC અન્વયે આપવામાં આવેલ ઓફર અનુસંધાને પાઈલોટ પ્રોજેકટની કામગીરીના પરિણામોને આધારે સંસ્થા દ્વારા વિગતવાર Techo- Commercial ઓફર અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને આપવામાં આવેલ છે. જેનાં આધારે સદર plant BOO (Built-Own-Operate) basis i.e. no capital cost and no operational & maintanance cost ધોરણે ૩૦ વર્ષ સારૂ પ્રોજેકટ કરવા કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

➞ ઘન કચરાના નિકાલની કામગીરી સાથે સંકળાયેલા વાહનોમાં આર.એફ.આઈ.ડી. બેઈઝડ જી.પી.એસ. મોનીટરીંગ સીસ્ટમ લગાવવા અંગે :

ડોર / ગેટ ટુ ડમ્પ પધ્ધતિ અનુસાર અને કન્ટેઈનર લીફટીંગની કામગીરી વધુ અસરકારક બનાવી સુદઢ કરવા ૯૦૦ થી વધારે વાહનોમાં GPS સીસ્ટમ લગાવવાની તથા કન્ટેઈનર લીફટીંગની કામગીરીમાં ઉપયોગમાં લેવામાં આવતાં આશરે ૧૦૦૦ નંગથી વધારે કન્ટેઈનરોમાં RFID લગાવી વોર્ડ ઓફિસ, વાહન પાર્કિંગ એરિયા, ડમ્પ, વે-બ્રીજ, ટ્રાન્સફર સ્ટેશન જેવા વિવિધ સ્થળોએ RFID રીડર લગાવી કોમ્પ્યુટરાઈઝડ્ સીસ્ટમથી મોનીટરીંગ કરવા ખાનગી સંસ્થાને સોલ્યુશન સપ્લાય, ઈન્સ્ટોલેશન, સ્થાપન, અમલ, ત્રણ વર્ષની બાંહેધરી, જી.પી.એસ.નકશાની પ્રાપ્તિ, સાઈટ ઉપર હાર્ડવેર સપોર્ટ અંગેની કામગીરી સોંપવાવાં આવેલ છે.

➞ દરેક વોર્ડમાં આવેલ સોસાયટીઓ/ફ્લેટો/ચાલીઓ તથા કોમર્શીયલ કોમ્પ્લેક્ષો/એકમોમાં મોટી સાઈઝના વેસ્ટ બીન આપવાનું આયોજન :

શહેરને સ્વચ્છ અને સુંદર બનાવવા સારૂ સફાઈની કામગીરી સારૂ ઘરે ઘરે થી છુટો પાડેલ કચરો એકત્ર કરવા માટે ૪૮ વોર્ડમાં લોક ભાગીદારી ધોરણે ડસ્ટબીન પુરા પાડી કચરાને સેગ્રીગેટ કરી એકત્રીકરણ સારૂ આપવા આયોજન હાથ ધરવામાં આવેલ છે.

➞ દરેક વોર્ડમાં ટ્રી કટીંગ અને પ્રાઈવેટ બગીચાના નીકળતા કચરા સારૂ અલગ વાહનની વ્યવસ્થાનું આયોજન :

ધી મ્યુનિસિપલ સોલીડ વેસ્ટ (મેનેજમેન્ટ એન્ડ હેન્ડલીંગ) રૂલ્સ અનુસાર કચરાને ઉત્પતિ સ્થાનેથી છુટો પાડવાનો થાય છે તે માટે ટ્રી કટીંગ તથા પ્રાઈવેટ બગીચાનાં નીકળતાં કચરાને અલગથી એકત્ર કરવા દરેક વોર્ડમાં લીલા કચરાનાં એકત્રીકરણ સારૂ એક-એક વાહન વોર્ડ દીઠ મુકવાનું અને તે સારૂ જરૂરી દર બગીચા ખાતા દ્વારા નકકી કરી વસૂલ કરી તેને અમલમાં મુકવાનું આયોજન કરવામાં આવેલ છે.

➞ દરેક વોર્ડમાં માટી-પુરણી, બિલ્ડીંગ ડેબરીજનાં એકત્રીકરણ સારૂ અલગ વાહનની વ્યવસ્થાનું આયોજન :

ધી મ્યુનિસિપલ સોલીડ વેસ્ટ (મેનેજમેન્ટ એન્ડ હેન્ડલીંગ) રૂલ્સ અનુસાર કચરાને ઉત્પતિ સ્થાનેથી છુટો પાડવાનો થાય છે તે મુજબ શહેરનાં તમામ વોર્ડમાં ઉત્પન્ન થતી માટી-પુરણી, બિલ્ડીંગ ડેબરીજનાં એકત્રીકરણ સારૂ દરેક વોર્ડમાં એક - એક વાહન વોર્ડ દીઠ મુકવાનું અને તે અંગે જરૂરી ચાર્જ ઝોનના હેલ્થ વિભાગ દ્વારા વસૂલ કરી તે મુજબ કામગીરી કરી હાલમાં એકત્રિત કરવામાં આવતાં ૨૦૦ ટન ડેબ્રીજ કલેકશન થાય છે તેનું સુદ્દઢીકરણ કરી ૩૦૦ ટન ડેબ્રીજ કલેકશન કરવાનું આગામી વર્ષે આયોજન કરવામાં આવેલ છે.

➞ પીરાણા સ્થિત ડમ્પ સાઈટને કેપીંગ કરવાનો પ્રોજેક્ટ :

પીરાણા ડમ્પ સાઈટનાં Scientific Closure માટે સ્ટેન્ડીંગ કમિટીની મંજૂરીને આધારે IL&FS Environmental Infrastructure and Services Ltd. (IEISL) ને ટેન્ડર તૈયાર કરવાની કાર્યવાહી સોંપવામાં આવેલ છે.

સદર પ્રોજેકટમાં ડમ્પ સાઈટને ચારે તરફથી દિવાલ કરી (Retention wall), હયાત કચરાને સિવિલ એન્જીનીયરીંગ પધ્ધતિથી Relocate કરી, જુદા-જુદા Height ના Slope બનાવી, HDPE લાઈનર નાંખી, તેની ઉપર માટી-પુરણીનું લેયર નાંખી, વેજીટેશન લેયર નાંખી, અલગ અલગ જગ્યાએ બોરવેલ બનાવી તેમાંથી મીથેન ગેસ એકત્ર કરી તેને વહન કરતી પાઈપોનું નેટવર્ક બનાવી મીથેન ગેસ એક જગ્યાએ એકત્ર કરી તેનો ઉપ

યોગ સી.એન.જી. ગેસ / ઈલેકટ્રીસીટી બનાવવામાં કરી શકાય તેમજ આ મીથેન ગેસ હવામાં ભળતો અટકાવવાથી ગ્લોબલ વોર્મિંગનું પ્રમાણ ઘટતુ હોવાથી કાર્બન ક્રેડિટ મળવાની સંભાવનાં રહેલી છે. ભારત દેશમાં મુંબઈ શહેરમાં ગોરાઈ ખાતે તથા પૂના શહેરમાં Uruli Devachi / Fursungi ડમ્પીંગ સાઈટ અને નવી દિલ્હીમાં ગાઝીપુર ખાતે ડમ્પીંગ સાઈટનું Scientific Closure કરવામાં આવેલ છે.

કન્સ્લટન્ટ દ્વારા સદર પ્રોજેકટ અનુસંધાને જરૂરી પર્યાવરણ સંબંધિત વિવિધ પ્રકારનાં અન્વેક્ષણો (Investigations) કરવામાં આવેલ છે. તેઓ દ્વારા જુદા-જુદા ૪ વિકલ્પો સાથેની ડીઝાઈન સબમીટ કરવામાં આવેલ છે. ટેન્ડર અંગેની ડ્રાફટ શરતો તૈયાર કરવામાં આવેલ છે તેમજ ટેન્ડર બનાવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. જે માટે નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં ₹.૨૫.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

➞ વેસ્ટ ટુ એનર્જી :

વર્તમાન પરિસ્થિતિમાં રોજે રોજ એકત્ર કરવામાં આવતા ઘન કચરાની ઉતરતી કક્ષાની ગુણવત્તાનાં કારણે તેમાંથી બનાવવામાં આવતા ખાતર અને આર.ડી.એફ. (ઔધોગિક કોલસો) બનાવવાની પ્રક્રિયા અંશતઃ સફળ થયેલ છે. ઘન કચરામાંથી વિજળી બનાવવાનો પ્રોજેકટ ખૂબ જ જરૂરી હોઈ લાંબા સમયનું આગવું આયોજન હાથ ધરાયેલ છે તેમજ વિજળી ઉત્પન્ન કરવાનાં વિવિધ સ્ત્રોત પૈકી ઘન કચરામાંથી વિજળી બનાવવાનાં કારણે દેશની પુનઃપ્રાપ્ય ઉર્જાનાં સ્ત્રોતની જાળવણી થઈ શકે તેમ છે તેમજ ઓછા ખર્ચમાં ઘન કચરાનાં નિકાલની સમસ્યાનું સમાધાન થઈ શકે છે. તમામ વિકસીત દેશોમાં ઘન કચરામાંથી વિજળી બનાવવાની ટેકનોલોજીનો ઉપયોગ વર્ષોથી સફળતાપૂર્વક હાથ ધરાયેલ છે. ઓછી જગ્યામાં વિશાળ કેપેસીટીનો પ્લાન્ટ કાર્યરત થઈ શકે તેમ છે. ઘન કચરા પ્રોસેસીંગની સદર પધ્ધતિ અન્વયે પર્યાવરણની જાળવણી માટે પ્લાન્ટમાંથી નીકળતા વાયુને વિકસીત દેશોનાં ધારા-ધોરણ અન્વયે તેનું પાલન કરવામાં આવે તો પ્રદુષણ ફેલાય તેમ નથી.

ઘન કચરાના નિકાલના સુદ્રઢ આયોજન સારૂ દૈનિક ધોરણે ૧૦૦૦ મેટ્રીક ટન (±૨૦%) ના ટ્રીટમેન્ટ પ્લાન્ટો (બે) બનાવવા સારૂ Request for Qualification બહાર પાડી ઘન કચરામાંથી વિજળી બનાવવાનું આગવું આયોજન હાથ ધરવામાં આવેલ છે. જે માટે નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં ₹.૨૫.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

➞ અમદાવાદ શહેરને ઝીરો વેસ્ટ શહેર બનાવવા સારૂ આગવું આયોજન :

વિશ્વભરના વિકસતા દેશોમાં ઝીરો વેસ્ટ સ્ટ્રેટેજી અપનાવવા પ્રથમ શહેરો પૈકી અમદાવાદ આ સ્ટ્રેટેજીનો અમલ કરનાર શહેર બન્યું છે. ભારતમાં તેમજ સમગ્ર એશિયામાં અમદાવાદ Zero Waste Strategy અપનાવનાર પ્રથમ શહેર બનેલ છે. આ કચરાને એકત્ર કરવા માટે, પરિવહન કરવા માટે અને આખરી નિકાલ કરવા માટે જે કોઈ ખર્ચાઓ કરવામાં આવે છે તેમાં ઘટાડો થશે, ડમ્પ સાઈટની જરૂરીયાતમાં ઘટાડો થશે તેમજ પર્યાવરણની પણ જાળવણી થશે.

Zero Waste Strategy અંતર્ગત મુખ્ય ૧૦ આયોજનો અને ૩૪ વ્યૂહરચનાઓનો સમાવેશ કરવામાં આવેલ. જેમાં મુખ્ય ૧૦ આયોજનોમાં (૧) પર્યાવરણની જાળવણી (૨) આરોગ્ય અને સલામતીનાં ધોરણો (૩) પ્રતિબધ્ધ સંસ્થાકીય માળખું અને વહીવટી વ્યવસ્થા (૪) જન-જાગૃતિ અને માલિકીપણાની ભાવના (૫) કચરો છુટો કરવાની પદ્ધતિ (૬) લોક ભાગીદારી અને સહયોગ (૭) ટકાઉ, નવીન ઈન્ફ્રાસ્ટ્રકચર અને ટેકનોલોજી (૮) તમામ સ્તરે શિક્ષણ અને જાગૃતિ (૯) 3R (Reduce, Reuse, Recycle) માટે ઈન્ફ્રાસ્ટ્રકચરમાં રોકાણ (૧૦) અમલીકરણ અને પધ્ધતિસરની મૂલ્યાંકન પધ્ધતિનો સમાવેશ કરવામાં આવેલ છે.

❑ **વર્ષ ૨૦૧૬-૧૭ દરમ્યાન સફાઈ માટે ખરીદ કરવામાં આવનાર વાહનો-સાધનોની વિગત :**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરમાં સફાઈ, સ્વચ્છતા અને સેવા સુવિધાઓને છેલ્લા કેટલાંક સમયથી ખુબ જ પ્રાધાન્ય અપાયેલ છે. આવી સેવા સુવિધાઓ પુરી પાડવા માટે અને નાગરીકલક્ષી જુદી જુદી કામગીરીઓ હાથ ધરવા માટે વાહનો સાધનો - મશીનરીઓની જરૂરીયાત રહેતી હોય છે. મ્યુનિસિપલ કોર્પોરેશન ખાતે અગાઉનાં વર્ષોમાં ઉપલબ્ધ વાહનો - સાધનો વિગેરેની ઉપલબ્ધ સંખ્યા, આવા વાહનો સાધનોના વપરાશનું આયુષ્ય, તેની હાલની સ્થિતી વિગેરેને ધ્યાનમાં લઈને શહેરમાં પુરી પાડવાની થતી જુદી-જુદી અગત્યની, આવશ્યક કામગીરીઓને કોઈ અસર ન પડે અને સરળતાથી આવી કામગીરીઓ કરી શકાય તે હેતુસર મીકેનાઈઝ્ડ ધોરણે ઝડપી અને અસરકારક કામગીરીઓ મળી રહે તે માટે વાહનો અને મશીનરીઓ વસાવીને તેને ઓપરેશન અને મેઈન્ટેનન્સ કોન્ટ્રાકટ ધોરણે ઉપયોગમાં મુકવાનું આયોજન કરાયેલ છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નીચે જણાવેલ વાહનો - સાધનો - મશીનો તબક્કાવાર ખરીદ કરી ઉપયોગમાં લેવાનું આયોજન હાથ ધરવામાં આવેલ છે.

- **કન્ટેઈનરાઈઝ્ડ હેન્ડકાર્ટ અને પી.ઈ. બીન્સ**

એમ.એસ. કન્ટેઈનરાઈઝ્ડ હેન્ડકાર્ટ સફાઈ કામદારને તેઓને સોપવામાં આવેલ નિયત સફાઈ બીટની રોજીંદી સફાઈ કામગીરી માટે વાપરવામાં આવે છે. જેનાં દ્વારા સફાઈ દરમ્યાન એકત્ર કરવામાં આવેલ કચરો નજીકમાં આવેલ સેકન્ડરી વેસ્ટ સ્ટોરેજ સાઈટ પર મુકવામાં આવેલ કોમ્યુનીટી સ્ટોરેજ બીનમાં એકઠો કરવામાં આવે છે. આગામી સમયમાં ૨૦૦૦ નંગ વસાવીને ઉપયોગમાં મુકવાનું આયોજન હાથ ધરવામાં આવનાર છે.

- **લીટર બીન**

અમદાવાદ શહેરમાં મુખ્ય માર્ગો, ધંધાકીય સ્થળો, ગાર્ડન, સાર્વજનિક જગ્યાઓ વિગેરે પર તથા તેની આસપાસ પસાર થતાં નાગરીકોને કચરો સરળતાથી નાંખવાની સુવિધા મળી રહે તથા તેને કારણે આવા સ્થળોએ લીટરીંગ ન ફેલાય તે માટે ઝોનમાં ૨ થી ૩ બીન પધ્ધતિનાં લીટરબીન મુકવા જરૂરી બને છે. આગામી સમયમાં ૨૦૦૦ નંગ વસાવીને ઉપયોગમાં મુકવાનું આયોજન હાથ ધરવામાં આવનાર છે.

- **લીટર પીકર**

આ પ્રકારનું મશીન બેટરી ઓપરેટેડ હોય છે. તેના દ્વારા ડસ્ટ, નાના પથ્થર, પ્લાસ્ટીક બેગ્સ, બોટલ, પાંદડા, કેન, કાગળ વિગેરે સરળતાથી મશીનની પ્લાસ્ટીક ટેન્ક / બેગમાં એકઠો કરી શકાય છે. લીટર પીકર મશીનનું

એક જગ્યાએથી બીજી જગ્યાએ સરળતાથી પરીવહન કરી શકાય છે. આ મશીનનાં ઉપયોગથી શહેરમાં આવેલ જુદા જુદા ફુટપાથો, જાહેર માર્ગો પરનાં ડીવાઈડરો, બગીચા વિગેરેમાં ફેલાતાં લીટરીંગને દુર કરી સ્વચ્છતાનું ધોરણ જાળવી શકાય છે. આગામી સમયમાં તબક્કાવાર ૭ નંગ વસાવીને ઉપયોગમાં મુકવાનું આયોજન હાથ ધરવામાં આવનાર છે.

- **સ્મોલ મોબાઈલ વેસ્ટ કલેકશન વાન**

શહેરમાં જુદા જુદા ઝોનમાં મુકવામાં આવેલ લીટર બીનમાં એકઠા થતાં ઘન કચરાનાં કલેકશન તથા નિકાલની કામગીરી માટે આ પ્રકારનાં વાહનો ઉપયોગમાં લેવામાં આવે છે. આગામી સમયમાં તબક્કાવાર ૨૩ નંગ વાહન વસાવીને ઉપયોગમાં મુકવાનું આયોજન હાથ ધરવામાં આવનાર છે.

- **રોડ રોલર, રોડ પ્લેનર, પ્લેટ કોમ્પેક્ટર, કટર**

આ પ્રકારનાં સાધનો ઈજનેર ખાતાની રોડ પેચ વર્ક, રોડ રીપેરીંગની કામગીરી માટે ઉપયોગમાં લેવામાં આવે છે. રોડ પર પડેલ ખાડાઓમાં જરૂરી પેચવર્કની કામગીરી માટે તેનો ઉપયોગ કરવામાં આવે છે.

અમદાવાદ શહેરમાં જુદી-જુદી જગ્યાએ મેનહોલની આસપાસ રોડ પેચ વર્કની કામગીરી, રીપેરીંગની કામગીરી વિગેરેને લગતી ગુણવત્તાસભર કામગીરી કરવા આ પ્રકારનું પ્લેટ કોમ્પેકટર અસરકારક રહે છે.

શહેરમાં જુદા-જુદા રસ્તાઓ પર પડતાં ખાડાઓને સારી રીતે પેચ વર્ક કરી શકાય તથા નવા પેચ વર્કનાં કારણે ઉંચો નીચો ભાગ ન રહી જાય તે સારૂ ગુણવત્તા સભર કામગીરી સારૂ પડેલ ખાડાની આસપાસનાં ભાગને જરૂરીયાત મુજબ કટ કરી પેચ માટે તૈયાર કરી શકાય તે સારૂ આ પ્રકારનાં પ્લેનર ટુલ જરૂરી બને છે જે હયાત ફ્રન્ટ એન્ડ લોડર મશીન સાથે ફીટ કરી કામગીરીમાં મુકી શકાય છે. આગામી સમયમાં તબક્કાવાર સાધનો વસાવીને ઉપયોગમાં મુકવાનું આયોજન હાથ ધરવામાં આવનાર છે.

- **લોન્ગરીચ એસ્કેવેટર વીથ આર.સી.સી. કટર, પલ્વરાઈઝર, બ્રેકર**

આ પ્રકારનાં સાધનો / મશીનો સ્પેશીયલ પરપઝ કામગીરી માટે ઉપયોગી બની રહે છે. જેમાં મુખ્યત્વે શહેરમાં કુદરતી હોનારત વખતે, એસ્ટેટ વિભાગની ગેરકાયદેસર દબાણો તોડવાની કામગીરી તેમજ મોટા બિલ્ડીંગનાં ડીમોલીશન માટે આરસીસી બીમ, મોટા પથ્થરો વિગેરે ઝડપથી અને બિલ્ડીંગની બહારથી કટીંગ થઇ શકે / તોડી શકાય તે માટે આ મશીનો - સાધનોનો સરળતાથી ઉપયોગ કરી શકાય છે. આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં કુલ અંદાજે રૂા.૧.૩૧ કરોડના ખર્ચથી ૦૧ નંગ વસાવીને ઉપયોગમાં મુકવાનું આયોજન હાથ ધરાયેલ છે.

- **ટ્રક માઉન્ટેડ હેવી ડ્યુટી ડી વોટરીંગ પંપ**

આ પ્રકારનાં હેવી ડી વોટરીંગ પંપ વાહનો ભારે વરસાદને કારણે શહેરનાં નીચાણ વાળા વિસ્તારમાં ભરાતા વરસાદી પાણીનાં નિકાલની અગત્યની કામગીરી માટે, ઈજનેર વિભાગની પાણીની મુખ્ય લાઈન લીકેજ, ડ્રેનેજ લાઈનોના રીપેરીંગ, બ્રેકડાઉન, ઓવરફ્લો વિગેરે સમયે ઉપરાંત જુદા જુદા ઝોન વિસ્તારોમાં આવેલ તળાવોમાં ભરાયેલ પાણીનાં મોટા જથ્થાનાં નિકાલની કામગીરી માટે ઉપયોગમાં લેવામાં આવે છે. ચોમાસાની સીઝનમાં અતિભારે વરસાદથી અન્ડરબ્રિજ વિગેરમાં વધુ જથ્થામાં ભરાતા પાણીને દુર કરવાની કામગીરી માટે પણ આ વાહનો વધુ અસરકારક બની રહે છે. આગામી સમયમાં તબક્કાવાર ૩ નંગ વસાવીને ઉપયોગમાં મુકવાનું આયોજન હાથ ધરવામાં આવનાર છે.

- **પીકઅપ વાન**

મ્યુનિસિપલ કોર્પોરેશનનાં જુદા-જુદા ખાતાઓમાં જરૂરી પાર્ટસ સાધનો વિગેરેનાં ટ્રાન્સપોર્ટેશન માટે આ પ્રકારનાં વાહનો ઉપયોગમાં લેવામાં આવે છે. આ વાહનોનો ઉપયોગ મુખ્યત્વે ઈજનેર ખાતાનાં લાઈટ, વોટર ડીસ્ટ્રીબ્યુશન, એસટીપી, વોટર પ્રોજેક્ટ, સેન્ટ્રલ વર્કશોપ, ઝુ વિભાગ સહિતનાં જુદા-જુદા વિભાગોમાં આકસ્મિક / રેગ્યુલર ફોલ્ટ રીપેરીંગની કામગીરી માટે ઉપયોગમાં આવે છે. તથા પોલીયો રસીકરણ વિગેરે રાષ્ટ્રીય કાર્યક્રમો દરમ્યાન જરૂરી દવાઓ, સાધનોની હેર-ફેર કરવા પણ ઉપયોગમાં લેવામાં આવે છે. આગામી સમયમાં તબક્કાવાર ૪ નંગ વસાવીને ઉપયોગમાં મુકવાનું આયોજન હાથ ધરવામાં આવનાર છે.

- **ડી વોટરીંગ પંપ વીથ ટ્રોલી**

અમદાવાદ શહેરમાં ચોમાસાની ઋતુમાં નિચાણવાળા વિસ્તારોમાં ભરાતા વરસાદી પાણીનાં નિકાલની કામગીરી સારૂ જરૂરી છે. તેમજ ડ્રેનેજ લાઈન, પાણીની લાઈનોનાં લીકેજને કારણે ભરાતા પાણીનાં નિકાલની કામગીરી સારૂ ઉપયોગી છે. આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં કુલ રૂા. ૩૦.૦૦ લાખ નાં ખર્ચથી ૧૫ નંગ વસાવીને ઉપયોગમાં મુકવાનું આયોજન હાથ ધરાયેલ છે.

- **મોબાઈલ ટોઈલેટ વાન**

મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જાહેર મેળાવડા, જાહેર કાર્યક્રમો, પ્રસંગો દરમ્યાન મોટી સંખ્યામાં જનમેદની એકઠી થતી હોય તેવા સ્થળોએ મોબાઈલ ટોઈલેટ વાહનો ફાળવવામાં આવે છે. જે વાહનો મ્યુનિસિપલ સ્ટેન્ડીંગ કમીટીનાં કરાયેલ ઠરાવ મુજબ અથવા નિયત કરાયેલ ચાર્જ વસુલ લઇ ભાડેથી પણ આ વાહનો જાહેર જનતાને ફાળવવામાં આવે છે. વધુમાં અ.મ્યુ.કો.ની જુદી જુદી પ્રોજેકટ સાઈટો / ઓપન ડેફીકેશન સાઈટો કે જ્યાં ડ્રેનેજ / વોટર કનેકશનની સુવિધા ઉપલબ્ધ ન હોય ત્યાં પણ આ પ્રકારનાં મોબાઈલ ટોઈલેટ / કન્ટેઈનર ટોઈલેટ ફાળવવાનું નક્કી થયેલ છે. આગામી સમયમાં તબક્કાવાર વધારાના નવા મોબાઈલ ટોઈલેટ વસાવીને ઉપયોગમાં મુકવાનું આયોજન હાથ ધરવામાં આવનાર છે.

- **ડેડ એનીમલ કલેકશન વાન**

શહેરનાં જુદા-જુદા વિસ્તારોમાં મૃત્યુ પામતા નાના - મોટા જાનવરોનો સ્થળ પરથી ત્વરીત નિકાલ કરવા માટે ડેડ એનીમલ કલેકશન વાહન પ્રકારનાં વાહનોનો ઉપયોગ કરવામાં આવે છે. સદર વાહનો ઉપયોગમાં મુકવાથી આરોગ્યલક્ષી સેવા અંગેની વ્યવસ્થામાં તથા ટ્રાન્સપોર્ટેશનમાં વધુ સરળતા રહેશે. આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં કુલ રૂા.૨૦.૦૦ લાખના ખર્ચથી ૦૧ નંગ વસાવીને ઉપયોગમાં મુકવાનું આયોજન હાથ ધરાયેલ છે.

➞ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ તથા વર્કશોપના સાધનોનું એફીશીયન્સી ઓડીટ :

અમદાવાદ શહેરમાં હાલમાં કાર્યરત કચરાનાં એકત્રિકરણ અને નિકાલની હયાત કામગીરીઓ સહિત સફાઈ કામદારો દ્વારા પણ જે સ્ટ્રીટ સ્વીપીંગ ને લગતી જે કામગીરીઓ કરવામાં આવે છે તેને વધુ સુદૃઢ અને અસરકારક બનાવવા સારૂ "વેસ્ટ મેનેજમેન્ટ પ્રેકટીસનું ઓડીટ" કરવાની કામગીરી પણ આગામી નાણાંકીય વર્ષમાં કરવામાં આવનાર છે. જેનાથી હયાત પ્રેકટીસમાં કરવામાં આવતા ખર્ચની સામે અસરકારક કાર્યક્ષમ સેવા મળે તેવુ આયોજન હાથ ધરવામાં આવેલ છે.

➔ કન્ટીન્યુઅસ એમ્બયન્સ એર ક્વોલિટી મોનીટરીંગ સિસ્ટમ (Continuous Ambient Air Quality Monitoring System) :

ઝડપથી વધી રહેલ શહેરીકરણને કારણે દિન પ્રતિદિન વાહનોની તેમજ ઈન્ડસ્ટ્રીઝની સંખ્યામાં મોટા પ્રમાણમાં વધારો જોવા મળેલ છે. તેમાં વપરાતાં કોલસો, પેટ્રોલ, ડિઝલ અને અન્ય ફ્યુઅલના કારણે હવામાં સલ્ફર ડાયોક્સાઈડ (SO2), નાઈટ્રસ ઓક્સાઈડ (NOx), ઝીણાં રજકણો (Particulate matter), કાર્બન મોનોક્સાઈડ (CO) વગેરે જેવાં પ્રદુષકો ખુબ જ માત્રામાં વધી રહયાં છે. અમદાવાદમાં આ પ્રકારની સ્થિતિનું નિર્માણ ન થાય તે માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ સાથે મળી ત્રણ જગ્યાઓએ હવામાં રહેલાં પ્રદુષકોનું પ્રમાણ માપતી કન્ટીન્યુઅસ એમ્બીયન્ટ એર ક્વોલીટી મોનીટરીંગ સીસ્ટમ (Continuous Ambient Air Quality Monitoring System) સ્થાપવાનું આયોજન કરેલ છે.

વાહનોના વપરાશથી, ખુલ્લામાં કચરો બાળવાથી તેમજ ફેકટરીઓમાં વપરાંતા ફ્યુઅલને લીધે જે હવાનું પ્રદુષણ થાય છે તે કેવા પ્રકારનું છે તેમાં કયા પ્રદુષકો વધારે પ્રમાણમાં છે અને તે પ્રદુષણને નિયંત્રણમાં લાવવાં માટે કેવા પગલાં ભરવાં તે જાણવું જરૂરી હોવાથી આ સીસ્ટમ મહત્વની છે. સદર સીસ્ટમમાં ૨૪ કલાક ઓનલાઈન પ્રદૂષણ જાણી શકાશે. જેથી City Emission Control Plann નો અસરકારક અમલ શક્ય બનશે. હાલમાં સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ દ્વારા અમદાવાદના મણીનગરમાં સદર સીસ્ટમ નાંખેલ છે અને તેના ડેટા સીધા દિલ્હી ખાતેની તેઓની ઓફિસમાં રેકોર્ડ કરવામાં આવે છે. ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ દ્વારા પણ આગામી નાણાંકીય વર્ષમાં ગુજરાતના દસ શહેરોમાં સદર પ્રકારની મોનીટરીંગ સીસ્ટમ નાખવામાં આવનાર છે.

કોર્પોરેશન દ્વારા પણ આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન શહેરમાં ત્રણ લોકેશન પસંદ કરી ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડની સહાયતાથી Continuous Ambient Air Quality Monitoring Station સ્થાપવામાં આવશે. સદર સીસ્ટમનું મોનીટરીંગ ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ દ્વારા કરવામાં આવશે જેનાથી હવાનું પ્રદુષણ કેવા પ્રકારનું છે તે જાણવા મળશે અને તેને અંકુશમાં લેવાં કેવાં પગલાં ભરવા આવશ્યક છે તેનું માર્ગદર્શન મળી શકશે. જેના માટે સને ૨૦૧૬-૧૭ માં રૂા.૩.૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે.

➔ કૂતરા માટે રસીકરણ તથા ખસીકરણ :

મ્યુનિસિપલ કોર્પોરેશનના સી.એન.સી.ડી. વિભાગ દ્વારા રખડતા ઢોરને પકડવાની તથા શહેરમાં ફરતાં રખડતાં કૂતરાને સુપ્રિમ કોર્ટની ગાઈડલાઈન મુજબ પકડયા બાદ રસીકરણ-ખસીકરણની કામગીરી કરવામાં આવે છે. વિભાગની રખડતાં ઢોરની પકડવાની કામગીરી તથા કૂતરાના રસીકરણ-ખસીકરણની કામગીરી આગામી વર્ષમાં વધુ સુદ્રઢ કરી સઘન બનાવવાનું આયોજન છે. જે માટે હયાત ટ્રેકટર ટ્રોલી ઉપરાંત વધુ ૪-ટ્રેકટર ટ્રોલી, હેન્ડીકેમ કેમેરા, આર.એફ.આઈ.ડી. માટેના ટેગીંગ (કોમ્પ્યુટર સહિતના) ખરીદવાનું તથા હયાત કેનલસની કેપેસિટી વધારવાનું આયોજન છે.

❑ **એનીમલ એમ્બ્યુલન્સ વાન**

શહેરમાં જાહેર રસ્તાઓ, ઝોન - વિસ્તાર વિગેરેમાં નાના - મોટા પ્રાણીઓ બિમાર પડે તો તેની સારવાર માટે તેનાં નિયત સ્થળે ટ્રાન્સપોર્ટેશન સારૂ ઉપયોગમાં લેવામાં આવે છે. મ્યુનિસિપલ કોર્પોરેશન ખાતે માંદા પ્રાણીઓ અંગેની ફરીયાદ મળતા સી.એન.સી.ડી. / પેઈલ ડેપો વિભાગ દ્વારા તેને આ વાહનમાં મુકીને જીવદયા, પાંજરાપોળ જેવી સેવાભાવી સંસ્થાઓ ખાતે લઈ જઈ જરૂરી સારવાર આપવામાં આવે છે. આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં કુલ રૂા. ૨૦.૦૦ લાખ નાં ખર્ચથી ૦૧ નંગ વસાવીને ઉપયોગમાં મુકવાનું આયોજન હાથ ધરાયેલ છે.

❑ **લો બેડ ટ્રેઈલર**

અમદાવાદ શહેરમાં રખડતા ઢોરોનાં નિયંત્રણ સારૂ સીએનસીડી વિભાગ દ્વારા લો બેડ ટ્રેઈલર વાહનો ઉપયોગમાં લેવામાં આવે છે તે સંદર્ભે જરૂરી છે. આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં કુલ રૂા. ૪૪.૦૦ લાખના ખર્ચે ૦૪ નંગ વસાવીને ઉપયોગમાં મુકવાનું આયોજન હાથ ધરાયેલ છે.

આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં સીએનસીડી વિભાગના વિવિધ સાધનોની ખરીદી માટે કુલ રૂા.૧.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

૧૩. એનર્જી સેવીંગ્સ એન્ડ કન્ઝર્વેશન :

૧૩.૧ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળના મુખ્ય કામો

➞ **એલ.ઈ.ડી. :**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં નવા સમાવિષ્ટ વિસ્તારો પૈકી ગામતળના વિસ્તારોમાં એલ.ઈ.ડી. લાઈટ નાંખવા તથા હયાત સોડીયમ લાઈટ પૈકી તબક્કાવાર ૫૦,૦૦૦ નંગ એલ.ઈ.ડી. સ્ટ્રીટ લાઈટ ફિટીંગ્સ ઈમ્પ્રુવમેન્ટ માટેની કામગીરી અંદાજીત રૂા.૧૩.૦૦ કરોડના ખર્ચે પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. આ કામગીરી થવાથી કોર્પોરેશનનું એનર્જી બીલનું આર્થિક ભારણ ઓછું થશે. સદર ઈમ્પ્રુવમેન્ટના અમલીકરણથી અંદાજીત ૫૦% જેટલો વીજ વપરાશ ઘટી શકવાનો અંદાજ છે. જે માટે આગામી સને ૨૦૧૬-૧૭ માં રૂા.૭.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

૧૩.૨ કોર્પોરેશન ફંડ હેઠળના મુખ્ય કામો

→ "સોલાર પાવર પ્લાન્ટ" પ્રોજેક્ટ :

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વધતા જતા વીજ બિલમાં બચત કરવા માટે એનર્જી એફીસયન્સી સેલ

શરૂ કરવામાં આવેલ છે. અમદાવાદ મહાનગર પાલિકાનો અંદાજીત વાર્ષિક વીજ વપરાશ ૩૦ કરોડ યુનિટ જેટલો છે.

સોલાર પાવર એ રિન્યુએબલ એનર્જીનો એક ઉમદા વિકલ્પ છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા અત્યાર સુધીમાં ૨૦૦ કિ.વો.ના ૨ યુનીટ (એમ કુલ ૪૦૦ કિ.વો.), ૨૫ કિ.વો.ના ૧ યુનીટ તેમજ ૧૫ કિ.વો.ના ૧ યુનીટ એમ કુલ મળી ૪૪૦ કિ.વો.ના સોલાર રૂફ ટોપ પાવર પ્લાન્ટ ચાલુ કરી દીધા છે જેનાથી અ.મ્યુ.કો. ને અંદાજીત વાર્ષિક રૂા.૩૦ લાખ ની બચત ચાલુ થયેલ છે.

હાલમાં અ.મ્યુ.કો. હસ્તકના જુદા-જુદા સ્થળોએ અંદાજીત ૧૦૦ કિ.વો. સોલાર રૂફ ટોપ પાવર પ્લાન્ટ નાંખવા માટેની પ્રક્રીયા હાથ ધરેલ છે જેમાં અંદાજીત રૂા.૦.૯૦ કરોડનો ખર્ચ થાય તેમજ તે દ્વારા અંદાજીત રૂા.૭.૫૦ લાખનો વાર્ષિક આર્થિક ફાયદો થાય તેમ છે.

→ વિન્ડ પાવર પ્લાન્ટ :

- દેશની ટોટલ ઇન્સટોલ્ડ વિન્ડ કેપેસીટી સામે ગુજરાત ની ઇન્સ્ટોલ્ડ વિન્ડ કેપેસીટી અંદાજીત ૩,૪૦૦ મે.વો. છે. જે ૧૬% જેટલી થાય છે.

- અ.મ્યુ.કો. દ્વારા પ્રથમ વિન્ડ પાવર પેટે ૪.૦ મે.વો. કેપેસીટીનાં પ્રોજેકટનું મોડેલ ૯૭ મી રોટર ડાયામીટર, ૧૨૦ મીટરની ઉંચાઇ સાથે ૨.૧ મે.વો. કેપેસીટીનું સારી એફીસીયન્સીવાળું છે. જેથી અંદાજીત ૧ કરોડથી વધુ વીજ યુનીટનું વાર્ષિક જનરેશન થવાની શકયતા છે જેથી અ.મ્યુ.કો.ને અંદાજીત વાર્ષિક રૂા.૬.૫૦ કરોડનો આર્થિક ફાયદો થાય તેમ છે. અ.મ્યુ.કો.ના પ્રથમ વિન્ડ પાવર પ્લાન્ટનું કામ મે-૨૦૧૬ સુધીમાં પૂર્ણ થનાર છે.
- આજ પદ્ધતિએ અ.મ્યુ.કો. દ્વારા સને ૨૦૧૬-૧૭ માં પણ ૪-મેગા વોટ કેપેસીટીનો બીજો વિન્ડ પાવર પ્લાન્ટ નાંખવામાં આવનાર છે.
- દર મે.વો દીઠ રૂા.૬.૦૦ થી રૂા.૭.૦૦ કરોડનો કેપીટલ ખર્ચ તેમજ ૧૦ વર્ષના કોમ્પ્રીહેન્સીવ ઓ એન્ડ એમ નો અંદાજીત ખર્ચ ૬ કરોડ તેમજ બીજા અન્ય ખર્ચ સાથે કુલ મળી રૂા.૩૭.૦૦ કરોડનો અંદાજીત ખર્ચ થવાની શકયતા છે.

❀ અ.મ્યુ.કો. દ્વારા અંદાજીત વાર્ષિક ૩૦૦ મીલીયન યુનીટનો વપરાશ થાય છે તેની સામે સદર પ્રોજેકટ થી અંદાજીત ૧૦ મીલીયન યુનીટના જનરેશનનો સેટ ઓફ લેવામાં આવશે. સદર યુનીટ નો દર રૂા.૬.૫૦ લેખે લઇ પે-બેક પીરીયડ ગણતરી કરવામાં આવેલ છે જેમાં અંદાજીત ૩% જેટલો વાર્ષિક વધારો થઇ શકે તેમ છે.

જે માટે નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ માં ₹.૨૮.૦૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં ₹.૨૯.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

➞ કોમ્યુનિટી એનર્જી ઓડીટ અંગેનું આયોજન :

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના એનર્જી એફિસીયન્સી સેલ દ્વારા અ.મ્યુ.કો. હસ્તકના જુદા-જુદા બિલ્ડીંગ્સ જેવા કે કોમ્યુનિટી હોલ, ઓડિટોરીયમ તેમજ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષમાં વોક થ્રુ એનર્જી ઓડીટ થકી એનર્જી સેવીંગ માટેના જરૂરી સૂચનો કરવામાં આવે છે. અત્યાર સુધી સદર પ્રક્રિયા દ્વારા અંદાજીત રૂા.૧૩૮.૦૦ લાખની બચત ચાલુ કરી દેવામાં આવેલ છે. ભવિષ્યમાં ગ્રીન બિલ્ડીંગ કોન્સેપ્ટ અંતર્ગત જુદા-જુદા કોમ્યુનિટી બિલ્ડીંગ્સમાં એનર્જી સેવીંગને સાંકળી લેવામાં આવશે.

➞ એનર્જી એફિશીએન્સી સેલ :

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના લાઈટ ખાતે એનર્જી એફિસીયન્સી સેલ દ્વારા ૪.૫ મેગા વોટ કોન્ટ્રાક્ટ ડિમાન્ડ ઘટાડો કરી આપવામાં આવેલ છે. સદર સેલ દ્વારા થયેલ કાર્યવાહીથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને કુલ અંદાજીત રૂા.૫૩૨.૦૦ લાખનો આર્થિક ફાયદો વાર્ષિક ધોરણે ચાલુ થઈ ગયેલ છે. સદર સેલ દ્વારા રીન્યુએબલ એનર્જી જેવી કે સોલર રૂફ ટોપ તેમજ વિન્ડ પાવર પ્રોજેક્ટ જેવા એનર્જી સેવીંગને લગતાં જુદા-જુદા પ્રોજેક્ટ હાથ ધરવામાં આવે છે.

૧૪. ફ્લડ મોનીટરીંગ એન્ડ ડિઝાસ્ટર મેનેજમેન્ટ :

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીઝ જાહેર જનતાને વિના મુલ્યે સેવા આપે છે અને જાહેર જનતા માટે સતત કાર્યરત રહે છે. આગ-અકસ્માત, ભૂકંપ, પુર, વાવાઝોડુ, કોમી રમખાણો જેવી કુદરતી તેમજ માનવસર્જીત આપત્તિઓના સમયે બચાવ કામગીરીમાં અસરકારક ફરજ બજાવવામાં આવે છે. ચોમાસામાં આવતાં પુરના સમયે શહેરીજનોની જાનહાનિ તથા મકાન-મિલકત બચાવવામાં ખૂબ જ મદદરૂપ સાબિત થશે.

૧૪.૧ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળના મુખ્ય કામો

➞ ફાયર સ્ટેશન અને સ્ટાફ ક્વાટર્સ :

અમદાવાદ શહેરમાં હાલમાં નવા સમાવેશ થયેલા વિસ્તારમાં ફાયર અકસ્માતને પહોંચી વળવા નવા પશ્ચિમ ઝોનના થલતેજ વિસ્તારમાં તેમજ ચાંદખેડા વિસ્તારમાં અદ્યતન ફાયર સ્ટેશન અને ફાયર સ્ટાફના રહેણાંક કવાટર્સ

રૂા. ૨૦.૦૮ કરોડના અંદાજી ખર્ચે બનાવવામાં આવેલ છે. હયાત મેમનગર ફાયર સ્ટેશનના જર્જરીત થયેલ ફાયર સ્ટેશન અને ફાયર સ્ટાફ કવાટર્સના સ્થાને અદ્યતન ફાયર સ્ટેશન અને ફાયર સ્ટાફ કવાટર્સ રૂા. ૧૫.૦૯ કરોડના અંદાજી ખર્ચે બનાવવા આયોજન કરવામાં આવેલ જેની કામગીરી નજીકના સમયમાં પૂર્ણ થનાર છે.

જે માટે નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ માં ₹.૧૧.૯૪ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં ₹.૧૫.૭૬ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

૧૪.૨ કોર્પોરેશન ફંડ હેઠળના મુખ્ય કામો

➞ ફાયર સ્ટેશન અને સ્ટાફ ક્વાટર્સ :

જમાલપુર, મણીનગર, ગોમતીપુર અને નરોડા રોડ ફાયર સ્ટેશન અને ફાયર સ્ટાફ કવાટર્સના હયાત મકાનો વર્ષો જુના અને જર્જરિત થયેલ હોઇ તે તોડી ને નવા અદ્યતન ફાયર સ્ટેશન અને ફાયર સ્ટાફ કવાટર્સ બનાવવાની કામગીરી ચાલુ છે. જેની અંદાજીત રકમ રૂા.૪૧.૬૧ કરોડ થાય છે. અ.મ્યુનિ. કોર્પો. ની નવી હદમાં સમાવિષ્ટ થયેલ પ્રહલાદનગર વિસ્તારમાં પણ નવુ ફાયર સ્ટેશન બનાવવાનું કામ ટુંક સમયમાં ચાલુ કરવામાં આવશે જેનો અંદાજીત ખર્ચ રૂા.૧૧.૩૦ કરોડ થશે. વસ્ત્રાલ વિસ્તારમાં અદ્યતન ફાયર સ્ટેશન અને ફાયર સ્ટાફ કવાટર્સ બનાવવાના કામ માટે રૂા.૧૨.૦૦ કરોડના અને દાણાપીઠ ફાયર સ્ટેશનને રૂા.૨૦.૦૦ કરોડના અંદાજીત ખર્ચે નવેસરથી બનાવવાનું તબક્કાવાર આયોજન હાથ ધરવામાં આવનાર છે.

આમ, નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ માં ₹.૩.૭૫ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. જ્યારે નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં ₹.૫.૨૫ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

➞ આધુનિક અગ્નિશમન સાધન :

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ફાયર તથા અન્ય કુદરતી પ્રકોપ વખતે ઝડપથી સારી સેવા પુરી પાડી શકાય તે માટે આગામી વર્ષ ૨૦૧૬-૧૭ માં તમામ આધુનિક સુવિધાઓથી સજ્જ નવા રેસ્ક્યુ વાહનો વસાવવામાં આવનાર છે.

હાલમાં કુલ ૧૪ ફાયર સ્ટેશનો કાર્યરત છે તથા અમદાવાદ મહાનગરપાલિકાનો વિસ્તાર તથા વસ્તીને ધ્યાને રાખી વધુ નવા ૪ ફાયર સ્ટેશનો કાર્યરત કરવાનું આયોજન કરવામા આવેલ છે. જેથી રેસ્કયુ વાહનોની સંખ્યા વધારવાની જરૂરિયાત છે. જે અનુસંધાને નીચે જણાવ્યા મુજબના મુખ્ય સાધનો વસાવવામાં આવનાર છે.

- **ઈમરજન્સી રેસ્કયુ ટેન્ડર**

રોડ, રેલ, એર એકસીડન્ટ, મકાન પડવું, પાણીમાં ડુબવુ, લીફટમાં ફસાઈ જવું, કેમીકલ કે ઝેરી ગેસ લીકેજના બનાવ સમયે કે આગ સિવાયનાં અન્ય તમામ પ્રકારનાં અકસ્માત કે જેમાં ફસાઈ ગયેલ કોઈપણ જીવ પોતાની જાતે કે મદદ વગર સલામતીપૂર્વક બહાર આવી શકે નહિ તેવા કોઈપણ પ્રકારનાં રેસ્કયુ વિગેરે જેવા અકસ્માતોમાં બચાવ કામગીરી કરવામાં ઉપયોગમાં આવતા તેમજ ૬૦૦૦ વોટ લાઈટનો પ્રકાશ પુરો પાડવાના લાઈટ માસ્ટ જેવા તમામ પ્રકારના અત્યાધુનિક સાધનોથી સુસજ્જ રેસ્કયુ ટેન્ડર ખરીદવાનું આયોજન હાથ ધરવામાં આવેલ છે.

- **એડવાન્સ વોટર ટેન્ડર**

સદર પ્રકારના સાધનથી કેપેસીટી - ૪૦૦૦ લીટર પ્રતિ મિનીટની પાણી ફેંકવાની ક્ષમતા સાથે ફાયર ફાઈટીંગ થઈ શકે છે, તેમજ ઉપર ફીટ કરવામાં આવેલ મોનીટર દ્વારા ૮૫ મીટર દુરથી પાણીનો છંટકાવ કરી હાઈ રેડીયેશનની આગમાં સલામત અંતર ઉપર રહી ફાયર ફાઈટીંગ કરી શકાય તે રીતની સગવડતા આ ફાયર ફાયટરમાં કરવામાં આવેલ છે. સોલવન્ટ / આલ્કોહોલની આગ માટે આંતરિક ફોમ ઈન્ડકશન કરી શકે છે. ૫ કિ.વો. જનરેટર,

કોન્ક્રીટ બ્રેકર, કોન્ક્રીટ કટર, વુડ કટર, ફલડ લાઈટ, પોર્ટેબલ પંપ સાથે તેમજ ૧૦.૫ મીટર એક્ષ્ટેનશન લેડરની સુવિધા સાથે સજ્જ સાધનો વસાવવામાં આવનાર છે.

- **મીની ફાયર ફાઈટર વીથ અલ્ટ્રા હાઈ પ્રેશર પંપ**

મૂળભૂત પાયાની ફાયર ફાઈટીંગ કામગીરી જેવી કે શોર્ટ સર્કીટ / ગેસની આગ, નાના સાંકડા રસ્તાઓમાં કે સાંકડી શેરીઓમાં સરળતાથી જઈને આગ બુઝાવવા માટે ઉપયોગ થાય છે તેમજ હાઈ પ્રેશર વીથ લો ડીસ્ચાર્જ મીસ્ટ ટેકનોલોજી હોવાને કારણે ખૂબજ ઓછા પાણીએ વધુ ગરમીની આગ બુઝાવી શકાય છે.

- **વોટર બાઉઝર**

રૂ, લાકડું, કાપડ, ઘાસ જેવી અન્ય વસ્તુઓમાં લાગતી વિનાશક આગ બુઝાવવા માટે પાણીની વિશાળ

માત્રામાં જરૂર પડે છે. તે સમયે પાણીના સંગ્રહ સ્થાનથી આગનાં સ્થળ ઉપર જરૂરીયાત મુજબ પાણીનો જણાવેલ મર્યાદામાં વિશાળ જથ્થો પહોંચાડવાની સગવડતા તેમજ ઉપર ફીટ કરવામાં આવેલ મોનીટર દ્વારા ૮૫ મીટર દુરથી પાણીનો છંટકાવ કરી સલામત અંતર ઉપર રહી ફાયર ફાઈટીંગ કરી શકાય તે રીતની સગવડતા આ વોટર ટેન્કરમાં કરવામાં આવેલ છે.

ફાયર સાધનો માટે નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ માં ₹.૭.૭૧ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં ₹.૮.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

➔ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એન્ડ ફ્લડ મોનીટરીંગ સિસ્ટમ :

આગામી વર્ષે શહેરમાં બનતી કુદરતી ઘટનાઓ વખતે શહેરીજનોની સલામતી માટે ડિઝાસ્ટર મેનેજમેન્ટ એન્ડ ફલડ મોનીટરીંગ સિસ્ટમ બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. ડિઝાસ્ટર મેનેજમેન્ટ સંદર્ભે શહેરીજનો માટે ૧૦૦ કોમ્યુનિકેટીંગ બોર્ડ વીથ સાયરન સિસ્ટમ બનાવીને મૂકવામાં આવશે. જેથી કરીને વધુને વધુ નાગરિકોની સલામતી જળવાય. આ ઉપરાંત ફલડ મોનીટરીંગ સિસ્ટમ અન્વયે વાસણા બેરેજ ખાતે સી.સી.ટી.વી. કેમેરા મૂકવાનું આયોજન તથા બેરેજના દરવાજા ખોલવા-બંધ કરવા અંગે અદ્યતન સુવિધા કરવામાં આવનાર છે. વધુમાં ૧૬ રેઈન ગેજને બદલે ૩૦ રેઈન ગેજ કરવા અંગે પણ જરૂરી પગલાં લેવામાં આવનાર છે. જે માટે નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં ₹.૨.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

❑ ફ્લડ મોનીટરીંગ સિસ્ટમ અંતર્ગત કરવામાં આવતી કામગીરી :

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનો હાલનો વિસ્તાર કુલ છ ઝોન મળી આશરે ૪૬૬ ચો.મી. કિ.મી. થાય છે. અમદાવાદ શહેરની મધ્યમાં થઇ સાબરમતી નદી પસાર થાય છે શહેરી વિસ્તારમાં આશરે ૯૫ જેટલા નાના મોટા તળાવો આવેલા છે. તેમજ ચોમાસા દરમ્યાન ભારે કે અતિભારે વરસાદ દરમ્યાન જુદા-જુદા વિસ્તારોમાં આવેલ ૨૨ સ્ટોર્મ વોટર પંપીંગ સ્ટેશન તેમજ ઉત્તર પુર્વ દક્ષિણ વિસ્તારમાંથી ૨૨ કિ.મી. લંબાઇમાં પસાર થતી ખારીકટ કેનાલની આજુ-બાજુ આવેલ નિચાણવાળા વિસ્તારોમાં આવેલ સોસાયટીઓમાં ભરાતાં વરસાદી પાણીને સદર ખારીકટ કેનાલને સંમાતર જરૂરિયાત મુજબ બનાવવામાં આવેલ કુલ ૪૫ પમ્પ દ્વારા પાણી ઉલેચીને ખારીકટ કેનાલમાં નાંખીને નિકાલ કરવામાં આવે છે.

GPRS બેઝ ઓટોમેટીક રેઇન ગેજ

- ❀ દર વર્ષે ચોમાસા પહેલા સ્ટોર્મ વોટર લાઈન, ડકટ, મેનહોલ તથા કેચપીટની સફાઈની કામગીરી, તમામ ડ્રેનેજ પંપીંગ સ્ટેશનોની ગ્રીટ ચેમ્બર તથા સ્ક્રીનની સફાઇ કામગીરી, તમામ અન્ડરપાસ તથા ખારીકટ કેનાલ પર મુકવામાં આવેલ પંપો ચેક કરવા કે નવા ઈન્સ્ટોલ કરવાની કામગીરી કરવામાં આવે છે.
- ❀ ફલડ મોનીટરીંગ સીસ્ટમ અંતર્ગત જુન માસના પ્રથમ સપ્તાહથી દરેક ઝોન / વોર્ડમાં મુખ્ય કન્ટ્રોલ રૂમ ખોલી તેના સ્થળ અને ટેલીફોન નંબરની યાદી જાહેર જનતાની જાણકારી માટે સમાચારપત્રમાં આપવામાં આવે છે.

- તમામ કન્ટ્રોલ રૂમમાં ૨૪ x ૭ (ત્રણ શીફટ) માં ઇજનેર, હેલ્થ, એસ્ટેટ, ગાર્ડન તેમજ ફાયર બ્રિગેડના સ્ટાફની નિમણુંક કરવામાં આવે છે. આ ઉપરાંત IRT (ઇમરજન્સી રીસ્પોન્સ ટીમ) અંતર્ગત દરેક ઝોનમાં થતી કામગીરી તથા તેનો રીપોર્ટ તૈયાર કરવામાં આવે છે.

વેધર સ્ટેશન

- ફલડ મોનીટરીંગ સીસ્ટમને વધુ સુસજ્જ બનાવવા માટે સંસ્કાર કેન્દ્ર પાલડી ખાતે ખાસ રૂા.૧.૨૫ કરોડના ખર્ચે કન્ટ્રોલ રૂમ બિલ્ડીંગ બનાવવામાં આવેલ છે. જેને CCTV કેમેરા, કોમ્પ્યુટર, GSM / GPRS બેઝડ ઓટોમેટીક વેધર સ્ટેશન તેમ જુદા-જુદા ૧૬ ઝોનલ કન્ટ્રોલ રૂમમાં ૧૬ નંગ રેઇનગેજ સહીત હાલમાં કુલ ૧૭ રેઇનગેજ, તેમજ જુદા-જુદા જંકશનો પર તેમજ અન્ડરપાસમાં મુકવામાં આવેલ CCTV કેમેરાની મદદથી મોનીટરીંગની કામગીરી કરવામાં આવે છે.

- મુખ્ય કન્ટ્રોલ રૂમ ખાતે ભારે વરસાદ કે પૂરની સ્થિતી દરમ્યાન ટોરેન્ટ પાવર તેમજ ટ્રાફીક પોલીસના અધિકારીઓને પણ સંકલનમાં રાખીને કામગીરી કરવામાં આવે છે.

- ભારે વરસાદ કે પુર દરમ્યાન ધરોઇ ડેમ કે વાસણા બેરેજમાંથી છોડવામાં આવતા પાણીના જથ્થાનું સતત મોનીટરીંગ તેમજ સરકારશ્રીનાં જુદા-જુદા વિભાગો હવામાન ખાતુ (IMD), સિંચાઇ ખાતુ, ફલડ સેલ ગાંધીનગર, કલેકટર કચેરી અમદાવાદ સહીત અન્ય ખાતાઓ સાથે સંકલનમાં કામગીરી કરવાની થાય છે. તેમજ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા થયેલ કામગીરીનો Action Taken Report ગુજરાત સરકારશ્રીને રજૂ કરવામાં આવે છે તેમજ પ્રિન્ટ મીડીયા / ઇલેકટ્રોનીક મીડીયાને પણ આપવામાં આવે છે તેમજ જાહેર જનતાને Blast SMS થી જાણ કરવામાં આવે છે.

- મુખ્ય કન્ટ્રોલ રૂમ ખાતેથી હવામાન ખાતાનાં એલર્ટ મેસેજને મ્યુનિ. કોર્પો. નાં અધિકારીશ્રીઓ / કર્મચારીઓને તથા ઝોનલ કન્ટ્રોલ રૂમોને મ્યુનિસિપલ કમિશ્નરશ્રીની સુચનાથી આપવા તથા SOP (સ્ટાન્ડર્ડ ઓપરેટીંગ પ્રોસીઝર) અંતર્ગત કામગીરી કરવા માટે જાણ કરવામાં આવે છે.

- હાલમાં મુખ્ય કન્ટ્રોલ રૂમ સહીત જુદા-જુદા ઝોનમાં કુલ ૧૭ રેઇનગેજ મુકવામાં આવેલ છે. સદર ફલડ મોનીટરીંગ સીસ્ટમને વધુ સુસજ્જ કરવા શહેરમાં બીજા જુદા-જુદા સ્થળોએ વધુ ૧૩ રેઇનગેજ મુકવાનું આયોજન છે. જે કામગીરી કરવા વીડીયો વોલનાં ઓપરેશન મેન્ટેનન્સ તેમજ મુખ્ય કન્ટ્રોલ રૂમમાં સુધારા વધારા રૂા.૫૦.૦૦ લાખના ખર્ચે કરવામાં આવનાર છે.

૧૫. ઈફેક્ટિવ ગવર્નન્સ :

૧૫.૧ " જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રીન્યુઅલ મિશન" (JnNURM) યોજના

→ ઈ-ગવર્નન્સના વિવિધ મોડ્યુલોનું અમલીકરણ :

"નેશનલ મીશન મોડ પ્રોજેક્ટ" હેઠળ ભારત સરકારના JnNURM હેઠળની ગાઈડ લાઈન મુજબ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ઈ-ગવર્નન્સના મંજૂર થયેલ ડીપીઆર અંતર્ગત જુદા-જુદા મોડ્યુલોના અમલીકરણની કામગીરી વિવિધ તબક્કે ચાલુ છે. મીની ડેટા સેન્ટર સહિત તમામ હાર્ડવેર ઈન્સ્ટોલેશન પૂર્ણ કરેલ છે. આગામી વર્ષમાં તમામ નાગરિક સુવિધાઓ એક જ સીંગલ લોગ ઈન મુજબ કાર્યરત કરી અમલીકરણ કરવામાં આવશે. જેમાં તમામ સેવાઓ તબક્કાવાર ઓનલાઈન પેમેન્ટ તથા મોબાઈલ એપ્લીકેશન દ્વારા નાગરિકો સુધી પહોંચાડવામાં આવશે. જે માટે નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ માં ₹.૮.૦૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે.

૧૫.૨ કોર્પોરેશન ફંડ હેઠળના મુખ્ય કામો

મ્યુનિસિપલ કોર્પોરેશનમાં વહીવટી સુધારણાના ભાગરૂપે અને હયાત માળખામાં પારદર્શિતા લાવવા હાલની કોમ્પ્યુટર ટેકનોલોજીનો વ્યાપકપણે ઉપયોગ કરી મોટા ભાગની તમામ મ્યુનિસિપલ સેવાઓને નાગરિકોના ઘર આંગણે પહોંચાડવા ૫૮ સિવીક સેન્ટરો ઉભા કરવામાં આવેલ છે. વોર્ડ દીઠ નાગરિક ફરિયાદ નિવારણ માટે ઓનલાઈન કમ્પલેઈન રીડ્રેસલ સીસ્ટમનું સંપૂર્ણ અમલીકરણ કરાયેલ છે જેનો શહેરીજનો દ્વારા વધુને વધુ ઉપયોગ થઈ રહેલ છે. અંદાજે ૮,૩૦,૦૦૦ જેટલી ફરીયાદો સદર સીસ્ટમ મારફતે મળે છે. જેનું નિયત સમય મર્યાદામાં નિરાકરણ લાવવામાં આવે છે.

→ નાગરિકોને પસ્તી, ભંગાર કે નકામી વસ્તુઓ વેચવા માટે મોબાઈલ એપ્લીકેશન :

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નાગરિકોને ઘેર બેઠાં તેમના ઘર, ઓફિસ કે દુકાનનો પસ્તી, ભંગાર કે અન્ય નકામી વસ્તુઓ સારા ભાવે સીધા ભંગારવાળાને વેચી શકે તે અંગેની સુવિધા મોબાઈલ એપ મારફતે પૂરી પાડશે. આ માટે મોબાઈલ એપ આગામી વર્ષમાં અમલમાં આવે તે મુજબનું આયોજન કરવામાં આવેલ છે.

→ સેટેલાઈટ દ્વારા શહેરમાં થતાં દબાણ અંગે મોનીટરીંગ સિસ્ટમ :

ઈસરો પાસેથી લેટેસ્ટ સેટેલાઈટ ઈમેજીસ મેળવીને જે-તે ઝોનમાં ઉભા થતાં ગેરકાયદેસર દબાણો તથા બાંધકામોની વિગતો મેળવી જે-તે ઝોનના એસ્ટેટ ખાતા દ્વારા તાકિદે દૂર કરવામાં આવે તેવી જી.આઈ.એસ. બેઈઝ મોનીટરીંગ વ્યવસ્થા આગામી વર્ષ સુધીમાં કાર્યરત કરવાનું આયોજન કરવામાં આવશે.

➔ ઈ-ટાઉન હોલ મિટીંગ :

અમદાવાદ શહેરના નાગરિકો ટેક્ષ કે ઈજનેર વિભાગના પ્રશ્નો તથા તેની રજૂઆત જે-તે ઝોનમાં બેઠેલ અધિકારીશ્રીઓ સાથે સીધી વાતચીતના માધ્યમથી કરી શકે તે માટે જે-તે વોર્ડ ઓફિસ ખાતેથી નાગરિક વિડીયો કોન્ફરન્સ મારફતે રજૂઆત કરી શકે તેવી વ્યવસ્થા ઉભી કરવાનું આયોજન કરવામાં આવશે. જે અન્વયે પ્રાયોગિક ધોરણે કોઈ એક વોર્ડમાં આ કામગીરી શરૂ કરવામાં આવશે.

➔ નાગરિકો માટે ઓનરશીપ કાર્ડ/પ્રોપર્ટી કાર્ડ :

શહેરના નાગરિકો/બિલ્ડરો/ડેવલપરો તેઓના બિલ્ડીંગ પ્લાન હાલ જે-તે ઝોનના ટીડીઓ ખાતા દ્વારા મંજૂર કરાવી બિલ્ડીંગ પ્લાન તથા બિલ્ડીંગ યુઝ પરમિશન ફિઝીકલ કોપીમાં મેળવે છે. હવેથી નાગરિકો/બિલ્ડરો/ડેવલપરો પોતાના મંજૂર કરાવેલ બિલ્ડીંગ પ્લાન તથા તેને લગતી વિગતો જેવી કે મંજૂર કરાવેલ નકશા, લે-આઉટ પ્લાન, સ્ટ્રકચરલ સ્ટેબિલીટી સર્ટીફિકેટ તથા પ્રોપર્ટી હોલ્ડરની માહિતી સ્કેન કરીને ડિજીટલ ઓનરશીપ કાર્ડ/પ્રોપર્ટી સ્માર્ટ કાર્ડ સ્વરૂપમાં આપવાનું શરૂ કરેલ છે.

➔ સર્વિસ ક્રેડીટ સિસ્ટમ ફોર એ.એમ.સી. એમ્પ્લોઈઝ :

eHRMS મોડ્યુલ અંતર્ગત Employee Staff Service (ESS) મોડ્યુલ હાલમાં પ્રગતિમાં છે. જે અંતર્ગત જે-તે વોર્ડ-ખાતામાં ફરજ બજાવતાં કાર્યક્ષમ અને રેગ્યુલર ટેકનીકલ સ્ટાફને તેઓની કાર્યદક્ષતા ધ્યાને લઈ વધુ સારૂ કામ કરનાર કર્મચારીઓને પ્રોત્સાહિત કરવા સર્વિસ ક્રેડીટ સિસ્ટમ ફોર એમ્પ્લોઈ આવતાં વર્ષે કાર્યરત કરવામાં આવશે.

➔ સિવીક સોલ્યુશન માટે પ્રુફ ઓફ કોન્સેપ્ટની યોજના :

ભારત સરકારની "સ્ટાર્ટ અપ ઈન્ડિયા - સ્ટેન્ડ અપ ઈન્ડિયા'' નિતીને અનુસરી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આ વર્ષના બજેટમાં અમદાવાદના સ્ટાર્ટ અપ્સ માટે શહેરની સિવીક જરૂરિયાતો સંતોષવા માટે બનાવવામાં આવતાં યુનિક સોલ્યુશન્સને "સીડ ફંડીંગ'' આપવાની યોજના હાથ ધરવામાં આવશે. જે માટે સને ૨૦૧૬-૧૭ ના બજેટમાં રૂા.૫૦.૦૦ લાખની ખાસ ફાળવણી કરવામાં આવેલ છે. સમગ્ર વર્ષમાં આ યોજનાનો લાભ મેળવવા ઈચ્છતા ઉદ્યોગ સાહસિકોએ સૌ પ્રથમ પોતાના આઈડીયાના કોન્સેપ્ટને તજજ્ઞોની સમિતિ સમક્ષ પુરવાર કરવો પડશે. ત્યારબાદ સમિતિ દ્વારા મંજૂર કર્યેથી રૂા.૫.૦૦ લાખની મર્યાદામાં સદર પ્રોજેક્ટને અ.મ્યુ.કો. દ્વારા ફંડીંગ કરવામાં આવશે.

➔ અમદાવાદી એપઃ

શહેરીજનોને તેમના વિસ્તારમાં થઈ રહેલ ડેવલપમેન્ટ કામ, કામ શરૂ કર્યા તારીખ, નાણાંકીય અંદાજ તથા કામના પ્રોગ્રેસ તથા ખર્ચ સહિતની તમામ માહિતી ઘર બેઠાં મળી રહે તે હેતુથી આગામી વર્ષમાં "અમદાવાદી એપ'' બનાવવાનું આયોજન છે. જેના માટે રૂા.૧૦.૦૦ લાખના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

➔ સ્માર્ટ લર્નીંગ પ્રોગ્રામ :

સદર પ્રોગ્રામ અન્વયે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત શાળામાં ભણતાં વિદ્યાર્થીઓને સમયની સાથે અનુરૂપ થવા આગામી વર્ષે સ્માર્ટ લર્નીંગ પદ્ધતિથી એટલે કે એલ.સી.ડી. પ્રોજેક્ટર મારફતે ધોરણ-૩ થી ધોરણ-૫ ના બાળકોને ગણિત તથા વિજ્ઞાન વિષય કોમ્પ્યુટર ઉપર ભણાવવા માટે વિસ્તૃતિકરણ કરવામાં આવશે. જેનાથી બાળકોને ભણવામાં સરળતા રહેશે.

ઈ-ગવર્નન્સ વિભાગના જુદા-જુદા પ્રોજેક્ટ માટે નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ માં ₹.૮.૩૮ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં ₹.૧૧.૩૫ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

૧૬. સ્માર્ટ સિટી :

ભારત સરકાર દ્વારા તા. ૨૫ જુન, ૨૦૧૫ ના રોજ સ્માર્ટ સિટી મિશન પ્રોજેક્ટ અમલીકરણની જાહેરાત કરવામાં આવેલ. કેન્દ્ર સરકાર દ્વારા **"સ્માર્ટ સિટી મિશન''** પ્રોજેક્ટ અંતર્ગત સ્માર્ટ સિટી બનાવવાનો પ્રોજેક્ટ કાર્યાન્વિત કરવામાં આવેલ છે. સ્માર્ટ સિટી મિશન હેઠળ ભારત સરકાર દ્વારા ૧૦૦ શહેરોની જાહેર કરેલ યાદીમાં ગુજરાત રાજ્યના ૬ શહેરોમાં અમદાવાદ શહેરનો સમાવેશ કરવામાં આવેલ છે. સ્માર્ટ સિટી મિશન હેઠળ ભારત સરકાર તરફથી શહેરને આગામી પાંચ વર્ષ સુધી દર વર્ષે રૂા.૧૦૦.૦૦ કરોડની ગ્રાન્ટ મળવાપાત્ર છે.

➔ સ્માર્ટ સિટી અન્વયે ગાંધી આશ્રમ વિસ્તારનું એરિયા બેઈઝ્ડ ડેવલપમેન્ટ :

સ્માર્ટ સિટી મિશન પ્રોજેક્ટ અંતર્ગત વાડજ વિસ્તારમાં ગાંધી આશ્રમના વિસ્તારનું સ્પેશિયલ એરિયા બેઈઝ્ડ ડેવલપમેન્ટ પ્લાન અંતર્ગત બનાવવાનું આયોજન છે, જેનું ક્ષેત્રફળ આશરે ૫૫ હેક્ટર જેટલું થાય છે.

- સદર પ્લાન અંતર્ગત ચંદ્રભાગાના નાળાને વ્યવસ્થિત કરી તેની આસપાસ આવેલ સ્લમ (Slum) માં નવી રસ્તારેખા સૂચિત કરી, સુઆયોજીત નવા હાઉસીંગ વિકસાવી રીડેવલપમેન્ટ કરવાનું આયોજન કરવામાં આવેલ છે.

- તદુપરાંત રાણીપ બસ સ્ટેશન પાસે તથા GSRTC બસ સ્ટોપ સામે, પબ્લિક ટ્રાન્સપોર્ટ સર્વિસને GSRTC ની બસ તથા METRO સાથે સંકલન કરતું ઈન્ટર મોડેલ હબ (Intermodal hub) નું આયોજન કરવામાં આવેલ છે.
- ડેવલપમેન્ટ સને ૨૦૨૧ અંતર્ગત સૂચિત C.B.D. (Central Business District) તથા T.O.Z. (Transit Oriented Zone) ના high density વિસ્તારની ભવિષ્યની જરૂરીયાતોને ધ્યાને લઈ ચંદ્રભાગા નાળા પાસે નવા વોટર ડિસ્ટ્રીબ્યુશન સ્ટેશન તથા સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ માટે જગ્યા અનામત રાખવા તેમજ BRTS તથા METRO સમાંતર, TOZ ઝોનમાં ૪.૦ FSI નો લાભ લઈને સમગ્ર વિસ્તારને સુઆયોજીત વિકાસનું આયોજન હાથ ધરેલ છે.
- આ સમગ્ર વિસ્તારમાં સોલર પેનલ સંચાલીત એલઈડી લાઈટ સહિત એનર્જી એફીસીઅન્ટ સ્ટ્રીટ લાઈટીંગ, પૂરતા જથ્થા સહિતના વોટર સપ્લાય માટે સ્માર્ટ મીટરીંગ, સિક્યોર્ડ ફાયબર ઓપ્ટીક આઈ.ટી. કનેકટીવીટી, BRTS તથા METRO, GSRTC કનેકટીવીટી વાળી પબ્લીક ટ્રાન્સપોર્ટ ફેસીલીટી, વ્હીકલ ફ્રી ઝોન, પ્લાઝા તથા પેડેસ્ટ્રેસીયન ફ્રેન્ડલી ફૂટપાથ, ઈન્ટેલીજન્ટ ટ્રાફીક મેનેજમેન્ટ સીસ્ટમ, ઓપન ગ્રીન સ્પેસ તથા વેસ્ટ વોટર રીસાઈકલીંગ ફેસીલીટી વાળા ટ્રીટમેન્ટ પ્લાન્ટ વગેરે ફેસીલીટી એરીયા બેઈઝડ ડેવલપમેન્ટમાં જુના વાડજના ગાંધી આશ્રમ વિસ્તારને સુઆયોજીત રીતે વિકાસ કરી શકાય તેવું આયોજન હાથ ધરેલ છે.

→ નવા વાડજ રામાપીર વિસ્તારને રિ-ડેવલપમેન્ટ કરવા માટેનું આયોજન :

નવા વાડજ વિસ્તારમાં આવેલ રામાપીર ટેકરાના નામે પ્રચલિત સ્લમ વસાહતને રાજ્ય સરકારની સ્લમ રીહેબીલીટેશન પોલીસી-૨૦૧૩ અંતર્ગત રી-ડેવલપમેન્ટ કરવાનું આયોજન કરવામાં આવેલ છે.રામાપીર ટેકરાની વસાહત કુલ અંદાજીત ૨.૬૩ લાખ ચો.મી. વિસ્તારની જમીન પર ફેલાયેલ છે. આ વસાહતનું નવેસરથી વ્યવસ્થિત પ્લાનીંગ કરી રોડ, રસ્તા, બગીચા અને અન્ય હેતુઓ માટે અંદાજીત ૧.૧૬ લાખ ચો.મી. જગ્યાનો ઉપયોગ કરી બાકીની જગ્યામાં પી.પી.પી. ધોરણે કુલ અંદાજીત ૬ થી ૭ ભાગોમાં હયાત અંદાજીત ૬૨૭૦ ઝૂંપડાઓને સ્થાને પાકા મકાનો બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. જેની અંદાજીત પ્રોજેકટ કોસ્ટ રૂા.૫૦૦.૦૦ કરોડ થાય તેમ છે. આ ડેવલપમેન્ટમાં ઝુંપડાવાસીને ઝુંપડા છે ત્યાંજ પાકું અને ડ્રેનેજ, પાણી, લાઈટની સગવડવાળુ મકાન આપવામાં આવશે.જેમાં લાભાર્થીએ કોઈ જ ખર્ચ કરવાનો નથી.

→ ઓપ્ટીકલ ફાઈબર સહિત કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર અને સ્માર્ટ ટ્રાન્ઝીટ સિસ્ટમ :

સ્માર્ટ સીટી પ્રોજેકટ અન્વયે PAN CITY પ્રપોઝલમાં અમદાવાદ શહેર માટે સ્માર્ટ ટ્રાન્ઝીટ તથા પોતાનું ફાઈબર ઓપ્ટીક નેટવર્ક સહિતનું કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર ઉભું કરવા નકકી કરવામાં આવેલ છે. સદર પ્રોજેકટ પૈકી સ્માર્ટ ટ્રાન્ઝીટમાં ઈન્ટીગ્રેટેડ ટ્રાન્ઝીટ મેનેજમેન્ટ

અન્વયે કોમન કાર્ડ પેમેન્ટ સીસ્ટમથી વેબ બેઈઝડ અને મોબાઈલ એપ્લીકેશન દ્વારા શહેરના નાગરિકો BRTS, AMTS, GSRTC તથા ભવિષ્યના મેટ્રો પ્રોજેકટ અંતર્ગત પોતાના TRIP PLAN રીયલટાઇમ મોનીટરીંગ કરી શકે તેવી સ્માર્ટ ટ્રાન્ઝીટ સીસ્ટમ શહેરના નાગરિકો માટે કાર્યરત કરવામાં આવશે.

હાલમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની તમામ વોર્ડ ઓફિસો, ઝોનલ ઓફિસ, સિવિક સેન્ટરો, અર્બન હેલ્થ સેન્ટર, પ્રાયમરી સ્કુલો અને તમામ મ્યુનિ.બિલ્ડીંગો લીઝ્ડ લાઈન નેટવર્ક મારફતે કનેકટ કરવામાં આવેલ છે. અમદાવદ શહેરની તમામ મ્યુનિ. હોસ્પિટલો, ટ્રાફિક જંકશનો, બ્રીજ, બગીચા અને રેલ્વે સ્ટેશન વગેરે ઉપર ટ્રાફિક સર્વેલન્સ હેતુસર CCTV કેમેરા પોલીસ ખાતાના સંકલનમાં રહીને કાર્યરત કરેલ છે. જેની કનેકટીવીટી લીઝ્ડ લાઈન નેટવર્કથી કરવામાં આવેલ છે. જે માટે કનેકટીવીટી પૂરી પાડતી જે-તે સંસ્થાઓ (BSNL, SIFY, Vodafone વિગેરે) ને ચાર્જ ચૂકવવામાં આવે છે. હાલમાં નવા કાર્યરત કરેલ ડ્રેનેજ તથા વોટર સ્કાડા સીસ્ટમમાં પણ સદર કનેકટીવીટીની જરૂરીયાત છે. જે ધ્યાને લેતાં જો કોર્પોરેશનનું પોતાનું ફાઈબર ઓપ્ટીક નેટવર્ક (OFC) હોય તો સદર સેવા વધુ ઝડપી અને કાર્યક્ષમ રીતે મળી રહે. જે માટે એક કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર (CCC) બનાવવાનું આયોજન સ્માર્ટ સીટી પ્રોજેકટ અન્વયે PAN CITY પ્રપોઝલમાં હાથ ધરેલ છે. જેમાં ટ્રાફિક, BRTS, AMTS, ઈ-ગવર્નન્સ, પોલ્યુશન, ફાયર ઈમરજન્સી અને ડીઝાસ્ટર મેનેજમેન્ટ સીસ્ટમ તથા પોલીસ વગેરે વિભાગનો ઈન્ટીગ્રેટેડ કંટ્રોલ રૂમ કાર્યરત કરવામાં આવશે.

વધુમાં અમદાવાદ શહેરની ટ્રાફીક સમસ્યા માટે તમામ ટ્રાફિક જંકશનો તથા વિવિધ જગ્યાએ ઉભા કરવામાં આવતાં સ્માર્ટ પાર્કીંગનું મોનીટરીંગ પણ સદર કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરમાં કરવામાં આવશે.

અમદાવાદ શહેરના એર કવોલીટી મોનીટરીંગ તથા ભારે વરસાદના મોનીટરીંગ માટે રેઈનગેજ સ્ટેશનો તથા એન્વાયરમેન્ટ અને કલાઈમેટ મોનીટરીંગ માટેની માહિતી પણ સદર કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરમાંથી પૂરી પાડવામાં આવશે તેવું આયોજન સ્માર્ટસીટી અન્વયે કરવામાં આવશે.

૧૭. વહિવટી સશક્તિકરણ :

→ સ્ટાફ ટ્રેનીંગ સેન્ટર તથા સ્ટાફને ટ્રેનીંગ :

મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નાગરિકોની સુખાકારી માટે કરોડો રૂપિયાના ઈન્ફ્રાસ્ટ્રકચરના પ્રોજેકટનું અમલીકરણ કરવામાં આવી રહેલ છે. સદરહુ પ્રોજેકટના કામો નિયત સમયમર્યાદામાં ગુણવત્તાસભર પૂર્ણ થાય તે માટે પ્રોજેકટનું પ્રોપર પ્લાનીંગ, ડિઝાઈનીંગ અને ટેન્ડરીંગ કરવું ખૂબ જ જરૂરી છે. બદલાતાં વૈશ્વિક પ્રવાહો, નવતર ટેકનોલોજી તથા આધુનિક મેનેજમેન્ટ વિગેરે જરૂરિયાતને ધ્યાને લેતાં આધુનિક સુવિધાઓયુક્ત સ્ટાફ ટ્રેનીંગ સેન્ટર રૂ.૦.૫૦ કરોડના ખર્ચે બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. વધુમાં અ.મ્યુ.કો.ના અધિકારીઓ/

કર્મચારીઓની કાર્યક્ષમતા તથા કુશળતા વધારવા સમયાંતરે સેમિનાર કે રીફ્રેશર ટ્રેનીંગ આપવી અત્યંત જરૂરી છે. જે માટે નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં ₹.૦.૬૨ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

વધુમાં અ.મ્યુ.કો.ના અધિકારી/કર્મચારીઓ નેશનલ/ઈન્ટરનેશનલ મહત્ત્વ ધરાવતી રમત-ગમતની સ્પર્ધાઓમાં પૂર્વ મંજૂરી સાથે રાજ્ય સરકારશ્રીના જી.આર. મુજબ ભાગ લેવા જાય ત્યારે બેઝીક ભાડાની સવલતો પુરી પાડી પ્રોત્સાહન આપવામાં આવશે.

➞ સ્કુલ બોર્ડના બાળકોને સ્પોર્ટસ એકેડમી ખાતે ટ્રેનીંગ :

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા મ્યુનિસિપલ સ્કુલના બાળકોને રમતો રમવા અંગે પ્રોત્સાહન મળે તે હેતુથી એક સ્પોર્ટસ એકેડમીમાં વિવિધ સ્કુલોમાંથી પસંદ કરેલાં ૧૦૦ બાળકોને મોકલવામાં આવશે. જે માટે નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં ₹.૦.૨૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

૧૮. સાંસ્કૃતિક કાર્યક્રમ :

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા દર વર્ષે શહેરીજનોની સાંસ્કૃતિક, શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં રસ વધે તેમજ ભાઈચારાની લાગણી કેળવાય તે હેતુથી પુસ્તકમેળો, ફ્લાવર શૉ, મેરેથોન, સાયક્લોથોન તેમજ કાંકરીયા કાર્નિવલ જેવા કાર્યક્રમનું પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ ધોરણે સફળતાપૂર્વક આયોજન કરવામાં આવે છે જેથી લોકોની ભાગીદારી વધે છે અને કોર્પોરેશનનું ખર્ચનું ભારણ પણ ઘટે છે. સદર સાંસ્કૃતિક તેમજ શૈક્ષણિક પ્રવૃત્તિઓને કારણે અમદાવાદ શહેરની એક આગવી ઓળખ પ્રસ્થાપિત થયેલ છે તેમજ આના દ્વારા દેશ-વિદેશમાં અમદાવાદ શહેરનું નામ ગૂંજતું થયેલ છે. જે માટે નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં ₹.૬.૦૦ કરોડના બજેટની ફાળવણી કરવામાં આવેલ છે.

સમાપના

શહેરીજનો માટે આવશ્યક એવી માળખાગત સુવિધાઓના કારણે આપણા શહેરની ગણના મોસ્ટ લીવેબલ સિટીઝમાં થવા લાગી છે જે દરેક શહેરીજનને ગૌરવની લાગણી પ્રદાન કરે છે. સને ૨૦૧૫-૧૬ ના અંદાજપત્ર અંતર્ગત હાથ ધરવામાં આવેલ તેમજ સને ૨૦૧૬-૧૭ ના અંદાજપત્રમાં સમાવવામાં આવેલ વિકાસ કાર્યોના ઝડપી અમલીકરણ દ્વારા અમદાવાદના શહેરીજનોની સુખાકારીમાં વધારો કરવા કોર્પોરેશનના અધિકારી અને કર્મચારીગણ સંપૂર્ણપણે કટિબદ્ધ છે તેની હું વિશ્વાસપૂર્વક ખાત્રી આપુ છું.

નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં પ્રાથમિકતાના ધોરણે તથા નાણાંકિય આયોજનને અનુલક્ષીને વિકાસના કાર્યો શરૂ કરવામાં આવશે. જેમાં સફાઈ, પાણી, ગટર, રસ્તા, બ્રીજ, જાહેર આરોગ્ય, ટ્રાફિક, જાહેર પરિવહન સેવા, શહેરી ગરીબો માટે માળખાગત સુવિધાના કામો, પોલ્યુશન કન્ટ્રોલ તેમજ સાંસ્કૃતિક વારસાની જાળવણીને પ્રાધાન્ય આપી સમગ્રપણે નાગરિક સેવાઓનું સ્તર ઉંચુ લાવવા માટે પૂરેપુરી તકેદારી રાખવામાં આવશે.

માળખાગત સુવિધાઓ તથા ઉદ્યોગોને અનુરૂપ રસ્તા, પાણી, ગટર, એરપોર્ટની સુવિધા તથા રેલ્વેની સગવડતા સહજ પ્રાપ્ય હોવાના કારણે મોટા ઔદ્યોગિક ગૃહો, નાણાંકીય સંસ્થાઓ વિગેરે અમદાવાદની સાથે વિકાસ કરવાની નેમ ધરાવે છે. અમદાવાદ શહેરનો સર્વાંગી વિકાસ થઈ રહેલ છે તેની સમગ્ર વિશ્વ દ્વારા નોંધ લેવામાં આવી છે. જે હવે સર્વ સ્વીકૃત બની ગયેલ છે. આ બાબતે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ તેમજ કર્મચારીગણની પ્રતિબદ્ધતાની હું વિશ્વાસપૂર્વક ખાત્રી આપુ છું.

માનનીય મેયરશ્રી, સ્ટેન્ડીંગ કમિટી ચેરમેનશ્રી તથા મ્યુનિસિપલ કાઉન્સીલરશ્રીઓ, અખબારો તથા મિડીયાના મિત્રો તેમજ અધિકારી-કર્મચારીગણ દ્વારા અત્યાર સુધી મહાનગર સેવા સદનના સંચાલનમાં જે સાથ અને સહકાર મળેલ છે તેને હું બિરદાવું છું અને ભવિષ્યમાં પણ આવો જ સાથ અને સહકાર મળી રહેશે તેવી અપેક્ષા રાખું છું.

શહેરીજનો માટે જરૂરી એવી પાયાની માળખાગત સુવિધાઓના વિકાસ માટે નાણાંકીય આયોજનના ભાગરૂપે અંદાજપત્રમાં સૂચવેલ દરખાસ્તો મંજૂર કરી શહેરના ઝડપી વિકાસ અને માળખાગત સુવિધાઓના સુદૃઢીકરણમાં આપ સૌ સહભાગી થશો તેવી અપેક્ષા સહ....

ડી.તારા
મ્યુનિસિપલ કમિશનર
અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

તા.૦૭-૦૧-૨૦૧૬

પરિશિષ્ટ - ૧

ધી બોમ્બે પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ-૧૯૪૯ની કલમ ૯૫(ડ) તથા તેને લગતી કાનૂની જોગવાઈઓ અનુસાર અંદાજપત્રના વર્ષ માટે નીચે પ્રમાણેના કર-દરના ધોરણો રાખવા પેશ કરવામાં આવે છે.

ધી બોમ્બે પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ ૧૯૪૯ની કલમ ૧૪૧(એએ) તથા ૧૪૧(બી) થી ૧૪૧(એફ) અન્વયે નકકી કરેલ નિયમો ધ્યાને લેતાં મિલકતવેરો નીચે મુજબ નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં ઉઘરાવવામાં આવશે.

મિલકતવેરા = સામાન્યવેરો + વોટર ટેકસ + કોન્ઝરવન્સી ટેકસ

સામાન્ય વેરો = વાર્ષિક દર × મિલકતનું ક્ષેત્રફળ × (ફેકટર-૧ × ફેકટર-૨ × ફેકટર-૩ × ફેકટર-૪)

ફોર્મ્યુલાની સમજૂતિ

વાર્ષિક દર :

ઉપરોક્ત ફોર્મ્યુલામાં મિલકતનો વાર્ષિક દર ચો.મીટર દીઠ મ્યુનિસિપલ કોર્પોરેશન દર વર્ષે બજેટ મંજૂર કરતી વખતે જાહેર કરશે અને તે દર નક્કી કરતી વખતે કોર્પોરેશન આગામી વર્ષ દરમ્યાન કોર્પોરેશનની નાણાંકીય જરૂરિયાતો લક્ષમાં લેશે.

મિલકતનું ક્ષેત્રફળ : મિલકતનું ક્ષેત્રફળ આકારણી હેઠળની મિલકતના કારપેટ એરીયા ઉપરથી નક્કી કરવામાં આવશે. કારપેટ એરિયા ગણતી વખતે મિલકતની બાહ્ય અને આંતરિક દિવાલો હેઠળના ક્ષેત્રફળ સિવાયનું મિલકતનું તમામ ક્ષેત્રફળ ધ્યાને લેવાનું રહેશે.

ખુલ્લી જમીન માટે જમીનોનું ક્ષેત્રફળ તેનું ખરેખર જે ક્ષેત્રફળ હશે તે ધ્યાને લેવામાં આવશે.

આગામી વર્ષ ૨૦૧૬-૨૦૧૭ માટે વાર્ષિક દર

રહેઠાણની મિલકતો માટે	**:- પ્રતિ ચોરસ મીટર પ્રતિ વર્ષ રૂા.૧૬/-**
બીન રહેઠાણની મિલકતો માટે	**:- પ્રતિ ચોરસ મીટર પ્રતિ વર્ષ રૂા.૨૮/-**

ફેકટરના પ્રકાર :

ફેકટર-૧ : સ્થળ પરિસ્થિતિ (લોકેશન) અંગેનો ફેકટર

ફેકટર-૨ : મિલકતના બાંધકામના વર્ષ આધારિત મિલકતના ઉંમર અંગેનો ફેકટર

ફેકટર-૩ : રહેઠાણવાળી મિલકતના કિસ્સામાં તેના પ્રકાર અંગે જ્યારે બિનરહેઠાણવાળી મિલકતના કિસ્સામાં તેના ઉપયોગ અંગેનો ફેકટર

ફેકટર-૪ : મિલકતનો ઉપયોગ કોણ કરે તે અંગેનો ફેકટર

ફેકટરના પ્રકાર અને ફેકટર લાગુ પાડવાની પદ્ધતિ

ફેકટર - ૧ : સ્થળ પરિસ્થિતિ (Location) અંગેનો ફેકટર

અમદાવાદ શહેરનો કેટલોક વિસ્તાર સમૃદ્ધ છે, કેટલોક મધ્યમ કક્ષાનો છે અને કેટલાક વિસ્તારમાં ગરીબ પ્રજા રહે છે તેથી અલગ-અલગ વિસ્તારની સમૃદ્ધિને લક્ષમાં લઈને સ્થળ સ્થિતિ અંગે ફેકટર લાગુ પાડવાના રહે છે તેથી પ્રવર્તમાન જમીનની કિંમત પરથી (અ) સમૃદ્ધ વિસ્તાર (બ) સારો વિસ્તાર (ક) મધ્યમ વિસ્તાર (ડ) નબળો વિસ્તાર એમ ચાર વિભાગ પાડેલ છે. એમ ચારે વિભાગના અવયવના દર નીચે મુજબ રાખેલ છે.

રહેઠાણની મિલકતો માટે	અવયવ
સમૃદ્ધ વિસ્તાર	૧.૬૦
સારો વિસ્તાર	૧.૧૦
મધ્યમ વિસ્તાર	૦.૯૦
નબળો વિસ્તાર	૦.૬૦

બિન રહેઠાણની મિલકતો માટે વિસ્તારનું વિભાજન વધુ વાણિજ્ય શક્યતાઓ ધ્યાનમાં રાખીને કરેલ છે. સારી વાણિજ્ય શક્યતાવાળા વિસ્તારનો અવયવનો દર ઊંચો રાખવામાં આવેલ છે. જ્યારે નબળા વાણિજ્ય શક્યતાવાળા વિસ્તારનો અવયવનો દર નીચો રાખવામાં આવેલ છે. આ અવયવોની કિંમત નીચે મુજબ રાખેલ છે.

બિનરહેઠાણની મિલકતો માટે	અવયવ
ખૂબ જ સારી	૧.૬૦
સારી	૧.૧૦
મધ્યમ	૦.૯૦
નબળી	૦.૬૦

રાજ્ય સરકારની સ્ટેમ્પ્સ ડ્યુટી વિભાગ દ્વારા શહેરના જુદા-જુદા વિસ્તારો માટે જમીનની કિંમતો નક્કી થાય છે તેનો આધાર લઈને શહેરના આ પ્રમાણે વિભાજન કરવામાં આવશે.

ફેક્ટર - ૨ : મિલકતના બાંધકામના વર્ષ આધારિત ફેક્ટર

અ. નં.	મિલકતની ઉંમર	અવયવનો દર
૧	દશ વર્ષ કે તેથી ઓછા સમયની	૧.૦૦
૨	દશ વર્ષથી વધુ પરંતુ વીસ વર્ષ સુધી	૦.૮૫
૩	વીસ વર્ષથી વધુ પરંતુ ત્રીસ વર્ષ સુધી	૦.૭૦
૪	ત્રીસ વર્ષથી વધુ પરંતુ ચાલીસ વર્ષ સુધી	૦.૬૦
૫	ચાલીસ વર્ષ કરતાં વધુ સમયની	૦.૫૦

ફેક્ટર - ૩ :

(અ) રહેઠાણવાળી મિલકતોના પ્રકાર અંગેનો ફેક્ટર

શહેરમાં આવેલી તમામ રહેણાંકની મિલકતોને ઉપર મુજબ વહેંચી તેના માટે નીચે મુજબના અવયવના દર રાખેલ છે.

અ. નં.	મિલકતોનો પ્રકાર	અવયવનો દર
૧	ચાલી (૨૫ ચો.મી. કરતાં વધુ)	૦.૫૦
૨	પોળ અને ગામતળના રહેઠાણવાળા મકાનો	૦.૭૦
૩	ફલેટ	૦.૭૦
૪	રો-હાઉસ, ટેનામેન્ટ	૧.૦૦
૫	સ્વતંત્ર બંગલા	૧.૫૦

(બ) બિનરહેઠાણવાળી મિલકતોના વપરાશ અંગેનો ફેક્ટર :

અમદાવાદ શહેરમાં વસવાટ સિવાયની મિલકતો જેનો જુદા-જુદા પ્રકારે વપરાશ થાય છે. વપરાશને લક્ષમાં લઈ નીચે મુજબનું વિભાજન કરવામાં આવેલ છે અને તેનો અવયવો નીચે મુજબ રાખવામાં આવેલ છે.

(ક)	૧	નીચે પ્રમાણે ઉપયોગ કરેલ ઈમારતોના સંબંધમાં	
		વાણિજ્યિક હેતુઓ : બેન્ક, દવાખાનું, હોસ્પિટલ, કલીનીક, પ્રસુતિગૃહ, લેબોરેટરી, કેન્દ્ર સરકારની કચેરી, રાજય સરકારની કચેરી, સ્થાનિક મંડળોની કચેરી, પોસ્ટ ઓફિસ, વાણિજિયક અને/ અથવા ઔધોગિક એકમોની કચેરી, ઓઈલ કું.ની ઓફિસ, વિવિધ કોર્પોરેશનની ઓફિસો, ટયુશન વર્ગો, ટાઈપીંગ સંસ્થા, ઉપરોકત ઈમારતોના ગોડાઉન તથા વેરહાઉસીસ અને આ ખંડના બીજા કોઇ પણ પેટા ખંડમાં આવતી ન હોય તે ઈમારતો ---------- -ગુજરાત સરકાર, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના ક્રમાંકઃ અમન-૮૦૨૦૧૦-૩૫૭૧-પી, સચિવાલય,ગાંધીનગર તા.૨૬ ઓગસ્ટ,૨૦૧૧ થી મંજુરી મળેલ જેને એકસ્ટ્રા ઓર્ડિનરી ગેઝેટમાં તા.૦૫-૧૦-૧૧ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. હયાત નિયમ શીડયુલ-એ, પ્રકરણ-૮ માં નિયમ - ૮(બી) (૪) યુઝ ફેકટર (એ) (૧) માં ઉમેરો પરંતુ-૧ પૈકી	૭.૦૦
		મ્યુ.કોર્પોરેશન બીલ્ડીંગોમાં આવેલ ટ્રસ્ટ હોસ્પિટલોના મિલકતવેરામાં રીબેટ જે સંસ્થાઓ પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ તરીકે રજીસ્ટર્ડ થયેલ હોય અને જેઓ ગરીબ તેમજ સામાન્ય વર્ગના શહેરના નાગરિકોને નજીવા દરે તબીબી સેવાઓ આપતા હોય અને કોર્પોરેશનની બિલ્ડીંગનો આ સેવાઓ માટે ઉપયોગ કરતી હોય અને તે માટે કોર્પોરેશનની માંગણી મુજબ કરાર કરી આપેલ હોય, તેમના હિસાબો નિયમિત રીતે ઓડિટ કરાવતી હોય અને તમામ ટેક્ષ વર્ષ ૨૦૧૦-૧૧ સુધીનો ભરપાઈ કરેલ હોય તેવી સંસ્થાને ૨૦૧૧-૧૨ ના વર્ષથી પ્રોપર્ટી ટેકસમાં ૪૦% રીબેટ આપવામાં આવશે.	
		ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ચલાવવામાં આવતા ફીઝીયોથેરાપી સેન્ટરના મિલકતવેરામાં રીબેટ જે પબ્લિક રજીસ્ટર્ડ ચેરીટેબલ ટ્રસ્ટ એન.જી.ઓ. દ્વારા પબ્લિક ચેરીટેબલ હેતુ માટે ચલાવવામાં આવતા હોય અને જેઓ ગરીબો અને સામાન્ય નાગરિકોને "ફીઝીયોથેરાપી સારવાર / નિદાન નજીવા દરે અત્યંત આધુનિક સાધનોથી અ.મ્યુ.કોર્પોરેશન દ્વારા નકકી કરાયેલ દરે આપતી હોય અને જેણે પાછલો તમામ ટેક્ષ વર્ષ ૨૦૧૦-૧૧ સુધીનો ચૂકવેલ હોય તેવી સંસ્થાઓને ૨૦૧૧-૨૦૧૨ ના વર્ષથી પ્રોપર્ટી ટેક્ષમાં ૪૦% રીબેટ આપવામાં આવશે.	
	૨	**નીચે પ્રમાણે ઉપયોગ કરેલ ઈમારતોના સંબંધમાં** **દુકાનો, હોટલ, રેસ્ટોરન્ટ, મનોરંજનના સ્થળો વગેરેઃ-** દુકાનો, હોટલ, રેસ્ટોરન્ટ, મનોરંજનના સ્થળો, ઓપન એર થીયેટર, પેટ્રોલ પંપ, સર્વીસ સ્ટેશન, સીનેમા, કલબ હાઉસ, જીમખાના, કલબની મેસ, લોજીંગ, લોજીંગ એન્ડ બોર્ડીંગ, પાર્ટી પ્લોટ (કોમ્યુનીટી હોલ સિવાય) ડીશ એન્ટેના, પેજર એન્ટેના ટાવર, સાઈન બોર્ડ, જાહેરખબરના પાટીયા, મોબાઈલ ફોન ટાવર, ઉપરોકત ઈમારતોના ગોડાઉન તથા વેરહાઉસીસ	૬.૦

	૩	**નીચે પ્રમાણે ઉપયોગ કરેલ ઈમારતોના સંબંધમાં** **ઔદ્યોગિક એકમો અને કારખાના (ફક્ત ઉત્પાદન તથા પ્રોસેસીંગ કરતી ઈમારતો માટે):-** વીજળી કંપનીનું પાવર હાઉસ, વીજળી સબ-સ્ટેશન, એરેટેડ વોટર ફેકટરી, ભઠ્ઠા, બ્રાસ વર્કસ, બ્રીક અને સીરામીક વર્કસ, સીમેન્ટની વસ્તુઓ, કલે બનાવવાના એકમો, કેમીકલ ફેકટરી, કન્ફેકશનરી, ડેરી, ડીસ્ટીલીયરી, ફાઉન્ડ્રી, ફલોર ફેકટરી, આયર્ન ફેકટરી, ઝીન્ક ફેકટરી, સીલ્વર ઓર્નામેન્ટ ફેકટરી, જગરી બનાવવાનું એકમ, લેધર મેન્યુફેકચરીંગ યુનીટ, ચુના ચકકી, ચુના ભઠ્ઠી, ઓઈલ એકસટ્રેકશન, પેપર મેન્યુ., પ્લાસ્ટીક ફેકટરી, પોટરી, સાગોળ મેન્યુ., સોપ મેન્યુ., સુગર મેન્યુ., ટીન ફેકટરી, તમાકુ ફેકટરી, વર્કશોપ, ફેકટરી સ્ટીમ ઝીલ, ઓટો ગેરેજ, ફેકટરી - એ, બી, સી, ડી, ઈ, એફ, મીલ, પાવરલુમ, હેન્ડલુમ, બોર્ન વોશીંગ, બ્લીચીંગ, કોટન સ્પીનીંગ અને ડાઈંગ, ડાઈંગ બ્લીચીંગ, ધાણાદાળ ફેકટરી, લેધર પ્રોસેસીંગ, સ્ક્રીન પ્રીન્ટીંગ, સલ્ફર પ્રોસેસીંગ, સ્ટાર્ચ પ્રોસેસીંગ, વરીયાળી પ્રોસેસીંગ, વુલ પ્રોસેસીંગ, કોલ્ડ સ્ટોરેજ, લાકડા પીઠા, ભઠીયારખાના, રીપેરીંગ વર્કસ, નર્સરી (ફુલ છોડ), એનીમલ માર્કેટ, ઢોરના તબેલા, પોલ્ટ્રી ફાર્મ, દુધાળા ઢોરનો તબેલો, વે બ્રીજ, બાઈન્ડીંગ પ્રેસ, પ્રિન્ટીંગ પ્રેસ, પ્રોસેસ સ્ટુડીયો, ફોટો સ્ટુડીયો, કોમન એફલ્યુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, ઉપરોકત ઈમારતોના ગોડાઉન તથા વેરહાઉસીસ -ગુજરાત સરકાર, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના ક્રમાંકઃઅમન-૮૦૨૦૦૭-એમ-૬૮૦-પી, સચિવાલય,ગાંધીનગર તા.૧ઓગસ્ટ, ૨૦૦૯થી મંજુરી મળેલ જેને એકસ્ટ્રા ઓર્ડિનરી ગેઝેટમાં તા.૨૧-૦૮-૦૯ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. **જેનો અમલ તા.૧-૪-૨૦૦૯** થી કરવામાં આવેલ છે. **જે મુજબ હયાત નિયમ ૮ખ (૪) (ક) (૩) માં ઉમેરોઃ** -૮ખ (૪) (ક) ૧ અને ૨ માં દર્શાવ્યા મુજબની ઈમારતોના ગોડાઉન તથા વેરહાઉસીસ કે જેમાં વેચાણની કામગીરી થતી ના હોય, અને વેચાણની કામગીરી થતી હોય તે મિલકતથી સદર ગોડાઉન, વેરહાઉસીસ અલગ આવેલા હોય અને તે ઈમારતનો ઉપયોગ ફકત માલસામાનનો સંગ્રહ કરવા અને ટ્રાન્સપોર્ટ કંપનીઓના માલસામાનનો સંગ્રહ કરવા થતો હોય તેવી જ ઈમારતોના ગોડાઉન અને વેરહાઉસીસ	૨.૦
	૪	**નીચે પ્રમાણે ઉપયોગ કરેલ ઈમારતોના સંબંધમાં** **શૈક્ષણિક અને સામાજીક સંસ્થાઓઃ-** ખાનગી નર્સરી (બાલમંદિર), ખાનગી અને સરકારી શાળાઓ, ખાનગી અને સરકારી કોલેજો, યુનિવર્સિટી કેમ્પસ, મ્યુઝીયમ, કોમ્યુનિટી હોલ, પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત સામાજિક સંસ્થાઓ (નારી સંરક્ષણ તથા ઉત્થાન, ઘરડાઘર, બહેરામુંગા, અંધજન, મંદબુધ્ધિ, શારીરિક ખોડખાંપણ સાથે સંકળાયેલી સંસ્થાઓ) તથા નોન ગ્રાન્ટેબલ શાળાઓ	૨.૦
(ખ)		**નીચે પ્રમાણે ઉપયોગ કરેલ ઈમારતોના સંબંધમાં, મુકરર કરેલ દર વધારી શકાશે નહિ અથવા ઘટાડી શકાશે નહિઃ-** પાણીની ટાંકી, વોટર પંપ રૂમ, ડ્રેનેજ પંપીંગ સ્ટેશન, ધોબીઘાટ, પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ચલાવાતી ગ્રાન્ટેબલ શાળાઓ, પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ તથા ધાર્મિક સંસ્થાઓ દ્વારા ચલાવાતી હોય તેવી બોર્ડીંગ-લોજીંગ-હોસ્ટેલ, ધર્મશાળા, આશ્રમ, ગ્રંથાલય	
(ગ)		**નીચે પ્રમાણે ઉપયોગ કરેલ ઈમારતોના સંબંધમાં, મુકરર કરેલ દર, ૦.૦ વડે ગુણતાં જે આવે તેટલો ઘટાડવો જોઈશે.** મંદિર, મસ્જીદ, દેરાસર (જૈન મંદિર), ચર્ચ, રોઝા, કબર, ગુરૂદ્વારા (શીખ મંદિર), અપાસરા, દરગાહ, અગિયારી, સમાધિ, ગ્રેબયાર્ડ, કબ્રસ્તાન, સ્મશાનગૃહ, કુવો, હવાડો, હમામખાના (જાહેર બાથ), માટીના અખાડા, મદ્રેશા, પાઠશાળા, મફત પાણીની પરબ	

ફેક્ટર - ૪ : મિલકતનો ઉપયોગ કોણ કરે છે તે આધારિત ફેક્ટર

અ.નં.	મિલકતોનો ભોગવટા પરિબળ	રહેઠાણની મિલકતોનો અવયવ	બિન રહેઠાણવાળી મિલકતોનો અવયવ
૧	માલીકના ભોગવટાવાળી મિલકતો	૧.૦૦	૧.૦૦
૨	ભાડુઆત ભોગવટાવાળી મિલકતો	૧.૦૦	૨.૦૦

કલમ - ૧૪૧ ઈ (૨) મુજબ બિન-રહેણાંકવાળી ગ્રાઉન્ડ ફલોર સિવાયની મિલકતોમાં સામાન્યવેરામાં ૨૦% રિબેટ આપવામાં આવશે. આમ છતાં ઓછામાં ઓછો સામાન્ય વેરો નીચે મુજબ રહેશે.

આમ છતાં, ઓછામાં ઓછો સામાન્ય વેરો નીચે મુજબ રહેશે.

(અ) રહેણાંકવાળી મિલકતો માટે :

અ. નં.	મિલકતનો પ્રકાર	મિલકતનું માપ (ચો.મીટર)	લઘુત્તમ સામાન્ય વેરો
૧	ઝૂંપડા	---	૮૪.૦૦
૨	ચાલી	૨૫ ચો.મી. થી નાના	૨૬૪.૦૦
૩	અન્ય	૩૦ ચો.મી. થી નાના	૨૬૪.૦૦
૪	અન્ય	૩૦ ચો.મી. થી ૫૦ ચો.મી. સુધીના	૩૦૦.૦૦
૫	અન્ય	૫૦ ચો.મી. થી વધુ	૩૩૦.૦૦

ઝૂંપડા માટે મહત્તમ સામાન્ય વેરો ₹.૮૪/- તથા ૨૫ ચો.મી. થી નાના મકાનોવાળી ચાલીઓ માટે મહત્તમ સામાન્ય વેરો ₹.૨૬૪/- રહેશે.

(બ) બિનરહેણાંકવાળી મિલકતો માટે :

અ. નં.	મિલકતનો પ્રકાર	મિલકતનું માપ (ચો.મીટર)	લઘુત્તમ સામાન્ય વેરો
૧	બિનરહેણાંક	૧૫ ચો.મી. થી નાના	૫૪૦.૦૦
૨	બિનરહેણાંક	૧૫ થી ૩૦ ચો.મી. સુધીના	૬૬૦.૦૦
૩	બિનરહેણાંક	૩૦ ચો.મી. થી વધુ	૭૮૦.૦૦
૪	નીચે ઉપયોગ માટે દર્શાવેલ બિનરહેણાંક	---	૯૦૦.૦૦

ઉપયોગનો પ્રકાર :

ઓપન એર થિયેટર, બ્રાસ વર્કસ, બ્રીક સીરેમીક, કલે મેન્યુફેકચરીંગ, કેમીકલ્સ, કન્ફેકશનરી, ડીસ્ટીલરી, ફાઉન્ડ્રી, ઈન્ક ફેકટરી, જોગરી મેન્યુફેકચરીંગ, લેધર મેન્યુફેકચરીંગ, લાઈમ ભઠ્ઠી, ઓઈલ એકસ્ટ્રેકશન, પેપર મેન્યુફેકચરીંગ, પોટરી, સાગોળ મેન્યુફેકચરીંગ, સોપ મેન્યુફેકચરીંગ, સુગર મેન્યુફેકચરીંગ, સ્વીટ્સ મેન્યુફેકચરીંગ, ટોબેકો, વર્કશોપ, ફેટ સ્ટેમ ઓઇલ, ફેકટરી ડી, લેબોરેટરી, ભઠીયારા ખાના, બોર્ડીંગ, હોસ્ટેલ, હોટલ, લોજીંગ, લોજીંગ એન્ડ બોર્ડીંગ, રેસ્ટોરન્ટ્સ, ટી શોપ, હોટલ બોર્ડીંગ, પાવરલુમ, હેન્ડલુમ, ગાર્ડન-પીકનીક, હેન્ડ પ્રિન્ટીંગ, પ્રિન્ટીંગ પ્રેસ, બોન્સ વોશીંગ, બ્લીચીંગ, ડાઈંગ, ડાઈંગ બ્લીચીંગ, ધાણા ફેકટરી, હેર વોશીંગ, લેધર પ્રોસેસ, સ્ક્રીન પ્રિન્ટીંગ, સલ્ફર પ્રોસેસ, સ્ટાર્ચ પ્રોસેસ, વરીયાળી પ્રોસેસ, વુલ પ્રોસેસ, એરેટેડ વોટર, કોલ્ડ્રીંક શોપ, ફરસાણ શોપ, આઈસ્ક્રીમ શોપ, મટન શોપ, પોલ્ટ્રી ફાર્મ, હવાડા, ધોબીઘાટ, એરેટેડ વોટર ફેકટરી, સીમેન્ટ આર્ટીકલ્સ, ડેરી, આઈસ ફેકટરી, લાઈમ ચક્કી, ફેકટરી-બી, ફેકટરી-સી, હમામખાના, મિલ્ક કર્ડ શોપ, ઢોર માર્કેટ, મિલ્ક કેટલ સ્ટેબલ.

- ધી બોમ્બે પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ ૧૯૪૯ ની કલમ ૧૪૧ AA (a) હેઠળ મળેલ સત્તાની રૂએ કલમ ૧૪૧ B હેઠળ સને ૨૦૧૬-૧૭ ના વર્ષમાં સામાન્ય વેરાના નીચે ટેબલમાં દર્શાવેલ દર પ્રમાણે પાણીનો કર વસુલ કરવામાં આવશે.

વોટર ટેક્ષ

	૨૦૧૫-૧૬	૨૦૧૬-૧૭
રહેઠાણની મિલકતો માટે	સામાન્ય કરના ૩૦%	સામાન્ય કરના ૩૦%
બીનરહેઠાણની મિલકતો માટે		
ફેકટર-૧ માટે	સામાન્ય કરના ૩૦%	સામાન્ય કરના ૩૦%
ફેકટર-૭ અને ફેકટર-૨ માટે	સામાન્ય કરના ૩૫%	સામાન્ય કરના ૩૫%
ફેકટર-૬ માટે	સામાન્ય કરના ૪૦%	સામાન્ય કરના ૪૦%

વોટર ટેક્ષના દરમાં વર્ષ ૨૦૧૬-૧૭ માં કોઈ વધારો સૂચવવામાં આવેલ નથી.

- ધી બોમ્બે પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ ૧૯૪૯ ની કલમ ૧૪૧ એએ (બી) હેઠળ મળેલ સત્તાની રૂએ કલમ ૧૪૧ બી હેઠળ સને ૨૦૧૬-૨૦૧૭ ના વર્ષમાં સામાન્ય વેરાના નીચે ટેબલમાં દર્શાવેલ દર પ્રમાણે કોન્ઝરવન્સી ટેકસ (હલાલખોર કર) વસુલ કરવામાં આવશે.

કોન્ઝરવન્સી ટેક્ષ (હલાલખોર કર)

	૨૦૧૫-૧૬	૨૦૧૬-૧૭
રહેઠાણની મિલકતો માટે	સામાન્ય કરના ૩૦%	સામાન્ય કરના ૩૦%
બીનરહેઠાણની મિલકતો માટે		
ફેકટર-૧ માટે	સામાન્ય કરના ૩૦%	સામાન્ય કરના ૩૦%
ફેકટર-૭ અને ફેકટર-૨ માટે	સામાન્ય કરના ૩૫%	સામાન્ય કરના ૩૫%
ફેકટર-૬ માટે	સામાન્ય કરના ૪૦%	સામાન્ય કરના ૪૦%

કોન્ઝરવન્સી ટેક્ષ (હલાલખોર કર)ના દરમાં વર્ષ ૨૦૧૬-૧૭ માં કોઈ વધારો સૂચવવામાં આવેલ નથી.

☞ વાહનવેરો :

બીપીએમસી એક્ટની કલમ ૧૪૨(૧) મુજબ તથા ગુજરાત સરકાર, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના ઠરાવ ક્રમાંક અમન/૮૦૨૦૦૮/૧૦૮૯/પી તા.૧૬-૦૫-૦૮ થી મળેલ મંજુરી અનુસાર અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નવા રજીસ્ટર્ડ થયેલા વાહનો ઉપર આજીવન વાહનવેરો વસુલવામાં આવે છે. સ્ટે.ક.ઠ. નં.૧૬૭૭ તા.૦૨-૦૨-૧૩ તથા મ્યુ.કોર્પોરેશન ઠ.નં.૨૨૩૮ તા.૧૯-૦૨-૨૦૧૩ અનુસાર તા.૦૧-૦૪-૧૩ થી નીચે મુજબ આજીવન વાહનવેરાના દર રાજ્ય સરકારશ્રીની મંજુરીની અપેક્ષાએ વસુલ કરવામાં આવે છે.

વર્ષ ૨૦૧૬-૧૭ માટે વ્હીકલ ટેક્ષ (આજીવન વાહનવેરાના દર)

અ. નં.	વાહનનો પ્રકાર	આજીવન કરનો દર રૂા.
૧	સ્કુટર, મોટર સાયકલ અને ટ્રીચક્રી વાહનો	બેઝીક પ્રાઈસના ૨.૫૦% લેખે
૨	ઓટોરીક્ષા	બેઝીક પ્રાઈસના ૧.૦૦% લેખે
૩	લોડીંગ રીક્ષા	બેઝીક પ્રાઈસના ૧.૦૦% લેખે
૪	**મોટર કાર તથા જીપ (બેઝીક પ્રાઈસ)**	
(એ)	₹.૨,૯૯,૯૯૯ સુધી	બેઝીક પ્રાઈસના ૧.૦૦% લેખે
(બી)	₹.૩,૦૦,૦૦૦ થી ₹.૪,૯૯,૯૯૯ સુધી	બેઝીક પ્રાઈસના ૧.૭૫% લેખે
(સી)	₹.૫,૦૦,૦૦૦ થી ₹.૯,૯૯,૯૯૯ સુધી	બેઝીક પ્રાઈસના ૨.૦૦% લેખે
(ડી)	₹.૧૦,૦૦,૦૦૦ થી ₹.૨૪,૯૯,૯૯૯ સુધી	બેઝીક પ્રાઈસના ૨.૨૫% લેખે
(ઇ)	₹.૨૫,૦૦,૦૦૦ થી ઉપર	બેઝીક પ્રાઈસના ૨.૫૦% લેખ
૫	મેટાડોર - મીનીબસ	બેઝીક પ્રાઈસના ૧.૨૫% લેખે
૬	ટ્રક તથા મોટી બસ તથા અન્ય	બેઝીક પ્રાઈઝના ૧.૨૫% લેખ

ટોકન ફી ના દર વાહન દીઠ રૂા.૨૫/-

૫. એક્ટની કલમ ૧૨૭ પેટા કલમ (૨) મુજબ બીજા કરો :

(અ) થિયેટર ટેક્ષ : ગુજરાત સરકાર, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના ઠરાવ નં. જી.એફ. સી./૧૧/૨૦૦૦/૨૫૦૫/૨ તા.૦૯-૦૨-૦૧ ના અનુસંધાને તથા સ્ટે.ક.ઠ.નં.૧૬૨૭ તા.૩૧-૦૧-૧૩ ની મંજૂરી અનુસાર તા.૦૧-૦૪-૨૦૧૩ થી થિયેટર શૉ ટેક્ષ, શૉ દીઠ ₹.૭૫/- તથા વિડીયો શૉ માટે શૉ દીઠ ₹.૨૫/- તા.૦૧-૦૪-૧૩ થી વસુલ લેવામાં આવે છે.

☞ ખુલ્લી જમીન ઉપર સામાન્ય વેરો (વેકેન્ટ લેન્ડ ટેક્ષ)

ધી ગુજરાત પ્રોવીન્શીયલ મ્યુનિસિપલ કોર્પોરેશન્સ એક્ટ, ૧૯૪૯ની કલમ ૪૫૫ હેઠળ મળેલ સત્તાની રૂએ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં મિલકતવેરાની વસુલાત અંગે ક્ષેત્રફળ આધારિત ફોર્મ્યુલા હેઠળ મિલકતવેરાની વસુલાત કરવા સંબંધિત ૨૦૦૧-૨૦૦૨ થી અમલમાં મૂકેલ ધી ગુજરાત પ્રોવિન્શીયલ મ્યુનિસિપલ કોર્પોરેશન્સ એક્ટ, ૧૯૪૯ ની કલમ ૧૪૧-બી મુજબની સામાન્ય વેરાની ક્ષેત્રફળ આધારિત ફોર્મ્યુલાના શીડયુલ-એ પ્રકરણ ૮ માં નિયમ ૮ (જ) નો ઉમેરો :

૮(જ): શહેરની હદમાં એન.એ. થયેલા હોય અને જયાં રસ્તા, પાણી, ડ્રેનેજ અને સ્ટ્રીટ લાઈટની સુવિધા ઉપલબ્ધ હોય તેવા પ્લોટો ઉપર સામાન્ય વેરો લેવા માટે બનાવવામાં આવેલ ખાસ નિયમોઃ અમદાવાદ શહેરમાં ખુલ્લા પ્લોટો આવેલા છે. જેનો વર્ષોથી ઉપયોગ થતો નથી. પ્લોટની સફાઈ રાખવામાં આવતી નથી પરિણામે આવા પ્લોટોમાં ગંદકી થાય છે. આથી જે પ્લોટો એન. એ. થયેલા હોય અને જયાં રસ્તા, પાણી, ડ્રેનેજ અને સ્ટ્રીટ લાઈટની સુવિધા ઉપલબ્ધ હોય તેવા પ્લોટ ઉપર સામાન્ય વેરો વસુલાત કરવો જોઈએ. જેને અનુલક્ષીને તા.૧-૪-૨૦૦૮ એન.એ. થયેલા હોય અને જયાં રસ્તા, પાણી, ડ્રેનેજ અને સ્ટ્રીટ લાઈટની સુવિધા ઉપલબ્ધ હોય તેવા પ્લોટો પર નીચે મુજબના નિયમોથી સામાન્ય વેરો લેવાનો રહેશે.

૧. પ્લોટો / જમીનોનું કુલ ક્ષેત્રફળને ગણતરીમાં લેવાનું રહેશે.

૨. પ્લોટો / જમીનોનું વર્ગીકરણ ડેવલપમેન્ટ પ્લાન મુજબ નક્કી થયેલ લેન્ડ યુઝ પ્રમાણે રહેણાંકના હેતુ માટે અને તે સિવાયની પ્લોટ / જમીનો રહેણાંક સિવાયના હેતુ માટેની ગણવાની રહેશે અને તેના કર-દર તેના હેતુ મુજબ સામાન્ય કર માટે રહેણાંકના હેતુ માટેના પ્લોટ / જમીનો માટે રહેણાંકનો વાર્ષિક દર ચો.મી. પ્રમાણે તથા બિનરહેણાંકના હેતુ માટેના પ્લોટ / જમીનો માટે બિનરહેણાંકનો વાર્ષિક દર ચો.મી. પ્રમાણે જે નક્કી કરવામાં આવે તે ગણવાનો રહેશે.

૩. પ્લોટો / જમીનોના સ્થળ પરિબળ અંગે રાજ્ય સરકારશ્રીના સ્ટેમ્પ ડ્યુટી વિભાગ દ્વારા શહેરના જુદા-જુદા વિસ્તારો માટે જમીનની કિંમતો નક્કી કરવામાં આવે છે તેનો આધાર લઈ ખુલ્લા પ્લોટ / જમીનની કિંમતના આધારે મંજૂર થયેલ સ્થળ પરિબળના અવયવના દર લાગુ પાડવાના રહેશે.

૪. પ્લોટો / જમીનો માટે દરેક ખુલ્લા પ્લોટ / જમીનની ઉંમરનો અવયવ દર એક (૧.૦૦) ગણવાનો રહેશે.

૫. પ્લોટો / જમીનોના વપરાશના પરિબળ માટે રહેણાંકના હેતુ માટેના પ્લોટ / જમીનો માટે અવયવનો દર ૦.૧ તથા બિનરહેણાંકના હેતુ માટેના પ્લોટ / જમીનો માટે અવયવનો દર ૦.૨ ગણવાનો રહેશે. પરંતુ તમામ ધાર્મિક સ્થળો, ધાર્મિક ટ્રસ્ટો, રજીસ્ટર્ડ શૈક્ષણિક સંસ્થાઓના ટ્રસ્ટો અને ચેરીટી કમિશનર સમક્ષ રજીસ્ટર્ડ થયેલ પબ્લિક ટ્રસ્ટો વિગેરેના પ્લોટો / જમીનોના વેકેન્ટ લેન્ડ ટેક્ષ માટે અવયવનો દર ૦.૦૦ ગણવાનો રહેશે.

૬. પ્લોટો / જમીનોને માલિક તાબે ગણી અવયવનો દર એક (૧.૦૦) રાખવાનો રહેશે.

૭. જે-તે વર્ષમાં નાંખવામાં આવેલ કોન્ઝર્વન્સી ટેક્ષ ટકાવારી મુજબ લાગુ પડશે.

૮. જે ખુલ્લા પ્લોટ / જમીન ઉપર વેકેન્ટ લેન્ડ ટેકસ લેવામાં આવે ત્યાં બાંધકામ થયેથી મિલકતવેરો લેવાની શરૂઆત થાય એટલે આપોઆપ જ ખુલ્લા પ્લોટ ઉપરના વેકેન્ટ લેન્ડ ટેક્ષની વસુલાત બંધ થશે.

૯. જે ખુલ્લા પ્લોટ ઉપર વેરો લેવાય તેમાં સ્વચ્છતા જળવાય અને આ પ્લોટની આજુબાજુના વપરાશકર્તાઓને કોઈ તકલીફ ન પડે તે અંગે યોગ્ય વ્યવસ્થા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને કરવાની રહેશે.

પરંતુ શહેરની હદમાં એન.એ. થયેલા હોય અને જયાં રસ્તા, પાણી, ડ્રેનેજ અને સ્ટ્રીટ લાઈટની સુવિધા ઉપલબ્ધ હોય તેવા પ્લોટો / જમીનોને ધી બોમ્બે પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ, ૧૯૪૯ ના પ્રકરણ-૮ મુજબના ટેક્સેશન રૂલ્સ નં.૫૬ મુજબ મિલકત ખાલી રહેવા અંગેનું રીફંડ મળવાપાત્ર રહેશે નહિં.

☞ નામ ટ્રાન્સફર ફી :

મ્યુનિસિપલ પ્રોપર્ટી ટેક્ષના બીલમાં પ્રથમ કર ભરવાને પાત્ર વ્યક્તિના નામમાં ફેરફાર, મિલકત વેચાણ રાખનાર કરદાતાઓ દ્વારા Transfer of owner Name (TSF) ની નામ ટ્રાન્સફર ફી નું ધોરણ કમિટીમાં ચર્ચા થયા મુજબ રહેઠાણની મિલકતો માટે અરજી દીઠ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજની કિંમતના ૦.૦૨૫% લેખે તથા બીનરહેઠાણ મિલકતો માટે રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજની કિંમતના ૦.૦૫% લેખે (વીલ, વારસાઇની મિલકતોમાં આ ફી નું ધોરણ લાગુ પડશે નહી) રાખવાની અને આનો અમલ સને ૨૦૧૩-૧૪ થી કરવાની સ્ટેન્ડિંગ કમિટીના ઠરાવ નં-૧૮૨/૨૦૧૩-૧૪ તા.૨૫-૦૪-૨૦૧૩ તેમજ અ.મ્યુ.કોર્પોરેશનની સામાન્ય માસિક સભાના ઠરાવ નં.૭૬/૨૦૧૩-૧૪ તા.૧૦-૦૫-૨૦૧૩ થી મંજુરી આપવામાં આવેલ છે.

☞ કેબલ ટી.વી. કનેકશન (મનોરંજન કર) :

રાજય સરકારશ્રી દ્વારા ધી ગુજરાત એન્ટરટેઈનમેન્ટ ટેક્ષ (એમેન્ડમેન્ટ) એકટ, ૨૦૧૪ (ગુજ.૧૮ ૨૦૧૪) નોટીફીકેશન નં. GHT/2014/23/mnr/102014/968/A તા.૨૦-૦૯-૨૦૧૪ અન્વયે તા.૧-૧૦-૨૦૧૪ થી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હદ વિસ્તારમાં કેબલ ઓપરેટરો દ્વારા કેબલ ટી.વી. કનેકશન આપેલ હોય તેવા એક કનેશન દીઠ માસિક રૂા.૬/- લેખે મનોરંજન કર ઉઘરાવવાની અ.મ્યુ.કોર્પોરેશનને સત્તા સોંપવામાં આવેલ છે અને સદર વસુલાત ત્રિમાસિક ધોરણે કરવામાં આવે છે.

☞ વ્યવસાય વેરા વિભાગ (Profession Tax) :

રાજ્ય સરકારશ્રીના જાહેરનામાં ક્રમાંક : ૨૦૦૮ પીએફટી (૯-જીએચએન) એસ) ૨ - એએ- (૧) (ઠ તા.૦૧-૦૪-૨૦૦૮ થી મ્યુનિસિપલ અમદાવાદને મુકરર કોર્પોરેશન ૧ ની નોંધ ક્રમાંક ૧ - સત્તા મંડળ તરીકે મળેલ સત્તા મુજબ કાયદાની અનુસૂચિ (B) અને ૨ થી ૧૦ માં સમાવેશ થતી અને મ્યુનિસિપલ હદ વિસ્તારમાં વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગારમાં રોકાયેલ વ્યક્તિ સંસ્થાઓની પાસેથી વ્યવસાયવેરાની વસુલાત મ્યુનિસિપલ કોર્પોરેશનના વ્યવસાયવેરા વિભાગ દ્વારા કરવામાં આવે છે. વ્યવસાયવેરા કરદાતાની નોંધણી અને વેરાની ચૂકવણી સિટી સિવીક સેન્ટર પર થઈ શકે છે. વ્યવસાયવેરા અધિનિયમના અમલીકરણમાં ઉપસ્થિત થતાં પ્રશ્નો અને તેના નિરાકરણ અંગેના જવાબો (FAQ) તથા અગત્યના ફોર્મ નંબર ૧,૩ અને ૫ મ્યુનિસિપલ કોર્પોરેશનની વેબસાઈટ www.ahmedabadcity.gov.in પરથી ડાઉનલોડ કરીને મેળવી શકાય છે.

PRC એટલે કર્મચારીઓના પગાર/વેતન પર લાગુ પડતો વેતન વેરો છે. ગુજરાત રાજ્ય, વ્યવસાય, વ્યાપાર ધંધા અને રોજગાર વેરા અધિનિયમની ૧૯૭૬ જોગવાઈઓ મુજબ નિયત દરે લાગુ પડતો માસિક વેરો દર માસે કર્મચારીઓના પગારમાંથી કાપવાની અને માસિક/ત્રિમાસિક વેરાની રકમ ત્યાર પછીના મહિનાની ૧૫મી તારીખ સુધીમાં ભરવાની જવાબદારી એમ્પ્લોયરની હોય છે.

